પૃથ્વીની ભૂગોળ વિદ્યા.

૬૫૦૧

અમદાવાદ
આર્યોદય
પ્રેસ.

સંવત ૧૯૫૩—સને ૧૮૯૬.

કીમત રૂ. ૦—૪—૬

પૃથ્વીની ભૂગોળ વિદ્યા.

ગુજરાતી ચોથા, પાંચમા, છઠ્ઠા અને ઇંગ્રેજી
પહેલા, બીજા અને ત્રીજા ધોરણના
વિદ્યાર્થીઓના ઉપયોગને માટે,

રચી પ્રસિદ્ધ કરનાર,

નાગરદાસ મૂળજી ધ્રુ.

(મોરબી સ્ટેટ, કેળવણીખાતું)

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

(ગ્રંથ સ્વામિત્વના સર્વ હક્ક કર્તાએ સ્વાધિન રાખ્યાછે)

સંવત ૧૯૫૩—સને ૧૮૯૬.

કીમત રૂ. ૦—૪—૬

આ પુસ્તકની માલિકી સને ૧૮૬૭ ના ૨૫ મા
આકટ મૂજબ નોંધેલી છે.

પ્રસ્તાવના.

ભૂગોળવિદ્યા ઉપર ઘણાં પુસ્તકો છે તેમાં આ પુસ્તક બહાર પાડી વધારો કરવાનું શું પ્રયોજન? આ પ્રશ્નનો ખુલાસો પ્રથમ કરવાની જરૂર છે.

ઇંગ્રેજી પહેલા ત્રણ ધોરણની આ વિષયમાં બે ત્રણ વખત પરીક્ષા લીધેલી હોવાથી, વિદ્યાર્થીઓનું ભૂગોળવિદ્યા સંબંધી અપૂર્ણ અને ઉપરચોટીયું જ્ઞાન જોઇ તેનું કારણ તપાસવાની જીજ્ઞાસા થઇ અને શાળાઓમાં ચાલતાં ભૂગોળવિદ્યા વિષેનાં પુસ્તકો તપાસતાં જણાયું કે તે પુસ્તકોમાં જોઇએ તેટલી, તેવી રીતે, અને તેવા પ્રકારની ખબર આપવામાં આવેલી નથી, અને પ્રતિવર્ષ યૂરોપી પ્રજાની સાહસિક અને શોધકબુદ્ધિને લીધે નવા નવા દેશો હાથ લાગતા જાય છે, નવાં નવાં સંસ્થાનો પૃથ્વીના જૂદા જૂદા ભાગમાં તેઓ સ્થાપે છે, અને આ સુધારો વધારો હાલ ચાલતા ગ્રંથોમાં જોવામાં આવતો નથી. ઉપરની બે ખામીઓએ સંપૂર્ણ હકીકત અને સુધારા વધારા સાથેનું પુસ્તક બહાર પાડવા સૂચવ્યું, અને ડા. મેકે, એલેકઝાન્ડર રીડ વિગરે સુપ્રસિદ્ધ ભૂગોળવેત્તાઓના ગ્રંથના આધારે આ પુસ્તક તૈયાર કરી બહાર પાડવામાં આવ્યું. જે પદ્ધતિ ઉપર તે રચવામાં આવ્યું છે તે ટુંકમાં જણાવી પ્રસ્તાવના પૂર્ણ કરીશ. કારણ કે આ લઘુ પુસ્તકને "માથા કરતાં મોટી પાઘડી" રૂપ વિશેષ પ્રસ્તાવનાની શું જરૂર?

શરૂઆતમાં આ પુસ્તકમાં આવતી સંજ્ઞાઓની વ્યાખ્યા સ્પષ્ટ અને સમજાય તેવી રીતે દાખલા સહિત આપવામાં આવી છે. બીજા પ્રકરણમાં એશિઆનું સામાન્ય વર્ણન આપ્યું છે, તેમાં ૧ સીમા, વસ્તી, ક્ષેત્રફળ વિગેરે,

૨ દેશો. પ્રત્યેકનું મુખ્ય શેહેર, તેનું નકશામાં ઠેકાણું.

૩ જમીનના ભાગ, જેવાકે પર્વત, ભૂશિર વિગેરે.

૪ પાણીના ભાગ. જેવાકે અખાત, સામુદ્રધુની વિગેરે.

૫ ખનિજ પદાર્થો તથા પેદાશ.
૬ વેપાર, ઉદ્યોગ, ભાષા, ધર્મ, રાજ્યબંધારણ વિગેરે.
૭ આખા ખંડનાં સમુદ્રકાંઠે આવેલાં બંદરો.
૮ મુખ્ય નદીઓ, તેની લંબાઇ, મુખ, મૂળ અને તે ઉપરનાં મુખ્ય શહેરો.

ઉપર મુજબ પ્રત્યેક ખંડની સામાન્ય હકીકત આપ્યા પછી દેશવાર હકીકત ઉપરના ધોરણને અનુસરીને આપવામાં આવી છે, જેથી જે ધોરણમાં ફક્ત સામાન્ય જ્ઞાનજ આપવાનું છે, તેને તેમજ જેને સવિસ્તર હકીકત જાણવાની છે તે બન્નેને સરખી રીતે આ પુસ્તક ઉપયોગી થઇ પડે તેમ કરવા પ્રયત્ન કર્યો છે.

પુસ્તકને છેડે ત્રણ પુરવણી [Appendices] દાખલ કરી છે. પહેલીમાં યૂરોપી પ્રજાઓનાં પૃથ્વીના જૂદા જૂદા ભાગ ઉપરનાં તમામ સંસ્થાનો આપવામાં આવ્યાં છે. બીજીમાં ખંડ, દ્વિપ, પર્વત વિગેરેને લગતી ખાસ જાણવા લાયક પરચૂરણ હકીકત પૂરી પાડી છે. અને છેલ્લીમાં હાલમાં જે રસ્તે આગબોટો મુંબઇથી લંડન જાય છે તે ટુંકમાર્ગ સવિસ્તર દર્શાવ્યો છે.

વર્તમાનપત્રો વિગેરે સાધનો ઉપરથી મેળવીને ઓગસ્ટ ૧૮૯૬ સુધીનો સુધારો વધારો આ પુસ્તકમાં દાખલ કર્યો છે.

જેટલે અંશે આ પુસ્તક શિક્ષક અને વિદ્યાર્થીઓની મુશ્કેલી દૂર કરવામાં ફતેહમંદ થશે તેટલે દરજ્જે મારી મહેનતનો બદલો મને મળ્યો એમ હું માનીશ અને આ પુસ્તકના ઉપયોગીપણા વિષે તથા તેમાં કરવા જોઇતા સુધારા વધારા વિષે જો શિક્ષકવર્ગ સૂચના કરવા મેહેરબાની કરશે તો તે આભાર સાથે હવે પછીની આવૃત્તિમાં દાખલ કરવા નહીં ચુકું.

ઑકટોબર ૧૮૯૬.
આશ્વિન ૧૯૫૨ } નાગરદાસ મુળજી મુ૦

—(০)—

ભૂગોળ વિદ્યા.

પ્રકરણ ૧ લું.

ભૂગોળ—પૃથ્વીના વર્ણનને ભૂગોળ કહે છે. પૃથ્વીની સપાટીના બે ભાગ છે. જમીન અને પાણી. આશરે ૧/૪ ભાગમાં જમીન અને ૩/૪ ભાગમાં પાણી છે.

વ્યાખ્યા.

જમીનના મુખ્ય ભાગ.

ખંડ—જમીનના મોટા ભાગને ખંડ કહે છે. જેમકે એશિઆ.

દેશ—ખંડથી નાના જમીનના ભાગને દેશ કહે છે. જેમકે રૂશિઆ.

દ્વીપ—જમીનનો જે ભાગ પાણીથી તદ્દન ઘેરાએલો હોય તેને દ્વીપ કહે છે. જેમકે સાઇપ્રસ.

આર્કિપેલેગો—એકજ સમુદ્રમાં ઘણા દ્વીપો એક બીજાની નજીક આવેલા હોય તેને આર્કિપેલેગો (દ્વીપસમૂહ) કહે છે.

દ્વીપકલ્પ—જમીનનો જે ભાગ લગભગ ત્રણ બાજુએ પાણીથી ઘેરાએલો હોય તેને દ્વીપકલ્પ કહે છે. જેમકે અરબસ્તાન.

સંયોગીભૂમિ—જમીનનો નાનો ભાગ બે મોટા જમીનના ભાગને જોડે તેને સંયોગીભૂમિ કહે છે. જેમકે કો.

ભૂશિર—જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગએલી હોય તેને ભૂશિર કહે છે. જેમકે રાસઅલહદ.

પર્વત—આસપાસની સપાટી કરતાં જે પ્રદેશ ઘણોજ ઊંચો હોય તેને પર્વત કહે છે. જેમકે હિમાલય.

ડુંગર—આસપાસની સપાટી કરતાં જે પ્રદેશ થોડો ઊંચો હોય તેને ડુંગર કહે છે. જેમકે અરવલી.

જ્વાળામુખી—જે પર્વતમાંથી બળતો રસ તથા ધગધગતા અંગારા નીકળતા હોય તેને જ્વાળામુખી એટલે બળતો પહાડ કહે છે. જેમકે એટના.

ખીણ—બે પર્વતની વચ્ચેના ઊંડાણના ભાગને ખીણ કહે છે. જેમકે નર્મદાની ખીણ.

મેદાન—જમીનના સપાટ ભાગને મેદાન અથવા પ્રદેશ કહે છે. જેમકે ડાન્યુબનો પ્રદેશ.

ઉચ્ચપ્રદેશ—પહાડ ઉપર આવેલા પ્રદેશને ઉચ્ચ પ્રદેશ કહે છે. જેમકે ઇરાનનો મધ્ય ભાગ.

રણ—જે ભાગમાં ઝાડપાલો ન હોય એટલે ઉજડ હોય તેને રણ કહે છે. જેમકે સહરા.

પાણીના મુખ્ય ભાગ.

મહાસાગર—પાણીના ઘણાજ મોટા ભાગને મહાસાગર કહે છે. જેમકે પાસિફિક.

સમુદ્ર—મહાસાગરથી નાના પાણીના ભાગને સમુદ્ર કહે છે. જેમકે અરબીસમુદ્ર.

અખાત—પાણીનો જે ભાગ જમીનથી લગભગ ત્રણ બાજુએ ઘેરાએલો હોય તેને અખાત કહે છે. જેમકે ઇરાની અખાત.

ઉપસાગર—સમુદ્રની અણી લાંબી થઇને જમીનમાં ગએલી હોય તેને ઉપસાગર કહે છે. જેમકે બંગાળાનો ઉપસાગર.

સામુદ્રધુની—એક નાનો પાણીનો ભાગ બે મોટા પાણીના ભાગને જોડે અથવા બે જમીનના ભાગને જુદા પાડે તેને સામુદ્રધુની કહે છે. જેમકે બેહરિંગની—મોટી સામુદ્રધુનીને **ચાનલ** કહે છે.

સરોવર—પાણીનો જે ભાગ જમીનથી તદ્દન ઘેરાએલો હોય તેને સરોવર કહે છે. જેમકે બેકલ.

નદી—મીઠા પાણીના ઝરાને નદી કહે છે. જેમકે ગંગા. દેશના જે ભાગમાં થઇને નદી વહેતી હોય તેને **નદીનો પ્રદેશ** કહે છે.

મૂળ—જે જગ્યાએથી નદી નીકળે છે તેને તેનું મૂળ કહે છે.

મુખ—જે જગ્યાએ નદી સમુદ્રને મળે છે તેને તેનું મુખ કહે છે.

સંગમ—જે સ્થળે બે નદીઓ એક બીજાને મળતી હોય તેને સંગમ કહે છે.

કાંઠો—નદીના મુખ તરફ મોં કરીને ઉભા રહીએ તો જમણા હાથ તરફનો જમણો અને ડાબા હાથ તરફનો ડાબો કાંઠો કહેવાય.

ડેલ્ટા—નદીની સાથે કાદવ વગેરે ઘસડાઇ જવાથી તેના મુખ આગળ જે ત્રિકોણાકાર△ જમીન બને છે તેને ડેલ્ટા કહે છે.

નકશો—પૃથ્વી અથવા તેના કોઇપણ ભાગના ચિત્રને નકશો કહે છે.

ઉલટી સંજ્ઞા—ખંડ અને મહાસાગર, દેશ અને સમુદ્ર, દ્વીપ અને સરોવર, દ્વીપકલ્પ અને અખાત, સંયોગીભૂમિ અને સામુદ્રધુની, ભૂશિર અને ઉપસાગર એ એક બીજાથી ઉલટી સંજ્ઞાઓ છે.

જમીન અને પાણીના મોટા ભાગ.

જમીન—પૃથ્વીના બે મોટા ભાગ છે.–૧ પૂર્વ ગોળાર્દ્ધ, ૨ પશ્ચિમ ગોળાર્દ્ધ. પશ્ચિમ ગોળાર્દ્ધ કરતાં પૂર્વ ગોળાર્દ્ધ બમણા કરતાં વધારે મોટો છે.

આ બને ગોળાર્દ્ધમાં જમીનના છ મોટા ભાગનો સમાવેશ થાય છે. **૧ એશિઆ, ૨ યૂરોપ, ૩ આફ્રિકા, ૪ ઉત્તર-અમેરિકા, ૫ દક્ષિણઅમેરિકા, ૬ ઓશિયાન્યા.**

એશિઆ, યૂરોપ અને આફ્રિકા એ ત્રણે એકબીજા સાથે જોડાએલા છે, અને તે સઘળા પૂર્વગોળાર્દ્ધમાં આવેલા છે. એ ત્રણ ખંડોને **"જૂની દુનિયા"** કહે છે, કેમકે તેઓ છેક પ્રાચીન કાળથીજ જણાએલા છે.

પશ્ચિમગોળાર્દ્ધમાં અમેરિકા ખંડ છે. અને તે ઉત્તર અને દક્ષિણઅમેરિકા એવા બે ભાગમાં વહેંચાએલો છે. આ અમેરિકા-ખંડ કોલંબસે ઇ. સ. ૧૪૯૨ માં શોધી કાઢયો, અને આ પ્રમાણે થોડા વખત અગાઉજ હાથ લાગેલો હોવાથી **"નવી દુનિયા"**ના નામથી પણ તે ઓળખાય છે.

ઓશિયાન્યાના મુખ્ય ટાપુ—પશ્ચિમમાં મેલેશિયા, દક્ષિણમાં આસ્ટ્રેલેશિયા, પૂર્વમાં પોલિનિશિયાને માઇક્રોનેશિયા.

પાણી—પાણીના પાંચ મોટા ભાગ કરેલા છે, તે દરેકને મહાસાગર કહે છે.

૧ પાસિફિક મહાસાગર—એશિઆ અને અમેરિકાની વચ્ચે છે.

૨ હિંદી મહાસાગર—એશિઆની દક્ષિણે છે.

૩ આટલાંટિક—અમેરિકાની પૂર્વે અને યૂરોપ તથા આફ્રિકાની પશ્ચિમે છે.

૪ ઉત્તરમહાસાગર—ઉત્તર ધ્રુવની આસપાસ આવેલો છે.

૫ દક્ષિણ મહાસાગર—દક્ષિણ ધ્રુવની આસપાસ આવેલો છે.

પ્રકરણ ૨ જું.

એશિઆ.

સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, પૂર્વે પાસિફિક મહાસાગર, દક્ષિણે હિંદી મહાસાગર અને પશ્ચિમે રાતો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર, કાળો સમુદ્ર, અને યૂરોપ.

વસ્તી અને ક્ષેત્રફળ—એશિઆખંડમાં ૭૮,૬૫,૧૭૮૬૭ માણસની વસ્તી છે એટલે પૃથ્વીની વસ્તીનોઅરધો ભાગ તો માત્ર એશિઆમાંજ છે. અને તેનું ક્ષેત્રફળ ૧,૬૭,૫૮,૪૩૮ ચોરસ મૈલ એટલે લગભગ પૃથ્વીનો ⅓ ભાગ છે.

મુખ્ય દેશો—

દેશનું નામ.	મુખ્ય શહેર.	નકશામાં કયે ઠેકાણે.
૧ હિંદુસ્તાન.	કલકત્તા.	હુગલી ઉપર.
૨ સિલોન.	કોલંબો.	કાંઠા ઉપર બંદર છે.
૩ બલુચિસ્તાન	ખિલાત.	ગંડાવા નદી ઉપર.
૪ અફ્ગાનીસ્તાન.	કાબુલ.	કાબુલ નદી ઉપર.
૫ ઇરાન.	તેહેરાન.	એલ્બર્ઝ પર્વતની દક્ષિણે.
૬ અરબસ્તાન.	મક્કા.	હિજાજ પ્રાંતમાં.
૭ તુર્કસ્તાન.	સ્મર્ના	આર્કીપેલેગો સમુદ્ર ઉપર
૮ તાર્તારી.	બોખારા	પશ્ચિમ ભાગમાં.
૯ એશિઆઇ રૂશિઆ.	તાબોલ્સ્ક	ઇર્તિશનદી ઉપર
૧૦ જાપાન.	યદ્દો	નિપોનના કાંઠા ઉપર.
૧૧ ચીન.	પેકીન	પેહીઓ ઉપર.
૧૨ હિંદી ચીન.	માંડલે વગેરે	ઇરાવતી નદી ઉપર.

મુખ્ય પર્વતો—**યુરલ** એ એશિઆઈ અને યૂરોપી રૂશિ-આની વચ્ચે, **કોકેસસ** કાસ્પિઅન અને કાળા સમુદ્રની વચ્ચે, **લીબનાન**, **તારસ** અને **એરેરાટ** એ તુર્કસ્તાનમાં, **એલ્બર્ઝ** એ ઇરાનમાં, **હિંદુકુશ**, અને **સુલેમાન** એ અફ્ગાનિસ્તાનમાં, **હિમાલય**, **કારાકોરમ**, **શિવાલિક**, **વિંધ્યાચળ**, **સાતપૂડો**, **સહ્યાદ્રિ**, અને **નીલગિરિ** એ હિંદુસ્તાનમાં, **કુવેનલુન** એ ટિબેટની ઉત્તરે, **થિઆનશાન** અને **બેલુરતાગ** એ તાર્ત્તરીમાં, **યુનલિંગ** અને **નાનલિંગ** એ ચીનમાં.

નદીઓ—**ઇર્તિશ**, **ઓબી**, **યેનેસી** અને **લીના** એ રૂશિઆમાં, **યુફ્રેતિસ** ને **ટૈગ્રિસ** એ તુર્કસ્તાનમાં, **કાબુલ** અને **હેલમંદ** એ અફ્ગાનિસ્તાનમાં, **બ્રહ્મપુત્ર**, **સિંધુ**, **ગંગા**, **જમના**, **ગોદાવરી**, **કૃષ્ણા**, **કાવેરી** એ હિંદુસ્તાનમાં, **મેકોંગ**, **કેમ્બોડિઆ** અને **ઈરાવતી**, એ હિંદીચીનમાં, **આમુર**, **યાંગસેકયાંગ** અને **હોઆંગહો** એ ચીનમાં, **આમુ** અથવા **ઓક્સસ** અને **સિરદરિઆ** એ તાર્ત્તરીમાં.

એશિઆમાં યાંગસેકયાંગ બધી નદીઓ કરતાં લંબાઇમાં વધારે છે. તેની લંબાઇ આશરે ૩૩૦૦ માઇલ છે એટલે કે ગંગાથી લગભગ બમણી છે.

સરોવર—**કાસ્પિઅન** એ બંગાળા કરતાં લગભગ બમણું મોટું છે અને પૃથ્વી ઉપર ખારા પાણીનું સૌથી મોટું સરોવર છે. **આરલ** એ તાર્તરીમાં, **બૈકલ** અને **બલકાશ** એ સૈબીરિઆના દક્ષિણ ભાગમાં. બૈકલ, એશિઆમાં સૌથી મોટું મીઠા પાણીનું સરોવર છે. **તઝગોલ**, **વાન** અને **મૃત્યુ** એ તુર્કસ્તાનમાં, **ઉરૂમિયા** અને **બકતેગાન** એ ઇરાનમાં, **લોબનોર**, **તેગ્રીનોર**, **રાવણહૃદ**, **માન** અને **પાલટી** એ ટિબેટમાં, **ચીલકા**, **કોલર**, **પુલિકટ**, **સાંબર**, અને **બુલ્લર** એ હિંદુસ્તાનમાં.

દ્વીપ—ઉત્તરમાં **ન્યુસૈબિરિઆ**, ભૂમધ્ય સમુદ્રમાં-**સાઇપ્રસ**, **રોડસ**, **સામોસ**, **કોસ**, **લેમનોસ**, હિંદીમહાસાગરમાં **સોકોત્રા**, **દીવ**, **લક્ષદ્વીપ**, **લંકા**, **આંદામાન**, **નિકોબાર્સ**,

પિનાંગ. પાસિફીકમાં—**એલ્યુશન**, **કયુરાઇલ**, **સઘેલીઅન**, **જાપાન**, **ફારમાસા**, **લુચ્યુ**, **હેનાન**, અને **હોંગકોંગ.**

દ્વીપકલ્પ—પશ્ચિમે કાળા અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચે **એશિઆમાઈનર** (લઘુ એશિઆ), દક્ષિણે રાતા સમુદ્ર અને ઇરાની અખાતની વચ્ચે **અરબસ્તાન**, અરબી સમુદ્ર અને બંગાળાના ઉપસાગર વચ્ચે **હિંદુસ્તાન**; બંગાળાના ઉપસાગર અને ચીનાઇ સમુદ્રની વચ્ચે **હિંદીચીન**, પૂર્વે પીળા અને જાપાની સમુદ્રની વચ્ચે **કોરિઆ**, મલાકા અને સિઆમના અખાતની વચ્ચે **મલાયા**, ઓકોટસ્ક અને બેહરિંગ સમુદ્રની વચ્ચે **કામસ્કાટકા.**

સંયોગીભૂમિ ક્રોની એ મલાયાને ઉપરની જમીન સાથે જોડે છે.

ભૂશિર—એશિઆની અતિ ઉત્તરે **સેવેરો** અથવા **નોર્થઇસ્ટ**, દક્ષિણે **રોમાનિઆ**, પૂર્વે **પૂર્વભૂશિર**, પશ્ચિમે **કેપબાબા**, કામસ્કાટકાની દક્ષિણે **લોપાટકા**, કોચીન ચીનની દક્ષિણે **કેમ્બોડિઆ**, પેગુની દક્ષિણે **નિગ્રેઇસ**, હિંદુસ્તાનની દક્ષિણે **કોમોરિન**, અને અરબસ્તાનની પૂર્વે **રાસઅલહદ** છે.

સમુદ્ર—વાયવ્યે **કાળો**, **મારમોરા**, **આર્કિપેલેગો**, અને **ભૂમધ્ય સમુદ્ર**, દક્ષિણે **રાતો સમુદ્ર**, **અરબી સમુદ્ર**, પૂર્વે **ચીનાઇ સમુદ્ર**, **પીળો સમુદ્ર**, **જાપાની સમુદ્ર**, **ઓકોટસ્ક** અને **કામસ્કાટકા** અથવા **બેહરિંગ સમુદ્ર.**

અખાત અને ઉપસાગર—ઉત્તરે **ઓબી** અને **યેનેસીનો** અખાત, દક્ષિણે **એડનનો** અખાત, **ઇરાની અખાત**, **ઓમાનનો અખાત**, **કચ્છ**, **ખંભાત**, **મનારનો અખાત**, **બંગાળાનો ઉપસાગર**, પૂર્વે **માટાપાન**, **સિયામ**, **ટોન્કિન**, **પેચીલી ને તાર્ત્તરીના અખાત.**

સામુદ્રધુની—સ્વેઝની નહેર—એ રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને જોડે છે. **બાબલમાંદિબ**—એ રાતા સમુદ્રને ને

હિંદી મહાસાગરને જોડે છે. **ઓરમઝ** એ ઇરાની અખાત અને હિંદી મહાસાગરને જોડે છે. **પાક** એ સિલોન અને હિંદુસ્તાનની વચ્ચે છે. **મલાક્કા** એ મલાયા અને સુમાત્રાને જુદા પાડે છે. **ફારમોસા** એ ફારમોસા દ્વીપને ચીનથી જુદો પાડે છે. **કોરિઆ** એ પીળા અને જાપાની સમુદ્રને જોડે છે. **પેરૂઝ** એ જાપાન અને સઘેલિઅનની વચ્ચે છે. **બેહરિંગ** એ એશિઆ અને અમેરિકાને જુદા પાડે છે.

રણ—અરબસ્તાનનું, ગોબી, કચ્છ, સિંધ અને મારવાડનું.

ઉચ્ચપ્રદેશ—અરબસ્તાન અને ઇરાનનો મધ્ય ભાગ, અફગાનિસ્તાનનો ઉત્તર ભાગ, મહારાષ્ટ્ર, ઉત્તર હિંદુસ્તાન, ટિબેટ અને દક્ષિણ સૈબીરિઆ.

બંદર–એશિઆઇ તુર્કસ્તાનનાં–કાળાસમુદ્ર ઉપર ત્રેબિઝાંડ અને સિનોપ, ભૂમધ્ય સમુદ્ર ઉપર–સ્મર્ના, સ્કેન્ડેરૂન, લેટેકિઆ, ત્રીપોલી, બેરૂટ, એકર અને જાફા. **અરબસ્તાનના રાતા સમુદ્ર ઉપર**–યમ્બો, જેદ્દા, હોડેડા અને મોખ્ખા. **એડનના અખાત ઉપર**–એડન, **અરબી સમુદ્ર ઉપર**–મસ્કત. **ઇરાનના–ઇરાની અખાત ઉપર**–ગોમ્રુન, અને બુશાયર, **હિંદુસ્તાનનાં–પશ્ચિમે અરબી સમુદ્ર ઉપર**–કરાંચી, માંડવી, નવાનગર. દ્વારકા, પોરબંદર, દીવ, જાફ્રાબાદ, ઘોઘા, ખંભાત, ભરૂચ, સુરત, મુંબાઇ, રત્નાગીરિ, વિંગોરલા, પંજીમ અથવા ગોવા, કારવાડ, હોનાવર, મેંગલૂર, કાનાનુર, તેલીચેરી, કાલિકટ, બેપુર અને કોચીન. **પૂર્વે બંગાળાના ઉપસાગર ઉપર**—તુતિકોરિન, નેગાપટ્ટન, ત્રાંકીબાર, કડલોર, પોંદિચેરી, મદ્રાસ, મચ્છલીપટમ, વિશાગપટમ, જગન્નાથપુરી, બાલાસોર, કલકત્તા, ચિત્તાગોંગ. **સિલોનના કાંઠા ઉપર**—કોલંબો, ગોલી અને ત્રિંકોમાલી. **હિંદી ચીનનાં–બંગાળાના ઉપસાગર ઉપર**—રંગુન, મુલમૈન, સંદોવ અને મરગ્વી. **મલાક્કાની સામુદ્રધુની ઉપર**–પીનાંગ, મલાક્કા અને સિંગાપુર, **ચીનાઇ સમુદ્ર ઉપર**–બાંકોક, સાઇગોન અને હ્યુ. **ચીનનાં–ચીનાઈ સમુદ્ર**

ઉપર—મકાઉ, હોંગકોંગ, કંતાન, સ્વૅટો, આમોય, ફૂચુ, નિંગપો શાંગહાય અને નાનકિન. **પીળા સમુદ્ર ઉપર**—ચેફુ અને ટિન્ટ-સિન. **જાપાનનાં—જાપાની સમુદ્ર ઉપર**—નાગાસાકી, કોબે, યોકોહામા, યદ્દો અને હેકાડેટ. **સૈબીરિઆનાં—કામસ્કાટ્કાના સમુદ્ર ઉપર**—લેડીવોસ્ટોક, પેટ્રોપોલોવસ્કી.

અંગ્રેજી ખાલસા રાજ્ય—હિંદુસ્તાનનો ઘણો ખરો ભાગ, લંકા, બ્રહ્મદેશ, આંદામાન, નિકોબાર્સ, એડન, સાઇપ્રસ, હોંગ-કોંગ વિગેરે.

દેખાવ—એશિઆ મોટા દ્વીપકલ્પ છે. સ્વેઝની નહેર વડે આફ્રિકાથી અને બેહરિંગની સામુદ્રધુની વડે અમેરિકાથી તે જુદો પડેલો છે. પરંતુ યુરલ પર્વતવડે યૂરોપ સાથે જોડાએલો છે. વસ્તી અને વિસ્તારમાં એશિઆ બધા ખંડ કરતાં મોટા છે.

લોકો—તેમની રીતભાત અને રીવાજ—એશિઆના લોકો જૂનું એટલું ઉત્તમ માનીને તેને સજ્જડ વળગી રહેનારા છે. અને તેથી બીજા ખંડના લોકો જ્યારે કળા કૌશલ્યમાં ઘણા આગળ વધ્યા છે, ત્યારે આ ખંડના લોકો પોતાનું હતું તે પણ ભૂલતા જાય છે. સ્ત્રીકેળવણીનો પ્રચાર ઘણો ઓછો છે અને મુસલમાનમાં તો તેમને પડદાનશીન રાખવાનો રિવાજ છે.

રાજ્યબંધારણ—એશિઆના લગભગ તમામ દેશમાં રાજા સ્વતંત્રપણે રાજ્ય ચલાવે છે. અરબસ્તાન, તાતાર અને મલાયામાં તો લોકો અને સરદારો લૂટફાટથી પોતાનું ગુજરાન ચલાવેછે.

ધર્મ—સર્વ ધર્મનું ઉત્પત્તિ સ્થલ એશિઆ ગણાયછે; એશિઆમાં મુખ્ય હિંદુ, મુસલમાન અને બુદ્ધ ધર્મો મનાય છે. અને ખ્રિસ્તિધર્મનો પણ થોડો ઘણો પ્રચાર છે. હિંદુ ધર્મ માનનારાની મુખ્ય વસ્તી હિંદુસ્તાનમાં છે. હિંદીચીન, ચીન અને મધ્ય એશિઆમાં બુદ્ધ ધર્મ પ્રબળ છે. અને પશ્ચિમએશિઆના ઘણાખરા દેશો મુસલમાની ધર્મના છે.

હકીકત—એશિઆ ખંડમાં સર્વેથી વધારે અગત્યનો દેશ હિંદુસ્તાન હોવાથી અને આપણી તે જન્મભૂમિ હોઇને તે

વિષે પ્રથમ જ્ઞાન મેળવવાની જરૂર હોવાથી તેને પ્રથમ સ્થાન આપવા જરૂર છે અને તેથી પ્રથમ આની અંદર હિંદુસ્તાન લીધેલું છે.

પ્રાંતવાર નદીઓ અને તે ઉપરના શહેરો વગેરે.

નદીનુંનામ	લંબાઇ માઇલ.	ક્યાંથી નીકળી	કોનેમળેછે.	તેના ઉપરના શહેરો.
સિંધુ.	૧૮૦૦	હિમાલયપર્વતમાંથી.	અરબીસમુદ્રને.	લે, અટક, કાળાબાગ, દેરાઇસમાલખાન, દેરા ગાઝીખાન, મીથનકોટ, સક્કર, બક્કર, રોરી, લાડખાના, હૈદ્રાબાદને કોત્રી.
ગંગા.	૧૫૫૦	"	બંગાળાના ઉપસાગરને.	હરદ્વાર, ફરૂકાબાદ, કાનપુર, અલ્હાબાદ, મિરજાપુર, બનારસ, ગાજીપુર, બકસર, દિનાપુર, પટણા, મોંગીર, ભાગલપુર, રાજમહાલ, મુર્શીદાબાદ, હુગલી અને કલકત્તા.
જમના.		"	ગંગાને	દિલ્હી, આગ્રા ને મથુરાં.
બ્રહ્મપુત્ર	૧૮૦૦	"	બંગાળાના ઉપસાગરને.	લાસા, તેજપુર, ગૌહત્તી, ઢાકા.
ગોદાવરી	૯૦૦	સહ્યાદ્રિપર્વતમાંથી.	"	નાશિક, રાજમહેંદ્રિ ને યાનાન.
કૃષ્ણા.	૮૦૦	"	"	સતારા, જમખંડી ને મચ્છલીપટમ.

કાવેરી.	૩૨૦	,,	,,	શ્રીરંગપટમ, ત્રિચિનાપલ્લી.
યુફ્રેતીસ.	૧૭૦૦	તારસ પર્વતમાંથી.	ઈરાની અખાતને.	અર્ઝરૂમ, અલેપો, દિયારબક્રર, બસ્રા, હિલ્લા ને બાબીલન.
તૈગ્રીસ.	૧૧૪૦	,,	,,	નીનેવે, મોસલ અને બગદાદ.
આમુ.	૧૩૦૦	હિંદુકુશપર્વતમાંથી	એરલ સરોવરને	હેરાત, મર્વ, બુખારા, ને ખીવા.
ઓબી.	૨૭૦૦	આલ્તાઈપર્વતમાંથી	ઉત્તર મહાસાગરને	તોબોલસ્ક ને હોમસ્ક.
યેનેસી.	૩૧૦૦	,,	,,	ય્રકુંતસ્ક ને ઉર્ગા.
લીના.	૨૫૦૦	આલ્તાઈપર્વતમાંથી.	ઉત્તર મહાસાગરને	યાકુટસ્ક.
હોઆંગહો.	૨૮૦૦	કુવેનલુનમાંથી.	પીચીલીનાઅખાતને	સિનાન ને શેકો.
યાંગસિકયાંગ.	૩૩૦૦	,,	પાસિફિક મહાસાગરને.	નાનકિન.
આમુર.	૨૩૦૦	આલ્તાઈપર્વતમાંથી.	,,	કીરીનોલા.
મૈનામ.	૧૭૫૦	બ્રહ્મદેશના ડુંગરામાંથી	સિયામના અખાતને	બાંકોક ને સાઇગોન.
ઈરાવતી.	૧૧૦૦	હિમાલયપર્વતમાંથી.	બંગાળા ઉપસાગરને	ભામો, માકસોબા, માંડલે, આવા, પ્રોમ, પેગુ ને મુલમૈન.

૧ હિંદુસ્તાન.

સામાન્ય વર્ણન.

હિંદુસ્તાન એ એશિઆની દક્ષિણે મોટો દ્વીપકલ્પ છે.

સીમા—ઉત્તરે હિમાલય પર્વતો, દક્ષિણે હિંદી મહાસાગર, પૂર્વે બ્રહ્મદેશ અને બંગાળાનો ઉપસાગર, પશ્ચિમે અરબી સમુદ્ર, બલુચિસ્તાન અને અફગાનિસ્તાન.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૨૮૬૦૦૦૦૦૦ માણસની છે. ફક્ત તે ચીનથી ઉતરતો છે એટલે દુનિયામાં બીજે નંબરે છે. ક્ષેત્રફળ—૧૫૮૮૨૭૬ ચોરસ માઇલ છે. ભરતખંડની ઉત્તર દક્ષિણ લંબાઇ ૧૯૦૦ માઇલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૧૮૦૦ માઈલ છે. વિસ્તારમાં તે ગ્રેટબ્રિટનથી બાર ગણો છે.

કુદરતી ભાગ—હિંદુસ્તાનના કુદરતી ચાર ભાગ છે. **૧ હિમાલયની તળાટીનો પ્રદેશ, ૨ ગંગાનો પ્રદેશ, ૩ સિંધુનો પ્રદેશ, ૪ દક્ષિણ.** ખરૂં જોતાં વિંધ્યા પર્વતની ઉત્તરના ભાગને હિંદુસ્તાન કહી શકાય, અને તેની દક્ષિણનાં મુલકને દખણ કહેવાયં. પણ આખો દેશ હાલ હિંદુસ્તાન નામથી ઓળખાય છે.

ભાગો—હિંદુસ્તાનના ૧૪ ભાગ કરેલા છે. તે નીચે પ્રમાણે.

૧ મુંબઇ ઈલાકો.	**૮ પંજાબ પ્રાંત.**
૨ મદ્રાસ ઇલાકો.	**૯ વાયવ્ય પ્રાંત.**
૩ માઇસોર અને કુર્ગનાં સંસ્થાનો.	**૧૦ અયોધ્યા પ્રાંત.**
૪ વરાડ સહીત હૈદ્રાબાદ સંસ્થાન.	**૧૧ બંગાળા પ્રાંત.**
૫ મધ્યપ્રાંત.	**૧૨ આસામનો મૂલક.**
૬ મધ્ય હિંદ એજન્સીનાં સંસ્થાનો.	**૧૩ નેપાળ, ભુતાન અને બીજાં સ્વતંત્ર પહાડી સંસ્થાનો.**

૭ રજપૂત સંસ્થાનો. ૧૪ પોર્ટુગીઝ અને ફ્રેન્ચ લોકોના સંસ્થાનો.

અંગ્રેજનો ખાલસા મૂલક—સિંધ, ગૂજરાતના પાંચ જીલ્લા, મહારાષ્ટ્ર, કોંકણ, કાનડા, મલબાર, આસામ, અયોધ્યા, વાયવ્યપ્રાંત, પંજાબ ને અજમેર.

દેશીરાજ્યો—ખેરપુર, કચ્છ, કાઠિયાવાડ, પાલણપુર, મહિકાંઠા, રેવાકાંઠા, પંચમહાલ અને સુરત એજન્સી, ગાયકવાડ અને ખંભાતસંસ્થાન, કોલ્હાપુર, દક્ષિણ મરાઠાજાગીર, સાવનુર, માહસોર, નિજામનું રાજ્ય, ત્રાવણકોર, કોચીન, બુંદેલખંડ, રેવા, ગ્વાલીઅર, માળવા, રજપૂત સંસ્થાનો, ભાવલપુર, શીખસંસ્થાન, કાશ્મીર, ગઢવાલ, રામપુરા, સિક્કિમ, કુચબિહાર, મણીપુર, અને તિપરા.

પર્વત—પૃથ્વીના સૌથી ઊંચા **હિમાલયના પર્વતો** હિંદુસ્તાનની ઉત્તરે છે. તેનું સૌથી ઊંચું શિખર **માઉંટ એવરેસ્ટ** દરિયાની સપાટીથી ૨૯૦૦૦ ફીટ ઊંચું છે. **કાંચનગંગા**, **ધવલગિરિ**, **જમનોત્રી**, અને **ગંગોત્રી** વગેરે બીજાં શિખરો છે. ગંગા અને બિઆસની વચ્ચે **શિવાલીક**, કાશ્મીરમાં **કારાકોરમ**, હિંદુસ્તાન અને અફગાનિસ્તાનની વચ્ચે **સુલેમાન પર્વત** છે. તેમાં સૌથી ઊંચું શિખર **તખ્તેસુલેમાન** છે. સિંધ અને બલુચિસ્તાનની વચ્ચે **હાલા** છે. સિંધુ અને ગંગા નદીના પ્રદેશની વચ્ચે **અરવલીના** ડુંગરામાં સૌથી ઊંચું શિખર **આબુ** છે. નર્મદાની ઉત્તરે **વિંધ્યાપર્વતો** છે. નર્મદા અને તાપીની વચ્ચે **સાતપૂડા પર્વતો** છે. દખણના પશ્ચિમ કાંઠાપરના પર્વતોને **પશ્ચિમઘાટ** અથવા **સહ્યાદ્રિ** અને પૂર્વકાંઠાપરના પર્વતોને **પૂર્વઘાટ** કહે છે. માઇસોરની દક્ષિણે **નીલગીરિ** છે.

નદીઓ—વિંધ્યા પર્વતોની ઉત્તરના ભાગમાં ત્રણ મોટી નદીઓ વહે છે. ૧ **બ્રહ્મપુત્ર**, ૨ **ગંગા**, ૩ **સિંધુ**, **જમના** અને **ગોમા** હિમાલયમાંથી, **સોન** વિંધ્યામાંથી અને **રામગંગા**, **ગોમતી**, **ગંડકી** અને **કુશી** ઉત્તરના ડુંગરમાંથી નીકળી ગં-

આને મળે છે. **ઝેલમ, રાવી, ચિનાબ, બિઆસ, સતલજ** અને **કાબુલ** એ છ નદીઓ સિંધુને મળેછે. **લુણી** અરવલીના ડુંગરમાંથી નીકળી કચ્છના રણમાં થઇ અરબી સમુદ્રને મળે છે. **નર્મદા અને તાપી** ખંભાતના અખાતને મળે છે. **મહા, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી** બંગાળાના ઉપસાગરને મળે છે. **તુંગભદ્રા** કૃષ્ણાને મળે છે.

સરોવર—ગોદાવરી અને કૃષ્ણાની વચ્ચે **કોલર**, પૂર્વકિનારે **ચિલકા.** અને **પુલીકટ** અને પશ્ચિમ કિનારે **બેકવોટર્સ** છે. રજપૂતસંસ્થાનમાં **સાંભર**, કાશ્મીરમાં **બુલર**.

દ્વીપ—અરબી સમુદ્રમાં **લક્ષદ્વીપ**, અને **માલદ્વીપ**, હિંદુસ્તાન અને લંકાની વચ્ચે **રામેશ્વર** અને **મનાર**, બંગાળાના ઉપસાગરમાં **આંદામાન** અને **નિકોબાર્સદ્વીપો** છે. હિંદુસ્તાનમાંથી મોટા ગુન્હેગારોને આંદામાન ટાપુના **પોર્ટબ્લેર** બંદરમાં કાળે પાણીએ મોકલે છે.

ભૂશિર—**કેપકોમોરિન** એ હિંદુસ્તાનનું દક્ષિણબિંદુ છે. **કેપમોંઝ** છેક પશ્ચિમ બિંદુ છે. કાઠિયાવાડની દક્ષિણે **દીવહેડ**, સિલોનની ઉત્તરે **કેલીમિઅર** અને મહા નદીના મુખ આગળ **પાલમાયરા** ભૂશિર છે.

અખાત—પશ્ચિમ કિનારે **કચ્છ** અને **ખંભાતના** અખાતો, હિંદુસ્તાન અને સિલોનની વચ્ચે **મનારનો** અખાત અને **પામ્બેન** પૅસેજ છે. હિંદુસ્તાનના પૂર્વકાંઠાને **કોરોમંડલકાંઠો** અને પશ્ચિમકાંઠાને **મલબારકાંઠો** કહે છે. બંગાળાની દક્ષિણે **બંગાળાનો ઉપસાગર** છે.

સામુદ્રધુની—**પાકની** એ હિંદુસ્તાન અને સિલોનની વચ્ચે છે.

રણ—કચ્છની ઉત્તરે **કચ્છનું**, સિંધમાં **થરપાર્કરનું** અને રજપૂત સંસ્થાનોમાં **મારવાડનું** રણ છે.

બંદર—**પશ્ચિમ અરબી સમુદ્ર ઉપર**—કરાંચી માંડવી, નવાનગર, દ્વારકા, પોરબંદર, દીવ, જાફરાબાદ, ઘોઘા, ખંભાત,

ભરૂચ, સુરત, મુંબઈ, રત્નાગીરિ, વિંગોરલા, ગોવા, કારવાડ, હોનાવર, મેંગલૂર, કાનાનુર, તેલીચેરી, કાલિકોટ, બેદર અને કોચીન.

પૂર્વે બંગાળાના ઉપસાગર ઉપર—તુતિકોરીન, નેગાપટ્ટન, ત્રાંકવીબાર, કુડલોર, પોંદિચેરી, મદ્રાસ, મચ્છલીપટ્ટન, વિશાગપટ્ટન, જગન્નાથપુરી, બાલાસોર, કલકત્તા ને ચિત્તાગોંગ.

ખનિજ—લોઢું ઘણું છે પણ બળતણની તાણને લીધે જથ્થાબંધ બનાવી શકાતું નથી. કોયલા મધ્યહિંદુસ્તાન અને બંગાળામાંથી નીકળે છે. સુરોખાર પંજાબમાંથી અને હીરા વગેરે દક્ષિણમાંથી નીકળે છે.

ખેતી અને પાક—ડાંગર બંગાળામાં પુષ્કળ પાકે છે. મધ્ય પ્રાંતોમાં મુખ્ય ખેતી બાજરી અને જારની થાય છે. ઉત્તરમાં ઘઉં જથ્થાબંધ થાય છે. એ સિવાય રૂ, શેરડી, તંબાકુ અને કેરી વગેરે દેશના ઘણા ખરા ભાગમાં પાકે છે. ચા અને બુંદ કોઇ કોઇ સ્થળે થાય છે. નિકાસની મુખ્ય ચીજો રૂ, અફીણ, શણ અને ગળી છે.

લોકો—હિંદુસ્તાનની વસ્તી લગભગ આખા યુરોપખંડ જેટલી છે. એક ચોરસ માઇલે ૧૮૪ માણસની સરેરાશ આવેછે. પ્રાચીનકાળમાં ઇંગ્રેજ, રોમન, ગ્રીક, અને હિંદુલોકોના બાપદાદા મધ્ય એશિઆમાં વસતા હતા, પણ વસ્તી વધવાથી અને જમીન પૂરતી નહીં હોવાથી દુનિયાના જુદા જુદા ભાગમાં તેઓ જઇ વસ્યા. આ પ્રમાણે આર્ય લોકો વાયવ્ય ખુણા તરફથી હિંદુસ્તાનમાં દાખલ થયા. તેઓ આવ્યા ત્યારે અનાર્ય જંગલી લોકો, જેવા કે સંતાલ વગેરે હિંદુસ્તાનમાં વસતા હતા. નવા આવનારાઓએ તેઓને હરાવી પર્વતો વગેરેમાં હાંકી કાઢ્યા. આ પછી મુસલમાની ચઢાઇથી આરબ, ઇરાની અને અફગાન લોકો દેશમાં દાખલ થયા. આ વખત દરમીયાન પારસી લોકો ઈરાનમાંથી આવી દેશમાં વસ્યા. અને યૂરોપી પ્રજા ત્યાર પછી વેપારાર્થે આ દેશમાં આવી.

હિંદના વતની વિષે ટુંક હકીકત—બંગાળી લોકો કદમાં ઠીંગણા, નબળા બાંધાના પણ ચપળ અને ઉદ્યોગી છે. ઉત્તરના સીખ લોકો શૂરા અને બળવાન છે. દક્ષિણના તામીલ લોકો ઉદ્યોગી અને સાહસિક છે. હિંદુઓ વિવેકી અને માયાળુ છે, પણ ઉદ્યોગ અને માનસિક હિંમતમાં પાછળ પડતા છે. જૂના રીવાજોને સર્વોત્તમ માની વળગી રહે છે. પણ વખતને અનુસરી કરવો જોઈતો સુધારો કરતા નથી. જો કે કેળવણીના પ્રચારથી તેમ થવાના સુચિન્હો જણાય છે ખરાં. સ્ત્રીકેળવણીના અભાવે બાળકો ગૃહકેળવણીથી કેવળ બેનસીબ રહે છે, જેના ઉપર દેશની ઉન્નતિનો તમામ આધાર રહેલો છે. આ પ્રમાણે દેશોન્નતિ માટે સ્ત્રીકેળવણીની અગત્યતા દેશહિતૈષિ પુરુષો સમજતા થયા છે, તેથી પરિણામ સારૂં આવશે એમ જણાય છે.

ઉદ્યોગ—વસ્તીનો ૨/૩ ભાગ ખેતી ઉપર પોતાનું ગુજરાન ચલાવે છે. પણ ખાતરનો ઉપયોગ જોઇએ તેવો થતો ન હોવાથી અને દેશની અને ખાસ કરીને ખેડુતોની સ્થિતિ દુર્બળ હોવાથી જોઇએ તેવો સુધારો ખેતીમાં થઈ શકતો નથી. ખેડુતોને હલકે વ્યાજે નાણાં ધીરવાની યોજના થાય તો દેશને ઘણો લાભ થવા સંભવ છે. ઇંગ્રેજ સરકારે ખેતીના ઉત્તેજન માટે ગંગા નદીના ઉત્તર ભાગમાં ૫૧૫ માઇલ નહેર ખેતરોને પાણી પૂરૂં પાડવા માટે બાંધી છે. આ નહેર દુનિયામાં સઘળી નહેરો કરતાં મોટી છે.

વેપાર—ડાકાનું મલમલ, નાગપુરી રેશમી કાપડ અને કાશ્મીરી શાલ માટે હિંદુસ્તાન ઘણા જૂના વખતથી મશહૂર છે. પણ યૂરોપમાં વણવાનું કામ સંચાથી થતું હોવાથી આ દેશના હાથે વણેલા કાપડ કરતાં ઘણું સારૂં અને સસ્તું થાય છે. અને તેથી યૂરોપી માલ સાથે આપણો માલ ટક્કર ઝીલી શકતો નથી. પણ મુંબઇ, કલકત્તા, પુના અને અમદાવાદ વગેરે શહેરોમાં કાપડ વણવાની મીલો થઇ છે અને થાય છે અને તેથી ભવિષ્યમાં વેપારની વૃદ્ધિ થવાનો સંભવ રહે છે

આવક અને નિકાસ—બીજા દેશાવર ખાતેથી વર્ષે ૩૦ કરોડ રૂપિઆનો સુતરાઉ માલ, ૧૨ કરોડ રૂપિઆનું સોનું રૂપું, ૮ કરોડનું લોઢું, ત્રાંબું વગેરે, ૩ કરોડનું તેલ, ૨ કરોડનું રેશમ, ૨ કરોડની ખાંડ મળી કુલ ૫૭ કરોડ રૂપિઆનો માલ આવે છે. નિકાસ—રૂ અને સુતરાઉ માલ ૨૫ કરોડનો, અનાજ ૧૬ કરોડનું, શણ ૧૧ કરોડનું, અફીણ ૧૧ કરોડનું, બી ૧૦ કરોડનાં, ચા પાંચ કરોડની, ચામડાં ૫ કરોડનાં, ગળી ૪ કરોડની, ઊન ૨ કરોડનું અને ખુંદદાણા ૧॥ કરોડના મળી કુલ ૯૦॥ કરોડનો માલ દેશાવર ખાતે ચઢે છે.

રેલવે અને તાર—પ્રથમ લોકો ગાડાં, ઘોડા અથવા પાલખીમાં મુસાફરી કરતાં અને આથી લૂટાવાની બીક ઉપરાંત અનેક જાતની મુશ્કેલી નડતી, પણ રેલવેથી તે દૂર થઇ છે. ઘણાખરા ભાગમાં રેલવે થઇ ગઇ છે, અને કુલ ૨૦૦૦૦ માઇલમાં હાલ રેલવે નંખાઇ ગએલ છે.—તારથી ઘણાજ ટુંક વખતમાં દેશના દૂર ભાગમાં ખબર પહોંચાડી શકાય છે. આ વિજળીક યંત્રની મદદથી અહીંથી ઇંગ્લાંડ એક કલાકમાં ખબર પહોંચાડી શકાયછે.

કેળવણી—પ્રાચીન કાળમાં જ્ઞાન મેળવવાનો હક માત્ર બ્રાહ્મણનેજ હતો, અને તે પણ ગુરૂને ઘેર રહીને મહા મુસીબતે મેળવી શકાતું. ઇંગ્રેજ સરકારના અમલથી ગામેગામ નિશાળો થઈ છે, સને ૧૮૯૧ ના વસ્તીપત્રક ઉપરથી જણાય છે કે ૪૦ હજાર વિદ્યાર્થીઓ કેળવણીનો લાભ લેછે; અને તે પાછળ લગભગ બે કરોડનો વાર્ષિક ખર્ચ છે.

ધર્મ—હિંદુસ્તાનમાં ચાલતા મુખ્ય ધર્મો હિંદુ, બુદ્ધ (જૈન ધર્મ), મુસલમાની અને પારસી છે. આ મુખ્ય ધર્મોના અનેક ફાંટાઓ છે.

યૂરોપી પ્રજાનું આ દેશમાં આવવું—આ દેશમાં યૂરોપી લોકોમાં પ્રથમ પોર્ટુગીઝ વેપારઅર્થે આવ્યા. તેમના પછી ડચ લોકો આવ્યા, અને ૧૬૦૦ માં ઇંગ્લાંડમાં ઇલિઝાબેથ અને

હિંદુસ્તાનમાં અકબર રાજ્ય કરતા હતા, તે વખતે કેટલાક ઈંગ્રેજ વેપારીઓએ હિંદુસ્તાન સાથે વેપાર કરવાને અમુક શરતે રાણી પાસેથી વેપાર કરવાનો પરવાનો લીધો. આ કંપનીને " ઈસ્ટ ઇન્ડીઆ કંપની "નું નામ આપ્યું. ધીમે ધીમે વેપારમાંથી રાજ્યપ્રકરણી બાબતમાં આ કંપનીએ હાથ ઘાલવા માંડચો. સને ૧૭૪૦–૪૮ માં જ્યારે ઈંગ્રેજ અને ફ્રેન્ચ પ્રજા હિંદુસ્તાનમાં એક સાથે વેપાર કરતી હતી, ત્યારે દક્ષિણમાં હૈદ્રાબાદની ગાદીને માટે દેશી રાજાઓને તકરાર થવાથી ઈંગ્રેજે એકનો અને ફ્રેન્ચે બીજાનો પક્ષ લીધો અને પરિણામે ઈંગ્રેજની ફત્તેહ થઇ. પછી ૧૭૫૭ ના પ્લાસીના યુદ્ધથી બંગાળા ઈંગ્રેજના હાથમાં આવ્યો, અને અહીંથી ઈંગ્રેજના રાજ્યની શરૂઆત થઇ. સને ૧૮૩૩ માં કંપનીએ વેપારનું કામ મૂકી દઇ ફકત રાજ્યપ્રકરણી કામકાજ કરવા માંડયું.

આ પ્રમાણે સને ૧૮૫૭ સુધી રાજ્ય કર્યું પણ ૧૮૫૭ના બળવા પછી રાજ્યની સત્તા ઇસ્ટ ઇંડિયા કંપની પાસેથી મહારાણીશ્રીએ ૧૮૫૮ માં પોતાના હાથમાં લીધી અને સને ૧૮૭૭ માં "કૈસરેહિંદ" પદ ધારણ કર્યું.

હાલનું રાજ્યતંત્ર—ઇંગ્લાંડમાં રહી હિંદુસ્તાન ઉપર સેક્રેટરી ઓફ સ્ટેટ અને એક સભા રાજ્ય ચલાવે છે. હિંદુસ્તાનમાં મહારાણીશ્રીના પ્રતિનિધિ રૂપે કલકત્તામાં વાઇસરોય રહે છે. અને કાઉન્સિલની મદદથી દેશ ઉપર અમલ ચલાવે છે. કલકત્તા, મુંબઈ, મદ્રાસ અને વાયવ્યપ્રાંતોમાં કાયદા બાંધનારી મંડળીઓ છે, તે દેશને માટે કાયદા બાંધે છે. ન્યાય આપવાનું કામ હાઇકોરટના જડજો અને માજીસ્ટ્રેટો વગેરે કરે છે. ઉપજ ઉઘરાવવાનું કામ કલેકટરોનું છે.

ઉપજ—રેલવેની ઊપજ સહીત હિંદુસ્તાનની કુલ ઉપજ ૮૯ કરોડ રુપિયાની છે.

મુંબઈ ઇલાકો.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન અને રજપૂતસંસ્થાનો, દક્ષિણે માઇસોર, પૂર્વે મધ્ય હિંદુસ્તાન અને પશ્ચિમે અરબી સમુદ્ર ને બલુચિસ્તાન છે.

વસ્તી અને ક્ષેત્રફળ—મુંબઇ ઇલાકાની કુલ વસ્તી ૨૫૪૧૬૩૪૨ છે તેમાંથી ૮૦૫૯૨૯૮ માણસ દેશીરાજ્યોમાં વસે છે. તેનું ક્ષેત્રફળ ૧૯૪૧૮૯ ચોરસ માઇલ છે. એમાંનાં ૬૯૦૪૫ ચોરસ માઇલિ એટલે સેંકડે ૩૫ાા ટકા દેશીરાજ્યના છે. મુંબઇ ઇલાકો લગભગ ગ્રેટબ્રિટન જેવડો છે.

ભાગ—તેના પાંચ વિભાગ કરેલા છે. ૧ સિંધ, ૨ કચ્છ, ૩ ગૂજરાત, ૪ મહારાષ્ટ્ર [દક્ષિણ અને કોંકણ], ૫ દક્ષિણ મહારાષ્ટ્ર ને ઉત્તરકાનડા.

પર્વતો—સહ્યાદ્રિ તથા સાતપૂડા એ બે મુખ્ય પર્વતો છે.

નદી—સાબરમતી, મહી, નર્મદા અને તાપી એ ઉત્તર તરફના દેશોમાં થઇ ખંભાતના અખાતને મળે છે. ગોદાવરી અને કૃષ્ણા તેને મળનારી નીરા, ભીમા અને તુંગભદ્રા સહીત બંગાળાના ઉપસાગરને મળે છે. સિંધુ એ પંજાબ અને સિંધમાં થઇ અરબી સમુદ્રને મળે છે.

સરોવર—મંચ્ચર એ સિંધમાં આવેલું છે.

દ્વીપ—મુંબઇ, વસઇ, સાષ્ટી, ધારાપુરી, દિવ અને પીરમ.

દ્વિપકલ્પ—કાઠિયાવાડ.

ભૂશીર—દીવ એ કાઠિયાવાડનું દક્ષિણબિંદુ છે. મોંઝ એ સિંધનું પશ્ચિમ બિંદુ છે.

અખાત—કચ્છનો અખાત એ કાઠિયાવાડની ઉત્તરે છે, અને ખંભાતનો અખાત એ મુંબઇની પશ્ચિમે છે.

રણ—કચ્છનું રણ એ કચ્છની ઉત્તરે અને થરપારકરનું એ સિંધમા છે.

દેશીરાજ્ય—ખૈરપુર, કચ્છ, કાઠિયાવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, સુરત, અને પંચમહાલ એજન્સીના રક્ષણ તળેના દેશી રાજ્યો, ગાયકવાડનો મુલક, ખંભાત, જવાર, જંજીરા, સાવંતવાડી, ખાનદેશ એજન્સી, સતારાજાગીર, મરાઠાજાગીર (દક્ષિણ), અક્કલકોટ, પેંઠ અને સાવનૂર.

---

૧ સિંધ.

સિંધ એટલે સિંધુ નદીનો પ્રદેશ. તેના ઘણાખરા ભાગમાં રણ છે. તે હિંદુસ્તાનનું ઇજીપ્ત કહેવાય છે.

જીલ્લા—

૧ **કરાંચી**—એ અગ્નિખૂણમાં છે. તેનું મુખ્ય શહેર કરાંચી વેપારનું મુખ્ય સ્થળ છે. કોટ્રી નામે બીજું શહેર એમાં છે.

૨ **હૈદ્રાબાદ**—એ સિંધુની પૂર્વે છે. મુખ્ય શહેર હૈદ્રાબાદ છે. મિઆણી આગળ સરચાર્લસ નેપિઅરે અમીરોને હરાવ્યા હતા. ઉમરકોટમાં અકબરનો જન્મ થયો હતો.

૩ **શિકારપુર**—એ કરાંચીની ઉત્તરે છે. મુખ્ય શહેરો શિકારપુર, સક્કર અને રોરી છે.

૪ **ઉપલો સિંધ**—મુખ્ય શહેર જેકોબાબાદ છે.

૫ **ખૈરપુર**—એ દેશીરાજ્ય સિંધની પૂર્વે છે. મુખ્ય શહેર ખૈરપુર.

---

૨ કચ્છ.

કચ્છ એ કચ્છના અખાતની પૂર્વે છે. તેનું મુખ્ય શહેર ભૂજ છે. તેમાં સને ૧૮૧૯ માં ધરતીકંપ થયો હતો. માંડવી, અંજાર અને મુંદ્રા એ મુખ્ય બંદરો છે.

---

૩ ગૂજરાત.

આ દેશનો કેટલોક ભાગ ઇંગ્રેજ સરકારનો અને બાકીનો દેશી રાજાઓનો છે.

જીલ્લા અને એજન્સી.

૧ કાઠિયાવાડ એજન્સી—એ મોટો દ્વીપકલ્પ છે. તેનું ક્ષેત્ર ૬૦ ૨૦૫૫૯ માઇલ છે, અને વસ્તી ૨૭૫૨૪૦૪ છે. તેમાં ઇંગ્રેજ સરકાર તરફથી પોલિટિકલ એજંટ રાજકોટમાં રહે છે. તેમાં મુખ્ય શહેરો રાજકોટ મોરબી નવાનગર ધ્રાંગધરા ગોંડલ, જુનાગઢ, પોરબંદર અને ભાવનગર છે.

૨ પાલણપુર એજન્સી—એ ગુજરાતની ઉત્તરે છે. ત્યાં નવાબનું મુસલમાની રાજ્ય છે. મુખ્ય શહેર પાલણપુર ને રાધનપુર છે.

૩ મહીકાંઠા એજન્સી—તેમાં મુખ્ય શહેરો સાદરા ને ઇડર છે.

૪ રેવાકાંઠા એજન્સી—એ ગૂજરાતની પૂર્વે છે. મુખ્ય શહેરો નાંદોદ, બારીઆ ને લુણાવાડા છે.

૫ પંચમહાલ—પંચમહાલ જીલ્લામાં મુખ્ય શહેરો ગોધરા અને દાહોદ છે, અને પંચમહાલ એજન્સીમાં મુખ્ય રાજ્ય નારૂકોટનું છે.

૬ ગાયકવાડનો મુલક—એ ભરૂચ અને ખેડા જીલ્લાની વચ્ચે છે તેમાં મુખ્ય શહેરો વડોદરા, નવસારી ને કડી છે.

૭ અમદાવાદ જીલ્લો—એ સાબરમતી ને ખંભાતના અખાતની પશ્ચિમે છે. મુખ્ય શહેર અમદાવાદ; મુખ્ય બંદર ગોઘા. ધોળેરા રૂના વેપારનું મથક છે.

૮ ખેડા જીલ્લો.—એ અમદાવાદ અને મહી નદીની વચ્ચે છે. મુખ્ય શહેરો ખેડા અને નડિયાદ છે.

૯ ખંભાત સંસ્થાન—એ નવાબી રાજ્ય છે. મુખ્ય શહેર ખંભાત એ મહી નદી ઉપર છે.

૧૦ **ભરૂચ જીલ્લો**—એ સૂરતની ઉત્તરે છે. મુખ્ય શહેર **ભરૂચ** રૂના વેપારનું સ્થળ છે.

૧૧ **સૂરત**—એ તાપી નદીના કાંઠાનો મૂલક છે. સૂરત જીલ્લાનું મુખ્ય શહેર **સૂરત** છે. તેમાં ઇંગ્રેજે સને ૧૬૧૨ માં વેપારની કોઠી સ્થાપી હતી. **સૂરતએજન્સીમાં વાંસદા, ધરમપુર** અને **સચીન**ના દેશી રાજ્યો છે.

---

૪ મહારાષ્ટ્ર.

મહારાષ્ટ્ર એ ગુજરાતની દક્ષિણે છે. તેના બે વિભાગ છે. ૧ **કોકણ** અને ૨ **દક્ષિણ પ્રાંત**.

૧ કોકણ.

વિભાગ.

૧ **થાણા જીલ્લો**—એ મુંબઇની ઉત્તરે છે. મુખ્ય શહેરો **થાણા** અને **કલ્યાણ**. કાંઠા ઉપર **વસઈ** બંદર છે.

૨ **જવાર સંસ્થાન**—એ જંગલી મૂલક છે. ત્યાં કોળી ઠાકરડાનું રાજ્ય છે. મુખ્ય શહેર **જવાર**.

૩ **કોલાબા જીલ્લો**—એ મુંબઇની દક્ષિણે છે. મુખ્ય શહેર **અલિબાગ** છે.

૪ **જંજિરા સંસ્થાન**—એ મુંબઇ અને રત્નાગિરિની વચ્ચે છે. ત્યાં નવાબી રાજ્ય છે. કાઠિયાવાડમાં આવેલું **જાફરાબાદ** તેના તાબામાં છે. મુખ્ય શહેર **જંજિરા**.

૫ **રત્નાગિરિ જીલ્લો**—એ કોલાબાની દક્ષિણે છે. મુખ્ય શહેર **રત્નાગિરિ** છે. મુખ્ય બંદર **વિંગોરલા**.

સાવંતવાડી સંસ્થાન—એમાં મરાઠી રાજ્ય છે. મુખ્ય શહેર **સાવંતવાડી**.

---

૨ દક્ષિણુ પ્રાંત.

વિભાગ.

૧ **ખાનદેશ જીલ્લો**—તેનું મુખ્ય શહેર **ધુળિઆ** છે. **માલેગાવ** અને **ભુસાવળ** નામે બીજાં શહેરો એમાં છે. **ખાનદેશ એજન્સીના** કલેકટરના હાથ નીચે ત્રણ નાનાં દેશી-રાજ્યો છે.

૨ **નાશક જીલ્લો**—તેનું મુખ્ય શહેર **નાશક** જાત્રાનું ઠેકાણું છે.

૩ **પેંઠ સંસ્થાન**—એ નાશકની પશ્ચિમે છે. મુખ્ય શહેર પેંઠ.

૪ **અહમદનગર જીલ્લો**—એ નાશકની દક્ષિણે છે. મુખ્ય શહેર **અહમદનગર** સને ૧૮૦૩ માં ઈંગ્રેજે મુસલમાન પાસેથી જીતી લીધું.

૫ **પુના જીલ્લો**—એ અહમદનગરની દક્ષિણે છે. મુખ્ય શહેર **પુના** પેશ્વાની રાજધાનીનું શહેર હતું. હાલમાં ત્યાં ઈંગ્રેજી લશકર રહે છે. **ખડકી** અને **કોરેગામ** એ લડાઇના ઠેકાણાં છે. **પુરંદર**માં તહનામું થયું હતું.

૬ **સતારા જીલ્લો**—એ પુનાની દક્ષિણે છે. મુખ્ય શહેર **સતારા** એ મરાઠાની રાજધાનીનું શહેર હતું. વાયવ્યે **મહાબળેશ્વર** હવાખાવાનું ઠેકાણું છે. **સતારા એજન્સીમાં** ચાર મરાઠા સરદારોની જાગીરો છે.

૭ **સોલાપુર જીલ્લો**—એ પુના અને સતારાની પૂર્વે છે. મુખ્ય શહેર **સોલાપુર** વેપારનું સ્થળ છે. ભીમા નદી ઉપર **પંઢરપુર** જાત્રાનું ઠેકાણું છે.

૮ **અકલકોટ સંસ્થાન**—એ સોલાપુરની અગ્નિખુણમાં છે. તે મરાઠી રાજ્ય છે. મુખ્ય શહેર **અકલકોટ.**

---

૫ દક્ષિણ મહારાષ્ટ્ર ને ઉત્તરકાનડા.

વિભાગ.

૧ **કલાદગી**—એ સોલાપુરની દક્ષિણે છે. મુખ્ય શહેર **કલાદગી**, **બાગલકોટ** અને **વિજાપુર** એ બે શહેરો એમાં છે.

૨ **બેલગામ જીલ્લો**—એ ગોવાની ઇશાને છે. મુખ્ય શહેર **બેલગામ** લશ્કરને રહેવાનું સ્થળ છે.

૩ **કોલ્હાપુર સંસ્થાન**—એ મરાઠી રાજ્ય છે. મુખ્ય શહેર **કોલ્હાપુર**.

૪ **દક્ષિણ મરાઠાજાગીર**—તેમાં નાની નાની ૮ શાખાઓ છે. તેઓ અસલ પેશ્વાને ખંડણી ભરતા પણ હાલમાં ઇંગ્રેજ સરકારને આધીન છે.

૫ **ધારવાડ જીલ્લો**—એ મુંબઈ ઇલાકાની અગ્નિખૂણમાં છે. મુખ્ય શહેર **ધારવાડ**. **હુબળી** સૂતરાઉ કાપડને માટે પ્રખ્યાત છે.

૬ **સાવનૂર સંસ્થાન**—ત્યાં નવાબી રાજ્ય છે. મુખ્ય શહેર **સાવનૂર**.

૭ **ઉત્તરકાનડા**—એ મુંબઇ ઇલાકાની છેક દક્ષિણે છે. મુખ્ય શહેર **કારવાડ** સુંદર બંદર છે. દક્ષિણે **કુમટા** ત્યાંથી રૂ દેશાવર ખાતે ચડે છે; તેની દક્ષિણે **હોનાવર** બંદર છે.

ભાષા—મુંબઇની આસપાસ મરાઠી, દક્ષિણમાં કૈનેડી, ગૂજરાત અને કાઠિયાવાડમાં ગૂજરાતી, અને સિંધમાં સિંધી ભાષા બોલાય છે.

ધર્મ—હિંદુધર્મ માનનારાની સંખ્યા સૌથી વધારે છે. એ સિવાય મુસલમાન, જૈન અને ખ્રિસ્તિ પણ છે.

વેપાર—મુંબઇ વેપારનું મુખ્ય સ્થળ છે. કલકત્તાથી બમણો વેપાર ત્યાં ચાલે છે. પરદેશ સાથેના વેપારમાં રૂપિએ સાત આના તો મુંબઇ એકલાનોજ વેપાર છે.

ઉપજ—વાર્ષિક ઉપજ આશરે ૧૩ કરોડ રૂપિઆની છે.

વિશેષ હકીકત—મુંબઇબેટ પોર્ટુગીઝ લોકોને ૧૫૩૨ માં મળ્યો. પોર્ટુગાલના રાજાએ પોતાની કુંવરી ૧૬૬૧ માં ઇંગ્લાંડના રાજા ચાર્લ્સ બીજાને પરણાવી મુંબઇબેટ કન્યાદાનમાં આપ્યો હતો. સને ૧૬૮૬ માં સૂરતથી કોઠી બદલી મુંબઇમાં સ્થાપી.

---

૨ મદ્રાસ ઇલાકો.

સીમા—એ ઇલાકો બંગાળાના ઉપસાગરની પશ્ચિમે છે. એની ત્રણ બાજુએ દરિયો છે. ઉત્તરે ઓરિસા, મધ્યપ્રાંતો, નિજામનું રાજ્ય અને માઇસોર છે.

વસ્તી અને ક્ષેત્રફળ—એની કુલ વસ્તી ૩૫૫૮૮૮૫૦ માણસની છે. અને ક્ષેત્રફળ ૧૪૩૩૪૫ ચોરસ માઇલ છે.

પર્વત—પૂર્વઘાટ, પશ્ચિમઘાટ અથવા **સહ્યાદ્રિ** ને **નીલગિરિ**.

નદી—ઉત્તરમાં ગોદાવરી અને કૃષ્ણા, મધ્યમાં **કાવેરી**, **પન્નાર, પલાર, પનેર** ને **ગંડલકામાં**; એ તમામ નદીઓ બંગાળાના ઉપસાગરને મળે છે.

સરોવર—**ચિલકા, કોલર** ને **પુલીકટ**.

ભૂશિર—**કેપકોમોરિન** એ છેક દક્ષિણબિંદુ છે.

ભાગ—**૧ ઉત્તરસિરકાર ૨ કર્ણાટક, ૩ મલબાર** ને **૪ ત્રાવણકોર ને કોચીનનું દેશીરાજ્ય.**

૧ ઉત્તરસિરકાર—એ પ્રાંત ઇ. સ. ૧૭૬૬ માં નિજામે ઈંગ્રેજને આપ્યો. તેનું મુખ્ય શહેર **મચ્છલીપટમ** એ કૃષ્ણાનદીના મુખ આગળ છે. **રાજમંદરી** ગોદાવરી નદી ઉપર છે. એ સિવાય **ગંજામ, વિશાગપટમ, ચીકાકોલમ, વિજયનગર, કોરિંગા, કોકણદ, એલોર** ને **ગંતુર** વગેરે શહેરો એમાં છે.

૨ કર્ણાટક—એના વાયવ્ય ભાગમાં **બાલાઘાટ પ્રાંત** છે. તે નિઝામ પાસેથી ઇંગ્રેજ સરકારને ૧૮૦૦માં મળ્યો. બાલાઘાટમાં મુખ્ય શહેર **કર્નુલ** ઇ. સ. ૧૮૩૮માં ઇંગ્રેજે ત્યાંના નવાબ પાસેથી

લીધો. **બલ્લારી,** કડપા ને **ગુત્તી** વગેરે તેમાં શહેરો છે. કર્ણાટકનું મુખ્ય શહેર **મદ્રાસ**માં ગવર્નર રહે છે. **આર્કાટ** એમાં આગળ નવાબનું રાજ્ય હતું. **વેલોર**માં ટીપુના બે કુંવરોને કેદ રાખવામાં આવ્યા હતા. **નેલુર** એ પન્નાર નદીના મુખ ઉપર છે. **સેલમ, મદુરા** ઇ. સ, ૧૭૯૨ માં **ને કોઇમ્બતુર** ઇ. સ. ૧૭૯૯ માં ટીપુ સુલતાન પાસેથી લીધાં. **દીંડીગલ** એ હવા ખાવાનું ઠેકાણું છે. **ત્રિચીનાપલી** એ કાવેરી નદી ઉપર મદ્રાસથી ઉતરતું મોટામાં મોટું શહેર છે. **કાંચીવરમ** આગળ હિંદુ રાજ્યની રાજધાની હતું. **રામનાથ** એ જાત્રાનું ઠેકાણું છે.

પુદુકોટા એ દેશી રાજ્ય છે. **કુંબકોનમ** એ કાવેરીના ફાંટા કોલેરૂન આગળ છે. **વાંદીવાશ, આર્ની, ત્રિનોમાલી** એ લડાઇનાં સ્થળો છે. **નેગાપટમ, ત્રાંકવોબાર** ને **તુતિકોરીન** એ બંદરો છે.

૩ મલબાર—એ ઇ. સ. ૧૭૯૯ માં ટીપુ પાસેથી ઇંગ્રેજને મળ્યો આ પ્રાંતમાં **દક્ષિણકાનડાનો** સમાવેશ થાય છે. દક્ષિણકાનડાનું મુખ્ય શહેર **માંગલોર** તેમાં સોપારી થાય છે. **મલબાર પ્રાંતની** રાજધાની **કાલિકટ** છે. **કાનાનુર, ટેલીચેરી** ને **બેપુર** વગેરે શહેર અને બંદરો છે. **ઉત્તકમંડ** એ નીલગિરિમાં હવા ખાવાનું ઠેકાણું છે.

૪ દેશીરાજ્ય-ત્રાવણકોર ને કોચીન.

ત્રાવણકોર—એની રાજધાની **ત્રિવાનદ્રમ** છે.

કોચીન—એનું મુખ્ય શહેર **કોચીન** છે. **ત્રિચુર** બીજું શહેર છે.

ભાષા—ઉત્તરમાં તેલુગુ અને તામીલ, દક્ષિણમાં કનેડી ને મલયાલમ ભાષાઓ બોલાય છે.

ધર્મ—ઘણોખરો ભાગ હિંદુ ધર્મને માનનારો છે. આશરે $\frac{1}{16}$ ભાગ મુસલમાનધર્મ માને છે. બીજા ભાગ કરતાં આ ઇલાકામાં દેશીખ્રિસ્તિ થઇ ગએલાની સંખ્યા વધારે છે.

વેપાર-વસ્તીનો $\frac{3}{4}$ ભાગ ખેતી કરે છે. સુતરાઉ કાપડ, ખાંડ,

ત્રાંબાં, પીતળ અને માટીના વાસણ એ મુખ્ય બનાવટ છે.

ઉપજ—મદ્રાસ ઈલાકાની વાર્ષિક ઉપજ ૧૧ કરોડ રૂપિઆની છે.

---

૩ માઇસોર અને કુર્ગ સંસ્થાનો.

૧ માઇસોર.

સીમા—એ મદ્રાસની પશ્ચિમે છે. અને મુંબઇ ઇલાકાના ઉત્તરકાનડા અને ધારવાડ જીલ્લાની લગોલગ આવેલો છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૫૦૫૦૦૦૦ માણસની છે, અને ક્ષેત્રફળ ૨૭૦૦૦ ચોરસ માઇલ છે.

પર્વત—૧ **નીલગિરિ** એ માઇસોરની દક્ષિણે છે. ૨ **નંદીદુર્ગ**.

નદી—કાવેરી અને **તુંગભદ્રા** એ પશ્ચિમઘાટમાંથી નીકળે છે. ને **પન્નાર, પલાર** ને **પનેર** એ માઇસોરની પૂર્વમાંથી નીકળે છે.

શહેરો—એની રાજધાની **માઇસોર**માં મહારાજાની ગાદી છે. ઉતરે **શ્રીરંગપટમ** હૈદરની રાજધાનીનું શહેર હતું. પૂર્વમાં **બેંગલોર** એમાં કમીશનર રહે છે. વાયવ્યે **નગર** અથવા **બેડનુર** છે. ઉત્તરે **નંદીદુર્ગ** છે. તુંગભદ્રા પાસે **હરીહર** કરબો છે. એ સિવાય **સિમોગા** ને **ચિત્રદુર્ગ** શહેરો છે.

વિશેષ હકીકત—માઇસોર એ દેશી રાજ્ય છે. તે હૈદર અને ટીપુના વખતમાં ઘણું બળવાન હતું. સને ૧૭૯૯ માં ટીપુને મારી જૂના હિંદુ રાજાને તે સોંપ્યું. ત્યાર પછી તેની ખરાબ ચાલને લીધે ૧૮૩૨ માં સરકારે તે પોતાને હાથ લીધું અને હાલના મહારાજાના પિતાને ઉમ્મર લાયક થતાં સોંપ્યું.

૨ કુર્ગ

સીમા—માઇસોરની નૈઋત્યકોણમાં આવેલો છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧૮૭૩૦૨ માણસની છે.

ક્ષેત્રફળ ૧૫૮૩ ચોરસ માઇલ છે. તેમાંના કુર્ગના અસલ વતની ૨૬૦૦૦ છે.

શહેરો—એની રાજધાનીનું શહેર **મર્કારા** છે.

વિશેષ હકીકત—ત્યાંનો લિંગાયત રાજા પોતાની રૈયત-પર જુલમ કરતો તેથી તેને સન ૧૮૩૪ માં પદભ્રષ્ટ કર્યો, ને તે પ્રાંત માઇસોરના કમીશનરના તાબામાં સોંપ્યો. એ દેશ પહાડી છે.

---

૪ વરાડ સહિત નિજામનું રાજ્ય.

૧ નિજામનું રાજ્ય.

સીમા—ઉત્તરે અને પૂર્વે મધ્ય પ્રાંતો, દક્ષિણે મદ્રાસ ઇ-લાકો અને પશ્ચિમે મુંબઈ ઇલાકો.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧૦૪૫૮૯૩૦ માણસની છે. ને ક્ષેત્રફળ ૮૧૮૦૭ ચોરસ માઇલ છે.

નદી—**ગોદાવરી** સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. **મંજીરા, પેનગંગા, વરધા** એ ગોદાવ-રીને મળનારી નદીઓ છે, તે એ પ્રાંતની ઉત્તરે છે. **કૃષ્ણા** અને તેને મળનારી **તુંગભદ્રા** ને **ભીમા** નદીઓ એમાં છે.

શહેરો—રાજધાનીનું શહેર **હૈદ્રાબાદ** એ મુશી નદી ઉ-પર છે. તેમાં આરબ તથા પઠાણની વસ્તી ઘણી છે. તેની પાસે **સિકંદ્રાબાદ** લશ્કરી સ્થળ છે અને તેની પાસે **ગોળકોન્ડા** મોટું શહેર છે. હૈદ્રાબાદની ઇશાનખૂણમાં **વરંગળ** છે. તે તૈ-લંગણના હિંદુ રાજ્યની રાજધાનીનું શહેર હતું. વાયવ્ય ખૂણા-માં **બીદર** અને **ગુલબર્ગ** છે. ઉત્તરે **ઔરંગાબાદ** એ ઔરંગ-જેબે સ્થાપ્યું હતું. તેની પાસે **દોલતાબાદ** અથવા **દેવગઢ** છે. ઔરંગાબાદની ઇશાનખૂણમાં **અસાઇ** આગળ વેલેસ્લીએ મ-રાઠાને હરાવ્યા હતા. પૂર્વમાં **જાલના** લશ્કરી સ્થળ છે ત્યાંનું રેશમી કાપડ વખણાય છે. ગોદાવરી ઉપર **નાંદેર** છે. **રાયચુર** આગળ ભીમા કૃષ્ણાને મળે છે.

ભાષા—એ રાજ્યમાં ઉત્તરમાં મરાઠી, પૂર્વ અને દક્ષિણમાં તેલુગુ ને કાનડી ભાષા બોલાય છે.

વિશેષ હકીકત—આ મુસલમાની રાજ્યની સ્થાપના નિજામુલમુલ્કે ૧૭૨૪ માં કરી હતી. દેશી રાજ્યોમાં સૌથી મોટું અને અગત્યનું નિજામનું રાજ્ય છે. તે વાઇસરોયની દેખરેખ નીચે છે.

૨ વરાડ

સીમા—એની ઉત્તરે અને ઇશાનકોણમાં મધ્યપ્રાંતો છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૨૮૯૬૬૭૦ માણસની છે. ને ક્ષેત્રફળ ૧૭૭૧૧ ચોરસ માઇલ છે.

નદી—પેનગંગા, વરધા ને પૂર્ણા.

સરોવર—લુનાર.

શહેરો—મુખ્ય શહેર **આકોલા** મધ્યમાં છે. ઇશાનખૂણમાં **ઉમરાવતી** રૂના વેપારનું મોટું સ્થળ છે. ઉત્તરે **ઈલીચપુર** એ મુસલમાનની રાજધાનીનું શહેર હતું. આકોલાની પશ્ચિમે **ખામગામ** પણ રૂના વેપારનું સ્થળ છે. તેની પાસે **આર્ગામ** આગળ વેલેસ્લીએ મરેઠાને હરાવ્યા હતા. પૂર્વમાં **વુન જીલ્લામાં** કોયલાની ખાણો છે.

વિશેષ હકીકત—સને ૧૮૫૩ માં નિજામે વરાડ પ્રાંત અંગ્રેજને એવી શરતે આપ્યો કે તેના રાજ્યના રક્ષણ અર્થે ઇંગ્રેજી લશ્કર રહે. તે હૈદ્રાબાદના રેસીડેન્ટના કબજામાં છે.

---

૫ મધ્ય પ્રાંત.

નિજામના રાજ્ય અને છોટાનાગપુરની વચ્ચેના મૂલકને મધ્ય પ્રાંત કહે છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧૦૭૯૧૯૩૦ માણસની છે, અને ક્ષેત્રફળ ૧૧૩૨૭૯ ચોરસ માઇલ છે.

પર્વત—સાતપુડા, વિંધ્યાચળ, મહાદેવપહાડ ને અમરકંટક.

નદી—**નર્મદા**, **તાપી**, **મહા**, **વરધા**, **ને વેનગંગા.**

શહેરો—મુખ્ય શહેર **નાગપુર** એ મરાઠાની રાજ્યધાનીનું શહેર હતું, તેમાં ધોતીજોટા સારા થાયછે. ત્યાંથી સાત માઇલ દૂર **સીતાબાલ્ડિ**નો કિલ્લો છે. અને નવ માઇલ દૂર **કાંમ્ટી** લશ્કરની છાવણી છે. તેની પાસે **ભંડારા** છે. નાગપુરની દક્ષિણે **હિંગણઘાટ** રૂના વેપારનું મોહું મથક છે. તેની પાસે **ચાંદા** ને **વર્ધા** શહેર છે. નર્મદાની ખીણ આગળ **જબલપુર**, **નરસિંગપુર** ને **હુશંગાબાદ** છે. સર્વથી ઉત્તરના ભાગમાં **દમોહ** અને **સાગર** જીલ્લા છે. નાગપુરની પૂર્વે **છતીશગઢ** પ્રાંત છે તેના **રાયપુર** અને **વિલાસપુર** એવા બે જીલ્લા કર્યાછે. મહા નદી ઉપર **સંબલપુર** છે તેની પડોશમાંથી જવાહીર નીકળે છે. વાયવ્યે **છીંદવાડા**, પશ્ચિમે તાપી નદી ઉપર **બુરહાનપુર** અને **આશીરગઢ**, **ખંડાવા**, **બૈતુલ** વગેરે બીજાં મોટાં શહેરો છે.

ભાષા—હિંદી, મરાઠી, તેલુગુ અને ઉર્દૂ ભાષા બોલાય છે.

---

૬ મધ્યહિંદ એજન્સી.

સીમા—એ મધ્ય પ્રાંતોની ઉત્તરનો અને વાયવ્ય પ્રાંતો અને રજપૂત સંસ્થાનોની દક્ષિણનો મૂલક છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧૦૧૩૯૫૭૦ માણસની છે અને ક્ષેત્રફળ ૭૫૦૭૯ ચોરસ માઇલ છે.

પર્વત—**વિંધ્યાચળ ને કૈમુર ડુંગરા.**

નદી—**નર્મદા**, અને જમનાને મળનારી **ચંબલ**, **સિંધ** ને **બેતવા** તથા ગંગાને મળનારી **સોન** નદીઓ એમાં છે.

વિભાગ—એના પાંચ ભાગ કરેલા છે. ૧ પૂર્વમાં **રેવા**; ૨ **બુંદેલખંડ**; ઉત્તરમાં ૩ **સિંધિઆનું રાજ્ય**; દક્ષિણમાં ૪ **હોલકરનું રાજ્ય** અને ૫ **ભોપાળ.**

૧. **રેવા**—એ અલ્હાબાદની દક્ષિણે છે. મુખ્ય શહેર **રેવા.**

૨. **બુંદેલખંડ**—એ રેવાની પશ્ચિમે છે. બુંદેલારજપૂતોનો મૂલક હોવાથી તેને બુંદેલખંડ કહે છે. મુખ્ય શહેર **પન્ના** તેની પડોશમાં હીરાની ખાણો છે. પશ્ચિમે **તેહરી** ત્યાંનો રાજા બુંદેલ રજપૂતોમાં મુખ્ય છે.

૩ **સિંધિઆનું રાજ્ય**—એ મધ્યહિંદમાં સૌથી મોટું રાજ્ય છે. ચંબલ અને નર્મદાની વચ્ચેનો છૂટો મૂલક પણ એમાં આવી જાય છે. મુખ્ય શહેર **ગ્વાલિઅર** એમાં સિંધિઆની રાજધાની છે. તેની પાસે **લશ્કર** નામે નવું શહેર વસ્યું છે તથા **મોરાર** નામે ઇંગ્રેજી શહેર છે. દક્ષિણે ક્ષીપ્રા નદી ઉપર **ઉજ્જન** એ અગાઉ માળવાના રાજા વિક્રમની રાજધાની હતું. પશ્ચિમે **નીમચ**માં લશ્કરી છાવણી છે. **ચદેરી, ઝાંસી** ને **દત્યા** વગેરે મોટાં શહેરો છે. અને **મહારાજપુર** ને **પનીઆર** લડાઈનાં સ્થળ છે.

૪ **હોલકરનું રાજ્ય**—એ નર્મદાની બંને બાજુનો મૂલક છે. એમાં અફીણ ઘણું પાકે છે. મુખ્ય શહેર **ઇંદોર** એમાં હોલકરની રાજધાની છે. તેની પાસે **માઉ**માં લશ્કરી છાવણી છે. **નેમાડ** ને **મંડલેશ્વર** વગેરે શહેરો એમાં છે.

૫ **ભોપાળ**—એ નર્મદાની ઉત્તરે છે. તેમાં મુસલમાન બેગમનું રાજ્ય છે. મુખ્ય શહેર **ભોપાળ** બેટવા નદી ઉપર છે. તેની પશ્ચિમે **સિહુરમાં** પોલીટીકલ એજંટ રહે છે.

બીજાં નાનાં રાજ્યો-દેવાસ, ધાર, રતલામ, જાવડા, જંબૂવા, ને **અલ્લીરાયપુર** વગેરે એ એજન્સીમાં સ્વતંત્ર રાજાઓનાં રાજ્ય છે.

---

૭ રજપૂત સંસ્થાનો.

સીમા—ઉત્તરે સતલજ, દક્ષિણે ગૂજરાત, પશ્ચિમે સિંધ ને પૂર્વે આગ્રા ને ગ્વાલિઅર છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧૨૦૮૯૩૩૦ માણસની છે.

અને ક્ષેત્રફળ ૧૨૯૭૫૦ ચોરસ માઈલ છે.

પર્વત—અરવલી ને તેનું શિખર આબુ.

નદી—સાબરમતી, મહિ, લૂણી, બનાસ ને ચંબલ.

સરોવર—સાંભર.

સંસ્થાનો—એમાં ૧૮ સંસ્થાનો છે. ઉત્તરમાં ૧ વિકાનેર અને ૨ અલવર, પૂર્વમાં ૩ કિશનગઢ, ૪ જયપુર, ૫ ભરતપુર, ૬ ધોલપુર, ૭ કિરોલી, ને ૮ ટોંક; દક્ષિણમાં ૯ બુંદી, ૧૦ કોટા, ૧૧ ઝાલાવાડ, ૧૨ પ્રતાપગઢ ૧૩ વાંસવાડા, ૧૪ ડુંગરપુર, ૧૫ મેવાડ અથવા ઉદેપુર અને ૧૬ શિરોહી; પશ્ચિમે ૧૭ જોધપુર અથવા મારવાડ, ૧૮ જેસલમીર. એ સંસ્થાનોમાં ભરતપુર ને ધોલપુર એ જાટ સંસ્થાનો ને ટોંક એ મુસલમાની સંસ્થાન છે ને બાકીના તમામ રજપૂત સંસ્થાનો છે.

શહેરો—તમામ સંસ્થાનોના મુખ્ય શહેર તેના તેજ છે તેથી જૂદા આપવાની જરૂર નથી. તે ઉપરાંત અજમેર ઇંગ્રેજ સરકારનું છે. તેની પાસે નસીરાબાદમાં લશ્કરી છાવણી રહે છે. અજમેરથી થોડે છેટે પુષ્કરજી જાત્રાનું ઠેકાણું છે. ભરતપુર પાસે દીગ લડાઇનું સ્થળ છે. ચિત્તોડ નામે જૂનું નગર ઉદેપુરના રાણાની રાજધાનીનું શહેર હતું.

વિશેષ હકીકત—મારવાડ અથવા જોધપુરનું રાજ્ય સૌથી મોટું છે. જયપુરનું રાજ્ય વિસ્તારમાં બીજે નંબરે પણ વસ્તીમાં પહેલે નંબરે છે. ઉદેપુરના મહારાજા સૂર્યવંશી છે, અને સઘળા રજપૂત રાજાઓના શિરોમણી ગણાય છે. શિરોહીના ડુંગરામાં આબુ પર્વત ઉપર ગવર્નર જનરલનો એજંટ રહે છે. તે રજપૂત સંસ્થાનો ઉપર દેખરેખ રાખે છે. જયપુર શહેર ઘણુંજ રમણીય છે. તેની પડોસમાં સોના રૂપાની મૂલ્યવાન ખાણો છે. શિરોહીમાં તરવાર સારી બને છે ને વિકાનેરની સાંઢણીઓ પ્રખ્યાત છે.

---

૮ પંજાબ ઈલાકો.

સીમા—ઉત્તરે કાશ્મીર, દક્ષિણે રજપૂત સંસ્થાનો, પૂર્વે જમના નદી ને પશ્ચિમે સુલેમાન પર્વતો.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૨૦૮૦૩૦૦૦ માણસની છે. એમાંના ૧૫૦૦૦૦૦ તો શીખ લોકો છે. ક્ષેત્રફળ ૧૧૧૦૦૦ ચોરસ માઈલ છે.

પર્વત—શિવાલીક, કારકોરમ અને **મીઠાનો ડુંગર.**

નદી—સિંધુ અને તેને મળનારી **જેલમ, ચિનાબ,** રાવી, **બિયાસ** ને **સતલજ.**

સરોવર—**બુલર** એ કાશ્મીરમાં છે.

દુઆબ—પંજાબ એટલે (પંજ=પાંચ+આબ=પાણી) પાંચ નદીઓનો પ્રદેશ. તેજ પ્રમાણે દુઆબ એટલે બે નદીની વચ્ચેનો પ્રદેશ. પંજાબની નદીઓથી પાંચ દુઆબ બને છે. **૧ સીંધ્ર સાગર દુઆબ** એ સિંધુ અને જેલમની વચ્ચે છે. **૨ જેચ** એ જેલમ અને ચિનાબની વચ્ચે છે. **૩ રેચના** એ ચિનાબ અને રાવીની વચ્ચે છે. **૪ બારી** એ રાવી અને બિયાસની વચ્ચે છે. **૫ જાલંધર** એ બિયાસ અને સતલજની વચ્ચે છે.

શહેરો—મુખ્ય શહેર **લાહોર** રાવી નદી ઉપર છે. તેમાં રણજીતસિંહની કબર છે. રાવી અને બિયાસની વચ્ચે **અમૃતસર** છે. તે શીખ લોકોનું પવિત્ર ધામ છે, ને શાલની બનાવટ માટે તે પ્રસિદ્ધ છે. તેના અગ્નિખુણામાં **જાલંધર** લશ્કરી સ્થળ છે. તેની ઉત્તરે **કાંગ્રા** અથવા **નગરકોટ** છે તે મહમદ ગિજનીએ લુટ્યું હતું. સતલજ ઉપર **લુધિયાના** શાલની બનાવટ માટે પ્રસિદ્ધ છે. તેની પાસે સરહિંદ જૂનું શહેર છે. સતલજ અને જમનાની વચ્ચે **અંબાળા** મોટું લશ્કરી સ્થળ છે. ઉત્તરમાં **સિમલા** હવા ખાવાનું ઠેકાણું છે. ઉનાળામાં વાઈસરોય ત્યાં રહે છે. ચિનાબ ઉપર **મુલતાન** લશ્કરને રહેવાનું ઠેકાણું છે. **દેરાઈસમાઈલખાં** અને **દેરાગાજીખાં** નામે

એ શહેરો સિંધુ ઉપર છે. **મીથનકોટ** આગળ પંજાબની પાંચે નદીઓ સિંધુને મળે છે. સિંધુ અને કાબુલના સંગમ ઉપર **અટક** શહેર છે. પશ્ચિમે ખૈબરપાસના છેડાપર **પેશાવર**, જેલમ અને સિંધુની વચ્ચે **રાવળપીંડી** લશ્કરનાં સ્થળો છે. ચિનાબ ઉપર ગૂજરાત અને ચિલિઆનવલા આગળ અંગ્રેજે શીખ લોકોને હરાવ્યા હતા. **અલીવાલ, સોબ્રોન, ફિરોજપુર** ને **મુડકી** એ લડાઇનાં સ્થળ છે.

પંજાબનાં દેશીરાજ્યો—

૧ કાશ્મીર—એ પંજાબની ઉત્તરે છે. ત્યાંની શાલ ઘણી વખણાય છે. મુખ્ય શહેર **શ્રીનગર** જેલમ નદી ઉપર છે. સિંધુ ઉપર **લેહ**, જેલમ ઉપર **ઇસલામાબાદ** અને હિમાલયની દક્ષિણે **જામુ** અને **ચાંબા** શહેરો છે.

૨ ભાવલપુર—મુખ્ય શહેર **ભાવલપુર** ઘારા નદી ઉપર છે. **ઉચ** અને **અહમદપુર** બીજાં શહેરો છે. ભાવલપુરમાં નવાબી રાજ્ય છે.

૩ શીખ સંસ્થાનો—એમાં મુખ્ય **પંત્યાલાનું** રાજ્ય છે. એ સિવાય **જીંદ, નભા, કપરથલા, માન્દી** અને **ફરીદકોટ** નામે બીજાં શીખસંસ્થાનો સતલજની પૂર્વે છે.

ભાષા—પંજાબી, ઉર્દુ ને પુશ્તુ.

ધર્મ—મુસલમાન, શીખ ને હિંદુ. વસ્તીનો અરધો ભાગ મુસલમાન છે. આશરે ૧૫ લાખ શીખ છે ને બાકીના હિંદુ છે.

વિશેષ હકીકત—પંજાબમાં મુસલમાન તથા શીખની વસ્તી ઘણી છે. શીખ લોકો નાનકપંથના છે. રણજીતસિંહના વખતમાં શીખ લોકોએ ઉત્તરહિંદનો ઘણોખરો મૂલક તાબે કર્યો હતો. ૧૮૪૯ માં ઇંગ્રેજ સરકારે પંજાબ ખાલસા કર્યો, અને રણજીતસિંહના પુત્ર દુલીપસિંહને પેનશન આપી ઇંગ્લાંડમાં રાખ્યો. સને ૧૮૫૮ માં દિલ્લીને પંજાબ સાથે જોડી દઇ ૧૮૫૯ માં લેફ્ટેનંટ ગવર્નરના હાથ નીચે મૂક્યો.

૯ વાયવ્યપ્રાંતો.

સીમા—ઉત્તરે હિમાલય, અયોધ્યા ને નેપાળ; દક્ષિણે રેવા, બુંદેલખંડ ને ગ્વાલીઅર; પૂર્વે બિહાર અને પશ્ચિમે રજપૂતસંસ્થાન ને પંજાબ.

વસ્તી અને ક્ષેત્રફળ—વાયવ્ય પ્રાંતની વસ્તી ૩૪૦૦૦૦૦૦ માણસની છે ને ક્ષેત્રફળ ૮૩૦૦૦ ચોરસમાઇલ છે.

પર્વત—**શિવાલીક** એ બિઆસ અને ગંગાની વચ્ચે છે ને **નંદાદેવી.**

નદી—**રામગંગા** એ ઉત્તરમાંથી વહી ગંગાને મળે છે. **જમના** એ હિમાલય પર્વતમાંથી નીકળી ગંગાને મળે છે. **બેટવા** જમનાને મળે છે.

દેશીરાજ્ય—**ગઢવાલ** એ હિમાલયના પ્રદેશમાં છે. તેમાં ગંગા અને જમના બન્નેના મૂળ છે. મુખ્ય શહેર **તહેરી.**

વિભાગ.

૧ અલ્હાબાદ—એ જમના અને ગંગાની વચ્ચે છે. મુખ્ય શહેર **અલ્હાબાદ** એ ગંગા ને જમનાના સંગમ ઉપર છે. તેનું મૂળ નામ **પ્રયાગ છે.** ૧૮૫૭ના બળવા પછી લેફ્ટેનંટ ગવર્નર આગ્રેથી અલ્હાબાદ આવી રહ્યો છે. **બનારસ** અથવા **કાશી** ગંગા નદી ઉપર છે. તે હિંદુ લોકોની જાત્રાનું ધામ છે. **ગાજીપુરમાં** સને ૧૮૦૫ માં લોર્ડ કોર્નવાલીસ મરણ પામ્યો હતો. **મિરાજપુર, ચુનારગઢ, ગોરખપુર** ને **અનુપ શહેર** વગેરે એમાં છે.

૨ આગ્રા—એ જમનાને બંને તીરે છે. મુખ્ય શહેર **આગ્રા** જમના નદી ઉપર છે. દિલ્લી પહેલાં મુગલ શહેનશાહતની ગાદી ત્યાં હતી. તેની પાસે તાજમહાલ નામે મુકબરો છે. તેમાં શાહજહાં અને તેની બેગમ મુમતાજ મહાલની કબરો છે, તેના જેવું હિંદુસ્તાનમાં બીજું એકે ભવ્ય મકાન નથી. **મથુરા** તેમાં કૃષ્ણનો જન્મ થયો હતો. તેની પાસે **બ્રિંદાવન** જાત્રાનું સ્થળ

છે. **ફેરૂકાબાદ, ફત્તેગઢ,** અને **કનોજ** એ ગંગા ઉપર છે. **કાનપુર** મોટું લશ્કરી સ્થળ છે. ૧૮૫૭ ના બળવામાં ત્યાં નાનાસાહેબે ઇંગ્રેજોની કતલ ચલાવી હતી. **અલીગઢ** આગ્રાની ઉત્તરે છે. **ઇટાવા** એ જમનાના ડાબા કાંઠા ઉપર છે. **કાલ્પી, હમીરપુર** વગેરે બીજાં શહેરો એમાં છે.

૩ **દિલ્હી**—મુખ્ય શહેર **દિલ્હી** જમના નદી ઉપર છે. તે હિંદુ અને મુસલમાન રાજાઓની રાજધાનીનું શહેર હતું. **મિરત** ગંગા અને જમનાની વચ્ચે છે. ૧૮૫૭ માં પહેલવહેલા બળવો અહીંથી શરૂ થયો હતો. **પાણીપત, કર્નાલ** અને **થાનેશ્વર** એ લડાઇનાં ઠેકાણાં છે. સહરાણપુર એ મિરતની ઉત્તરે છે રૂડકીમાં એન્જીનીયરીંગ કાલેજ છે. **સરસા** ને **હિસાર** એ દિલ્હીની વાયવ્યે છે.

૪ **કમાઉન**—મુખ્ય શહેર **અલમોરા** છે તેની દક્ષિણે **નૈનીતાલ** હવા ખાવાનું ઠેકાણું છે. **બદ્રિનાથ** અને **હરદ્વાર** એ જાત્રાનાં સ્થળ છે.

૫ **રોહિલખંડ**—મુખ્ય શહેર **બરેલી** છે. અગ્નિખૂણમાં **શાહજાનપુર,** અને રામગંગા નદી ઉપર **મુરાદાબાદ** છે.

ભાષા—હિંદી ને ઉર્દુ મુખ્ય ભાષાઓ છે.

ધર્મ—વસ્તીનો $\frac{1}{7}$ ભાગ મુસલમાનને બાકીના હિંદુ છે.

---

૧૦ અયોધ્યા પ્રાંત.

સીમા—એ ગંગા અને નેપાળની વચ્ચે છે.

વસ્તી ને ક્ષેત્રફળ—વસ્તી ૧૧૨૨૦૦૦૦ ની છે ને ક્ષેત્રફળ આશરે ૨૪૦૦૦ ચોરસ માઇલ છે.

નદી—ગોગરા તેને મળનારી રાપ્તી; રામગંગા, સઈ ને ગોમતી, એ સઘળી ગંગાને મળનારી છે.

શહેરો—મુખ્ય શહેર **લકનૌ** ગોમતી નદી ઉપર છે. પૂર્વે **ફૈઝાબાદ** ગોગરા ઉપર છે. તેની પાસે **અયોધ્યા** જૂની શ-

જધાનીનું શહેર છે. **સુલતાનપુર**, **રાયબરેલી**, **સિતાપુર** અને **પ્રતાપગઢ** વગેરે શહેરો એમાં છે.

વિશેષ હકીકત—તેમાં અસલ રામચંદ્રજી અને તેમના પિતા દશરથ સૂર્યવંશી રાજાઓ રાજ્ય કરતા હતા. બારમા સૈકામાં મુસલમાનલોકોએ એ દેશ જીતી લીધો હતો. ૧૮૫૬ માં ઈંગ્રેજ સરકારે એ પ્રાંત ખાલસા કરી ચીફ કમીશનરની સત્તા નીચે મૂક્યો. છેવટે ૧૮૭૭ માં વાયવ્ય પ્રાંત સાથે તેને જોડી દેવામાં આવ્યો.

---

૧૧ બંગાળા ઇલાકો.

સીમા—ઉત્તરે નેપાળ, સિકિમ ને આસામ; પૂર્વે મણિપુર; દક્ષિણે બંગાળાનો ઉપસાગર ને પશ્ચિમે મધ્યપ્રાંત અને વાયવ્ય પ્રાંતો.

વસ્તી—અને ક્ષેત્રફળ—એ ઇલાકાની કુલ વસ્તી ૭૦૯૦૯૨૫૦ માણસની છે. કુલ ક્ષેત્રફળ ૧૪૯૭૨૫ ચોરસ માઇલ છે.

ભાગ—૧ **શુદ્ધ બંગાળા**, ૨ **બિહાર**, ૩ **ઓરિસા** અને ૪ **છોટાનાગપુર**.

પર્વત—**હિમાલય**નો થોડો ભાગ અને **રાજમહાલ**ના ડુંગરા.

નદી—મુખ્ય નદીઓ **ગંગા** ને **બ્રહ્મપુત્ર** એ હિમાલય પર્વતમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. ગંગાને મળનારી નદીઓ—**ગોગ્રા**, **ગંડકી**, **સોન**, **કુશી**, **દામોદર**, **ભાગીરથી**! **સૂરમા** એ બ્રહ્મપુત્રને મળે છે. એ સિવાય **મહાનદી** ઓરિસા પ્રાંતમાં થઇ બંગાળાના ઉપસાગરને મળે છે. **વૈતરણી** અને **બ્રાહ્મણી** એ મહાનદીને મળે છે. ગંગાને નીચલા ભાગમાં **હુગલી** કહે છે. ગંગા નદી સાથે ઘસડાઈ જતા કાદવથી તેના મુખ આગળ જે ત્રિકોણાકાર/△ ડેલ્ટા બને છે તેને **સુંદરબન** કહે છે.

ભૂશિર—પલમાયરા દક્ષિણકાંઠા ઉપર છે.

ઉપસાગર—**બંગાળાનો.**

દેશીરાજ્યો—બંગાળા ઈલાકામાં સિક્કિમ, (તેની રાજધાનીનું શહેર **દાર્જીલીંગ** હવા ખાવાનું ઠેકાણું છે.) કુચબિહાર, દરભંગા, તિપરા, મણિપુર અને લુશાઇ. મણિપુરના રાજાને પદભ્રષ્ટ કરી રાજ્ય લઇ લેવાગાં આવ્યું છે.

૧ **શુદ્ધ બંગાળા**—તેનું મુખ્ય શહેર **કલકત્તા** હુગલી નદી ઉપર છે. તેમાં વાઇસિરૉય રહે છે. **અલિપુરમાં** લેફ્ટેનન્ટ ગવર્નર રહે છે. **બરાખપુર** લશ્કરને રહેવાનું સ્થળ છે. **પ્લાસી** આગળ ૧૭૫૭ માં ઈંગ્રેજે સુરાજઉદ-દૌલાને હરાવ્યો હતો. **મુર્શીદાબાદ** ભાગીરથી નદી ઉપર છે. **કાસીમબજાર** રેશમની બનાવટ માટે પ્રખ્યાત છે. **બરહામપુર, દિનાગપુર, રંગપુર** નામે શહેરો છે. ડાકામાં મલમલ સારૂં થાય છે. **ફરીદપુર** ગંગા નદી ઉપર છે. **ચિત્તાગોંગ, શ્રીરામપુર, બરદ્વાન** દામોદરા નદી ઉપર, **રાણીગંજ** કોયલાની ખાણો માટે પ્રસિદ્ધ છે. **મીદનાપુર** નામે મોટું શહેર છે.

૨ **બિહાર**—એ બંગાળા અને વાયવ્ય પ્રાંતની વચ્ચેનો મૂલક છે.

મુખ્ય શહેરો—પટણા ગંગા નદી ઉપર છે. એ બિહારમાં સૌથી મોટું શહેર છે. **મોંગીર, ભાગલપુર, દીનાપુર** ને **બકસર** એ ગંગા નદી ઉપર છે. પટણાની દક્ષિણે **ગયા,** જાત્રાનું સ્થળ છે. તેમાં બૌદ્ધધર્મી ચંદ્રગુપ્ત રાજા રાજ્ય કરતો હતો.

૩ **ઓરિસા**—એ બંગાળાના ઉપસાગરની વાયવ્યે છે. મુખ્ય શહેર **કટક** મહાનદી ઉપર છે. **બાલાસોર** નામે બીજું શહેર એમાં છે. કાંઠા ઉપર **જગન્નાથપુરી** જાત્રાનું સ્થળ છે.

૪ **છોટાનાગપુર**—એ બિહાર અને મધ્ય પ્રાંતોની વચ્ચે છે. મુખ્ય શહેર **રાંચી** અને **હજારીબાગ.**

ભાષા—બંગાળી, હિંદી, ઉર્દૂ ને ઓઢી.

ધર્મ—વસ્તીનો ⅔ ભાગ મુસલમાન છે. બાકીના ઘણા ખરા હિંદુ છે.

વેપાર—મુખ્ય વેપારની ચીજો ચોખા, શણ, ગળી, ચામડાં, ચા અને રેશમ છે.

ઉપજ—બંગાળા ઇલાકાની વાર્ષિક ઉપજ આશરે ૨૦ કરોડ રૂપિઆની છે.

---

૧૨ આસામ પ્રાંત.

સીમા—ઉત્તરે ભૂતાન, દક્ષિણે અને પશ્ચિમે બંગાળા ને પૂર્વે મણિપુર.

વસ્તી અને ક્ષેત્રફળ—આખા દેશની વસ્તી ૫૪૧૬૫૧૦ માણસની છે. ક્ષેત્રફળ ૪૬૩૦૭ ચોરસ માઇલ છે. તેમાંની લગભગ ૩૦૦૦૦ માઇલ ભૂમિ ઇંગ્રેજના તાબામાં છે.

પર્વત—નાગા, જીનતેહ, ખાંશીઆ ને ગારો.

નદી—**બ્રહ્મપુત્ર** એ હિમાલય પર્વતમાંથી નીકળી ટિબેટ અને આસામમાં થઇને બંગાળાના ઉપસાગરને મળે છે.

શહેરો—મુખ્ય શહેર **ગોહત્તી** બ્રહ્મપુત્ર નદી ઉપર છે. **તેજપુર, નોગામ** ને **ગોવળપાર** એ પણ બ્રહ્મપુત્ર નદી ઉપર આવેલાં છે. ખાંશીઆની રાજધાની **ચેરાપુંજી**માં દુનિયાના તમામ ભાગ કરતાં ઘણો વરસાદ પડે છે. ખાંશીઆની દક્ષિણે **સીલહટ** શહેર છે.

વિશેષ હકીકત—આસામ એ જૂના વખતના "કામરૂપ" દેશનો ભાગ છે. તે ઇ. સ. ૧૮૨૪ માં બ્રહ્મીલોકો પાસેથી ઇંગ્રેજને મળ્યો. ત્યાંનો ચીફ કમીશનર ગોહત્તીમાં રહે છે. તેમાં ચા, કોલસા, લોઢું, રૂ, રબર ને રેશમ થાય છે. આસામની ભેંસો વખણાય છે.

૧૩ સ્વતંત્ર પહાડી સંસ્થાનો.

સીમા—ઉત્તરે ટિબેટ, દક્ષિણે વાયવ્ય પ્રાંતો, અયોધ્યા ને બંગાળા ઇલાકો; પશ્ચિમે વાયવ્ય પ્રાંતો ને પૂર્વે હિંદીચીન.

પર્વત—**હિમાલય** અને તેનાં શિખરો **એવરેસ્ટ**, **ધવલગિરિ** ને **ચીમલારી**.

નદી—**ગોગ્રા**, ગંડકી ને **કુશી** એ ગંગાને મળનારી નદીઓ છે.

ભાગ—**નેપાળ** ને **ભૂતાન**.

૧ નેપાળ—એ હિમાલયની તળાટીમાં કમાઉન અને સિક્કિમની વચ્ચે છે. ત્યાંના વતની ગુરખા કહેવાય છે. મુખ્ય શહેર **ખટમંડુ** છે. એ સિવાય **ગુરખા**, **મકવાનપુર**, **પાટણ**, **સિમરૂન** વગેરે બીજાં શહેરો છે.

૨ ભૂતાન—એ સિક્કિમની પૂર્વે છે. તેમાં બૌદ્ધ ધર્મ ચાલે છે. ત્યાંના રાજાને દેવરાજા કહે છે. મુખ્ય શહેર **તાસિસુદન**.

---

૧૪ પોર્ટુગીઝ તથા ફ્રેન્ચ લોકનાં સંસ્થાનો.

૧ ફ્રેન્ચ લોકોનાં સંસ્થાન—કર્ણાટકના કાંઠા ઉપર **પોંડિચેરી** અને **કારિકલ**, મલબારકાંઠા ઉપર **માહિ**, ગોદાવરી નદીના મુખ આગળ **યાનામ** અને હુગલી નદીના કાંઠા ઉપર **ચંદ્રનગર**. તેઓના મુલકનો વિસ્તાર આશરે ૨૦૦ ચોરસ માઇલ છે. અને વસ્તી આશરે ૨૮૫૦૦૦ છે. પોંડિચેરીમાં ફ્રેન્ચ ગવર્નર રહે છે.

૨ પોર્ટુગીઝ લોકોનાં સંસ્થાન—ગોવા એમાં તેમનો ગવર્નર રહે છે. મુંબઇની ઉત્તરે **દમણ** અને કાઠિયાવાડની દક્ષિણે **દીવ** છે, તેઓના મૂલકનો વિસ્તાર આશરે ૧૦૮૬ ચોરસ માઇલ છે. અને વસ્તી આશરે ૪૫૦૦૦ માણસની છે.

હિંદુસ્તાનમાં જૂદી જૂદી જાતના ઉદ્યોગના સ્થળો.

(ખેતી, માટી અને તાંબા પીતળના વાસણ વગેરે જે ઉદ્યોગ સર્વ સ્થળે સામાન્ય છે તે સિવાય.)

કોયલા—બંગાળાના પશ્ચિમભાગમાં અને મધ્ય પ્રાંતમાં.

મીઠું—સાંબર સરોવર, કાળાબાગ, અને મુંબઇ અને મદ્રાસ ઇલાકાના કાંઠાની આસપાસ.

અફીણ—બિહાર અને માળવામાં.

ગળી—બંગાળ, બિહાર અને મદ્રાસ ઇલાકામાં.

શણ—બંગાળામાં.

સૂતર અને વણાટ—મુંબઈ, ભરૂચ, અમદાવાદ, કલકત્તા, મદ્રાસ, કાનપુર અને ઇંદોરમાં.

શાલ—કાશ્મીર, અમૃતસર અને લુધિઆનામાં

ઊંચું સુતરકામ—મુંબઇમાં.

---

૨ સિલોન.

સીમા—એ બેટ ભરતખંડની દક્ષિણે હિંદીમહાસાગરમાં મોટો બેટ છે. એને સિંહલદ્વીપ કે લંકા કહેછે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૨૦૦૦૦૦૦ માણસની છે અને ક્ષેત્રફળ ૨૫૦૦૦ ચોરસ માઇલ છે.

પર્વત—પેંદ્રાતાલાગલા તેનું શિખર **સામનિલા અને એલિઆ.**

નદી—**મહાવીલીગંગા અને કાલુગંગા.**

દ્વીપ—**રામેશ્વર** અને **મનાર.**

અખાત—**મનારનો** એ હિંદુસ્તાન અને સિલોનની વચ્ચેછે.

ભૂશિર—**પાલમાયરા** અને **કેપડંડા.**

સામુદ્રધુની—**પાક** એ મનારના અખાત ને બંગાળા ઉપસાગરને સાંધે છે.

શહેરો—મુખ્ય શહેર **કોલંબો** કાંઠા ઉપર છે. ત્યાંથી ખુંદ્ભા, ટોપરાનું તેલ ને તજ વગેરે પરદેશ ખાતે ચઢે છે. મધ્યમાં

કેન્ડિ જૂની રાજધાનીનું શહેર છે. ઉત્તરમાં **ત્રિંકોમાલી** ઘણું સુંદર બંદર છે. એટની દક્ષિણે તથા દોંડ્રાહેડની પશ્ચિમે **પૉઈન્ટડીગાલ** નામે મોટું બંદર **છે** તેમાં યૂરોપ, મુંબઇ, કલકત્તા, ચીન અને આસ્ટ્રેલિઆની આગબોટો એકઠી થાય છે. એ સિવાય પશ્ચિમે **એરાપો, કાલટચુરા** ને **નિગંબો** બંદરો છે.

---

૩ બલુચિસ્તાન.

સિમા—ઉત્તરે અફગાનિસ્તાન, પૂર્વે સિંધ, દક્ષિણે અરબી-સમુદ્ર, ને પશ્ચિમે ઇરાન.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૧૦ લાખ માણુસની અને ક્ષેત્રફળ ૧ લાખ ૨૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત--હાલા. **નદી**--ગંડાવા.

શહેરો--મુખ્ય શહેર **ખિલાત** છે. બોલનઘાટને મથાળે **કવેટામાં** ઇંગ્રેજની છાવણી છે. **ગંડાવા** એ સિંધુની ખીણમાં છે. દક્ષિણમાં **બેલા** શહેર છે.

વિશેષ હકીકત--હિંદુસ્તાનમાં આવવાનો રસ્તો **બોલન પાસ** એ દેશમાં છે. બલુચિસ્તાનના હાકેમને **ખાન** કહેછે. લોકો ભટકતી ટોળીઓમાં રહેછે. એ દેશમાં મુસલમાની ધર્મ ચાલે છે.

---

૪ અફગાનિસ્તાન.

સીમા--ઉત્તરે રૂશિઆઈ તાર્તરી, દક્ષિણે બલુચિસ્તાન, પૂર્વે હિંદુસ્તાન અને પશ્ચિમે ઇરાન.

વસ્તી અને ક્ષેત્રફળ--કુલ વસ્તી ૪૦ લાખ માણુસની છે. અને ક્ષેત્રફળ ૨ લાખ ૫૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત--ઉત્તરમાં **હિંદુકુશ** અને પૂર્વમાં **સુલેમાન** પર્વતો.

નદી---**કાબુલ** એ સિંધુને મળે છે. ને **હેલમંડ**.

સરોવર--**જરા** અથવા હામુન છે

શહેરો--રાજધાનીનું શહેર **કાબુલ** કાબુલ નદી ઉપર

છે. પૂર્વમાં ખૈબરપાસ આગળ **જલાલાબાદ** શહેર છે તેમાં રહી જનરલ સેલે અફગાનિસ્તાન સાથેના વિગ્રહમાં બચાવ કર્યો હતો. કાબુલની દક્ષિણે મહમદ ઘિજનીની રાજધાનીનું શહેર **ઘિજની** છે. **કંદહાર** એ હેલમંડ નદી ઉપર છે. વાયવ્યખૂણમાં **હેરાત** છે, તેના ઉપર ઇરાની તથા રૂશિઅન લોકોએ વારંવાર ચઢાઇ કરી હતી. ઉત્તરમાં **બલ્ખ**ના ખંડેરો છે.

ભાષા—પુસ્તુ ભાષા દેશમાં બોલાય છે. તે ફારશીના જેવીછે.

વિશેષ હકીકત—એમાં અમીરનું રાજ્ય છે. દરેક પ્રાંતના ઉપરીને ખાન કહે છે. ત્યાંનો અમીર ઇંગ્રેજ સરકારનો મિત્ર છે. તેનો બીજો શાહજાદો થોડા વખત ઉપર ઇંગ્લાંડ ગયો હતો ત્યાં તેની સારી રીતે પરોણાચાકરી કરવામાં આવી હતી.

નિકાસ—ઘોડા, દ્રાક્ષ, સૂકો મેવો અને વઘારણી હિંદુસ્તાનમાં મોકલવામાં આવે છે.

---

૫ ઇરાન.

સીમા—ઉત્તરે રૂશિઆ તથા કાસ્પિઅન સમુદ્ર, દક્ષિણે ઇરાની અખાત, પૂર્વે અફગાનિસ્તાન અને બલુચિસ્તાન; અને પશ્ચિમે એશિઆઇ તુર્કસ્તાન.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૯૦ લાખ માણસની અને ક્ષેત્રફળ ૬ લાખ ૩૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—ઉત્તરમાં **એલબર્ઝ** પર્વત છે. **નદી—કારૂન છે.**

સરોવર—વાયવ્યખૂણમાં **ઉરૂમિયા** ને **બકતેગાન.**

દ્વીપ—ઇરાની અખાતમાં **કરક, કિશમ** ને **ઓર્મઝ.** ઓર્મઝ બેટ આગળ મોતી નીકળે છે.

અખાત—ઇરાની ને ઓમાન.

સામુદ્રધુની—ઓર્મઝની સામુદ્રધુની ઇરાની અખાત અને હિંદીમહાસાગરને જોડે છે.

શહેરો—રાજધાનીનું શહેર **તેહરાન** ઉત્તરમાં છે. **ઇસ્ફ-**

હ્માન જૂની રાજધાનીનું શહેર છે અને તેની પૂર્વે **શિરાઝ**માં પ્રસિદ્ધ કવિ શેખ સાદી અને હાફિઝની કબરો છે. એ શહેરનો દારૂ વખણાય છે. **તબ્રીઝ** ઇરાનમાં સૌથી મોટું શહેર છે ને વેપારનું પણ મુખ્ય મથક છે. **યઝદ** અને **મશદ** વેપારનાં સ્થળ છે. **અસ્ત્રાબાદ, રશ્ત** અને **બાલ્ફ્રુશ** કાસ્પિઅન સમુદ્ર ઉપર બંદરો છે. **બુશાયર** ને **ગોમ્બરૂન** એ ઇરાની અખાત ઉપર બંદરો છે.

ભાષા—દેશની ભાષા ફારસી છે. તે ગૂજરાતી, સંસ્કૃત ને ઇંગ્રેજીથી ઉલટી રીતે એટલે જમણીથી ડાબી બાજુએ લખાય છે. ફારસી ભાષા તેની મધુરતાને માટે પ્રસિદ્ધ છે.

ધર્મ—ઇરાનમાં મુસલમાન ધર્મનો સીઆપંથ ચાલે છે. પારસી લોકો મૂળ ઇરાનમાંથી આવેલા છે. યઝદમાં જરતોસ્તી ધર્મ પાળનારા પારસીઓ હજી વસે છે.

વિશેષ હકીકત—ઇરાનના રાજાને શાહ કહે છે. તેની સત્તા સ્વતંત્ર છે એટલે સુધી કે વગર તપાસે કોઇપણ માણસને ફાંસીએ લટકાવી શકે. રાજાની સત્તાને ન માનનાર વાહબી પંથના લોકો ઇરાનમાં છે. તેઓએ થોડા વખત અગાઉ ત્યાંના શાહને બંદુકથી મારી નાંખ્યો હતો. ઇરાની લોકો ખુશમિજાજના અને વિવેકી પણ દગલબાજ છે. શાલ અને શેતરંજીની બનાવટમાં એ લોકો ઘણા હુશિયાર છે.

નિકાસ—ઘોડા ને કૂતરા એ દેશના વખણાય છે. મેવો, ગાલીચા, અત્તર, કેશર, આરસ, તરવાર ને શેતરંજી વગેરે પરમૂલક જાય છે.

---

૬ અરબસ્તાન.

સીમા—એ મોટો દ્વીપકલ્પ છે. તેની ઉત્તરે એશિઆઇ તુર્કસ્તાન, દક્ષિણે અરબી સમુદ્ર, પૂર્વે ઇરાની અખાત અને પશ્ચિમે રાતો સમુદ્ર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૬૦ લાખની છે, અને ક્ષેત્રફળ ૧૨ લાખ ચોરસ માઇલ છે.

પર્વત—સીનાઇ.

દ્વીપ—**બહેરિંગ, સોકોટ્રા** અને **પેરિમ** તેમાં છેલ્લા બે ઇંગ્રેજને તાબે છે. બહેરિંગમાં મોતી નીકળે છે.

ભૂશિર--અગ્નિખૂણમાં **રાસઅલહદ** ભૂશિર.

સામુદ્રધુની—બાબલમાંડિબની તે વડે લાલસમુદ્ર હિંદી મહાસાગર સાથે જોડાએલો છે.

વિભાગ—ઉત્તરે ૧ **હિજાજ**, દક્ષિણે ૨ **યમન**, અગ્નિખુણમાં ૩ **ઓમાન**, એડન ને ઓમાનની વચ્ચે ૪ **હૈદ્રમાઉટ** ને મધ્ય ભાગમાં ૫ **નજદ.**

૧ **હિજાજ**—મુખ્ય શહેર **મક્કા**માં મહમદ પેગંબરનો સને ૫૭૦ માં જન્મ થયો હતો. **જેદ્દા** એ મક્કાનું બંદર છે. **મદીના**માં મહમદ પેગંબરની કબર છે. **યમ્બો** મદીનાનું બંદર છે.

૨ **યમન**—મુય શહેર **સાના** છે. **હોડેડા** સાનાનું બંદર છે. **બાબલમાંડિબની** સામુદ્રધુની પાસે **મોખા** બંદર છે.

૩ **ઓમાન**-મુખ્ય શહેર **મસ્કત.** તેનાં દાડમ વખણાયછે.

૪ **હૈદ્રમાઉટ**-એમાં મુખ્ય કસ્બો **એડન** છે. તે ઇંગ્રેજને તાબે છે. વિલાયત જતી આગબોટો ત્યાં થઇને જાય છે.

૫ **નજદ**-મુખ્ય શહેર **રિયાદ.** ત્યાંના ઘોડા વખણાય છે.

વિશેષ હકીકત—અરબસ્તાનના ઉત્તર તથા દક્ષિણ ભાગમાં રણ છે તેથી ઘણીજ સખત ગરમી પડે છે. ત્યાંના ઘોડા, ઉંટ ને સાંઢણીઓ ઘણાં પ્રખ્યાત છે.

નિકાસ—ઘોડા, ગુંદર અને ખુંદદાણા પરમૂલક ચડે છે.

---

૭ તુર્કસ્તાન

સીમા—ઉત્તરે કાળો સમુદ્ર અને એશિઆઇ રૂશિઆ, દક્ષિણે અરબસ્તાન અને ભૂમધ્ય સમુદ્ર, પૂર્વે ઇરાન ને પશ્ચિમે

ભૂમધ્ય સમુદ્ર. વિસ્તારમાં તે હિંદુસ્તાનથી અરધો છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૨ કરોડ ૨૦ લાખની છે. ક્ષેત્રફળ ૭ લાખ ચોરસ માઇલ છે.

પર્વત—સીરિઆના પશ્ચિમ ભાગમાં **લિબનાન** પર્વત છે. **તારસ** એશિઆમાઇનરની દક્ષિણે, ને **એરેરાટ**.

નદી—**યુફ્રેતિસ** ને **તૈગ્રીસ** એ ઇરાની અખાતને મળે છે. **કિઝિલ ઇર્માક** અને **સાકેરિઆ** એ કાળા સમુદ્રને મળે છે. **જોર્ડન** એ મૃત્યુ સરોવરને મળે છે. **મીએન્ડર** આર્કિપેલેગો સમુદ્રને મળે છે.

સરોવર—**મૃત્યુ** એ સીરિઆ પ્રાંતમાં છે. એમાં માછલાં જીવતાં નથી ને કાંઠે ઝાડ પણ થતાં નથી. આર્મીનિઆની દક્ષિણે **વાન** મોટું સરોવર છે.

દ્વીપ—આર્કીપેલેગોમાં **લેમનોસ**, **સામોસ**, **કોસ** ને **રોડસ** છે. ભૂમધ્ય સમુદ્રમાં **સાઈપ્રસ** બેટ છે તે ઇંગ્રેજને તાબે છે.

ભૂશિર—**કેપ બાબા** સ્મર્ના આગળ છે.

વિભાગ—**૧ એશિઆમાઇનર** (લઘુ એશિઆ) **૨ સીરિઆ, ૩ આર્મીનિઆ, ૪ કુર્દીસ્તાન** અથવા **એસીરિઆ, ૫ અલજજીરા** અથવા **મીસોપોટેમીયા** અને **૬ ઈરાકઅરબી.**

૧ એશિઆમાઇનર—એ કાળા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચે આવેલો દ્વીપકલ્પ છે. મુખ્ય શહેર **સ્મર્ના** એ વેપારનું સ્થળ છે. બોસપરસની સામુદ્રધુની ઉપર **સ્કુટેરી**, **બ્રુસા** અને **કુરાયા** બંદરો છે. મધ્યમાં **અંગોરા** શહેર છે. ત્યાં એક જાતના બકરા થાય છે તેને "અંગોરા" કહે છે. તેના વાળ રેશમ જેવા સુંવાળા થાય છે તે શાલ બનાવવાના કામમાં આવે છે. **સિનોપ** અને ટ્રેબિઝોન્ડ કાળા સમુદ્ર ઉપર બંદર છે. કિઝિલ ઇર્માક નદી ઉપર **સિવાસ** અને દક્ષિણમાં **તાર્સસ** નામે બીજાં શહેરો છે.

૨ **સીરિઆ**–યુફ્રેતીસ નદી અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચેના મૂલકને સીરિઆ કહે છે. **દમાસ્કસ** સીરિઆના દક્ષિણ ભાગમાં છે તે દુનિઆમાં સૌથી જૂનું શહેર ગણાય છે. ઉત્તરમાં **અલેપ્પો** નામે બીજું નગર છે. ઓરોન્ટિસ નદી ઉપર **એન્ટિઓક** શહેર છે. એ સિવાય **લેટકિયા, ટ્રિપોલી** ને **બેરૂટ** એ ત્રણ બંદર છે. સીરિઆમાં **પાલેસ્ટાઇન** નામે પ્રાંત છે. તેનું મુખ્ય શહેર **જેરૂસેલેમ**માં ઈ૦ સ૦ ૩૩ માં ઇસુખ્રિસ્તને ગરદન મારવામાં આવ્યો હતો. **બેથલહામ** નામે શહેરમાં ઇસુખ્રિસ્તનો જન્મ થયો હતો. **સિડોન, જાફા, એકર** ને **ગાઝા** વગેરે બીજાં શહેરો એ પ્રાંતમાં છે.

૩ **આર્મીનિઆ**–એ કાળા સમુદ્રની અગ્નિખુણમાં છે. તુર્કસ્તાન, ઇરાન અને રૂશિઆની હદ આ પ્રાંતના એરેરાટ પર્વત સુધી છે. મુખ્ય શહેર **અર્ઝરૂમ** અને **વાન** છે.

૪ **કુર્દીસ્તાન**—એ આર્મીનિઆની દક્ષિણે અને તૈગ્રિસની ઉત્તરે છે. મુખ્ય શહેર **નીનેવે** છે

૫ **અલજજીરા**—એ કુર્દીસ્તાનની દક્ષિણે અને યુફ્રેતિસ અને તૈગ્રિસની વચ્ચે છે. મુખ્ય શહેર **મોસલ** તૈગ્રિસ નદી ઉપર છે ત્યાંનું મસલીન નામે કાપડ વખણાય છે. **દિઆરબકીર** નામે બંદર છે.

૬ **ઈરાક અરબી**—(અસલનું બાબીલન) તૈગ્રિસ અને યુફ્રેતિસની દક્ષિણે અને ઇરાની અખાતની ઉત્તરે. મુખ્ય શહેર **બગદાદ** તૈગ્રિસ નદી ઉપર છે. એ વેપારનું મોટું સ્થળ છે. યુફ્રેતિસ અને તૈગ્રિસ નદીના સંગમ ઉપર **બસ્રા** નામે બીજું શહેર છે. બાબીલનમાં સિકંદર બાદશાહ ઇ. સ. પૂ. ૩૨૩ માં મરણ પામ્યો હતો. **હિલે** શહેર બાબીલનના ખંડેરોમાં છે.

વિશેષ હકીકત—આખો દેશ કાન્સ્ટાન્ટિનોપલના સુલતાનને તાબે છે. તેનાં જૂદા જૂદા પરગણાંને વિલાયત કહે છે અને દરેક વિલાયતના ઉપરી હાકેમને વલી અથવા પાશા કહે

છે. સુલતાનનો જુલમ અસહ્ય છે, અને જાનમાલની સલામતી નથી—" મહાપ્રલય " માંથી બચેલ પેગંબર નોહા એરેરાટ પર્વત ઉપર રહેલ હોય તેમ માન્યતા છે, બાઇબલનો ઇડન બાગ પણ આ દેશમાં છે. આ દેશમાં મુસલમાનીધર્મ ચાલે છે. હમણાં ક્રીટ અને આર્મિનીઆમાં થયેલ ખ્રિસ્તીની કતલથી યૂરોપીરાજ્યો સુલતાન ઉપર કરડી નજર રાખે છે.

---

૮ તાર્ત્તરી.

સીમા—ઉત્તરે સૈબીરિઆ, પૂર્વે ચીનાઇતાર્ત્તરી, દક્ષિણે ઇરાન ને અફ્ગાનિસ્તાન, પશ્ચિમે કાસ્પિઅન સમુદ્ર.

પર્વત—બેલૂરતાગ ને થિઆનશાન.

નદી—આમૂ (ઓક્સસ) ને **સિરદર્યા** (સિહુન).

સરોવર—કૅસ્પિઅન, એરલ ને બલકાશ.

વિભાગ—એના ચાર વિભાગ કરી શકાય, ૧ રૂશિઆઈતાર્ત્તરી (રૂશિઆ જુઓ), ૨ **પશ્ચિમતાર્ત્તરી**, ૩ **પૂર્વતાર્ત્તરી**, ૪ **ચીનાઈતાર્ત્તરી** (ચીન જુઓ).

પશ્ચિમતાર્ત્તરી—મુખ્ય શહેર **બોખારા** મુસલમાનીશાળાને માટે પ્રસિદ્ધ છે. **ખીવા** એ એરલ સરોવરની દક્ષિણે છે. તેમાં અસલ ગુલામનો ધંધો ચાલતો હતો. **ખોકંડ**—એ મહાન બાબરનો મૂલક હતો.

પૂર્વતાર્ત્તરી—મુખ્ય શહેર **કાશગર** એ યાકૂબબેગની રાજધાની હતું, **યારકંડ ને ખોતાન** નામે બીજાં મોટાં શહેર એમાં છે.

વિશેષ હકીકત—જંઘીસખાં, તૈમુર અને બીજા કેટલાક વિજયી મહારાજા એ દેશના હતા. પશ્ચિમતાર્ત્તરીનો ઘણોખરો ભાગ રૂશિઆએ જીતી લીધો છે. પૂર્વતાર્ત્તરી ચીનાઇતાર્ત્તરીનો ભાગ હતો પણ હાલમાં મુસલમાન હાકેમના તાબામાં સ્વતંત્ર છે.

---

૯ એશિઆઇ રૂશિઆ.

સીમા—ઉત્તરે ઉત્તરમહાસાગર, દક્ષિણે ચીનાઇરાજ્ય, પૂર્વે પાસિફિક મહાસાગર ને પશ્ચિમે યૂરોપીરૂશિઆ.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧ કરોડ ૮૦ લાખ અને ક્ષેત્રફળ ૫૦ લાખ ચોરસ માઇલ છે.

પર્વત—આલ્તાઇ, યુરલ, સ્ટેનોવોય અને યાબ્લોનોય.

નદી—ઇર્તિશ, ઓબી, યેનેસી, અને લીના, એ આલતાઇ પર્વતમાંથી નીકળી ઉત્તર મહાસાગરને મળે છે.

સરોવર—બૈકલ.

દ્વીપ—સઘેલિઅન એ આમૂરની પૂર્વે, એલ્યુશન કામસ્યાટકા અને અમેરિકાની વચ્ચે ન્યુસૈબીરિઆ.

દ્વીપકલ્પ—પૂર્વે કામસ્યાટકાનો.

ભૂશિર—લોપાટકા એ કામસ્યાટકાનું દક્ષિણબિંદુ છે. પૂર્વે ભૂશિર એ સૈબીરિઆનું ઇશાનબિંદુ છે.

અખાત—ઓબી, અનાદ્દાર ને તાર્તરીનો અખાત.

સામુદ્રધુની—બહેરિંગની એ એશિઆ અને અમેરિકાની વચ્ચે છે

વિભાગ—એશિઆઈ રૂશિઆના ત્રણ ભાગ છે. ૧ સૈબીરિઆ, ૨ કાકેસસ પર્વતના દક્ષિણનો મૂલક. ૩ રૂશિઆઇતાર્તરી.

૧ **સૈબીરિઆ**—તેના બે ભાગ છે. ૧ પશ્ચિમસૈબીરિઆ ને ૨ પૂર્વસૈબીરિઆ. પશ્ચિમસૈબીરિઆમાં—મુખ્ય શહેર—**તોબોલસ્ક** એ ઇર્તિશ અને તોબોલ નદીના સંગમ ઉપર છે. પૂર્વસૈબીરિઆમાં—મુખ્ય શહેર ઇર્કુટ્સ્ક એ બૈકલ સરોવર પાસે છે. તેજ સરોવરની દક્ષિણે કિઆકટા ચીન સાથેના વેપારનું મુખ્ય સ્થળ છે **યાકુટસ્ક** એ લીના નદી ઉપર છે. ઓકોટ્સ્ક સમુદ્ર ઉપર **ઓકોટસ્ક** અને આમૂરની દક્ષિણે **લેડીવોસ્ટોક** બંદરો છે.

૨ **કાકેસસ** પર્વતની દક્ષિણનો મૂલક—કાળા અને કાસ્પિઅન સમુદ્રની વચ્ચેનો તે મૂલક છે. તેમાં **જ્યોર્જીઆ** મુખ્ય પ્રાંત છે. મુખ્ય શહેર—**તિફ્લીસ** વેપારને માટે પ્રસિદ્ધ છે. **એરિવાન** અને **કાર્સ** મોટાં નગરો છે કાસ્પિઅન સમુદ્ર ઉપર **બાકુ** અને કાળા સમુદ્ર ઉપર **બાટુમ** એ બંદરોમાં ઘાસલેટ પુષ્કળ નીકળે છે.

૩ રૂશિઆઇ તાર્તરી—કાસ્પિઅન સમુદ્ર અને પૂર્વ તાર્તરીનો જે મૂલક રૂશિઆએ જીતી લીધો છે તેને રૂશિઆઇતાર્તરી કહે છે મુખ્ય શહેર **તાશકંદ** છે તેની ઉત્તરે તૈમુરની રાજધાનીનું શહેર સમરકંદ છે. 'મર્વ' નામે બીજું શહેર એમાં છે.

વિશેષ હકીકત—ત્યાંના શહેનશાહને ઝાર કહે છે. દેશના ઉત્તર ભાગમાં ટાઢ ઘણી સખત પડે છે. રાજાની સત્તા કબુલ ન રાખનાર નિહિલિસ્ટ લોકોનું જોર ઘણું છે હાલના ઝારના પિતાને મારી નાંખવાની અનેક કોશિશો એ લોકોએ કરી હતી. યુરલ પર્વતમાંથી સોનું અને આલ્તાઇમાંથી સોનું રૂપું બન્ને નીકળે છે.

---

૧૦ જાપાન.

નિફોન, યસો, સિકોક, કયુશયુ અને બીજા ઘણા નાના દ્વીપો મળીને જાપાન બનેલો છે. ઉત્તરમાં **કયુરાઇલ** અને દક્ષિણમાં લ્યુ દ્વીપો પણ જાપાનને તાબે છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૪ કરોડ માણસની અને ક્ષેત્રફળ ૧ લાખ ૫૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—ફયુજી એ નિફોનમાં છે.

સરોવર—બીવા છે.

શહેર—નિફોનમાં યદો અથવા **ટોકિયો** રાજધાનીનું શહેર છે. **યોકોહામા** તેનું બંદર છે. નિફોનની દક્ષિણે **ઓસાકા** શહેર છે. **મીયાકો** અથવા **કયોટો** જૂની રાજધાનીનું શહેર છે.

નાગાસાકી કયુસ્યુમાં મુખ્ય બંદર છે. હેકોડેટ એ યસોમાં છે.

વિશેષ હકીકત—જાપાનના રાજાને "મીકેડો" અથવા પૂજ્ય કહે છે. જાપાન દ્વીપ સુધારામાં ઘણોજ આગળ વધેલો છે. સુધારો, ઉદ્યોગ અને બનાવટમાં યુરોપમાં જેટલી અગત્યતા ઇંગ્લાંડ ધરાવે છે, તેટલીજ અગત્યતા એશિઆમાં જાપાન ધરાવે છે. અને ત્યા તે એશિઆનું "ઇંગ્લાંડ" કહેવાય છે. તેનું લશ્કર પણ સારી રીતે કેળવાએલું છે. ચીન જેવા મહાન રાજ્યની સામે પણ ટક્કર ઝીલી શકયું એટલુંજ નહીં પણ પોતાના લાભની કેટલીક શરતો કબુલ કરાવ્યા પછી તેની સાથે સલાહ કરી.

હુન્નર અને કળામાં તે ઘણોજ આગળ પડેલો દેશ છે. સ્કોલરશીપ આપીને વિદ્યાર્થીઓને યુરોપ અને અમેરિકા વગેરે સ્થળે હુન્નર શીખવા મોકલે છે.

જાપાનમાં ત્રાંબુ ને કોયલા ઘણા નીકળે છે. "વાર્નીશ" જાપાનમાંથી આવે છે. રેશમી અને સુતરાઉ કાપડ તથા માટીના વાસણ સારાં બને છે. જાપાનના લોકો બૌદ્ધધર્મી છે. મરી ગએલા યોદ્ધાઓની પણ ત્યાં પૂજા થાય છે.

---

૧૧ ચીનાઇ રાજ્ય.

સીમા—ઉત્તરે એશિઆઇરૂશિઆ, દક્ષિણે હિંદીચીન અને હિંદુસ્તાન, પૂર્વે પાસિફિક મહાસાગર અને પશ્ચિમે તાર્તરી.

વસ્તી અને ક્ષેત્રફળ--વસ્તીમાં ચીનાઇરાજ્ય આખા યૂરોપખંડ કરતાં પણ વધારે મોટું છે તેમાં આશરે ૪૮ કરોડ માણસની વસ્તી છે વિસ્તારમાં તે દુનિયામાં ત્રીજે નંબરે છે. પહેલે નંબરે ઇંગ્લાંડ, બીજે નંબરે રૂશિઆ અને ત્રીજે નંબરે ચીન. ક્ષેત્રફળ આશરે ૪૨ લાખ ૫૦ હજાર ચોરસ માઇલ છે.

(**વિભાગ—૧ શુદ્ધ ચીન, ૨ ચીનાઇ તાર્તરી** (મોંગોલિઆ સહિત). ૩ ટિબેટ.

૧ શુદ્ધ ચીન.

સીમા—ઉત્તરે ચીનાઇતાત્તરી, પૂર્વે પીળા સમુદ્ર ને પાસિફિક મહાસાગર, દક્ષિણે ચીનાઈ સમુદ્ર, પશ્ચિમે બ્રહ્મદેશ, ટિબેટ ને તાત્તરી.

પર્વત—**યુનલીંગ** ને **નાનલીંગ**.

નદીઓ—**યાંગસેકયાંગ** પીળા સમુદ્રને મળે છે. **હોઆંગહો** ને **પેઇહો** પેચીલીના અખાતને મળે છે. **કંતાન** ચીનાઇ સમુદ્રને મળે છે.

દ્વીપ—દક્ષિણે **હૈનાન**, પૂર્વે **ફારમોસા**, **હોંગકોંગ** ચીનાઇ સમુદ્રમાં ઇંગ્રેજનો અને **મકાઉ** પોર્તુગીઝનો છે.

સમુદ્ર ને અખાત—**પીળો સમુદ્ર** ચીન અને જાપાનની વચ્ચે છે. **ચીનાઇ સમુદ્ર** ચીનની દક્ષિણે છે. **પેચિલીના અખાત** પૂર્વે છે.

સામુદ્રધુની—**ફારમોસાની**. ચીન અને ફારમોસાની વચ્ચે છે.

શહેરો—**પેકિન** એ રાજધાનીનું શહેર પેઇહો નદી ઉપર છે, જૂનું રાજધાનીનું શહેર **નાનકિન** યાંગસેકયાંગ નદી ઉપર છે, તેમાં વણાટનાં કારખાનાં છે. દક્ષિણમાં કંતાન નદીના મુખ આગળ **કંતાન** મોટું બંદર છે. સન ૧૮૪૨ સુધી ફક્ત કંતાન બંદરજ પરદેશીઓને આવવા જવા માટે ખુલ્લું હતું પણ તેજ વર્ષમાં ચીનાઇ વિગ્રહ પછી **આમાય, ફુચુ, નિંગપો** ને **શાંગહાય** એ ચાર બંદર ખુલ્લાં મૂકવામાં આવ્યાં. યાંગસેકયાંગ ઉપર **હેન્કો**, પેઇહો ઉપર **ટિન્ટસીન** તેની દક્ષિણે **ચેફુ** અને કંતાનની પૂર્વે **સ્વેટો** નામે બીજાં શહેરો છે.

લોકો—ચીના લોકોના મોંઢાંચપટા, ચામડી પીળી અને આંખો ઝીણી હોય છે. તેઓ ચતુર ને ઉદ્યોગી છે. છાપવાનો ને કાગળ બનાવવાનો હુન્નર યૂરોપની પ્રજાના આગાઉ તેમના જાણવામાં હતો હોકાયંત્રની શોધ પણ ચીના લોકોએ કરી છે. જૂના રીવાજને વળગી રહેવાથી અને બીજી પ્રજાને ધિક્કારવાથી તેઓ આગળ વધી શકયા નથી. ચીનાલોકમાં એક અજબ રીત એ

છે કે પોતાનું કોઇ સગુંવહાલું મરી જાય તેની પાછળ કાગળના સિક્કા, ઘર ને રાચરચીલું વગેરે કાતરીને તેને બાળી નાંખે છે. અને એમ માને છે કે આમ કરવાથી તે સઘળી ચીજો (કાગળની નહીં પણ ખરેખરી) તેમના મરી ગએલા સગાંવહાલાને પહોંચશે.

વિશેષ હકીકત— આખું ચીન બૌદ્ધધર્મી છે, રાજ્ય સ્વતંત્ર રાજાનું છે. રાજ્યના મુખ્ય અમલદારોને "મેંડેરીન" કહે છે. ને રાજાને શેહનશાહ કહે છે. આશરે ૨ હજાર વર્ષ પહેલાં ચીના લોકોએ તાતાર લોકોના હુમલા અટકાવવા સારૂ ૧૨૫૦ માઇલ લાંબી માટીની ભીંત બાંધી હતી તે હજી હયાત છે સને ૧૨૭૯ માં મોંગોલ લોકોએ ચીન જીતી લીધું હતું અને ૧૬૪૪ માં તેમના હાથમાંથી મંચુ લોકોએ જીતી લીધું, જેનો વંશ હાલ ગાદી ઉપર છે.

નિકાસ—ચા, રેશમ ને ચીનાઇવાસણ પરદેશ ખાતે જાય છે.

૨ ચીનાઇ તાર્તરી.

સીમા—ઉત્તરે સૈબીરિઆ, પૂર્વે જાપાની સમુદ્ર. દક્ષિણે ચીન ને ટિબેટ અને પશ્ચિમે તાર્તરી.

પર્વત—કવેનલુન એ ચીનાઇ તાર્તરી ને ટિબેટની વચ્ચે છે.

નદી— **આમૂર** પાસિફિક મહાસાગરને મળે છે.

દ્વીપકલ્પ—કોરિઆ જાપાની સમુદ્ર ને પીળા સમુદ્રની વચ્ચે છે.

સામુદ્રધુની—કોરિઆએ કોરિઆના દ્વીપકલ્પ અને જાપાનની વચ્ચે છે.

રણ—ગોબીનું. એ મધ્યે ને નૈઋત્યખૂણમાં છે.

ભાગ—૧ **મોંગોલિઆ**, ૨ **કોરિઆ** ને ૩ **મેન્ચુરિઆ**.

૧ **મોંગોલિઆ**—મુખ્ય શહેર **ઉર્ગા** બેકલ સરોવરની દક્ષિણે છે.

૨ **કોરિઆ**—ચીનની ઇશાનખૂણામાં એ દ્વીકલ્પ છે. તે

ચીનને તાબે ફક્ત નામનોજ છે. મુખ્ય શહેર **કીંગ-કિટાઉ** છે. આ દ્વીપકલ્પમાં હમણા બળવો થયો હતો. અને પરિણામ ચીન અને જાપાન વચ્ચે લડાઇ સળગી હતી. ચીન લડાઇમાં ઘણું નબળુ જણાયું હતું. તેથી અમુક પ્રાંત આપી સલાહ કરવાની જરૂર પડી હતી.

૩ **મેન્ચુરિઆ**—એ કોરિઆની ઉત્તરે ને આમૂર નદીની દક્ષિણે છે. તેનો ઘણોખરો ભાગ રૂશિઆને તાબે છે. મુખ્ય શહેર **કિરિનાલા** છે. **મુકદન** નામે બીજું શહેર છે. અને **ન્યુચંગ** મુખ્ય બંદર છે.

૩ ટિબેટ.

સીમા— ઉત્તરે ચીનાઇતાર્તરી, પૂર્વે ચીન, દક્ષિણે હિંદુસ્તાન અને પશ્ચિમે કાશ્મીર.

પર્વત—હિમાલય, કારાકોરમ, કવેનલૂન.

નદી— સિંધુ, સતલજ, **બ્રહ્મપુત્ર**, ઈરાવતી, **યાંગસે-કયાંગ** ને **હોઆગહો** એ તમામ નદીઓના મૂળ ટિબેટમાં છે.

સરોવર—તેંગ્રીનૂર અને **પાલટી** બ્રહ્મપુત્રાની નજીક છે, ને **રાવણહ્રદ** ને માન સતલજ પાસે છે.

શહેર—મુખ્ય શહેર **લાસા**માં બૌદ્ધધર્મના આચાર્ય "**લામા**" રહે છે.

ધર્મ—ટિબેટ બૌદ્ધધર્મનું મુખ્ય સ્થળ છે. એ ધર્મના આચાર્યને **લામા** કહે છે. આખી દુનિયામાં બૌદ્ધધર્મ માનનારાની સંખ્યા વધારે છે. ચીન, ટિબેટ, હિંદાચીન અને લંકામાં બૌદ્ધધર્મ ચાલે છે.

વિશેષ હકીકત—ચીનાઇ શહેનશાહે નીમેલ હાકેમ ટિબેટ ઉપર અમલ ચલાવે છે. શાલ વણવાનું ઉન તેમના વેપારની મુખ્ય જણસ છે.

૧૨ હિંદી ચીન.

સીમા—ઉત્તરે ચીન અને ટિબેટ, દક્ષિણે અને પૂર્વે ચીનાઇ સમુદ્ર અને પશ્ચિમે હિંદુસ્તાન અને બંગાળાનો ઉપસાગર છે.

વિભાગ—૧ પશ્ચિમે **બ્રહ્મદેશ**, ૨ મધ્યે **સિઆમ**, ૩ દક્ષિણે **મલાયા** ને ૪ પુર્વે **કોચીન ચીન.**

૧ બ્રહ્મદેશ.

સીમા—ઉત્તરે ચીનાઇરાજ્ય, દક્ષિણે બંગાળાનો ઉપસાગર અને સિઆમ, પૂર્વે સિઆમ અને શાન સંસ્થાનો અને પશ્ચિમે હિંદુસ્તાન અને બંગાળાનો ઉપસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૮૦ લાખ માણુસની અને ક્ષેત્રફળ ૨ લાખ ૮૦ હજાર ચોરસમાઇલ છે.

પર્વત—બ્લુ ને યોમો.

નદી—ઇરાવતી, સાલ્વીન, અને સાલ્વીન.

દ્વીપ—રામરી, ચેદુબા, સંડોવે ને મરગ્વી.

અખાત—**માર્ટાબાનનો** એ રંગુનની દક્ષિણે છે.

ભૂશિર—**કેપાનગ્રેસ.** એ ઉપલા બ્રહ્મદેશની દક્ષિણે છે.

ભાગ—બ્રહ્મદેશના બે ભાગ છે. ૧ ઉપલો **બ્રહ્મદેશ** અને ૨ **નીચલો બ્રહ્મદેશ.**

૧ **ઉપલો બ્રહ્મદેશ**—સિઆમ અને પેગુની ઉત્તરના મૂલકને ઉપલો બ્રહ્મદેશ કહે છે. મુખ્ય શહેર **માંદલે** ઇરાવતી નદી ઉપર છે તેની પાસે **આવા, અમરપુર** ને **માકસોબા** જૂની રાજધાનીનાં ખંડેરો છે. **ભામો** ચીનના વેપારનું મુખ્ય સ્થળ છે

૨ **નીચલો બ્રહ્મદેશ**—ચિત્તાગોંગથી મલાયા સુધીની પટીને નીચલો બ્રહ્મદેશ કહે છે, એના ત્રણ પ્રાંત કરેલા છે.

પ્રાંત—૧ ઉત્તરમાં **આરાકાન**, મધ્યે ૨ **પેગુ** ને દક્ષિણે ૩ **તિનાસરીમ.**

આરાકાન—**મુખ્ય શહેર અકયાબ** ત્યાંથી પરદેશ ખાતે

ચોખા ઘણા જાય છે. રામરી બેટ ઉપર કયુકફ્યુ બંદર છે.

પેગુ—નીચલા બ્રહ્મદેશનું મુખ્ય શહેર **રંગુન** આ પ્રાંતમાં છે, ત્યાં સાગ અને ચોખાનો પુષ્કળ વેપાર ચાલે છે. ઇરાવતી નદી ઉપર **બેસીન** ને **પ્રોમ** શહેરો છે. સીતાંગ ઉપર **તુંગુ** લશ્કરને રહેવાનું સ્થળ છે.

તિનાસરીમ—તેમાં સાલવીન નદીના મુખ આગળ **મુલમૈન** મોટું બંદર છે. તે સાગના વેપારનું મુખ્ય મથક છે. દક્ષિણે **ટેવોય** અને **મરગ્વી** બે શહેરો છે.

રાજ્ય—પહેલાં બ્રહ્મદેશમાં રાજાનું સ્વતંત્ર રાજ્ય હતું. પણ ૧૮૨૬ માં આસામ, આરાકાન ને તિનાસરીમ પ્રાંત રાજા પાસેથી ઇંગ્રેજે જીતી લીધા—ઇ. સ. ૧૮૫૨ માં પેગુ નામે ચોથો પ્રાંત બીજીવારની લડાઇમાં તેમણે જીતી લીધો. છેવટે સને ૧૮ ૬ માં લાર્ડ ડફરીને ત્યાંના રાજા થીબોને પદભ્રષ્ટ કરી રત્નાગિરિમાં રાખ્યો, અને સ્વતંત્ર બ્રહ્મદેશ ઇંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધો. વાઇસરોયની સત્તા નીચે રહી ચીફ કમિશનર રાજ્યકારભાર ચલાવે છે.

ધર્મ—બ્રહ્મી લોકો બૌદ્ધ ધર્મને માને છે.

નિકાસ—ચોખા, સાગ, ગુંદર અને ચામડાં.

૨ સિઆમ.

પેગુ અને તિનાસરીમના પૂર્વના મૂલકને સિઆમ કહે છે.

નદી—મૈનામ સિઆમના અખાતને મળે છે

શહેરો બાંકોક એ રાજધાનીનું શહેર મેનામ નદીને બંને કાંઠે આવેલું છે. બાંકોકની ઉત્તરે **યુથીઆ** અગાઉની રાજધાની હતું. વાયવ્યખૂણમાં **ઝીમે** વેપારનું સ્થળ છે

વિશેષ હકીકત—સિઆમમાં રાજાનું રાજ્ય છે. હાલના રાજાએ ઇંગ્રેજી કેળવણી લીધેલી છે. અને પોતાના રાજ્યમાં ઘણા સુધારા દાખલ કર્યા છે. સિઆમના લોકો બૌદ્ધ ધર્મને માને છે. ત્યાં લગભગ અરધી વસ્તી નદીમાં વહાણ જેવા લાકડાંનાં ઘર કરીને તેમાં રહે છે.

નિકાસ—ચોખા, રત્ન ને હાથી.

૩ મલાયા.

એ દ્વીપકલ્પ છે. તે ક્રોની સંયોગીભૂમિથી બ્રહ્મદેશ સાથે જોડાએલ છે. તેના ઉત્તરનો ઘણોખરો ભાગ સિઆમના રાજાના તાબામાં છે અને બાકીનો થોડો ભાગ ઇંગ્રેજ સરકારને તાબે છે.

દ્વીપ—સીંગાપોર ને પીનાંગ મલાક્કા અને વેલેસ્લિ એ મલાક્કાની સામુદ્રધુનીમાં છે. તે પણ ઇંગ્રેજને તાબે છે.

સામુદ્રધુની—મલાક્કાની સુમાત્રા અને મલાયાની વચ્ચે છે.

સંયોગી ભૂમી—ક્રોની એ શિયામ અને મલાયાની વચ્ચે છે.

વિશેષ હકીકત—સીંગાપોર ૧૮૧૯ માં સ્થાપ્યું છે. તે પરદેશ સાથે વેપાર ઘણો ચલાવે છે. મલાક્કા ૧૮૨૫ માં સુમાત્રામાં આવેલા બેન્કુલીનને બદલે ડચ લોકોએ ઇંગ્રેજને આપ્યો. સન ૧૮૬૭ સુધી આ સંસ્થાનો વાઇસરોયના હાથ નીચે હતા. ત્યારથી તે જૂદા સંસ્થાન ગણાય છે. મલાયા કલઇની ખાણોને માટે પ્રસિદ્ધ છે. મલાયી લોકો મુસલમાની ધર્મ પાળે છે.

૪ કોચાંન.

હિંદી ચીનના પૂર્વકિનારાનો ઘણોખરો ભાગ ફ્રેન્ચ લોકોના હાથમાં છે.

નદી કેમ્બોડીઆ, સાંગકોઇ ને મેકોંગ.

અખાત—ટોન્કિનનો અખાત એનમની પૂર્વે છે,

ભૂશિર—કેમ્બોડિઆ.

વિભાગ—ઉત્તરે ટોન્કિન, મધ્યે એનામ ને દક્ષિણે કોચીન ચીન છે.

ટોન્કીન—મુખ્ય શહેર કેશો સાંગકોઇ નદી ઉપર છે.

એનામ—મુખ્ય શહેર હુ બંદર છે.

કોચીન ચીન—મુખ્ય શહેર સાઇગોન મેકોંગ નદી ઉપર છે બીજું શહેર ઉડોંગ છે.

प्रकरण त्रीजुं.

યૂરોપ ખંડ.

સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે ઉત્તરમહાસાગર, દક્ષિણે કાકેસસ પર્વત, કાળો સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર, પૂર્વે યુરલ પર્વત, યુરલ નદી અને કાસ્પિઅન સમુદ્ર, પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—યુરોપની ઉત્તર દક્ષિણ લંબાઇ ૨૪૦૦ માઇલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૨૪૦૦ માઇલ છે. એટલે કે વિસ્તારમાં યૂરોપ હિંદુસ્તાનથી લગભગ ત્રણ ગણો મોટો છે; અને આખી પૃથ્વીનો ૧૪ મો ભાગ છે. યૂરોપની કુલ વસ્તી ૩૬ કરોડ માણસની છે બેલજીઅમના સૌથી વધારે ખીચ વસ્તી છે એટલે કે દર ચોરસ માઇલે ૫૪૦ માણસની સરેરાશ આવે છે. જ્યારે નોર્વેમાં દર ચોરસ માઇલે ફક્ત ૧૬ માણસનીજ આવે છે.

યૂરોપખંડ આફ્રિકાથી ભૂમધ્યસમુદ્ર વડે અને અમેરિકાથી આટલાંટિક મહાસાગર વડે જૂદો પડેલો છે; પણ એશિઆ સાથે યુરલ પર્વત વડે જોડાયલો છે.

દેશ—

નંબર	દેશ.	મુખ્ય શહેર.	નકશામાં કયે ઠેકાણે.
૧	ગ્રેટબ્રિટન અને આયર્લાંડ.	લંડન, એડિનબરો અને ડબ્લિન	ટેમ્સ, ફોર્થના અખાત અને લિફી ઉપર.
૨	ફ્રાન્સ.	પારિસ.	સીન નદી ઉપર.
૩	સ્પેન.	માડ્રિડ.	મેન્ઝેનરિઝ નદી ઉપર
૪	પોર્ટુગાલ.	લિસ્બોન	ટેગસ નદી ઉપર.

૫	બેલજીઅમ.	બ્રસેલ્સ.	સેન નદી ઉપર.
૬	હૉલાંડ.	આમસ્ટરડામ	આમસ્ટલ નદી ઉપર.
૭	જર્મની	બર્લિન.	સ્પ્રીનદી ઉપર
૮	ડેનમાર્ક.	કોપન હેગન	સાઉંડ ઉપર.
૯	સ્વીડન અને નાર્વે.	સ્ટાકહોમ, ક્રિસ્ચીઆનીઆ.	મીલર સરોવર. અને ગ્લોમેન નદી ઉપર
૧૦	યૂરોપીઅન રૂશીઆ	સેંટપીટર્સબર્ગ	નીવા નદી ઉપર.
૧૧	ઑસ્ટ્રીઆ અને હંગરી	વિએના, બ્યુડાપેસ્ટ.	ડાન્યુબ નદી ઉપર
૧૨	સ્વીટઝરલાંડ	બર્ન.	આર નદી ઉપર.
૧૩	ઇટાલિ.	રોમ.	ટૈબર નદી ઉપર
૧૪	યૂરોપીતુર્કસ્તાન.	કોન્સ્ટાન્ટિનોપલ.	બોસપરસ ઉપર.
૧૫	ગ્રીસ.	ઍથેન્સ.	ઇજીનાના અખાત ઉપર

પર્વત—**યુરલ** રૂશિઆની ઇશાન ખૂણમાં છે. તેનો થોડો ભાગ એશિઆમાં અને થોડો યુરોપમાં છે **કૉકેસસ**, રૂશિઆની અગ્નિખૂણમાં છે, તેનું **એલબર્ઝ** શીખર યુરોપમાં સૌથી ઉંચુ છે. **આલ્પ્સ**, યૂરોપના મધ્ય ભાગમાં છે, તેનું સૌથી ઉંચુ શીખર **મોંટબ્લેન્ક** છે. **એપિનાઇન્સ**, ઇટાલિમાં છે, તેનું સૌથી ઉંચુ શીખર **મોંટકાર્નો** છે. **કારપેથિઅન** પર્વત ઑસ્ટ્રીઆમાં છે **બાલકન** યુરોપી તુર્કસ્તાનમાં છે. **પિરિનીઝ** ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે છે **ગ્રૅમ્પીઅન** પર્વતો સ્કાટલાંડમાં છે. તેનું સૌથી ઉંચુ શીખર **બેનનેવિસ** છે **સ્કાન્ડિનેવીઅન** પર્વતો સ્વીડન અને નોર્વેમાં છે. તેનું સૌથી ઉંચુ શીખર **ગોલ્ડ હોપાંગ** છે. એ ઉપરાંત નેપલ્સ પાસે **વિસૂવિયસ** **સિસિલિ-**

માં એટના અને આઇસલેન્ડમાં હેકલા જ્વાળામુખી પર્વતો છે.

સપાટ અને ઉચ્ચ પ્રદેશ—યૂરોપના ઇશાન્યખૂણ તરફનો ઘણોખરો ભાગ સપાટ પ્રદેશ છે. તે ઉપરાંત ડાન્યુબ અને લોમ્બાર્ડીના સપાટ પ્રદેશો છે. સૌથી વધારે ઉચ્ચ પ્રદેશ સ્પેનનો છે.

નદી—ટેમ્સ, સેવર્ન, મર્સી અને ટાઇન ઇંગ્લાંડમાં, સીન, લુઆર, ગેરોન અને હ્રોન ફ્રાન્સમાં, ડુરો, ટેગસ ગ્વાડિઆના, ગ્વાડલકવીવર અને ઇબ્રો સ્પેન અને પોર્ટુગાલમાં, મ્યુઝ અને રાઇન બેલજીઅમ અને હોલાંડમાં, વિસ્ચુલા, આડર, એલ્બ, વીઝર, ડ્યૂન્યુબ એ જર્મનીમાં, ડાન્યુબ આસ્ટ્રિઆ હંગરીમાં, પેચોરા, ડ્વીના, વિસ્ટુલા, નીપર, નીસ્ટર, ડોન, વોલ્ગા, યુરલ યૂરોપી રૂશિઆમાં, અને આર્નો, ટૈબર, પો અને આડીજ ઇટાલિમાં, છે.

સરોવર—ડર્વેન્ટવોટર, અલ્સવોટર અને વિન્ડરમીઅર, લોકલોમોન્ડ વિગેરે સ્કાટલાંડમાં, કિલાર્ની વિગેરે આયર્લાંડમાં, વિનર, વેટર, અને મીલર સ્વીડનમાં, લાડોગા અને ઓનિગા રૂશિઆમાં, બાલેટનસી ઑસ્ટ્રિઆમાં, જીનિવા અને કોન્સ્ટન્સ સ્વિતઝરલાંડમાં અને ગાર્ડા, કોમો અને મેજીઓરિ ઇટાલિમાં છે.

દ્વીપ—ઉત્તર મહાસાગરમાં—નોવાઝેમ્બ્લા (નવી જમીન), સ્પિટઝબર્ગન ફ્રાન્સજોસફલેન્ડ, વાઇગાચ, કાલગેવ વિગેરે. નોર્વેની પશ્ચિમે લોફોડન, આટલાંટિક મહાસાગરમાં ગ્રેટબ્રિટન, આયર્લાંડ, આઇસ્લાંડ બ્રિટન અને આઇસલાંડની વચ્ચે ફેરો, અને પોર્ટુગાલની પશ્ચિમે આઝોર્સ. બાલ્ટિક સમુદ્રમાં—ઝીલાંડ ફ્યુનેન, લાલાંડ અને બોર્નહોમ (ડેનમાર્કને તાબે) ઓલાંડ અને ગોથલાંડ (સ્વીડનને તાબે). ઇસલ, ડેગો અને એલાંડ (રૂશિઆને તાબે છે. ભૂમધ્યસમુદ્રમાં બલીઆરિક ટાપુઓમાં મુખ્ય મેજોર્કા (મોટો) માઇનોર્કા (નાનો) ઇવિઝા વિગેરે

(સ્પેનને તાબે), કોર્સિકા (ફ્રાન્સને તાબે), સાર્ડીનિઆ અને સિસિલિ (ઇટાલિને તાબે), માલ્ટા, ગોઝો અને સાઇપ્રસ ઇંગ્રેજને તાબે), આયોનિઅન અને સાઇકલેડીઝ (ગ્રીસને તાબે), અને ક્રીટ અથવા કેન્ડિઆ (તુર્કસ્તાનને તાબે) છે.

દ્વીપકલ્પ—સ્કાન્ડિનેવિઆમાં સ્વીડન અને નોર્વેનો સમાવેશ થાય છે. આઇબીરિઅન દ્વીપકલ્પ, સ્પેન અને પોર્ટુગાલનો બનેલો છે. ઇટાલિ, ગ્રીસ અને ક્રીમિઆ એ ત્રણે રશિઆની દક્ષિણે છે. મોરીઆ ગ્રીસની દક્ષિણે છે.

સમુદ્ર, અખાત અને ઉપસાગર—શ્વેત સમુદ્ર એ રશિઆની ઉત્તરે ઉત્તરમહાસાગરની શાખા છે. વર્ષમાં ઘણોખરો વખત બરફથી ઢંકાએલો રહેવાથી તેને શ્વેત સમુદ્ર કહે છે રશિઆ પ્રુશિઆ અને સ્વીડનની વચ્ચે બાલ્ટિક સમુદ્ર છે; તેની ઉત્તર તરફની શાખાને બોથનિઆનો અખાત અને પૂર્વ તરફની શાખાને ફિનલાંડનો અખાત કહે છે. ફિનલાંડની દક્ષિણે રાઇગા અને તેની દક્ષિણે ડાનઝિગના અખાતો છે. ગ્રેટબ્રિટન અને નોર્વેની વચ્ચે ઉત્તર અથવા જર્મન સમુદ્ર છે. ઝયુડરઝી (દક્ષિણ સમુદ્ર) હોલાંડની ઉત્તરે છે. ઉત્તરસમુદ્રની દક્ષિણે હોવાથી તે દક્ષિણસમુદ્ર કહેવાય છે. આઇરિશ સમુદ્ર ઇંગ્લાંડ અને આયર્લાંડની વચ્ચે છે. બિસ્કેનો ઉપસાગર ફ્રાન્સની પશ્ચિમે છે. યૂરોપ અને આફ્રિકા વચ્ચે ભૂમધ્ય સમુદ્ર છે. લાયનનો અખાત ફ્રાન્સની દક્ષિણે છે. ઇટાલિની વાયવ્યે જીનોઆ અને અગ્નિખૂણામાં ટારેન્ટોના અખાત છે. ઇટાલિ અને તુર્કસ્તાનની વચ્ચે આડ્રિઆટિક સમુદ્ર છે. ગ્રીસ અને એશિઆઇ તુર્કસ્તાનની વચ્ચે આર્કિપેલેગોનો સમુદ્ર છે. યૂરોપી અને એશિઆઇ તુર્કસ્તાનની વચ્ચે માર્મોરા સમુદ્ર છે. (એ સમુદ્રના એક દ્વીપમાંથી "સંગેમરમર" નીકળે છે તેથી તેને માર્મોરા સમુદ્ર કહેછે). એશિઆ માઇનરની ઉત્તરે કાળો સમુદ્ર છે). આઝોવનો સમુદ્ર કાળા સમુદ્ર સાથે જોડાયેલો છે.

સંયોગીભૂમિ—કોરિંથ એ ગ્રીસ અને મોરીઆને જોડે છે. અને **પેરિકોપ**, ક્રિમીઆને રૂશિઆ સાથે જોડે છે.

સામુદ્રધુની—સાઉંડ, ગ્રેટબેલ્ટ અને **લિટ્લબેલ્ટ** એ ત્રણે બાલ્ટિક સમુદ્રમાં દાખલ થવાના રસ્તા છે. **કેટિગટ** અને **સ્કાગરાક** જર્મન સમુદ્રને બાલ્ટિક સમુદ્ર સાથે જોડે છે. **ડાવર** ઇંગ્લિશ ચાનલ અને જર્મન સમુદ્રને જોડે છે **જીબ્રાલ્ટર** ભૂમધ્ય સમુદ્ર અને આટલાંટિક મહાસાગરને જોડે છે. **ડાર્ડેનલ્સ** અને **હેલેસપોંટ** આર્કિપેલેગો અને માર્મોરા સમુદ્રને જોડે છે. **બોસપરસ** અથવા કોન્સ્ટાન્ટિનોપલની સામુદ્રધુની માર્મોરા અને કાળા સમુદ્રને જોડે છે. **નાર્થચાનલ** ઉત્તરમાંથી અને **સેંટ જ્યોર્જીસ ચાનલ** દક્ષિણમાંથી આયર્લાંડને ગ્રેટબ્રિટનથી જૂદો પાડે છે. **બોનિફેશીઓ**, કોર્સિકા અને સાર્ડિનીઆને જૂદા પાડે છે. **મેસીના** ઇટાલિ અને સિસિલિની વચ્ચે છે. **ઓટ્રાંટો** એ આડ્રિઆટિક સમુદ્રમાં દાખલ થવાનો રસ્તો છે. **યેનિકેલ** કાળા અને આઝોવના સમુદ્રને જોડે છે.

ભૂશિર—નોર્ડકિન યૂરોપનું છેક ઉત્તરબિંદુ છે. **ઉત્તર ભૂશિર** નોર્વેની ઉત્તરે છે. **રોકા** યૂરોપનું છેક પશ્ચિમબિંદુ છે. **ટરિફા** છેક દક્ષિણબિંદુ છે. **માટાપાન** ગ્રીસની દક્ષિણે છે. **નેઝ** નોર્વેની દક્ષિણે છે. **સ્કૅા** ડેનમાર્કની ઉત્તરે છે. **રોથ** સ્કોટલાંડની ઉત્તરે છે. **ક્લીઅર** આયર્લાંડની નૈરૃત્યે છે. **લેન્ડઝએન્ડ** (જમીનનો છેડો) ઇંગ્લાંડનું છેક પશ્ચિમબિંદુ છે. **લાહોગ** ફ્રાન્સની વાયવ્યે છે. **ઓર્ટિગલ** અને **ફિનિસ્ટર** સ્પેનની વાયવ્યે છે. **સેંટવિનસેંટ** પોર્ટુગાલની નૈરૃત્યે છે. **સ્પાર્ટિવેન્ટો** અને **લ્યુકા** ઇટાલિની દક્ષિણે છે.

બંદર—શ્વેતસમુદ્ર ઉપર—આર્કેન્જલ (રૂશિઆનું).

ઉત્તર અથવા જર્મન સમુદ્ર ઉપર—ટ્રોન્જેમ, બર્ગન અને ક્રિશ્ચિઆનિયા (નોર્વેનાં).

બાલ્ટિક સમુદ્ર ઉપર—ગોથનબર્ગ, કાર્લસક્રોના, સ્ટોકહોમ (સ્વીડનનાં) સ્વીબર્ગ, હેલસિંગફર્સ, ક્રોન્સ્ટેડ, સેંટ-

પીટર્સબર્ગ, અને રાઇગા (રૂશિઆના), કોનિગ્સબર્ગ, ડાનઝિગ, સ્ટેટિન અને કીલ (પ્રુશઆના), કોપનહેગન અને એલ્સિનોર (ડેનમાર્કનાં), **જર્મન સમુદ્ર ઉપર**—આલ્ટોના અને હાબ્મર્ગ (**જર્મનીનાં**), આમસ્ટરડામ અને રૉટરડામ (**હોલાંડનાં**).

એન્ટવર્પ અને ઑસ્ટેન્ડ (**બેલજીઅમનાં**). **ઇંગ્લિશ ચાનલ ઉપર**—ડન્કર્ક, કેલે, બુલોન, ડીપ, હેવર, અને શરબર્ગ (**ફ્રાન્સનાં**).

આટલાંટિક મહાસાગર ઉપર—બ્રેસ્ટ, લારોશેલ અને બોર્ડો (**ફ્રાન્સનાં**), બિલબેઓ, સેન્ટેન્ડર અને કારૂના (**સ્પેનનાં**), ઓપોર્ટો અને લિસ્બોન (**પોર્તુગાલનાં**).

ભૂમધ્ય સમુદ્ર ઉપર—કેડિઝ, જીબ્રાલ્ટર, મેલેગા, કાર્ટેજીના, અલિકેન્ટ, વાલેન્સિઆ અને બાર્સિલોના (**સ્પેનનાં**), માર્સેલ્સ, ટુલોન અને નીસ (**ફ્રાન્સનાં**); જીનોઆ, લેગહોર્ન, નેપલ્સ, પાલર્મો, ગિરગેન્ટિ, સિરેક્યુઝ અને મેસીના (**ઈટાલિનાં**).

આડ્રિઆટિક સમુદ્ર ઉપર—બ્રિન્ડિઝી, એન્કોના અને વેનિસ (**ઇટાલિનાં**); ટ્રીસ્ટ, પોલા અને રેગ્યુસા (**આસ્ટ્રિઆનાં**).

ભૂમધ્ય સમુદ્ર ઉપર—કોરિંથ, પત્રાસ, નોપ્લિઆ અને સીરા (**ગ્રીસનાં**).

માર્મારા સમુદ્ર ઉપર—કોન્સ્ટાન્ટિનોપલ અને ગાલીપોલી **તુર્કસ્તાનનાં**.

આર્કિપલેગો સમુદ્ર ઉપર—સોલોનિકી (**તુર્કસ્તાનનું**).

કાળા સમુદ્ર ઉપર—વાર્ના (**તુર્કસ્તાનનું**).

નોટ—ગ્રેટબ્રિટન આયર્લાંડનાં બંદરો તે દેશોના વર્ણન સાથે આપ્યાં છે.

ખનિજ પદાર્થો—લોઢું, સિસું, ત્રાંબુ, કલાઇ, પારો અને કોલસા એ મુખ્ય ખનીજ પદાર્થો છે. પારો સ્પેન અને ઑસ્ટ્રિ-

આમાંથી પુષ્કળ નીકળે છે. જથ્થાબંધ લોઢું સ્વીડનમાંથી નીકળે છે. યૂરોપમાં વપરાતાં લોઢાનો અરધો ભાગ અને કોલસાનો પોણો ભાગ બ્રિટન પૂરો પાડે છે. અને આ બે ચીજો તે દેશની દોલતનાં મુખ્ય કારણ છે.

લોકો—યૂરોપી પ્રજાના બાપદાદા પણ આપણા બાપદાદાની સાથે મધ્ય એશિઆમાં રહેતા હતા, અને વસ્તી વધી જવાથી, જમીન પૂરતી ન હોવાથી, અને ખેતીને માટે પાણીના સાધનો સુકાઇ જવાથી જૂદા જૂદા દેશોમાં જઈ વસ્યા, અને આ પ્રમાણે એક ટોળી યૂરોપ તરફ પ્રાચિનકાળમાં જઈ વસી હતી.

ભાષા—યૂરોપમાં બોલાતી મુખ્ય ભાષાઓ રશિઅન, જર્મન, ફ્રેન્ચ, ઇંગ્રેજી અને ઇટાલિઅન છે.

ઉદ્યોગ—પૃથ્વિના બીજા ભાગના લોકો કરતાં યૂરોપના લોકો ખેતી, હુન્નરકળા અને વેપારમાં ચઢીઆતા છે.

રાજ્ય—કેટલાક પ્રાંતોમાં રાજાનું સ્વતંત્ર રાજ્ય છે. અને કેટલાકમાં તેની સત્તાની હદ બાંધેલી છે. રૂશિઆ અને તુર્કસ્તાનના શહેનશાહ સ્વતંત્ર છે. ફ્રાન્સ અને સ્વિતઝરલાંડમાં પ્રજાસત્તાક રાજ્ય છે, અને બાકીના દેશમાં રાજ્યકર્તાની સત્તાની થોડે ઘણે અંશે હદ બાંધેલી છે.

કેળવણી—કેળવણીમાં યૂરોપ પ્રથમ દરજ્જે છે. હુન્નરકળાને લગતી ઘણી ખરી શોધો યૂરોપમાં થઇ છે અને ત્યાંના વિદ્વાનોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર ઘણીજ વિદ્વતા ભરેલા પુસ્તકો લખ્યા છે.

ધર્મ—તુર્કસ્તાન સિવાય યૂરોપના તમામ દેશના લોકો ખ્રિસ્તિધર્મના છે. તેની બે મોટી શાખાઓ રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ ધર્મો છે.

યૂરોપની મુખ્ય નદીઓ અને તે ઉપરનાં શહેરો.

નદી	લંબાઇ માઇલ	ક્યાંથી નીકળી.	ક્યાં મળે છે	તેના ઉપરનાં મુખ્ય શહેરો.
ટેમ્સ.	૨૧૫	કોટસવાલ્ડના ડુંગરામાંથી.	જર્મન અથવા ઉત્તરસમુદ્રને	ઓક્સફર્ડ, રીડીંગ, વિન્ડસર, ઇટન, કિંગસ્ટન, લંડન, ગ્રીનીચ, વૂલાચ અને શેરનેસ.
સીન.	૪૭૦	ફ્રાન્સના મધ્યભાગના ડુંગરામાંથી	ઇંગ્લિશચાનલને.	ટ્રોય, પારિસ અને રૂએન
વિસ્ટુલા	૫૩૦	કારપેથિઅન પર્વતમાંથી.	બાલ્ટિક સમુદ્રને	ક્રેકો, વારસો, ડાનઝિગ અને કોનિગ્સબર્ગ.
ઓડર.	૪૪૫	,,	,,	પોઝેન, બ્રેસ્લો અને સ્ટેટિન.
એલ્બ.	૬૩૦	બોહીમિઆના પર્વતોમાંથી.	જર્મન સમુદ્રને	પ્રેગ, ડ્રેસ્ડન, વિટનબર્ગ, માગ્ડિબર્ગ, હેમ્બર્ગ, અને એલ્ટોના.
ર્‍હાઇન.	૮૦૦	સ્વિતઝરલાંડના પર્વતોમાંથી	,,	બેસલ, સ્ટ્રેસબર્ગ, મેનહીમ, મેયન્સ, કોબ્લેન્ટઝ, બોન, કોલન, યુટરેક્ટ અને લેડન.
ડાન્યુબ.	૧૭૨૫	આલ્પસમાંથી.	કાળા સમુદ્રને	ઉલ્મ, રેટિસબન, વિએના, પ્રેસબર્ગ, બ્યુડાપેસ્થ, બેલગ્રેડ, સિલિસ્ટ્રિઆ અને ગેલેટ્ઝ.
વોલ્ગા.	૨૪૦૦	વાલ્ડાઇ પર્વતોમાંથી	કાસ્પિઅન સમુદ્રને	નિજનિનવગરાડ, કઝાન, સારાટોવ અને અસ્ત્રાખાન.
પો.	૪૫૦	આલ્પસમાંથી.	આડ્રિઆટિક સમુદ્રને	ટ્યુરિન, મિલાન, પાર્મા અને ફેરેરા.

૧ ગ્રેટબ્રિટન અને આયર્લાંડ અથવા બ્રિટિશ આઇલેન્ડઝ.

બ્રિટિશ આઇલેન્ડઝ એટલે ઇંગ્લાંડ, વેલ્સ, સ્કોટલાંડ અને આયર્લાંડ એ દ્વીપો આટલાંટિક મહાસાગરમાં છે અને ઇંગ્લાંડની શહેનશાહત નીચે છે. આયર્લાંડ ૧૧૭૨ માં બીજા હેનરીએ જીતી લીધો. વેલ્સ ૧૨૮૨ માં પહેલા એડવર્ડે જીત્યો. અને સ્કોટલાંડનો છઠ્ઠો જેમ્સ રાજા ૧૬૦૩ માં ઇંગ્લાંડની ગાદીએ બેઠો. આ પ્રમાણે જૂદે જૂદે વખતે જોડાઇ હાલ એક રાજ્ય બનેલુંછે.

૧ (અ) ઇંગ્લાંડ અને વેલ્સ.

સીમા—ઉત્તરે સ્કોટલાંડ પૂર્વે જર્મન સમુદ્ર, દક્ષિણે ઇંગ્લિશ ચાનલ અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર, સેંટજ્યોર્જીસ ચાનલ અને આઇરિશ સમુદ્ર.

વસ્તી અને ક્ષેત્રફળ—ઇંગ્લાંડનું ક્ષેત્રફળ આશરે ૫૦,૯૦૦ ચોરસ માઇલ અને વેલ્સનું ૭૪૦૦ ચોરસ માઇલ છે. કુલ વસ્તી ૨,૯૦૦૦૦૦૦ બે કરોડ, નેવું લાખ માણસની છે.

પર્વત—ચિવિઅટ એ ઇંગ્લાંડ અને સ્કોટલાંડની સરહદ ઉપર છે. એ સિવાય પર્વતોની ચાર મોટી હાર છે. ૧ પીનાઇન ચેઇન એ ચિવિઅટથી તે ઇંગ્લાંડના મધ્યભાગ સુધી લંબાય છે. તેમાં સૌથી ઉંચો ક્રોસફેલ પર્વત છે. ૨ કમ્બ્રિઅન ગ્રુપ એ કમ્બરલાંડમાં છે. તેમાં સ્કાફેલ સૌથી ઉંચો છે. ૩ કેમ્બ્રિઅન સમુહ એ વેલ્સમાં છે. તેમાં સૌથી ઉંચો સ્નોડન છે. ૪ ડેવોનિઅન રેઇન્જ એ દક્ષિણમાં છે તેમાં સૌથી ઉંચો ડાર્ટમુર છે.

નદી—પૂર્વમાં વહેતી નદીઓ-ટાઇન, વેર અને ટીઝ જર્મન સમુદ્રને મળે છે. ઉઝ અને ટ્રેન્ટના સંગમથી હંબર બને છે. ગ્રેટઉઝ વોશને મળે છે. ટેમ્સ ઇંગ્લાંડની સૌથી મોટી નદી ઉત્તર મહાસાગરને મળે છે. દક્ષિણમાં ફક્ત એવન એકજ નદી છે તે ઇંગ્લિશ ચાનલને મળે છે. પશ્ચિમમાં વહેતી નદીઓ—સેવ-

નું બ્રિસ્ટલ ચાનલને મળે છે. વાઇ સેવર્નને મળે છે. મર્સી આઇરિશ સમુદ્રને મળે છે. અને ઇડન સોલ્વેફ્ર્થને મળે છે

સરોવર—મુખ્ય સરોવરો ડર્વેન્ટવાટર અલ્સવૉટર અને વિન્ડરમીઅર અથવા કેસવિક છે.

દ્વીપ—દક્ષિણે વાઇટ અને ચાનલદ્વીપો (જર્સી, ગર્નસી, આલ્ડર્ની અને સાર્ક) અને પશ્ચિમે આંગલસી, માન અને સિલી છે.

ભૂશિર—પૂર્વકાંઠે ફ્લામ્બરોહેડ, સ્પર્નહેડ અને નોર્થફ્રોરલાંડ છે. દક્ષિણ કાંઠે, સાઉથ ફ્રોરલાંડ, બીચીહેડ, નીડલ્સ, લિઝર્ડ અને લેન્ડઝએન્ડ; પશ્ચિમકાંઠે સેંટડેવિઝહેડ અને ગ્રેટઓર્મ્સહેડ. **અખાત અને ઉપસાગર**—પૂર્વ કિનારે હંબર અને ટેમ્સના મુખથી બનેલા અખાત અને વોશ, દક્ષિણે પ્લીમથ સાઉંડ અને માઉન્ટસનો ઉપસાગર; પશ્ચિમે બ્રિસ્ટલ ચાનલ, કાર્ડિગનબે, મર્સીનુંમુખ, મોરેકાંબિબે અને સાલ્વેફ્ર્થ.

સામુદ્રધુની—મનાઇ એ વેલ્સ અને આંગલસીની વચ્ચે છે. ડાવરની સામુદ્રધુની જર્મનસમુદ્ર અને ઇંગ્લિશ ચાનલને જોડે છે

શહેરો—વેપારનાં સ્થળ—રાજધાનીનું શહેર લંડન ટેમ્સ નદી ઉપર છે. તે આખી દુનિયામાં સૌથી મોટું પૈસાદાર અને સુશોભિત શહેર છે. લિવરપુલ મર્સી નદીના મુખ આગળ છે, તે રૂના વેપારનું મોટું મથક છે. પશ્ચિમ કાંઠે બ્રિસ્ટલ અને પૂર્વ કાંઠે હલ મોટાં બંદર છે. ટાઇન નદી ઉપર ન્યુકાસલ કોલસાના વેપાર માટે પ્રસિદ્ધ છે. સાઉધામ્પ્ટન વાઇટની ઉત્તરે છે. વેલ્સમાં કાર્ડિફ અને સ્વાન્સી વેપારનાં મોટાં સ્થળ છે.

નૌકાસૈન્ય રહેવાનાં ઠેકાણાં—પોર્ટસમથ, પ્લીમથ, વુલીચ અને ચેટમમાં દરીઆઇ લશ્કર તથા દારૂ ગોળો રેહે છે.

બનાવટ તથા કારખાનાંને માટે પ્રસિદ્ધ શહેરો—માન્ચેસ્ટર ૧, સુતર અને કાપડનાં કારખાનાંને માટે સુપ્રસિદ્ધ છે. સુતરાઉ કાપડની બનાવટમાં માન્ચેસ્ટર આખી પૃથ્વિમાં પહેલે નં-

બને છે. **બરમિંગહામ** ઇંગ્લાંડની મધ્યમાં છે તેમાં દરેક જાત-તનું ધાતુ કામ સારૂં થાય છે. **શેફિલ્ડ** માન્ચેસ્ટરની પૂર્વે છે તે લોઢાનાં હથીઆરની બનાવટને માટે પ્રખ્યાત છે. **મર્થિર ટિડવીલ** વેલ્સમાં છે તેમાં લોઢા કામ સારૂં થાય છે. **લીડઝ**માં ઉનનો સામાન સારો બને છે. લિવરપુલ પાસે **મેકલ્સફીલ્ડ**માં રેશમનાં કારખાનાં છે. **નોટિંગહામ, ડર્બી** અને **કોવેન્ટ્રી**માં મોજાં અને ફાર અને **કિડરમિન્સ્ટર**માં શેતરંજી બને છે. **નોર્ધેમ્પટન**નાં બુટ સારાં થાય છે.

વિદ્યાલયો—**લંડન, ઓક્સફર્ડ, કેમ્બ્રિજ** અને **ડર્હામ**માં પાઠશાળાઓ છે. અને **ઇટન, હેરો, વિન્ચેસ્ટર** અને **રૂગબી**માં મોટાં વિદ્યાલયો છે. **કેન્ટરબરી** અને **યોર્ક**માં ધર્માધ્યક્ષો રહે છે. કેન્ટરબરીનો ધર્માધ્યક્ષ ઇંગ્લાંડનો બધા પાદરીનો વડો છે.

હવાના ઠેકાણાં-દક્ષિણ કાંઠે **બ્રાઇટન** પૂર્વ કાંઠે **સ્કારબરો** અને પશ્ચિમ કાંઠે **બાથ** અને **ચેલ્ટનહામ**.

પ્રખ્યાત જગ્યાઓ—લંડન પાસે વિંડસરમાં મોટો કિલ્લો અને રાજમહેલ છે. **ગ્રીનીચ** ટેમ્મ નદી ઉપર છે ત્યાં મોટી ઑબ્ઝરવેટરી (અવલોકન સ્થાન) છે. ઇંગ્લાંડના મધ્ય ભાગમાં સ્ટ્રાટફર્ડ શહેરમાં મહાકવિ શેકસપીઅરનો જન્મ થયો હતો.

બંદર—પૂર્વ કાંઠે-બેરિક, સંડરલાંડ, **સ્કારબરો, હલ, યારમાઉથ** અને **હાર્વિચ**, દક્ષિણ કાંઠે-ડોવર, **હેસ્ટિંગ્સ, બ્રાઈટન, પોર્ટસમથ**, સાઉથમ્પ્ટન, એકસેટર, પ્લીમથ, **ફાલમથ** અને **પેનઝન્સ** પશ્ચિમકાંઠે-**બ્રિસ્ટલ**, કાર્ડિફ, **સ્વાન્સી, બર્કનહેડ ને લિવરપુલ.**

લોકો અને ધર્મ -ઇંગ્લાંડના મૂળ વતની કેલ્ટિક હતા. આશરે ૨૦૦૦ વર્ષ ઉપર રોમન લોકોએ તે દેશ જીતી લીધો, અને ૩૦૦ વર્ષ સુધી તે તેમના હાથમાં રહ્યો. ત્યાર બાદ સને ૪૫૧ માં સેક્સન લોકોએ તે લીધો. સને ૧૦૬૬ માં નોર્મન લોકોએ તે જીત્યો. આ નોર્મન લોકોના અમલમાં દેશની ભાષા અને

રીતભાતમાં ઘણો સુધારો થયો. આખા દેશમાં પ્રોટેસ્ટંટ ધર્મ ચાલે છે.

રાજ્ય બંધારણ—ઈંગ્લંડનું રાજ્ય રાજા અથવા રાણી, દિવાને ખાસ (ઉમરાવોની સભા) અને દિવાને આમ [સાધારણ લોકોની સભા]નું બનેલું છે. કર મૂકવાની અને ઉપજ ખર્ચની સત્તા દિવાને આમના હાથમાં છે. દિવાને ખાસ અને દિવાને આમ મળી બ્રિટિશ પાર્લામેન્ટ કહેવાય છે. દરેક કાયદો અમલમાં મૂકાતાં પહેલાં તેને માટે પાર્લામેંટ અને રાજ્યકર્તાની મંજુરી મેળવવી પડે છે.

ઉપજ—બ્રિટિશ આઇલેન્ડઝની વાર્ષિક ઉપજ ૮ કરોડ ૮૦ લાખ પાઉંડ છે.

ઈંગ્લંડનાં ૪૦ અને વેલ્સનાં ૧૨ પ્રગણાં છે.

કેળવણી—કેળવણીનો પ્રચાર ઘણોજ છે. અને ઈંગ્લાંડની ભૂમિએ મહાન વિદ્વાનો અને ફીલસૂફોને જન્મ આપ્યો છે. ઑક્સફર્ડ કેમ્બ્રિજ અને લંડનની પાઠશાળાઓ મુખ્ય છે. શેક્સપીઅરતે મિલ્ટન જેવા મહાન્ કવિઓ અને ન્યુટનને બેકન જેવા મહાન્ તત્વવેત્તાઓ ઈંગ્લાંડમાં થઇ ગયા છે.

ચાલચલગત—ઈંગ્રેજ લોકો પ્રમાણિક, ઉદ્યોગી અને સાહસિક છે પણ મિજાજે કાંઇક તુંદ હોય છે.

હુન્નર કળા—બ્રિટન આખી દુનિયામાં હુન્નર કળામાં પ્રથમ પંક્તિએ છે. મુખ્ય બનાવટોમાં રેશમી, ઉનનું અને સુતરાઉ કાપડ, લોઢા કામ, સાબુ, કાચ અને માટી કામ છે. આગગાડીની પ્રથમ શોધનું માન ઈંગ્લાંડને છે

ખનિજ પદાર્થો—લોઢા અને કોલસાની ખાણોને માટે ઈંગ્લાંડ મશહૂર છે અને દેશની દોલતનો વધારો મુખ્યત્વે કરીને આ બે ચીજથી થયો છે.

લશ્કર અને નૌકાસૈન્ય—બ્રિટનનું કાયમ લશ્કર ૨,૧૦૦૦૦ માણસનું છે, જેમાંથી ૭૦ હજાર હિંદુસ્તાનમાં છે.

ઇંગ્લાંડનું નૌકાસૈન્ય દુનિયામાં સૌથી વધારે બળવાન છે. પ્રજા લડાયક હોવાથી લડાઇના વખતમાં બમણું લશ્કર થઇ જાય છે.

---

૧ (બ) સ્કૉટલાંડ.

સીમા—ઉત્તરે અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર, દક્ષિણે ઇંગ્લાંડ અને આઇરિશ સમુદ્ર અને પૂર્વે ઉત્તર અથવા જર્મન સમુદ્ર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૪૦ લાખ માણસની છે. ક્ષેત્રફળ ૩૦ હજાર ચોરસ માઇલ એટલે કે સિલોનથી લગભગ સવાયું છે.

પર્વત—દક્ષિણમાં લાઉધર્સ. ઇંગ્લાંડ અને સ્કોટલાંડની સરહદ વચ્ચે ચિવિયટ અને મધ્ય ભાગમાં ગ્રાંપિયન્સ. ગ્રાંપિયન્સ પર્વતોની હારમાં સૌથી મોટો પર્વત બેનનેવિસ છે.

નદી—ટ્વીડ ઇંગ્લાંડ અને સ્કોટલાંડની વચ્ચે છે. ફોર્થ, ટે અને ક્લાઇડ તેજ નામના અખાતોને મળે છે. સ્પે મોરેફ્થને મળે છે. એ સિવાય ડી, નિથ અને નેસ નાની નદીઓ છે.

સરોવર—(લૉક એટલે સરોવર) સૌથી મોટું સરોવર લૉક લોમોન્ડ છે. લૉક કેટ્રિન, લૉક શીન, લૉક મારી, લૉક નેસ લૉક ઑ, લૉક ટે વિગેરે બીજાં સરોવરો એમાં છે.

દ્વીપ—ઉત્તરે ઓર્કની અને શેટલાંડ, પશ્ચિમે હેબ્રિડીઝ અને નૈરૃત્યે બ્યુટ અને એરન.

ભૂશિર—ઉત્તરે ડનેટહેડ અને કેપ રોથ, દક્ષિણે મલ-ઓફ ગેલોવે અને પશ્ચિમે સેંટએબ્સહેડ.

અખાત અને ઉપસાગર—પૂર્વે ફ્ર્થઓફ ફોર્થ, ટે અને મારે, ઉત્તરે પેન્ટલાંડફ્ર્થ, પશ્ચિમે લૉક લિનહે, ક્લાઇડ અને સોલ્વેફ્ર્થ. (સ્કોટલાંડના અખાતને "ફ્ર્થ" કહે છે.)

સ્કોટલાંડનાં ૩૩ પરગણાં છે.

શહેર—મુખ્ય શહેર એડિનબર્ગ ફ્ર્થ ઓફ ફોર્થ ઉપર છે.

તે રમણીય શહેર છે. **લીથ** એડિનબર્ગનું બંદર છે. **ગ્લાસગો** ક્લાઇડ નદી ઉપર છે. તે સ્કોટલાંડમાં સૌથી મોટું શહેર છે. તેમાં પાઠશાળા છે. **પેસલી** ગ્લાસગોની પશ્ચિમે છે. **ગ્રીનોક** ક્લાઇડના મુખ આગળ મોટું બંદર છે. સ્ટરૂલિંગ ફોર્થ નદી ઉપર છે. તેમાં મોટો કિલ્લો છે.

ડન્ડી ફ્રર્થ ઓફ્ટે ઉપર છે. તેમાં શણનાં કારખાનાં છે. પૂર્વ કિનારે **આબર્ડીન**માં પાઠશાળા છે. સેંટ એન્ડ્રુસમાં પણ પાઠશાળા છે. **બાલમોરલ** આબર્ડીનની પશ્ચિમે છે. ઉન્હાળામાં મહારાણી શ્રી ત્યાં રહે છે. ઉત્તરમાં ઇન્વરનેસ અને વિક મોટાં શહેરો છે.

બંદર—પૂર્વ કાંઠે વિક, ઇન્વરનેસ આબર્ડીન, ડન્ડી અને લીથ, પશ્ચિમકાંઠે આયર, ગ્રીનોક અને ડમ્બાર્ટન.

વિશેષ હકીકત—સ્કાટલાંડના લોકો ખબરદાર અને ખંતીલા છે. સ્કોટલાંડને અસલના વખતમાં કલિડોનિઆ કહેતા અને ત્યાંના રહેવાસી પિકટ કહેવાતા. સને ૧૬૦૩ માં સ્કાટલાંડનો છઠ્ઠો જેમ્સ ઇંગ્લાંડની ગાદીએ આવ્યો અને ત્યાર પછી સને ૧૭૦૭માં બન્ને દેશની પાર્લામેન્ટ જોડાઇ એક થઇ. દેશના ઘણાખરા ભાગમાં પ્રોટેસ્ટંટ ધર્મ ચાલે છે. ફોર્થ અને ક્લાઇડ નદીની પડોસમાંથી પુષ્કળ લોઢું અને કોલસા નીકળેછે.

---

૧ (ક) આયર્લાંડ.

સીમા—પૂર્વે નોર્થ ચાનલ, આઇરિશ સમુદ્ર અને સેંટ જ્યોર્જેસ ચાનલ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરે આટલાંટિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૫૦ લાખ માણસની છે. અને ક્ષેત્રફળ આશરે ૩૨, ૫૦૦ ચોરસ માઇલ છે.

ભાગ—૧ ઉત્તરમાં **અલ્સ્ટર**, મધ્યમાં ૨ **લીનસ્ટર** અને ૩ કોનોટ અને દક્ષિણમાં ૪ **મનસ્ટર**. તે ચાર ભાગમાં ૩૨ પરગણાં છે.

પર્વત—નૈરૂત્યખૂણામાં **કાનેટ્યુઆલ** અને પૂર્વ કાંઠે **મો-ર્ને** અને વિકલો છે.

નદી—**શાનન** સૌથી મોટી નદી આટલાંટિકને મળે છે. **લિફી** અને **બોઇન** આઇરિશ સમુદ્રને મળે છે. **ફાઇલ** અને **બાન** ઉત્તરમાં વહે છે **સુઅર** અને **લી** દક્ષિણમાં વહે છે.

સરોવર—આયર્લાંડમાં સરોવર ઘણાં છે. તેમાંના મુખ્ય **ને**, **અર્ને**, માસ્ક, કોરિબ, રી. ડર્ગ અને કિલાર્ની છે. લોક **ને** ગ્રેટબ્રિટન અને આયર્લાન્ડમાં બધા સરોવર કરતાં મોટું છે.

દ્વીપ—ઉત્તરે રાથલિન, પશ્ચિમે **એકિલ**, **એરન** અને **વાલેન્શિઆ** અને નૈરૂત્યે કલી ૨ બેટ છે.

ભુશિર—ઉત્તરે **માલિનહેડ**, પૂર્વે **ફેરહેડ**, દક્ષિણે **કેપ કલીઅર**, ડબલિન પાસે **હાઉથ હેડ**.

અખાત અને ઉપસાગર—ઉત્તરે લોક **ફોઇલ** અને **સિ-લી**, પશ્ચિમે **ગાલ્વે** નો ઉપસાગર, નૈરૂત્યે **બેન્ટ્રી** અને ઇશાને **બેલફાસ્ટ** લોક. [આયર્લાંડના અખાતને લોક કહે છે.]

શહેરો—મુખ્ય શહેર **ડબલિન** લિફિ નદી ઉપર છે. તે-માં મોટી પાઠશાળા છે. ઇશાન ખૂણામાં બેલ ફાસ્ટ લોક ઉપર **બેલફાસ્ટ** શહેર છે. તે વસ્તી અને વિસ્તારમાં બીજે નંબરે પણ હુન્નર અને ઉદ્યોગમાં **પ્રથમ** દરજ્જે છે. દક્ષિણમાં **કોર્ક** નામે ત્રીજું મોટું શહેર છે. ત્યાંથી ખોરાકી । સામાન પરદેશ ખાતે ચડે છે. પશ્ચિમે શાનન ઉપર **લિમરિક** મોટું બંદર છે, તે કોરના વણાટને માટે પ્રખ્યાત છે. ઉત્તર ફોઇલિ ઉપર **લં-ડનડેરી** છે. ૧૬૮૯માં જ્યારે બીજા જેમ્સે તેને ઘેરો ઘાલ્યો ત્યારે ત્યાંના લોકોએ બહુ બહાદુરીથી શહેરનો બચાવ કર્યો હ-તો. **આર્માઘ** મધ્યમાં છે; તેમાં ધર્માધ્યક્ષ રહે છે. અગ્નિ ખૂણા-માં **વોટરફર્ડ** મોટું બંદર અને વેપારનું સ્થળ છે. તેની ઉત્તરે **કિલકેનીમાં** ઉનનાં વણાટનાં કારખાનાં છે

બંદર—પૂર્વ કાંઠે **બેલફાસ્ટ** ને **ડબલિન** દક્ષિણ કાંઠે

વોટરફર્ડ ને કોર્ક, પશ્ચિમ કાંઠે લિમરિક, ગાલ્વે ને સ્લાઇગો; ઉત્તર કાંઠે—**લન્ડડરી.**

વિશેષ હકીકત—સને ૧૮૪૧ માં આયર્લાંડની વસ્તી ૮૦ લાખ કરતાં પણ વધારે હતી પણ સને ૧૮૪૧ માં દુકાળ પડવાથી ઘણા લોકો અમેરિકા જઇ વસ્યા તેથી હાલ તે ઘટી છે. આઇરિશ લોકો સ્વભાવે ઉદાર, ઉમંગી અને માયાળુ છે પણ ઇંગ્રેજો જેટલા ઉદ્યોગી નથી. અલસ્ટર પ્રાંતના લોકો સિવાય દેશના તમામ ભાગમાં રોમનકેથોલિક ધર્મ પ્રબળ છે. પ્રથમ આયર્લાંડને જૂદી પાર્લામેન્ટ હતી પણ સને ૧૮૦૧ માં તે બ્રિટિશ પાર્લામેન્ટ સાથે જોડાઇ ગઇ. વાનપ્રસ્થ થયેલ લિબરલ પક્ષના વડા મહાન ગ્લાડસ્ટન આઇરિશ લોકોને અગાઉની માફક તેમની પોતાની પાર્લામેન્ટ આપવાને બહુ ઉત્સૂક છે અને તેને માટે તેણે ઘણું નુકશાન વેઠી મોટી લડત ચલાવી છે.

ગ્રેટબ્રિટનની હકુમત નીચેનાં પરદેશી સંસ્થાનો—બ્રિટિશ રાજ્ય આખી દુનિયામાં સૌથી મોટું, સૌથી વધારે બળવાન અને ચીન સિવાય વસ્તીમાં પણ સૌથી મોટું છે. દોલત અને વિદ્યાહુન્નરમાં તો તેની સાથે સરખામણી કરવા યોગ્ય બીજું એકે રાજ્ય નથી. તેનાં પરદેશી સંસ્થાનોનો વિસ્તાર આશરે ૮૮૫૩૩૮૧ ચોરસમાઇલમાં છે એટલે કે પૃથ્વીની સપાટીનો $\frac{1}{6}$ ભાગ તો બ્રિટનને તાબે છે, અને તેની હકુમત નીચેની વસ્તીની સંખ્યા આશરે ૨૯૮૭૩૩૯૫૦ માણુસની છે એટલે કે આખી દુનિયાની વસ્તીનો $\frac{1}{5}$ ભાગ તેના તાબામાં છે. તે સંસ્થાનોનું લિસ્ટ આ નીચે આપ્યું છે.—

યૂરોપમાં—બ્રિટિશ આઇલેન્ડઝ, જીબ્રાલ્ટર, માલ્ટા અને ગોઝો.

એશિઆમાં—બ્રિટિશ હિંદુસ્તાન, બ્રિટિશ બ્રહ્મદેશ, સિલોન, પેરિમ, એડન. સ્ટ્રેટ સંસ્થાનો (પિનાંગ, સિંગાપોર, મલાક્કા અને

વેલેસ્લિ), હોંગકોંગ,

આફ્રિકામાં—સિએરાલીઓન, ગેમ્બિઆ, ગોલ્ડકોસ્ટ (સુવર્ણકિનારો), લેગોસ, સેંટહેલીના, આસેન્શન, કેપકોલોની, નેટલ, મોરીશ્યસ, અમિરાંતી અને સેચલ. ઝાંઝીબાર અને ઝુલુદેશ ઇંગ્રેજના રક્ષણ તળે છે.

અમેરિકામાં—બ્રિટિશ કેનેડા, નોવાસ્કોશિઆ, પ્રિન્સએડવર્ડ, દ્વીપ, ન્યુફાઉન્ડલાંડ, હાન્ડુરાસ. વેસ્ટઇન્ડીઝમાં જેમેકા, લીવર્ડ, વિંડવર્ડ, સેંટવિન્સેંટ, ત્રિનિદાદ, બરમ્યુડાઝ, અને બાહમા, દક્ષિણ અમેરિકામાં-બ્રિટિશ ગાયેના અને ફોકલાંડ.

ઑશિયાન્યામાં—ઓસ્ટ્રેલિઆ, ટાસમાનિઆ, ન્યુઝીલાંડ, ફીજી, ન્યુગીની, નોરફોક, ઓકલાંડ ન્યુબોર્નીઓ, લેબુઅન્ડ અને સારાવાક.

૨ ફ્રાન્સ.

સીમા—ઉત્તરે ઇંગ્લિશચાનલ અને બેલજીઅમ; દક્ષિણે ભૂમધ્ય સમુદ્ર અને સ્પેન; પૂર્વે જર્મની સ્વિતઝરલાંડ અને ઇટાલિ અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૩ કરોડ ૮૦ લાખ માણસની છે. ક્ષેત્રફળ ૨૦૪૦૦૦ ચોરસ માઇલ છે.

પર્વત—મધ્ય ભાગમાં **ઓવર્ન** અને **સેવિન**, અગ્નિખૂણમાં **જ્યુરા** અને **આલ્પસ**, અને ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે **પિરીનીઝ** છે.

નદી—**સીન** ઇંગ્લિશ ચાનલને **લુઆર** અને **ગેરોન** બિસ્કેના ઉપસાગરને અને **ર્‍હોન** ભૂમધ્ય સમુદ્રને મળે છે.

દ્વીપ—વાયવ્યખૂણમાં **ઉશાન્ટ**, દક્ષિણમાં **હિરીઝ** અને ભૂમધ્ય સમુદ્રમાં **કોર્સિકા** છે.

ભૂશિર—વાયવ્યખૂણમાં **લાહોગ** અને **બારફ્લુર** છે.

અખાત અને ઉપસાગર-**બિસ્કેનો** ઉપસાગર પશ્ચિમે અને **લાયનનો** અખાત દક્ષિણે છે.

શહેરો—રાજધાનીનું શહેર **પારિસ** સીન નદી ઉપર છે. દુનિયામાં લંડન સિવાય તે સૌથી મોટું શહેર છે. તેમાં મોટી પાઠશાળા તથા કેટલીક હુન્નરશાળાઓ છે. શહેરની બાંધણી ઘણીજ સુંદર છે. ર્‌હોન અને સોનના સંગમ ઉપર **લાયનમાં** રેશમના વણાટનાં કારખાનાં છે. તેની નૈરૂત્યે **સેંગટેટિનમાં** લોઢાનું કામ સારૂં થાય છે. સીન નદી ઉપર **રૂએન** રૂના વેપારનું સ્થળ છે. ઉત્તરમાં **લીલ** શણના વણાટ માટે પ્રખ્યાત છે. **બંદર**—ભૂમધ્ય સમુદ્ર ઉપર **માર્સેલ્સ** સૌથી મોટું બંદર છે. ગેરોન નદી ઉપર **બોર્ડો** બીજું મોટું બંદર છે; ત્યાંથી દારૂ, તેલ, મેવો વિગેરે પરદેશ ખાતે ચડે છે. લુઓર નદી ઉપર **નાન્ટ્સ** વેપારનું સ્થળ છે. સીન નદીના મુખ આગળ **હેવર** ત્રીજું મોટું બંદર છે. **કેલે**, ડન્કર્ક અને **બુલોન** એ ત્રણે ઇંગ્લિશચાનલ ઉપર બંદર છે. બિસ્કેના ઉપસાગર ઉપર **લારોશેલ** બંદર છે. ૧૬૨૭માં કેથોલિક લોકોએ તેને ઘેરો ઘાલ્યો હતો. ભૂમધ્ય સમુદ્ર ઉપર **ટુલોન**, આટલાંટિક માહાસાગર ઉપર **બ્રેસ્ટ** અને ઇંગ્લિશચાનલ ઉપર **શરબર્ગ** એ ત્રણે નૌકાસૈન્યનાં સ્થળ છે. **પ્રખ્યાત શહેરો**—લુઓર નદી ઉપર **ઓરલિઅન્સ** છે. તેને સને ૧૪૨૮માં ઇંગ્રેજે ઘેરો ઘાલ્યો હતો. પણ "જોન ઓફ્ આર્ક" નામની ફ્રેન્ચ છોકરીએ તે ઘેરો ઉઠાડયો હતો. ગેરોન ઉપર **ટુલૂસ** આગળ સને ૧૮૧૪ વેલિંગ્ટને ફ્રેન્ચને હરાવ્યા હતા. ફ્રાન્સની નૈરૂત્યે **બેયોનમાં** પહેલવહેલું 'બેયાનેટ" (સંગીન) બનાવવામાં આવ્યું હતું.

ભૂમધ્ય સમુદ્રમાં **કોર્સિકા** બેટ ફ્રાન્સને તાબે છે. તેના મુખ્ય શહેર **એજેશિઓમાં** નેપોલિઅન બોનાપાર્ટનો જન્મ થયો હતો.

સંસ્થાન—પૃથ્વી ઉપર ફ્રેન્ચ સંસ્થાનોનો વિસ્તાર ૮ લાખ ૩૧ હજાર ચોરસ માઇલનો છે અને તેની હકુમત નીચેની વસ્તીની સંખ્યા ૩ કરોડ ૧૦ લાખની છે. તેમાંના મુખ્ય નીચે મુજબ છે.

એશિઆમાં—પોંડિચેરી, કારિકલ, માહી, ચંદ્રનગર અને

પાનામ હિંદુસ્તાનમાં, અને ટોન્કીન અને ફ્રેન્ચ કોચિન ચાઇના એશિઆમાં.

આફ્રિકામાં—ઉત્તરમાં અલજીરિઆ અને ટયુનિસ. પશ્ચિમમાં સેનિગાલ અને કોન્ગો નદીના પ્રદેશનો થોડો ભાગ, માડાગાસ્કર બુર્બોન, કોમોરૂ અને રીયુનિયન દ્વીપો **હિંદીમહાસાગરમાં;**

અમેરિકામાં—માર્ટિનીક ગ્વાડેલૂપ વિગેરે. **વેસ્ટઇન્ડીઝમાં.** ફ્રેન્ચગાયેના અથવા કેઇન દક્ષિણ **અમેરિકામાં.**

ઓશઆન્યામાં—ન્યુકેલેડોનિઆ, તાહીતી, લોયલ્ટીરી, મારકવેસસ વિગેરે.

વિશેષ હકીકત—હુન્નરકળામાં ફ્રાન્સ, ઇગ્લાંડથી ઉતરતો છે. મુખ્ય પેદાશ દારૂની છે. ફ્રેન્ચ લોકો સભ્ય, ખુશમિજાજી અને બાહોશ છે. સઘળા કામકાજમાં સ્ત્રીઓ પણ પુરૂષના જેટલોજ ભાગ લેછે. રાજ્ય **પ્રજાસત્તાક** છે. ચુંટી કાઢેલ પ્રેસિડેંટ (પ્રમુખ) ધારા બાંધનારી સભાએ બાંધી આપેલ ધારા મુજબ અમલ ચલાવે છે. લોકોનો મુખ્ય આધાર ખેતી ઉપર છે. મિલ્કત બધા છોકરાઓ વચ્ચે સરખી રીતે વહેંચી આપવાનો ધારો હોવાથી મોટા મોટા જાગીરદારો પણ ગરીબ અવસ્થામાં આવી પડયાછે. વસ્તીનો મોટો ભાગ **રોમનકેથોલિક** ધર્મને માને છે.

---

૩ સ્પેન.

સીમા—ઉત્તરે બિસ્કેનો ઉપસાગર અને ફ્રાન્સ, દક્ષિણે અને પૂર્વે ભૂમધ્ય સમુદ્ર અને પશ્ચિમે પોર્ટુગાલ અને આટલાંટિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૧ કરોડ ૭૫ લાખ માણસની છે. અને ક્ષેત્રફળ આશરે ૧,૫૮૦૦૦ ચોરસ માઇલ છે.

પર્વત—પિરીનીઝ ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે છે; તેની પશ્ચિમ તરફની હારને કેન્ટાબ્રિઅન પર્વતો કહે છે.

નદી—**ડુરે**, **ટેગસ**, **ગ્વાડિઆના** અને **ગ્વાડલક્વિવર** આટલાંટિક મહાસાગરને અને ઇબ્રો ભૂમધ્ય સમુદ્રને મળે છે.

દ્વીપ—**બલીઆરિક** દ્વીપો ભૂમધ્ય સમુદ્રમાં છે. તેમાં મુખ્ય મેજોર્કા (મોટો), **માઇનોર્કા** (નાનો), **ઐવિઝા** અને **ફોરમેન્ટેરા** છે. **કેનેરી** દ્વીપો આટલાંટિક મહાસાગરમાં છે.

ભૂશિર—**ઓર્ટિગલ** અને **ફિનિસ્ટર** (જમીનનો છેડો) વાયવ્યે છે. **ટ્રફાલગર** અને **ટરીફા** દક્ષિણે છે.

સામુદ્રધુની—**જીબ્રાલ્ટર**ની સામુદ્રધુની ભૂમધ્ય સમુદ્ર અને આટલાંટિક મહાસાગરને જોડે છે.

શહેરો—રાજધાનીનું શહેર **માડ્રિડ** માન્ઝેનેરિઝ નદી ઉપર છે. ઇશાન ખૂણમાં **બાર્સિલોના** સૌથી મોટું વેપારનું સ્થળ છે. **વાલેન્સિઆ**, **અલિકાન્ટ** અને **મેલેગા** ભૂમધ્ય સમુદ્ર ઉપર બંદરો છે. કેડિઝ આટલાંટિક મહાસાગર ઉપર મોટું બંદર છે, ગ્વાડલક્વિવર ઉપર **સેવીલ** તંબાકુને માટે પ્રખ્યાત છે; તેજ નદી ઉપર **કોર્ડોવા** મૂર લોકોની રાજધાનીનું શહેર હતું. દક્ષિણમાં **ગ્રનેડા** સ્પેનમાં સૌથી સુંદર શહેર છે. ટેગસ ઉપર **ટોલેડો** તરવારની બનાવટ માટે પ્રસિદ્ધ છે માડ્રિડની વાયવ્યે **સાલામાંકા** અને **વેલેડોલિડ** શહેરોમાં પાઠશાળા છે. **સારાગોઝા** ઇબ્રો નદી ઉપર છે. ફ્રેન્ચ લોકોએ તેને ઘેરો ઘાલ્યો ત્યારે ત્યાંના લોકોએ તેનો બહાદુરીથી બચાવ કર્યો હતો **કોરૂના**, **સેન્ટેન્ડર** અને **બિલબેયો** આટલાંટિક મહાસાગર ઉપર બંદરો છે. **કાર્ટેજીના** મોટું શહેર છે. **જીબ્રાલ્ટર**ના ખડક ઉપરનો મજબૂત કિલ્લો ઇંગ્રેજને તાબે છે.

સંસ્થાન—પ્રથમ સ્પેનનાં સંસ્થાનો ઘણાં હતાં પણ હાલમાં ઘણાં થોડાંજ હાથમાં રહ્યાં છે. સંસ્થાનોનો કુલ વિસ્તાર ૧ લાખ ૯૦ હજાર ચોરસ માઇલ છે અને વસ્તી ૮૦૯૬૨૩૩ માણસની છે. સ્પેનનાં સંસ્થાનો નીચે મુજબ છે.

આફ્રિકામાં—મોરોકકોની ઉત્તરે સ્યુટા અને તેતુઆન અને આફ્રિકાની પશ્ચિમે કેનેરી, અનાબોન અને ફરનાન્ડોપો છે.

અમેરીકાના વેસ્ટઇન્ડીઝમાં—ક્યુબા, પોર્ટોરિકો અને વરજીન દ્વીપોનો થોડો ભાગ,

ઓશીઆન્યામાં-ફિલિપ્પાઇન, લેડ્રોન અને કેરોલાઇન દ્વીપોનો અમુક ભાગ.

સને ૧૪૯૨માં સ્પેનના રાજાના આશ્રય તળે કોલંબસે અમેરિકાખંડ શોધી કાઢેલ હોવાથી તે ખંડમાં સ્પેનનાં સંસ્થાન ઘણાં હતાં પણ રાજ્ય નબળું પડી જવાથી સંસ્થાનો પણ અન્ય પ્રજાએ જીતી લીધાં છે.

વિશેષ હકીકત—મધ્ય એશિઆમાંથી જૂદે જૂદે સ્થળે ગયેલ આર્ય લોકોની ટોળી માંહેલી યૂરોપ તરફ ગયેલ ટોળી પ્રથમ સ્પેનમાં ગઇ હોય એવું અનુમાન થાય છે. સ્પેનના લોકો અહંકારી, અજ્ઞાન અને વહેમી છે. તેઓ **રોમનકેથોલિક** પંથના છે. સ્પેનમાં રાજાનું રાજ્ય છે. સ્પેનદેશ મુસલમાન મૂર લોકોના હાથમાં આશરે ૭૦૦ વર્ષ સુધી રહ્યો; તેઓનાં કેટલાંક ભવ્ય મકાનો હજી પણ જોવામાં આવે છે. મૂરલોકોને સને ૧૪૯૧ માં ફરડીનાંડ અને ઇસાબેલાએ હાંકી કાઢયા. સને ૧૪૯૨ માં અમેરિકાની શોધ થયા પછી આશરે ૧૦૦ વર્ષ સુધી સ્પેનનું રાજ્ય આખા યૂરોપમાં પ્રથમ પંક્તિએ હતું.

---

૪ પોર્ટુગાલ.

સીમા—ઉત્તરે અને પૂર્વે સ્પેન, દક્ષિણે અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૪૭૫૦૦૦૦ માણસની છે અને ક્ષેત્રફળ ૩૫૦૦૦ ચોરસ માઇલ છે.

પર્વત—સ્પેનમાં શરૂ થતા પર્વત પોર્ટુગાલમાં પણ આવેલા છે.

નદી—ઉત્તરમાં મિન્હો, મધ્યમાં ડુરો અને ટેગસ અને દક્ષિણમાં ગ્વાડિઆના છે.

બૂશિર—સેંટવિન્સેંટ અને **સેંટામેરિઆ** એ બે દક્ષિણે અને રોકા પશ્ચિમે છે.

શહેરો—મુખ્ય શહેર **લિસ્બોન** ટેગસ નદી ઉપર છે. ડુરોના મુખ આગળ **ઓપોર્ટો** બંદર છે. "પોર્ટ વાઇન" નામના દારૂનું નામ એ શહેર ઉપરથી પડેલું છે, અહીંથી પુષ્કળ દારૂ દેશાવર ખાતે ચડે છે. દક્ષિણમાં **સેટયુબલ**માં મીઠું પાકે છે. મધ્યમાં **કોઇમ્બ્રા**માં પાઠશાળા છે.

સંસ્થાન—સંસ્થાનોનો કુલ વિસ્તાર ૧૧ લાખ ૩૫ હજાર ચોરસ માઇલ અને વસ્તી ૩૨૫૮૪૧૪ માણસની છે.

એશિઆમાં—દિવ, દમણ અને ગોવા હિંદુસ્તાનમાં અને મકાઉ ચીનમાં.

આફ્રિકામાં—આઝોર્સ, મદીરા અને કેપવર્ડ આટલાંટિક મહાસાગરમાં, સેંટપોલડીલોઆન્ડા ગિનીના અખાતમાં અને સેનીગામ્બિઆ, એન્ગોલા, બેંગવિએલો, સોફાળા અને મોઝાંબીકનો થોડો ભાગ.

વિશેષ હકીકત—પોર્ટુગાલ "પોર્ટ વાઇન" નામના દારૂને માટે પ્રખ્યાત છે. લોકો અજ્ઞાન અને વહેમી છે. "કેપ ઓફ ગુડહોપ" ને રસ્તે થઈ હિંદુસ્તાનમાં આવવાનો જળમાર્ગ પ્રથમ પોર્ટુગીઝ લોકોએ શોધી કહ્યો હતો. પોર્ટુગાલ દેશ પ્રથમ સ્પેનને તાબે હતો પણ સને ૧૫૪૦ માં સ્વતંત્ર થયો. રાજ્ય રાજાનું છે. **ધર્મ—રોમનકેથોલિક** છે.

---

૫ બેલજીઅમ.

સીમા—ઉત્તરે હોલાંડ, દક્ષિણે ફ્રાન્સ, પૂર્વે પ્રુશિઆ અને પશ્ચિમે જર્મન સમુદ્ર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૯૦ લાખ માણસની છે અને ક્ષેત્રફળ આશરે ૧૧૪૦૦ ચોરસ માઇલ છે.

નદી—મ્યુસ અને **સ્કેલ્ટ** એ બન્ને જર્મન સમુદ્રને મળે છે.

શહેરો—મુખ્ય શહેર **બ્રુસેલ્સ** સેન નદી ઉપર છે. તેમાં હુન્નરનાં કારખાનાં છે. ત્યાંથી નવ માઇલ દૂર **વોટરલૂનું** પ્રખ્યાત રણક્ષેત્ર છે. સ્કેલ્ટ નદી ઉપર **એન્ટવર્પમાં** મજબૂત કિલ્લો છે; તે બેલજીઅમમાં સૌથી મોટું વેપારનું સ્થળ છે. **ઘેન્ટ** પણ સ્કેલ્ટ નદી ઉપર છે. તે સુતરાઉ વણાટનાં કારખાનાં તથા પાઠશાળાને માટે પ્રસિદ્ધ છે. મ્યુસ નદી ઉપર **લીજમાં** લોઢાનાં હથિઆર બનાવવાનાં કારખાનાં છે. **ઓસ્ટેન્ડ** જર્મન સમુદ્ર ઉપર બંદર છે.

વિશેષ હકીકત—સને ૧૮૧૪ માં તે હોલાંડ સાથે જોડી દેવામાં આવ્યો હતો પણ સને ૧૮૩૦ માં તે સ્વતંત્ર થયો, ત્યાં રાજાનું રાજ્ય છે. વસ્તી ફ્રેન્ચ અને વલંદાની બનેલી છે. ફ્રેન્ચ અને ફ્લેમિશ ભાષાઓ બોલાય છે. બેલજીઅમ રેશમ, ઉન અને સુતરાઉ કાપડના વણાટ માટે અને લોઢાની બનાવટ માટે પ્રખ્યાત છે.

---

૬ હોલાંડ અથવા નેધરલાંડ.

સીમા—ઉત્તરે અને પશ્ચિમે જર્મન સમુદ્ર, દક્ષિણે બેલજીઅમ અને પૂર્વે પ્રુશિઆ.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૪૫૦૦૦૦૦ માણસની છે અને ક્ષેત્રફળ આશરે ૧૨,૭૦૦ ચોરસ માઇલ છે. હોલાંડ વિસ્તારમાં અયોધ્યાથી અરધો છે.

નદી—ર્‌હાઇન, **મ્યુસ** અને **સ્કેલ્ટ** જર્મન સમુદ્રને મળતાં તે દેશમાં થઇને વહે છે.

દ્વીપ—વોલકરન અને **બીવલાંડ** દક્ષિણે અને **ટેક્સલ** ઉત્તરે છે.

અખાત—**ઝ્યુડરઝી** (દક્ષિણસમુદ્ર) ઉત્તરમાં છે. તે ઉત્તર અથવા જર્મન સમુદ્રની દક્ષિણે હોવાથી દક્ષિણસમુદ્ર કહેવાય છે.

શહેરો—મુખ્ય શહેર **આમસ્ટરડામ**, આમસ્ટેલ નદી ઉપર છે. તેમાં હીરાને પહેલ પાડવાનું કામ ઘણું સારૂં થાયછે. પશ્ચિમમાં **હારલેમ**માં સુંદર બગીચા છે. ર્‌હાઇન ઉપર **લેડન યુટરેકટ** અને તેની ઉત્તરે **ગ્રોનિંજન**માં પાઠશાળાઓ છે. કાંઠા ઉપર **હેગ** સુંદર શહેર છે. મ્યુસ ઉપર **રોટરડામ** વેપારનું સ્થળ છે.

સંસ્થાન—જ્યારે હોલાંડ અને બેલજીઅમને સને ૧૮૩૦ માં છૂટા પાડવામાં આવ્યા ત્યારે સંસ્થાનો સર્વે હોલાંડના તાબામાં રહ્યા. સંસ્થાનોનું કુલ ક્ષેત્રફળ આશરે ૬ લાખ ૮૩ હજાર ચોરસ માઇલ અને વસ્તી આશરે ૨,૬૮,૪૧૦૦૦ ની છે. સંસ્થાનો નીચે મુજબ છે.

પાસિફિક મહાસાગરમાં—સુમાત્રા, જાવા, બાલિટિમોર, બાન્ડા, આમ્બોયના, મોલ્યુક્કા, સેલિબીસ, બોર્નીઓ, બાંકા અને ન્યુગિનીનો થોડો ભાગ.

દક્ષિણ અમેરિકામાં—સુરિનામ અથવા ડચ ગાયેના.

વિશેષ હકીકત—ડચ અથવા વલંદા લોકો ચોખ્ખાઇ, કરકસર અને ઉદ્યોગને માટે પ્રખ્યાત છે. તેમાંના ૩/૪ પ્રોટેસ્ટંટ અને બાકીના કેથોલિક છે. રાજ્ય રાજા ચલાવે છે.

---

૭ જર્મની.

સીમા—ઉત્તરે ઉત્તર અથવા જર્મન સમુદ્ર, ડેનમાર્ક અને બાલ્ટિક સમુદ્ર, દક્ષિણે આસ્ટ્રિઆ અને સ્વિતઝરલાંડ, પૂર્વે રૂશિઆ અને પશ્ચિમે ફ્રાન્સ, બેલજીઅમ અને હોલાંડ છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૪ કરોડ ૭૦ લાખ માણસની છે અને ક્ષેત્રફળ આશરે ૨૦૮૦૦૦ ચોરસ માઇલ છે; એટલે કે વિસ્તારમાં જર્મની ફ્રાન્સથી સહેજ મોટું છે.

વિભાગ—જર્મનીના મુખ્ય પાંચ ભાગ છે:—

૧ પ્રુશિઆ— બર્લિન— સ્પ્રી નદી ઉપર.

૨ બવેરિઆ— મ્યુનિચ— ઇઝાર નદી ઉપર.
૩ વર્ટેમ્બર્ગ— સ્ટટગાર્ટ— નિકાર નદી ઉપર.
૪ સેક્સની— ડ્રેસ્ડન— એલ્બ નદી ઉપર.
૫ બેડન — કાર્લસ્રુ— ર્‍હાઇન નદી ઉપર.

---

૧ પ્રુશિઆ.

નદી—નીમેન, વિસ્ચુલા અને **ઓડર** બાલ્ટિક સમુદ્રને મળે છે. **એલ્બ, વીસર** અને **ર્‍હાઇન** જર્મન સમુદ્રને મળે છે.

દ્વીપ—રૂગેન બેટ બાલ્ટિક સમુદ્રમાં છે.

શહેરો—મધ્યમાં—મુખ્ય શહેર **બર્લિન** સ્પ્રી નદી ઉપર છે. તેમાં મોટી પાઠશાળા છે. બાર્લિનની પશ્ચિમે **પોટસડામ** લશ્કરી સ્થળ છે. ઓડર નદી ઉપર **ફ્રાન્કફૂર્ટ** મેળાને માટે પ્રખ્યાત છે. **માગડિબર્ગ** એલ્બ ઉપર છે; તેમાં હુન્નરનાં કારખાનાં છે. **વિટનબર્ગ** પણ એલ્બ ઉપર છે. સને ૧૫૭૧ માં માર્ટિન લ્યુથરે પ્રોટેસ્ટંટ ધર્મનો બોધ ત્યાંથી શરૂ કર્યો હતો. સેકસનીની દક્ષિણે **હેલે**માં પાઠશાળા છે. ઓડરના મુખ આગળ **સ્ટેટિન** મોટું બંદર છે.

પૂર્વમાં—બ્રેસ્લા ઓડર નદી ઉપર છે; તેમાં શણનાં કારખાનાં છે. ઓડર નદી આગળ **પોઝેન** વેપારનું સ્થળ છે. વિસ્ચુલા નદીના મુખ આગળ **ડાનઝિગ** (ડેન્સ લોકોનું શહેર) જર્મનીમાં સૌથી મોટું બંદર છે. તેની ઇશાન ખૂણમાં **કોનિગ્સબર્ગ** (રાજાનું શહેર) જૂની રાજધાનીનું શહેર છે. ઉત્તરમાં **મેમલ** બંદરથી પુષ્કળ અનાજ અને સાગ પરદેશ ખાતે ચડે છે.

પશ્ચિમમાં—હાનોવર મોટું વેપારનું સ્થળ છે. તેની દક્ષિણે **ગોટિન્જન**માં પાઠશાળા છે. **કોલન** ર્‍હાઇન નદી ઉપર સૌથી મોટું વેપારનું મથક છે. "કોલન વોટર" ત્યાં બને છે. તેની પાસે **બોન**માં પાઠશાળા છે. **એલાશાપેલ** અથવા **એકન**માં ઉકળતા પાણીના ઝરા છે.

---

૨ **બવેરિઆ**—એ પ્રુશિઆની દક્ષિણે છે. મુખ્ય **શહેર મ્યુનિચ** ઇઝાર નદી ઉપર છે, એ ચિત્રકળાને માટે પ્રખ્યાત છે. લેચ નદી ઉપર **ઓગ્સબર્ગ** વેપારનું સ્થળ છે. ડાન્યુબ ઉપર **રેટિસબન**માં મજબૂત કિલ્લો છે. મધ્યમાં **ન્યુરેમબર્ગ**માં પહેલવહેલું ઘડિયાળ બનાવવામાં આવ્યું હતું.

૩ **વર્ટેમ્બર્ગ**—એ બવેરિઆની પશ્ચિમે છે. મુખ્ય શહેર **સ્ટટ્ગાર્ટ** નિકાર નદી ઉપર છે. તે પુસ્તકોના વેપાર માટે પ્રસિદ્ધ છે. ડાન્યુબ ઉપર **ઉલ્મ**માં મજબૂત કિલ્લો છે.

૪ **સેક્સની**—તે આસ્ટ્રિઆ, પ્રુશિઆ અને બવેરિઆની વચ્ચે છે. મુખ્ય શહેર **ડ્રેસ્ડન** એલ્બ નદી ઉપર છે. તે ચિત્રકળાને માટે પ્રખ્યાત છે. વાયવ્યખૂણામાં **લિપઝિક** છે; જર્મનીમાં સૌથી મોટી પાઠશાળા તે શહેરમાં છે. ૧૮૧૩ માં લિપઝિકની લડાઇમાં નેપોલિઅન હાર્યો હતો. નૈરૃત્યે **ફ્રીબર્ગ** નામે મોટું શહેર છે.

૫ **બેડન**—એ વર્ટેમ્બર્ગ અને હ્રાઇનની વચ્ચે છે. મુખ્ય શહેર **કાર્લસ્રુ** હ્રાઇન નદી પાસે છે. હ્રાઇન અને નિકારના સંગમ ઉપર **મેનહીમ** વેપારનું મુખ્ય સ્થળ છે. નિકાર ઉપર **હીડલબર્ગ**માં પાઠશાળા છે. હ્રાઇન પાસે **બેડન**નાં હવા પાણી સારાં છે. કોનસ્ટન્સ સરોવર ઉપર **કોનસ્ટન્સ** શહેર છે.

નાનાં રાજ્યો—નાનાં રાજ્યોમાં હ્રાઇન ઉપર **મેયન્સ, વીમાર, સ્ટ્રેસબર્ગ** અને મોસેલ ઉપર **મેટ્ઝ** નામે શહેરો છે.

સ્વતંત્ર શહેરો—એલ્બ ઉપર **હામ્બર્ગ**, વીસર ઉપર **બ્રેમેન** અને બાલ્ટિક સમુદ્ર આગળ **લ્યુબેક** એ ત્રણ સ્વતંત્ર શહેરો છે.

સંસ્થાન—આટલાંટિક મહાસાગરમાં કેમેરન્સ અને ન્યુગિનીનો ઉત્તર ભાગ.

પાસિફિક મહાસાગરમાં—ન્યુબ્રિટન, ન્યુઆયર્લાંડ, ન્યુહાનોવર વિગેરે.

વિશેષ હકીકત—જર્મન લોકો પ્રમાણિક, ઉદ્યોગી અને

સાહસિક છે અને હુન્નર અને સંગિતશાસ્ત્રમાં પ્રવિણ છે. ઘડિયાળ બનાવવાની પ્રથમ શોધ જર્મનીમાં થઇ હતી. આખા રાજ્યમાં ૨૧ પાઠશાળા છે, તેમાં ૧૦ પાઠશાળા તો પ્રુશિઆમાંજ છે, તેમાંની મુખ્ય બર્લિન, બ્રેસ્લો, ગોટિજ્જન, હેલે અને બોનની પાઠશાળાઓ મુખ્ય છે. કેળવણી ફરજીઆત છે. આપણી સંસ્કૃત ભાષાના અભ્યાસને માટે પણ ત્યાં પાઠશાળાઓ સ્થપાઇ છે અને કેટલાંક પ્રાચિન પુસ્તકોની શોધ કરી પ્રસિદ્ધ કરવાનું માન જર્મનીને છે. પ્રજા લડાયક છે. લશ્કરમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ દરેક પુરૂષને નોકરી કરવી પડે છે. વસ્તીનો ⅔ ભાગ પોટેસ્ટંટ અને બાકીનો કેથોલિક છે. પ્રુશિઆનો રાજા આખા જર્મન રાજ્યનો શહેનશાહ ગણાય છે.

---

૮ ડેન્માર્ક.

સીમા—ઉત્તરે **સ્વીડન** અને **નોર્વે**, દક્ષિણે **જર્મની**, પૂર્વે **બાલ્ટિક** સમુદ્ર અને પશ્ચિમે **જર્મન** સમુદ્ર.

ડેનમાર્ક દેશ **જતલાંડ**નો દ્વીપકલ્પ અને બાલ્ટિક સમુદ્ર માંહેલા **ઝીલાંડ**, **ફ્યુનેન** અને **લાલાંડ** દ્વીપો મળીને થયેલો છે. તે ઉપરાંત બાલ્ટિક સમુદ્રમાં **બોર્નહોમ** અને આટલાંટિક મહાસાગરમાં **આઇસલાંડ** અને **ફેરો** દ્વીપ પણ ડેનમાર્કને તાબે છે.

વસ્તી અને ક્ષેત્રફળ—કુલ વસ્તી આશરે ૨૦ લાખ માણુસની છે. અને ક્ષેત્રફળ આશરે ૧૪૫૦૦ ચોરસ માઇલ છે.

ભૂશિર—**સ્કો** જતલાંડની ઉત્તરે છે.

અખાત—**લિમ્ફીઓર્ડ** જતલાંડની ઉત્તરે છે.

સામુદ્રધુની—**સ્કાગરાક** જતલાંડ અને નોર્વેની વચ્ચે છે. **કેટેગટ** એ જતલાંડ અને સ્વીડનની વચ્ચે છે. **સાઉન્ડ** ઝીલાંડ અને સ્વીડનની વચ્ચે છે. **ગ્રેટબેલ્ટ** ઝીલાંડ અને ફ્યુનેનની વચ્ચે છે. અને **લિટલબેલ્ટ** ફ્યુનેન અને સ્લેસવિગ (જર્મનીમાં)ની વચ્ચે છે.

શહેરો—મુખ્ય શહેર **કોપનહેગન** ઝીલાંડની પૂર્વે છે; તેમાં પાઠશાળા છે. ઝીલાંડમાં **એલ્સિનોર** નામે બીજું મોટું શહેર છે. આઇસલાંડમાં **હેકલા** જ્વાળામુખી પર્વત છે અને તેને લીધે દ્વીપના કેટલાક ભાગમાં ઉકળતા પાણીના ઝરા છે.

વિશેષ હકીકત—ડેન્સ લોકો શાંત મિજાજના, ઉદ્યોગી અને કેળવાયલા છે. દેશમાં પ્રોટેસ્ટંટ ધર્મ ચાલે છે. અમલ રાજાનો છે. **કેન્યુટના** વખતમાં ડેન્સ લોકોએ ઇંગ્લાંડ પણ જીતી લીધું હતું.

---

૯ સ્વીડન અને નોર્વે.

સ્વીડન અને નોર્વેથી બનેલા દ્વીપકલ્પને **સ્કાન્ડિનેવિઆ** કહે છે.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, દક્ષિણે બાલ્ટિક સમુદ્ર, કેટિગટ અને સ્કાગરાક, પૂર્વે રૂશિઆ, બોથનિઆનો અખાત અને બાલ્ટિક સમુદ્ર અને પશ્ચિમે જર્મન સમુદ્ર અને આટલાંટિક મહાસાગર.

૧ નોર્વે.

દ્વીપકલ્પના પશ્ચિમ ભાગને **નોર્વે** કહે છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૨૦ લાખ માણસની અને ક્ષેત્રફળ આશરે ૧,૨૪૦૦૦ ચોરસ માઇલ છે.

પર્વત—છેક કેપનેઝથી તે કેપનોર્થ સુધી પર્વતોની હાર છે. દક્ષિણ હારને **હારડેન્જરફીલ્ડ**, મધ્યહારને **ડોવરફીલ્ડ** અને ઉત્તર હારને **કયોલિન** કહે છે. સૌથી ઉંચો પર્વત **ગાલ્ડહોપીંગ** છે.

નદી—મુખ્ય નદી **ગ્લોમેન** છે.

દ્વીપ—ઉત્તરે **મેજીરો** અને પશ્ચિમે **લોફોડન** દ્વીપો છે.

ભૂશિર—ઉત્તરે **નોર્થકેપ** (ઉત્તર ભૂશિર) અને **નોર્ડકીન** અને દક્ષિણે **નેઝ**.

શહેરો—**ક્રિસ્ચિઆનીઆ** દક્ષિણમાં છે; તેમાં પાઠશાળા છે. પશ્ચિમે **બર્ગન** અને **ટ્રોન્જેમ** એ બંદર છે. ક્રિસ્ચિઆનીઆની દક્ષિણે ફ્રેડરિકશાલ્ડ છે. **હામરફેસ્ટ** યૂરોપમાં સૌથી ઉત્તરમાં આવેલું શહેર છે.

વિશેષ હકીકત—શિયાળામાં આખા દેશમાં તેમાં મુખ્યત્વે કરીને ઉત્તર ભાગમાં ટાઢ સખત પડે છે. છેક ઉત્તરમાં ઉનાળામાં લગભગ અઢી માસ સુધી સૂર્ય આથમતોજ નથી અને શિયાળામાં લગભગ બે માસ સુધી તે જણાતો નથી; એટલે કે ઉનાળામાં અઢી મહિના સુધી દિવસ અને શિયાળામાં બે મહિના સુધી રાત રહે છે. નોર્વેના લોકો માયાળુ અને સાદ્દ દિલના છે. તેમનું આયુષ્ય આપણા કરતાં વધારે છે. ધર્મે તેઓ પ્રોટેસ્ટંટ છે.

---

૨ સ્વીડન.

દ્વીપકલ્પના પૂર્વભાગને સ્વીડન કહે છે.

વસ્તી અને **ક્ષેત્રફળ**—વસ્તી ૫૦ લાખ માણસની છે અને ક્ષેત્રફળ આશરે ૧,૭૦૦૦૦ ચોરસ માઇલ છે.

નદી—મુખ્ય નદીઓ **ગોથા** અને **ટોર્નિયા** છે.

દ્વીપ—બાલ્ટિક સમુદ્રમાં **ગોથલાંડ** અને **ઈલાંડ** ટાપુઓ સ્વીડનને તાબે છે.

સરોવર—**વિનર**, **વેટર** અને **મીલર** દક્ષિણમાં છે.

શહેરો—મુખ્ય શહેર **સ્ટોકહોમ** મીલર સરોવર ઉપરછે. ગોથા નદી ઉપર **ગોથનબર્ગ** વેપારનું સ્થળ છે. સ્ટોકહોમની વાયવ્યે **અપસલા**માં પાઠશાળા છે. અગ્નિખૂણમાં **કાર્લસક્રોના** નૌકા સૈન્યનું સ્થળ છે. બોથનિઆના અખાતની ઉત્તરે આવેલા **લાપલાંડ** દેશનો કેટલોક ભાગ સ્વીડન અને નોર્વેને તાબે છે.

વિશેષ હકીકત—સ્વીડનના લોકો મેહેનતુ છે. કેળવણીનો ફેલાવો બહોળો છે, ધર્મે પ્રોટેસ્ટંટ છે. એકજ રાજાની હકુમત નીચે બન્ને દેશ છે તથાપિ કાયદા જૂદા છે.

---

૧૦ યૂરોપી રૂશિઆ.

સીમા—ઉત્તરે ઉત્તરમહાસાગર, દક્ષિણે કાકેસસ પર્વતો, કાળો સમુદ્ર, રૂમાનિયા અને ઑસ્ટ્રિઆ; પૂર્વે યુરલ પર્વત, યુરલ નદી અને કાસ્પિઅન સમુદ્ર અને પશ્ચિમે ઑસ્ટ્રિઆ અને પ્રુશિઆ.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૯ કરોડ ૭૦ લાખ માણુસની છે અને ક્ષેત્રફળ ૨૧ લાખ ચોરસ માઇલ છે, એટલે કે હિંદુસ્તાન કરતાં ½ વધારે છે.

પર્વત—વાલ્ડાઇ પર્વતો સેંટપીટર્સબર્ગ અને મોસ્કોની વચ્ચે છે. **યુરલ** અને **કાકેસસ** પર્વતો યૂરોપ અને એશિઆની સરહદ વચ્ચે છે. યુરલ પર્વતમાં સોનું તથા બીજી કીમતી ધાતઓ નીકળે છે

નદી—**પેચોરા** ઉત્તર મહાસાગરને મળે છે. **ઉત્તરદ્વીના** શ્વેત સમુદ્રને મળે છે. **નીવા** લાડોગાના સરોવરને ફિનલાંડના અખાત સાથે જોડે છે. **ડયુના, વિસ્ટુલા** અને **નીમેન** બાલ્ટિક સમુદ્રને મળે છે. **નીસ્ટર** અને **નીપર** કાળા સમુદ્રને મળે છે. **ડૉન** આઝોફના સમુદ્રને મળે છે. **વોલ્ગા** અને **યુરલ** કાસ્પિઅન સમુદ્રને મળે છે.

દ્વીપ—**સ્પિટઝબર્ગન, નોવાઝેમ્બલા** અને **વાઇગાટઝ** વિગેરે ઉત્તર મહાસાગરમાં છે.

સરોવર—**લાડોગા** એ યુરોપમાં સૌથી મોટું મીઠા પાણીનું સરોવર છે. **ઓનીગા, પીપસ** અને **ઇલ્મેન** બીજાં સરોવરો છે.

સામુદ્રધુની—**યેનિકેલ**ની સામુદ્રધુની કાળા સમુદ્ર અને આઝોફના સમુદ્રને જોડે છે

સમુદ્ર—પશ્ચિમે **બાલ્ટિક** અને દક્ષિણે **કાળો** અને **કાસ્પિઅન** સમુદ્રો છે.

અખાત અને ઉપસાગર—**આર્કેન્જલ** અને **ઓનીગા**-

ના અખાતો શ્વેત સમુદ્રની શાખાઓ છે. બોથનિઆ, ફિનલાંડ અને રાઇગા બાલ્ટિક સમુદ્રની શાખાઓ છે. પેરિકોપનો અખાત રૂશિઆ અને ક્રિમીઆની વચ્ચે છે.

શહેરો—રાજધાનીનું શહેર **સેંટપીટર્સબર્ગ** નીવા નદી ઉપર છે. તે ૧૭૦૩ માં મહાન પીટરે વસાવ્યું હતું. તેજ નદીના મુખ આગળ **ક્રોનસ્ટેડ**માં મજબૂત કિલ્લો છે. શ્વેત સમુદ્ર ઉપર **આર્કેન્જલ** મોટું બંદર છે. ડયુનાના મુખ આગળ **રાઇગા** છે. વિસ્ટુલા ઉપર **વૉરસૉ** શહેર છે. પશ્ચિમમાં **વિલ્નના** વેપારનું સ્થળ છે. મધ્યમાં **મોસ્કો** જુની રાજધાનીનું શહેર છે. સને ૧૮૧૨ માં નેપોલીઅને તેને આગ લગાડી હતી. વોલ્ગા ઉપર **નિજનિનવગરોડ** છે, આખી દુનિયામાં સૌથી મોટો મેળો ત્યાં ભરાય છે. **કીવ** નીપર નદી ઉપર છે. કાળા સમુદ્ર ઉપર **ઓડેસ્સા** વેપારનું સ્થળ છે. **સેબેસ્ટોપોલ** અને **નીકોલેવ** કાળા સમુદ્ર ઉપર નૌકાસૈન્યનાં સ્થળ છે. વોલ્ગાના મુખ આગળ **અસ્ટ્રાખાન** મોટું બંદર છે.

વિશેષ હકીકત—યૂરોપખંડની પૂર્વ તરફનો અર્ધ ભાગ રૂશિઆ રોકે છે. વિસ્તારના પ્રમાણમાં વસ્તી ઘણી ઓછી છે. રૂશિયા યૂરોપના બીજા દેશ કરતાં સુધારામાં ઘણો પછાત છે. રૂશિયન ચામડું આખી દુનિયામાં સૌથી ચઢીઆતું ગણાય છે. ત્યાંના શહેનશાહને **ઝાર** કહે છે અને તેની સત્તા સ્વતંત્ર છે. એશિઆઈ અને યૂરોપી બન્ને રૂશિયા એકજ શહેનશાહની હકુમત નીચે છે.

---

૧૧ ઑસ્ટ્રિઆ અને હંગરી.

૧ ઑસ્ટ્રિઆ (એટલે પૂર્વ તરફનો દેશ.)

સીમા—ઉત્તરે જર્મન સંસ્થાનો અને રૂશિયા, દક્ષિણે યૂરોપી તુર્કસ્તાન, આડ્રિઆટિક સમુદ્ર અને ઇટાલિ, પૂર્વે રૂશિયા, અને પશ્ચિમે ઈટાલિ, સ્વિટ્ઝરલાંડ અને બવેરિઆ.

વસ્તી અને ક્ષેત્રફળ—ઑસ્ટ્રોહંગરીની કુલ વસ્તી ૪ કરોડ ૧૦ લાખ માણસની છે અને કુલ ક્ષેત્રફળ ૨ લાખ ૪૦ હજાર ચોરસ માઇલ છે.

જર્મન પ્રાંતો—ઉત્તરમાં **બોહીમિઆ, મોરેવિઆ** અને **સિલેશિઆ**, મધ્યમાં **ઑસ્ટ્રિયાનું** રાજ્ય દક્ષિણમાં ટાઇરોલ, સ્ટીરિયા સમુદ્રકાંઠો અને ડાલમેશિઆ, ઇશાન ખૂણમાં પોલિશપ્રાંતો, ગેલીશિઆ અને બુકોવિના.

પર્વત—કારપેથિયન પર્વતો અને **આલ્પસનો** થોડો ભાગ.

નદી—ડાન્યુબ અને તેને મળનારી ઇન્ન, ડ્રેવ, થીસ, સેવ વિગેરે.

સરોવર—બેલેટન અથવા પ્લેટન સરોવર અને ન્યુસીડલર.

શહેરો—મુખ્ય શહેર **વિએના** ડાન્યુબ નદી ઉપર છે. બોહીમિઆનું મુખ્ય શહેર **પ્રેગ** છે, તેમાં પાઠશાળા છે. મોરેવિઆનું મુખ્ય શહેર **બ્રુન** ઉનના વણાટનાં કારખાનાંને માટે પ્રસિદ્ધ છે; તેની પાસે **ઓસ્ટરલિટઝ** આગળ નેપોલીઅને ઓસ્ટ્રિઅન લોકોને હરાવ્યા હતા. **સ્ટીરિયાનું** મુખ્ય શહેર **ગ્રેટઝ** છે. સરહદ ઉપર **સોલ્ટઝબર્ગમાં** મીઠાની ખાણો છે. **ઇડ્રિયામાં** પારાની ખાણો છે. આડ્રિઆટિક સમુદ્ર ઉપર **ટ્રીસ્ટ** મુખ્ય બંદર છે. તેની દક્ષિણે **પોલા** નૌકાસૈન્યનું સ્થળ છે. ટાઇરોલનું મુખ્ય શહેર **ઇન્સબ્રુક** ઇન નદી ઉપર છે. એડિજ ઉપર **ટ્રેન્ટ** શહેર છે. ડાલમેશિઆમાં મુખ્ય શહેર **રેગ્યુસા** છે ગેલીશિઆનું મુખ્ય શહેર **લેમ્બર્ગ** વેપારનું સ્થળછે **ક્રેકો** વિસ્ટુલા નદી ઉપરછે.

---

૨ હંગરી.

પ્રાંત—**શુદ્ધ હંગરી, ટ્રાન્સીલવેનિઆ, સેવોનિઆ** અને **ક્રોશિઆ.**

શહેરો—જૂની રાજધાનીનું શહેર પ્રેસબર્ગ ડાન્યુબ ઉપર છે. હાલની રાજધાનીનું શહેર બ્યુડાપેસ્થ ડાન્યુબને બન્ને તીરે છે. ટોકે દારૂને માટે પ્રખ્યાત છે.

બન્ને દેશની વિશેષ હકીકત—દેશનો મોટો ભાગ રોમન કેથોલિક ધર્મ માને છે. ઓસ્ટ્રિઆ અને હંગરીના પ્રાંતોને કાયદા સૌ સૌના જૂદા છે પરંતુ આખો દેશ જર્મન શહેનશાહત નીચે છે. હંગરી પ્રથમ સ્વતંત્ર સંસ્થાન હતું. પણ ૧૮૬૭ માં આસ્ટ્રિઆના શહેનશાહને હંગરીના શહેનશાહ તરિકે રાજ્યાભિષેક કરવામાં આવ્યો ત્યારથી તે તેનો પ્રાંત ગણાય છે. લોકો માયાળુ અને શોખીન છે. ઓસ્ટ્રિઆમાં પારાની ખાણો ઘણી છે.

---

૧૨ સ્વિતઝરલાંડ.

સીમા—ઉત્તરે જર્મની, દક્ષિણે ઇટાલિ, પૂર્વે ઓસ્ટ્રિઆ અને પશ્ચિમે ફ્રાન્સ.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૩૦ લાખ માણુસની છે ક્ષેત્રફળ ૧૬ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—જ્યુરા સ્વિતઝરલાંડ અને ફ્રાન્સની વચ્ચે છે. **આલ્પ્સ** સ્વિતઝરલાંડ અને ઇટાલિની વચ્ચે છે. દક્ષિણમાં **મોંટરોઝા.**

નદી—**હાઇન** અને **રહોન** મોટી નદીઓ છે તે સિવાય **આર** હાઇનને અને ઇન ડાન્યુબને મળે છે.

સરોવર—**કોન્સટન્સ, જીનીવા, ન્યુશેટલ, લ્યુસર્ન** અને **ઝ્યુરિચ.** સ્વિતઝરલાંડમાં બીજા સરોવર ઘણાં છે અને તેઓ ઘણા ખુશનુમા છે.

શહેરો—મુખ્ય શહેર **બર્ન** આર નદી ઉપર છે જીનીવા સરોવર ઉપર **જીનીવા** ઘડિયાળની બનાવટને માટે પ્રસિદ્ધ છે. હાઇન ઉપર **બેસલ** વેપારનું સ્થળ છે. ઝ્યુરિચ સરોવર ઉપર

ઝ્યુરિચ શહેર સુતર અને રેશમના વણાટને માટે પ્રસિદ્ધ છે.

વિશેષ હકીકત—સ્વિસ લોકો બહાદુર અને સ્વદેશાભિમાની છે. રાજ્ય **પ્રજાસત્તાક** છે. વસ્તીનો ⅗ ભાગ પ્રોટેસ્ટંટ અને બાકીનો રોમન કૅથોલિક ધર્મને માને છે. દેશ પહાડી હોવાથી ખીણો અને સરોવરોનો દેખાવ ઘણો મનોરંજક લાગેછે.

---

૧૩ ઇટાલિ.

યૂરોપની દક્ષિણમાં તે દ્વીપકલ્પ છે. તેની આકૃતિ માણસના પગ જેવી છે. **કેલેબ્રિઆના** દ્વીપકલ્પનો આકાર પગના આગલા ભાગ જેવો અને **એપુલિઆના** દ્વીપકલ્પનો આકાર એડીના જેવો છે. અને તે બન્ને ભાગ **ટેરેન્ટોના** અખાતથી જુદા પડેલા છે.

સીમા—ઉત્તરે સ્વિતઝરલાંડ અને ઑસ્ટ્રિઆ, દક્ષિણે ભૂમધ્ય સમુદ્ર, પૂર્વે આડ્રિઆટિક સમુદ્ર અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર અને ફ્રાન્સ.

વસ્તી અને ક્ષેત્રફળ—કુલ વસ્તી ૩ કરોડ માણસની અને ક્ષેત્રફળ ૧ લાખ ૧૪ હજાર ચોરસ માઇલ એટલે લગભગ મુંબાઈ ઇલાકા જેટલું છે.

પર્વત—મુખ્ય પર્વતો **આલપ્સ** અને **એપીનાઇન્સ** છે. એ સિવાય નેપલ્સ પાસે **વિસુવિયસ**, સિસિલિમાં **એટના** અને લિપારી દ્વીપોમાં **સ્ટ્રૉમ્બૉલી** જ્વાળામુખી પર્વતો છે.

નદી—પો અને **એડીજ** આલપસ અને એપીનાઇન્સની વચ્ચે વહે છે અને આડ્રિઆટિક સમુદ્રને મળે છે. **આર્નો, ટાઇબર** અને **વોલ્ટર્નો** ભૂમધ્ય સમુદ્રને મળે છે.

દ્વીપ-ભૂમધ્ય સમુદ્રમાં **સિસિલિ, સાર્ડિનીઆ, એલ્બા, માલ્ટા** અને **કોર્સિકા** દ્વીપો છે. તેમાંના છેલ્લા બે ઇંગ્રેજને તાબે છે. માલ્ટાનું મુખ્ય શહેર **વેલેટા** છે.

સરોવર—માડ્ઝ઼ે, કોમો મેજોર વિગેરે સરોવરો આલ્પ્સ

પર્વત પાસે છે. આ સરોવરો પાસેનો કુદરતી દેખાવ તેના કર્તાની અદભૂત શકિતનો હુબેહુબ નમુનો છે.

ભૂશિર—**સ્પાર્ટિવેન્ટો** અને **લ્યુકા** ઇટાલિની દક્ષિણે અને **પેસેરો** સિસિલિની દક્ષિણે છે.

સામુદ્રધુની—**મેસિના**ની સામુદ્રધુની ઇટાલિ અને સિસિલિની વચ્ચે છે. **ઓટ્રાંટો**ની સામુદ્રધુની ઇટાલિ અને તુર્કસ્તાનની વચ્ચે છે. અને **બોનેફેશિઓ**ની સામુદ્રધુની સાર્ડિનિયા અને કોર્સિકાને જૂદા પાડે છે.

સમુદ્ર, અખાત અને ઉપસાગર—**આડ્રિઆટિક** સમુદ્ર ઇટાલિ અને આસ્ટ્રિઆની વચ્ચે છે. પશ્ચિમે **જીનોઆ**નો અખાત, દક્ષિણે **ટેરેન્ટો**નો અખાત અને પૂર્વે **વેનિસ**નો અખાત છે.

પ્રાંત—ઇટાલિના ૬૯ પ્રાંત છે તેમાં નીચેના મુખ્ય છે.

૧ પીડમોંટ—એ આલ્પસ પર્વત અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચેછે તેનું મુખ્ય શહેર **ટ્યુરિન** પો નદી ઉપર છે. તેમાં રેશમી વણાટનાં કારખાંનાં છે. કાંઠા ઉપર જીનોઆ સુંદર બંદર છે. તેની પડોશમાં કોલંબસનો જન્મ થયો હતો.

૨ **સાર્ડિનિઆ**—એ ભૂમધ્યસમુદ્રમાં બેટ છે. તેનું મુખ્ય શહેર **કલિઆરી**.

૩ લોમ્બાર્ડી—તેને "યૂરોપનો બાગ" કહે છે કારણ કે તે ઘણો ફળદ્રુપ છે. તે આલ્પસ અને પો નદીની વચ્ચે છે. મુખ્ય શહેર **મિલાન** છે.

૪ વેનીશિઆ—લોમ્બાર્ડી અને વેનિસના અખાતની વચ્ચે છે. મુખ્ય શહેર **વેનિસ** આડ્રિઆટિક સમુદ્ર ઉપર છે. શહેર ખડકો ઉપર બાંધેલું હોવાથી શહેરમાં હોડીઓ ચાલે છે. તેની પશ્ચિમે **પાડુઆ**માં પાઠશાળા છે.

૫ એમીલિઆ—લોમ્બાર્ડી અને વેનીશિઆની દક્ષિણે છે મુખ્ય શહેર **બોલોના**માં પાઠશાળા છે. **પાર્મા, મોડેના** અને **રેવેના** બીજાં શહેરો છે.

૬ **ટસ્કની**—એ એમીલિઆની દક્ષિણે છે. મુખ્ય શહેર

ફ્લોરેન્સ આર્નો નદી ઉપર છે, તે ચિત્રકળા માટે પ્રસિદ્ધ છે. **પાઈઝા**માં પ્રખ્યાત ખગોળવેત્તા ગેલીલિયોનો જન્મ થયો હ-તો. **લેગહોર્ન** મોટું બંદર છે. **લ્યુકા**માં સાલિડતેલ બને છે.

૭ **પોપના મુલક**—એ ઇટાલિની મધ્યમાં છે. મુખ્ય શહેર **રોમ** ટાઇબર નદી ઉપર છે. તે હાલ ઇટાલિની રાજધાની છે. તેમાં સેંટપીટરનું દેવળ છે તેના જેવું ભવ્ય દેવળ દુનિયામાં બીજે કોઇ સ્થળે નથી. **એન્કોના** મુખ્ય બંદર છે.

૮ **નેપલ્સના પ્રાંતો**—એ ઇટાલિના દક્ષિણ ભાગમાં છે. મુખ્ય શહેર **નેપલ્સ** ઇટાલિમાં સૌથી મોટું શહેર છે. આડ્રિઆ-ટિક સમુદ્ર ઉપર **બ્રિન્ડિસિ** બંદર છે. ઇંગ્લાંડથી જતી આવતી આગબોટો ત્યાં બંદર કરે છે.

૯ **સિસિલિ**—એ ભૂમધ્ય સમુદ્રમાં સૌથી મોટો બેટ છે. મુખ્ય શહેર પાલર્મોમાં પાઠશાળા છે. મેસિનાની સામુદ્રધુની ઉ-પર મેસિના શહેર છે [illegible] ત્રિખૂણમાં છે. ગિરગેન્ટિ દક્ષિણમાં છે ત્યાંથી પુષ્કળ ગંધક પરદેશખાતે ચડે છે. **કૅટાનિઆ** એટનાની તળાટીમાં છે.

વિશેષ હકીકત—ઇટાલિના લોકો ચંચળ પણ અજ્ઞાન અને વહેમી છે. **રોમનકૅથોલિક** ધર્મ ઘણા ભાગમાં માન્ય છે. તે ધર્મનો ઉપરી **પોપ** રોમમાં રહે છે. ધારા બાંધનારી મંડ-ળીએ બાંધી આપેલ ધારા મુજબ રાજા રાજ્ય ચલાવે છે. ૧૫ મા સૈકામાં રોમનું રાજ્ય દુનિયામાં પ્રથમ દરજ્જે હતું. તે વ-ખતે ફ્લોરેન્સ ને જીનોઆ વેપારના મુખ્ય સ્થળો હતાં.

---

૧૪ યૂરોપી તુર્કસ્તાન

સીમા—ઉત્તરે ઑસ્ટ્રિઆ, સર્વિઆ અને રૂમાનિઆ; દ-ક્ષિણે આર્કિપેલેગો અને ગ્રીસ; પૂર્વે કાળો સમુદ્ર અને પશ્ચિમે આડ્રિઆટિક સમુદ્ર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૫૦ લાખ માણ-

સની છે અને ક્ષેત્રફળ ૧ લાખ ૨૫ હજાર ચોરસ માઇલ એટ-લે લગભગ મુંબાઈ ઇલાકા જેટલું છે.

પર્વત—કારપેથિઅન પર્વતો તુર્કસ્તાન અને હંગરીની વચ્ચે છે. બાલ્કન પર્વતો મધ્ય ભાગમાં છે. ડિનારિક આલ્પસ અને ઓલિમ્પસ બીજા પર્વતો એ દેશમાં છે.

નદી—મુખ્ય નદી ડાન્યુબ એ દેશમાં થઇ કાળા સમુદ્રને મળે છે. પ્રુથ, સેવ વિગેરે નદીઓ ડાન્યુબને મળે છે.

દ્વીપ—આર્કિપેલેગોમાં લેમનોસ, થેસો, ઇમ્બ્રો વિગેરે નાના બેટ ઘણા છે. ક્રીટ અથવા કેન્ડિઆ ભૂમધ્ય સમુદ્રમાં છે. તેમાં મુખ્ય શહેર કેન્ડિઆ છે.

સામુદ્રધુની ડાર્ડેનલ્સ અથવા હેલસ્પાટ આર્કિપલગો અને મારમોરા સમુદ્રને જોડે છે. બોસપરસ કાળા અને મારમોરા સમુદ્રને જોડે છે.

મુખ્ય ... ... સાલોનિકી છે

શહેરો—મુખ્ય શહેર કોન્સ્ટાન્ટિનોપલ બોસપરસની સામુદ્રધુની ઉપર છે. દૂરથી શહેરનો બાંધણી ઘણી રમણીય લાગે છે ડાર્ડેનલ્સની સામુદ્રધુની ઉપર ગેલિપોલી નૌકાસૈન્યનું સ્થળ છે, આડ્રિઆનોપલ પ્રથમ રાજધાનીનું શહેર હતું. સાલોનિકી અને સ્કુટારિ મુખ્ય બંદરો છે. શમલા બાલકન પર્વત પાસે છે.

બલગેરિઆ અને રૂમેલિઆ પ્રાંતો—આ રાજ્યો તુર્કસ્તાનની હકુમત નીચે નથી પણ લોકોની મંડળીએ નીમેલ ખ્રિસ્તિ રાજા તેઓના ઉપર અમલ ચલાવે છે. બલગેરિઆનું મુખ્ય શહેર સોફિઆ પશ્ચિમ ભાગમાં છે. જૂની રાજધાનીનું શહેર ટિર્નોવા મધ્યમાં છે. વાર્ના કાળા સમુદ્ર ઉપર બંદર છે. એ સિવાય રૂસ્ચક અને સિલિસ્ટ્રિઆ શહેરો બલગેરિઆમાં છે. રૂમેલિઆમાં મુખ્ય શહેર ફિલિપ્પોપોલીસ છે.

રૂમાનિઆ, સર્વિઆ અને મોન્ટેનિગ્રોના સ્વતંત્ર રાજ્યો—રૂમાનિઆ એમાંના બે ભાગ ૧ વોલેશિઆ અને

૨ **માલદેવિઆ** ડાન્યુબની ઉત્તરે છે. પહેલાનું મુખ્ય શહેર **બુચરેસ્ટ** અને બીજાનું **જાસ્સી** છે. **ગેલેટઝ** મુખ્ય બંદર છે.

સર્વિઆ—એ ડાન્યુબની દક્ષિણે છે. મુખ્ય શહેર **બેલગ્રેડ** ડાન્યુબ ઉપર છે.

મોન્ટેનિગ્રો—એ આડ્રિઆટિક સમુદ્રની પૂર્વે છે. મુખ્ય શહેર **ઝેટીન** છે.

વિશેષ હકીકત—તુર્કસ્તાનના સુલતાનની હકુમત નીચે ત્રણ મોટા દેશ છે. **૧ યૂરોપી તુર્કસ્તાન, ૨ એશિઆઈ તુર્કસ્તાન** અને **૩ આફ્રિકન તુર્કસ્તાન (એટલે ઇજીપ્સ)** તેમાંનું છેલ્લું તો ફકત સુલતાનની નામનીજ સત્તા કબુલ રાખે છે.

ખ્રિસ્તિ લોકોની કતલથી રૂશિઆએ તુર્કસ્તાન ઉપર ૧૮૭૭ માં ચઢાઇ કરી અને પરિણામે **રૂમાનિઆ, સર્વિઆ** અને **મોન્ટેનિગ્રો** પ્રાંતો સ્વતંત્ર થયા. **બોસનિઆ** અને **હરઝેગોવીના** ઓસ્ટ્રિઆએ લીધા. **બલગેરિઆ** અને **રૂમેલિઆ** તુર્કસ્તાનથી છૂટા પડ્યા. યૂરોપની સુલેહમાં ભંગ થવાનો સંભવ નહોત તો રૂશિઆએ તુર્કસ્તાન કયારનુંએ લઇ લીધું હોત. હાલમાં પણ ક્રીટ અને આર્મિનિઆમાં ખ્રિસ્તિની કતલ ચાલે છે અને તેથી યૂરોપી રાજ્યો સુલતાન ઉપર કરડી નજર રાખે છે. યૂરોપમાં મુસલમાની રાજ્ય ફક્ત તુર્કસ્તાનનુંજ છે, રાજ્યકર્તા જો કે મુસલમાન છે છતાં મુસલમાનની વસ્તી માત્ર ૨૦ લાખનીજ છે. બાકીના ખ્રિસ્તિ છે.

---

૧૫ ગ્રીસ.

સીમા—ઉત્તરે યૂરોપી તુર્કસ્તાન, દક્ષિણે અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર અને પૂર્વે આર્કિપેલેગો સમુદ્ર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૨૦ લાખ માણુસની અને ક્ષેત્રફળ આશરે ૨૫ હજાર ચોરસ માઇલ છે.

વિભાગ—ગ્રીસના ત્રણ વિભાગ પાડી શકાય. **૧ હેલાસ** અથવા **ઉત્તર ગ્રીસ, ૨ મોરિઆ** અને **૩ દ્વીપો.**

પર્વત—**પાર્નાસસ** અને **હેલિકન** ઉત્તરમાં છે. **માઉંટ સેંટ એલિઅસ** મોરિઆમાં છે.

દ્વીપ—પૂર્વે **નિગ્રોપોંટ**, આર્કિપેલેગો સમુદ્રમાં **સાઇકલેડીઝ** અને પશ્ચિમે **આયોનિયન** દ્વીપોમાં **કોર્ફુ**, **ઝેન્ટિ** વિગેરે મુખ્ય છે.

ભૂશિર—**કોલોના** અને **માટાપાન** બન્ને દક્ષિણે છે.

સંયોગીભૂમી—**કોરિંથની** સંયોગીભૂમિ ઉત્તરગ્રીસ અને મોરિઆને જોડે છે.

અખાત—પૂર્વે **વોલો**, **ઇજીના** અને **નોપ્લિઆ**, પશ્ચિમે **આર્કેડિઆ**, **પત્રાસ** અને **લેપેન્ટો** અથવા **કોરિંથ**.

શહેરો—રાજધાનીનું શહેર **આથેન્સ** ઇજીનાના અખાત ઉપર છે. તે સોક્રેટીઝ, પ્લેટો, એરિસ્ટોટલ, ડિમોસ્થનિઝ વગેરે મહાન પુરૂષોની જન્મભૂમિ છે. **લેપેન્ટો** શહેર તેજ નામના અખાત ઉપર છે. કોરિંથની સંયોગીભૂમિ ઉપર **કોરિંથ** શહેર છે. **પત્રાસ** મુખ્ય બંદર છે. **નોપ્લિઆ** આથેન્સ પહેલાં રાજધાનીનું શહેર હતું. તેની પાસે **આર્ગોસ** ગ્રીસમાં સૌથી જૂનું શહેર છે. દક્ષિણમાં **સ્પાર્ટા** છે, તે જૂના વખતમાં ઘણું મશહૂર હતું. ભૂમધ્ય સમુદ્ર ઉપર **નેવેરીનો** બંદર છે. સાઇકલેડીઝ દ્વીપો પાસે **સીરા** બંદર છે

વિશેષ હકીકત—આશરે ૨૩૦૦ વર્ષ અગાઉ ગ્રીક લોકો બીજી પ્રજા કરતાં હુન્નરકળા, સુધારો અને વિદ્વત્તામાં ચઢીઆતા હતા. પ્રથમ રોમન લોકોએ ગ્રીસ દેશ જીત્યો, ત્યાર પછી તેના હાથમાંથી તુર્કસ્તાને લીધો અને છેવટે ૧૮૨૯ માં સખત લડાઇ કરી પાછો સ્વતંત્ર થયો. ઇરાનના શાહ **ઝર્કસીઝના** મહાન લશ્કરને **લિઓનિડસે** **થરમોપિલિની** સાંકડી નેળમાં ફક્ત ૩૦૦ સ્પાર્ટન્સની ટુકડીથી ખાળ્યું હતું. આ ગ્રીક લોકોની અને ખાસ કરીને સ્પાર્ટાના લોકોની બહાદૂરી અને સ્વદેશાભિમાનનો ઉત્તમ નમુનો છે.

યૂરોપ સમાપ્ત.

પ્રકરણ ૪ થું.

આફ્રિકા.

સામાન્યવર્ણન.

આફ્રિકા એશિઆ સાથે સ્વેજની સંયોગીભૂમિ વડે જોડાયેલો હતો, પણ તે સંયોગીભૂમિને ખોદીને નહેર કરવામાં આવેલી હોવાથી હાલ તે એશિઆથી જૂદો પડેલો છે. આફ્રિકા અને યૂરોપની વચ્ચે ભૂમધ્ય સમુદ્ર છે.

સીમા—ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર, પૂર્વે રાતો સમુદ્ર અને હિંદી મહાસાગર અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર છે.

વસ્તી અને ક્ષેત્રફળ—આફ્રિકા ખંડની કુલ વસ્તી ૨૦,૮૮,૫૦૦૦૦ ની ધારવામાં આવે છે અને ક્ષેત્રફળ આશરે ૧,૨૪,૨૧, ૪૨૫ ચોરસ માઇલ છે. આફ્રિકાની ઉત્તર દક્ષિણ લંબાઇ ૫૦૦૦ માઇલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૪૬૦૦ માઇલ છે.

ભાગ—સગવડને માટે આફ્રિકાના નીચે મુજબ ભાગ કરીએ:—

૧ ઉત્તરઆફ્રિકા, ૨ મધ્યઆફ્રિકા, ૩ પશ્ચિમઆફ્રિકા, ૪ દક્ષિણઆફ્રિકા, ૫ પૂર્વઆફ્રિકા અને ૬ દ્વીપો.

પર્વત—એટલાસ પર્વતો ઉત્તરમાં છે. તેમાં સૌથી ઉંચો પર્વત મિલ્ટસિન મોરોક્કોમાં છે. ગિનીમાં કોંગ પર્વતો છે. મોઝાંબિકની પશ્ચિમે લ્યુપાટા અને આબીસિનિઆમાં આબિસિનિયન પર્વતો, દક્ષિણમાં ડ્રેકન્બર્ગ વિગેરે પર્વતો છે સૌથી ઉંચો પર્વત કિલિમાન્જારો ઝાંઝિબારની પશ્ચિમે છે. તેથી ઉતરતો કીનિઆ પર્વત છે.

નદી—નાઇલ આફ્રિકાની સૌથી મોટી નદી ભૂમધ્ય સમુદ્રને મળે છે. તેની લંબાઇ આશરે ૪૦૦૦ માઇલ છે, તેનાં મુળ શોધવામાં ઘણા સાહસિક ઇંગ્રેજોએ પોતાનો જાન ગુમાવ્યો છે પણ હજી સુધી તેનાં મુળ જડયાં નથી. પશ્ચિમમાં સેનિગાલ,

ગેમ્બિઆ, કોંગો અને ઓરેન્જ આટલાંટિક મહાસાગરને મળે છે. નાઈજર (અથવા જોલિબા કે કવારા) તેને મળનારી નદી શાડા સાથે ગિનીના અખાતને મળે છે. પૂર્વમાં ઝાંમ્બેઝિ હિંદીમહાસાગરને મળે છે.

સરોવર—વિક્ટોરિઆ ન્યાંઝા (ન્યાંઝા એટલે સરોવર) અને આલ્બર્ટન્યાંઝા ઝાંઝિબારની પશ્ચિમે છે. તેમની દક્ષિણે ટાંગાનાઈકા, બેંગ્વિઓલો, ન્યાસા અને શિરવા સરોવરો છે. શિરવાની દક્ષિણે ગામી સરોવર છે. મધ્ય આફ્રિકામાં ચાડ અને આબીસિનિઆમા ડેમ્બિઆ સરોવર છે.

આ સિવાય નાના સરોવરો ઘણાં છે

દ્વીપ—આફ્રિકામાં દ્વીપો ઘણા હોવાથી તેને છઠ્ઠો ભાગ ગણી વર્ણન જૂદું આપેલું છે તે જુઓ.

ભૂશિર—ટ્યુનિસની ઉત્તરે બોન આફ્રિકાનું છેક ઉત્તર બિંદુ છે. તે સિવાય ઉત્તરમાં સ્પાર્ટલ અને સ્યુટા મોરોકકોની ઉત્તરે છે. પશ્ચિમે બ્લેન્કો (સફેદ) અને વર્ડ (લીલી) ભૂશિરો છે. ઉપલા ગિનીની દક્ષિણે પામસ અને ફોરમાસા અને નીચલા ગિનીની પશ્ચિમે લોપેઝ અને નિગ્રો ભૂશિરો છે. કેપઓફ ગુડ હોપ અને આગુલહાસ દક્ષિણે છે. કરન્ટસ સોફાળાની અગ્નિખૂણામાં અને ડેલગાડો મોઝામ્બિકની ઈશાને છે. ગ્વાર્ડાફૂવી છેક પૂર્વ બિંદુ છે. સેંટમેરી અને એમ્બર માડાગાસ્કરની દક્ષિણ અને ઉત્તરે છે.

સમુદ્ર, અખાત અને ઉપસાગર—આફ્રિકા અને યૂરોપની વચ્ચે ભૂમધ્ય સમુદ્ર છે. બાર્કા અને ત્રિપોલિની વચ્ચે સિદ્રા અને ટ્યુનિસની પૂર્વે કેબિઝના અખાતો છે. ગિનીના અખાત ઉપલા અને નીચલા ગિનીની વચ્ચે છે. બેનિન અને બિઆફ્રાના અખાત ગિનીના અખાતની શાખાઓ છે. દક્ષિણે ટેબલ અને અલગોઆના ઉપસાગરો, અગ્નિખુણામાં ડિલાગોઆના અને સોફાળાના અખાતો અને પૂર્વે એડન અને સૈ-

જુના અખાતો છે. રાતો સમુદ્ર આફ્રિકા અને અરબસ્તાનની વચ્ચે છે.

સામુદ્રધુની—મોઝામ્બિક ચાનલ મોઝામ્બિક અને માડાગાસ્કરની વચ્ચે છે. જીબ્રાલ્ટરની સામુદ્રધુની મોરોક્કો, અને સ્પેનની વચ્ચે છે.

મુખ્ય બંદર—

ઉત્તરકિનારે—ભૂમધ્ય સમુદ્ર ઉપર—પોર્ટસઇદ, ડેમેટા, રોઝેટા, એલેક્ઝાન્ડ્રિઆ, બનધાઝિ, ત્રિપોલિ, ટયુનિસ, બોના, અલજીર્સ, ઓરન, સ્યુટા અને તાંજીર્સ.

પશ્ચિમ કિનારે—આટલાંટિક ઉપર—મોગેડોર, સેંટલુઇ, બાથર્સ્ટ, ફ્રીટાઉન, મનરોવિઆ, એલ્મિના, કેપકોસ્ટ કેસલ, લેગોસ અને સેંટપોલડિલોઆન્ડા.

દક્ષિણ કિનારે—કેપટાઉન, અને પોર્ટઇલિઝાબેથ.

પૂર્વ કિનારે—નાતાળ, સોફાળા, કિલિમેન, મોઝામ્બિક, ઝાંઝિબાર, મોમ્બાસ અને મોગેડાકસો.

રાતા સમુદ્ર ઉપર—મસુવા, સુઆકિન અને સ્વેઝ.

વિશેષ હકીકત—વિસ્તારમાં આફ્રિકા બીજે નંબરે છે—એટલે માત્ર એશિઆથીજ ઉતરતો છે. પણ સુધારામાં તદન, પછાત છે અને લોકો જંગલી હાલતમાં છે. આકૃતિ કેરીના જેવી છે. ગુલામ વેચવાનો ધંધો અટકાવવાના બની શકે તેટલા ઉપાયો ઇંગ્રજે યોજ્યા છે છતાં ખંડના અંદરના ભાગમાં હજી ગુલામનો વેપાર ચાલુ છે. મરજીમાં આવે તેટલી સ્ત્રી પરણવાનો રિવાજ છે ઇંડું, પીછું અને એવી બીજી વસ્તુ જે હાથ આવી તેની પુજા કરવાનો રિવાજ છે. દક્ષિણ અને પૂર્વ આફ્રિકામાં ઇંગ્રેજ અને ડચ લોકોએ સંસ્થાનો સ્થાપ્યાં છે. વસ્તીની સરેરાશ ચોરસ માઇલે ફક્ત ૧૪ નીજ આવે છે.

નદીઓ ઉપરનાં શહેરો—આફ્રિકામાં ફક્ત નાઇલજ મોટી નદી હોવાથી તેનાં ઉપરનાં શહેરો આપ્યાં છે. તે સરો-

વરોના પ્રદેશમાંથી નીકળી ન્યુબિઆ, આબિસિનિઆ તથા ઇજીપ્તમાં થઇ ભૂમધ્ય સમુદ્રને મળે છે. તેના ઉપર ગોન્ડાર, કોર્ડોફાન, ખાર્ટુમ, કેરો, ડમેટ્ટા, રોઝેટ્ટા અને એલેકઝાંડ્રિઆ શહેરો છે. નાઇલ નદીનું મુળ શોધવામાં કેટલાક સાહસિક યુરોપીઅનોએ પોતાની જીંદગી ગુમાવી તોપણ હજી તે જડયું નથી.

---

૧ ઉત્તરઆફ્રિકા.

ઉત્તર આફ્રિકામાં—૧ ઇજીપ્ત, ૨ ન્યુબિઆ, ૩ બાર્બરી સંસ્થાનો અને ૪ આબિસિનિઆ દેશો છે—

૧ ઇજીપ્ત અથવા મિસર

સીમા—ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર, દક્ષિણે ન્યુબિઆ, પૂર્વે રાતો સમુદ્ર અને પશ્ચિમે સહરાનું રણ છે.

વસ્તી અને ક્ષેત્રફળ—ઇજીપ્તની વસ્તી આશરે ૭૦ લાખ માણસની છે. અને ક્ષેત્રફળ ૪ લાખ ચોરસ માઇલ છે.

વિભાગ—તેના ત્રણ વિભાગ છે. ઉત્તરમાં નીચલો ઇજીપ્ત, મધ્યે મધ્ય ઇજીપ્ત અને દક્ષિણમાં ઉપલો ઇજીપ્ત

નદી—મુખ્ય નદી નાઇલ છે.

શહેરો—રાજધાનીનું શહેર કેરો નાઇલ નદી ઉપર છે; તે આફ્રિકામાં સૌથી મોટું શહેર છે. ભૂમધ્ય સમુદ્ર ઉપર એલેકઝાંન્ડ્રિઆ મોટું બંદર છે. તે મહાન સીકંદરે (એલેકઝાંડરે) ઇ. પૂ. ૩૩૨ માં વસાવ્યું હતું. તેની પાસે ડમેટ્ટા અને રોઝેટ્ટા બંદરો છે. સ્વેઝ રાતા સમુદ્ર ઉપર બંદર છે, તે ૮૫ માઇલની લાંબી નહેરથી, પોર્ટસઇદ સાથે જોડાયલું છે

વિશેષ હકીકત—ઇજીપ્તના રાજ્યકર્તાને ખેદિવ કહે છે. તે તુર્કસ્તાનના સુલતાનને ખંડણી ભરે છે અને તેની વતી નીમાયેલો હાકેમ ગણાય છે, હાલના ખેદિવે યુરોપમાં સારી કેળવણી સંપાદન કરેલી છે. લો.કો મુસલમાની ધર્મના છે. ઇજીપ્તના મિનારા (પીરેમીડઝ) દુનિયાની અજાયબીમાં ગણાય છે.

---

૨ ન્યુબિયા.

ન્યુબિયા—એ ઇજીપ્તની દક્ષિણે છે, તેમાં **સેનાર** અને **કોર્ડોફાન** પ્રાતો છે.

શહેરો—મુખ્ય શહેર **ખાર્તુમ** નાઇલ નદી ઉપર છે; ત્યાં ગુલામનો વેપાર હજી ચાલે છે. **સેનાર** નામે બીજું શહેર એ દેશમાં છે. રાતા સમુદ્ર ઉપર **મસુવા** બંદર હાલ ઇટાલિને તાબે છે. **સુઆકિન** બંદરથી જાત્રાળુ મક્કે જવા વહાણમાં બેસે છે.

૩ આબિસિનિઆ.

સીમા—ઉત્તરે રાતો સમુદ્ર, દક્ષિણે સોમાલિ અને ગાલાદેશ, પૂર્વે એડનનો અખાત અને પશ્ચિમે સુદાન છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૩૦ લાખ માણસની છે અને ક્ષેત્રફળ આશરે ૧ લાખ ૬૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—આબિસિનિઆ દેશનો ઘણોખરો ભાગ દરિયાની સપાટીથી ઘણો ઉંચો છે અને તેથી લગભગ આખો દેશ ઉચ્ચ પ્રદેશ ગણી શકાય-**આબિસિનિયન પર્વતો** દેશના ઘણાખરા ભાગમાં છે.

નદી—**નાઇલ** નદીની શાખાઓ **બ્લુનાઇલ**; અને **અત્બારા**નાં મુળ આ દેશમાં છે.

સરોવર—મુખ્ય સરોવર **ડેમ્બિઆ** મધ્યમાં છે.

શહેરો—ગોન્ડાર ડેમ્બિઆ સરોવર પાસે છે. અગ્નિ ખૂણમાં **મગ્દલા** છે તે સને ૧૮૬૮ માં ઇંગ્રેજે જીત્યું હતું. **એડાવા**, **એક્સમ** અને **એન્કોબાર** બીજાં શહેરો એ દેશમાં છે.

વિશેષ હકીકત—આબિસિનિઆના રહેવાશી હબશી (મિશ્ર) કહેવાય છે. તેઓ ભટકતી ટોળીઓમાં રહી લુટફાટ કરી ગુજરાન ચલાવે છે. અગાઉ તેમાં કેટલાક જૂદા જૂદા રાજાઓ હતા પણ હાલમાં એકજ રાજાના તાબામાં છે.

૪ બાર્બરી સંસ્થાનો.

સીમા—ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર, દક્ષિણે સહરાનું રણ, પૂર્વે ઇજીપ્ત અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—કુલ વસ્તી ૧,૨૪,૭૨,૯૪૭ માણુસની છે અને ક્ષેત્રફળ ૯,૪૦,૭૦૦ ચોરસ માઇલ છે.

પર્વત—એટલસ પર્વતોની હારમાં સૌથી ઉંચો **મિલ્ટસિન** પર્વત મોરોક્કોમાં છે.

ભૂશિર—બોન ટ્યુનિસની ઉત્તરે છે. સ્યુટા અને સ્પાર્ટલ મોરોક્કોની ઉત્તરે છે.

અખાત—સિદ્રાનો અખાત ત્રિપોલિની ઉત્તરે અને કેબિઝનો અખાત ટ્યુનિસની પૂર્વે છે.

સામુદ્રધુની—જીબ્રાલ્ટરની સામુદ્રધુની મોરોક્કો અને સ્પેનની વચ્ચે છે—

પ્રાંતઃ—

૧ **ત્રિપોલિ**—બાર્કા અને ફેઝાન સહિત એ તુર્કસ્તાનને તાબે છે. અને સુલતાને નીમેલ એક " પાશા " ની હુકુમત નીચે છે, તેની વસ્તી ૧૧ લાખ ૫૦ હજારની અને ક્ષેત્રફળ ૩૫૬૮૨૦ ચોરસ માઇલ છે.

મુખ્ય શહેર—ત્રિપોલિ છે. બાર્કામાં મુખ્ય શહેર બેનધાઝિ અને ફેઝાનમાં મુખ્ય શહેર મુરઝુક છે.

૨ **ટ્યુનિસ**—તે છેક ઉત્તરમાં છે. અને ચારે સંસ્થાનોમાં સૌથી નાનો છે. તેની વસ્તી ૨૦ લાખ માણુસની અને ક્ષેત્રફળ ૪૭૩૫૦ ચોરસ માઇલ છે. તુર્કસ્તાનના સુલતાનની સત્તા નીચે રહી " બે " તેના ઉપર અમલ ચલાવતો હતો પણ ફ્રેન્ચ લોકોએ ૧૮૮૧ માં તેના ઉપર ચઢાઇ કરી પોતાના રક્ષણ તળે લીધો છે.

મુખ્ય શહેર—ટ્યુનિસ છે. તેની પાસે કાર્થેજના ખંડેરો છે.

૩ આલજીરિઆ—તે પહેલાં " બે "ના તાબામાં હતો પણ સને ૧૮૩૦ માં ફ્રાન્સે જીતી લીધો છે. તેની વસ્તી ૨૯૨૨૫૪૭ માણસની અને તેનું ક્ષેત્રફળ ૨૬૭૬૦૦ ચોરસ માઇલ છે. મુખ્ય શહેર અલજીર્સ કાંઠા ઉપર છે. સને ૧૮૧૬માં લોર્ડ એક્સમથે તેનાપર તોપનો મારો ચલાવી ખ્રિસ્તિ ગુલામોને છોડાવ્યા હતા, અંદરના ભાગમાં કોન્સ્ટેન્ટાઇન શહેર મહાન કોન્સ્ટેન્ટાઇને વસાવ્યું હતું. પૂર્વમાં બોના અને પશ્ચિમે ઓરેન બંદરો છે.

૪ મોરોક્કો—તે બાર્બરી સંસ્થાનોમાં સૌથી વધારે ફળદ્રુપ અને વસ્તીવાળો પ્રાંત છે, તેની વસ્તી ૬૫ લાખ માણસની છે અને ક્ષેત્રફળ ૨૫૮૯૨૦ ચોરસ માઇલ છે, ત્યાંનો પાદશાહ સ્વતંત્ર છે

મુખ્ય શહેર મોરોક્કો દેશના અંદરના ભાગમાં છે. પશ્ચિમ કિનારે મોગેડોર મુખ્ય બંદર છે. ઉત્તરમાં ફેઝ પવિત્ર શહેર ગણાય છે. જીબ્રાલ્ટર પાસે સ્યુટા અને તાંજીર્સ બંદરો છે. સ્યુટા સ્પેનના કબજામાં છે.

વિશેષ હકીકત—બર્બર લોકોની વસ્તી ઘણી હોવાથી બાર્બરી સંસ્થાનો નામ પડેલું છે. દેશની અંદરની હવા ઘણીજ ગરમ અને દરિયાકાંઠાની હવા સારી છે. યાહુદી લોકોની વસ્તી પણ છે. ભાષા એરેબિક છે. અને ધર્મ મુસલમાની છે.

—o—

૨ મધ્ય આફ્રિકા.

મધ્ય આફ્રિકામાં ૧ સહરા અથવા મોટું રણ અને ૨ સુદાનનો સમાવેશ થાય થાય છે.

૧ સહરા કે મોટું રણ.

સીમા—ઉત્તરે બાર્બરી સંસ્થાનો, દક્ષિણે સેનિગામ્બિઆ અને સુદાન, પૂર્વે ઇજીપ્ત અને ન્યુબિઆ અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર છે.

હકીકત—સહરા આટલાંટિકથી ઇજીપ્ત સુધી લંબાયેલું છે. તેના પૂર્વ તરફના ભાગને **લિબીઅન** રણ કહે છે. તેનો વિસ્તાર હિંદુસ્તાનથી લગભગ બમણો છે. ગરમ પવનથી રેતી ઉડે છે અને ઘણી વખત જતા આવતા મુસાફર દટાઇ જાય છે. એમ કલ્પના કરવામાં આવે છે કે આ જગોએ પ્રથમ મહાસાગર હશે અને તે સૂકાઇ જવાથી આ મોટું રણ થયું હશે. આ રણમાં લૂટારૂ આરબની ટોળીઓ રહે છે અને કાફલાને લૂટી પોતાનું ગુજરાન ચલાવે છે. રણમાં કોઇ કોઇ જગોએ લીલોતરીવાળી જગાઓ છે.

૨ સુદાન અથવા નિગ્રિશીઆ (સીધી લોકોનો દેશ.)

સીમા—ઉત્તરે સહરા, દક્ષિણે ગિની, પૂર્વે કોર્ડોફાન અને પશ્ચિમે સેનગામ્બિયા છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૪ કરોડ ૬૩ લાખ માણસની હશે એમ ધરવામાં આવે છે. અને ક્ષેત્રફળ આશરે ૧૨ લાખ ૧૩ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—**કોંગ** પર્વતો ઉપલા ગિની અને સુદાનની વચ્ચે છે.

નદી—મુખ્ય નદી **નાઈજર** (જોલિબા, કવોરા) કોંગ પર્વતમાંથી નીકળી ગિનીના અખાતને મળે છે. **શાડા** તેને મળનારી નદી છે.

સરોવર—મુખ્ય સરોવર **ચાડ** મધ્યમાં છે.

વિભાગ—નાઇજરના ઉપલા ભાગ ઉપર **બામ્બારા** અને **તિંબકટુ** , નાઈજરના નીચલા ભાગ ઉપર **ગેન્ડો** તેની પૂર્વે **સોકોટો**, ચાડ સરોવરની નૈરૂત્યે **બોર્નુ**, અગ્નિ ખૂણમાં **બેગીરમી** અને પૂર્વમાં વડાઇ પ્રાંતો છે.

શહેરો—બામ્બારાનું મુખ્ય શહેર **સેગો** છે તિંબકટુનું મુખ્ય શહેર **તિંબકટુ** નાઇજર નદી ઉપર છે **સોકોટો** સુદાનમાં સૌથી મોટું શહેર છે. ચાડ સરોવર પાસે **કુકા** બોર્નુનું મુખ્ય શહેર છે.

વિશેષ હકીકત—દેશમાં વસ્તી સીધી લોકોની છે, તેઓ ગુલામ પકડી વેચવાનો ધંધો કરે છે; તેઓ હમેશાં અંદર

અંદર ઝઘડા કર્યા કરે છે; અને તેમાં પકડાયેલ કેદીને ગુલામ તરિકે વેચે છે. ભાષાઓ ઘણી છે પણ તે સર્વે માત્ર બોલાયજ છે લખાતી નથી.

— —

૩ પશ્ચિમ આફ્રિકા.

પ્રાંત-૧ સેનિગામ્બિઆ, ૨ ઉપલો ગિની, ૩ નીચલો ગિની.

૧ સેનિગામ્બિઆ

સીમા— ઉત્તરે સહરા, દક્ષિણે ઉપલો ગિની, [illegible] અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ— વસ્તીની ગણત્રી થયેલ ન હોવાથી મુકરર કહી શકાય નહીં તોપણ આશરે ૮૦ લાખ માણસની હશે અને ક્ષેત્રફળ આશરે ૨ લાખ ૫૦ હજાર ચોરસ માઇલ હશે.

નદી—સેનિગાલ અને ગેમ્બિઆ આટલાંટિક મહાસાગરને મળે છે. આ બે નદીઓ ઉપરથી દેશનું નામ સેનિગામ્બિઆ પડેલું છે. રિઓગ્રાન્ડ (મોટી નદી) નામે નદી એમાં છે.

ભૂશિર—કેપવર્ડે આફ્રિકાનું છેક પશ્ચિમબિંદુ એમાં છે.

શહેરો—કેપવર્ડે પાસે ગોરી અને સેનિગાલ નદીના મુખ આગળ સેંટલૂઇ એ બન્ને ફ્રેન્ચ સંસ્થાનો છે. ત્યાંથી પુષ્કળ ગુંદર પરદેશ ખાતે ચડે છે. રિઓગ્રાન્ડ નદી ઉપર બિસેઓ પોર્ટુગીઝનું સંસ્થાન છે ગામ્બિઆ નદીના મુખ આગળ બાથર્સ્ટ ઇંગ્રેજ સરકારને તાબે છે.

વિશેષ હકીકત—સેનિગામ્બિઆ દેશ ઇંગ્રેજ, ફ્રેન્ચ અને પોર્ટુગીઝ લોકોએ ભાગે પડતો વેહેંચી લીધો છે. મુખ્ય વસ્તી મુસલમાનની છે.

૨ ઉપલો ગિનિ.

સુદાન અને ગિનીના અખાતની વચ્ચેના મુલકને ઉપલો ગિની કહે છે.

પર્વત—કૅાન્ગ પર્વતો તેની અને સુદાનની વચ્ચે છે.

નદી—કવોરા (નાઇજરનો નીચલો ભાગ) ગીનીના અખાતને મળે છે.

ભૂશિર—દક્ષિણે પામસ અને ફોરમોસા છે

અખાત—બેનિન અને બિઆફ્રાના અખાતો ગિનીના અખાતની શાખાઓ છે.

વિભાગ—અગાઉ તેના ગ્રેઇનકોસ્ટ (અનાજ આરો) આઇવરીકોસ્ટ [હાથીદાંત આરો] ગોલ્ડકોસ્ટ, (સુવર્ણ આરો) સ્લેવકોસ્ટ (ગુલામઆરો) એ નામે વેપારના માલ ઉપરથી વિભાગ પડેલા હતા. હમણાં તેના નીચે મુજબ વિભાગ છે:—

૧ સિએરા લિઓન—એ પશ્ચિમમાં ઇંગ્રેજનું સંસ્થાન છે. સને ૧૭૮૭ માં ગુલામનો વેપાર અટકાવવાને માટે સ્થપાયું હતું મુખ્ય શહેર ફ્રીટાઉન (છૂટકારાનું શહેર) છે.

૨ લિબેરિઆ—(સ્વતંત્ર રાજ્ય) એમાં સીધી લોકોનું પ્રજાસત્તાક રાજ્ય છે મુખ્ય શહેર મનરોવિઆ છે.

૩ ગોલ્ડકોસ્ટ—(સુવર્ણઆરો)-એમા કપ કોસ્ટ કેસલ અને અલમિના એ બે ઇંગ્રેજનાં સંસ્થાન છે. એલ્મિના ડચ લોકો પાસેથી ઇંગ્રેજે ૧૮૭૧ માં વેચાતું લીધું હતું.

૪ આશાંતિ—એ દેશી રાજ્ય ગોલ્ડકોસ્ટની ઉત્તરે છે. મુખ્ય શહેર કુમાસી છે.

૫ દાહોમી—એ દેશીરાજ્ય આશાંતિની પૂર્વે છે મુખ્ય શહેર એબોમે છે.

દાહોમીના રાજા પાસે ૫૦૦૦ સ્ત્રીઓનું લશ્કર છે. રાજા જ્યારે મરી જાય ત્યારે તેની રાણીઓ અંદર અંદર એક બીજીને મારી નાંખે છે. તે દિવસ પ્રજાવર્ગમાંથી પણ કેટલાકને મારી નાંખી તેમના લોહીમાં કાદવ કરી રાજાની કબર ઉપર નાંખવાનો દુષ્ટ અને જંગલી રિવાજ છે.

૬ લેગોસ—બેનિનના અખાત ઉપર એ ઇંગ્રેજનું સંસ્થાન છે.

નીચલો ગિનિ.

સીમા—ઉત્તરે સૂદાન, પૂર્વે ઝાંઝિબાર અને પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

પર્વત—કેમેરૂન્સ પર્વત ઉત્તરમાં છે.

નદી—કોંગો આટલાંટિક મહાસાગરને મળે છે.

ભૂશિર—લોપેઝ ઉત્તરમાં અને નિગ્રો અને ફ્રીઓ દક્ષિણમાં છે

વિભાગઃ—

૧ ફ્રેન્ચ કોંગોસંસ્થાન—એ કાંઠા ઉપર છે. તેમાં ગેબન અને ઓગોવાઇ નદીઓ છે. મુખ્ય શહેર બ્રાઝોવિલ કોંગો ઉપર છે. આ સંસ્થાન ફ્રેન્ચનું છે.

૨ કોંગોના સ્વતંત્ર મુલક—એ કોંગો નદીના પ્રદેશનો મોટો ભાગ છે. તે બેલજીઅમના રાજાના તાબામાં છે. મુખ્ય શહેર બોમા છે.

૩ લોઆંગો, અંગોલા અને બેંગુવિલા—એ ત્રણે સંસ્થાનો પોર્ટુગીઝ લોકોની હકુમત નીચે છે. નીચલા ગિનીની પ્રથમ શોધ સને ૧૪૮૧ માં પોર્ટુગીઝ લોકોએ કરી હતી. કાંઠા ઉપર સેંટપોલડિલોઆન્ડા અને તેની દક્ષિણે બેંગુવાલા મુખ્ય શહેરો છે.

---

૪ દક્ષિણ આફ્રિકા

પ્રાંતઃ—૧ જર્મન સંસ્થાનો, ૨ કેપકેલોના, ૩ નાતાળ, ૪ ઓરેન્જનું સ્વતંત્ર રાજ્ય, ૫ ટ્રાન્સવાલ, ૬ ઇંગ્રેજના રક્ષણ તળેનાં રાજ્યો.

૧ જર્મન સંસ્થાનો—એ અંગોલા અને કેપકોલોનીની વચ્ચે છે. તેમાં ડમેરાલેન્ડ અને ગ્રેટ નેમેકાલેન્ડ સંસ્થાનો મુ-

ખ્ય છે, અને જર્મનીને તાબે છે. ઘણાખરા ભાગમાં રણ છે. કાંઠા ઉપર વ્હેલફિશ બંદર ઇંગ્રેજના તાબામાં છે. ડેમેરાલેન્ડની દક્ષિણે હાટન્ટાટ નામે જંગલી લોકોનો મુલક છે.

૨ કેપકોલોનીઃ—કેપ ઓફ ગુડહોપ ઉપરથી તે નામ પડેલું છે.

સીમા—કેપકોલોની દક્ષિણ કિનારા અને ઓરેન્જ નદીની વચ્ચે છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧૫ લાખ માણસની અને ક્ષેત્રફળ ૨ લાખ ૨૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—ન્યુવેલ્ડ અને ડ્રેકનબર્ગ પર્વતો મુખ્ય છે.

ભૂશિર—કેપ ઓફ ગુડહોપ અને આગુલ્હાસ બન્ને દક્ષિણમાં છે.

અખાત—ટેબલ અને અલગોઆ બન્ને દક્ષિણમાં છે.

શહેરો—મુખ્ય શહેર કેપટાઉન ટેબલના અખાત ઉપર છે. અંદરના ભાગમાં ગ્રેહમ્સટાઉન શહેર છે. ઇલિઝાબેથ મુખ્ય બંદર છે.

વિશેષ હકીકત—આ દેશ પોર્તુગીઝ લોકોએ ૧૪૮૬ માં શોધી કાઢ્યો હતો. સને ૧૬૫૧ માં ડચ લોકો ત્યાં જઇ વસ્યા, અને ઇંગ્રેજે ૧૮૦૬ માં તે જીતી લઇ સંસ્થાન સ્થાપ્યું.

કેપકોલોનીની ઇશાન ખૂણમાં ગ્રિકવાલેન્ડવેસ્ટ નામે પરગણામાંથી હીરા નીકળે છે. તે ૧૮૭૧ માં બ્રિટિશ સંસ્થાનો સાથે જોડી દેવામાં આવ્યું. તેમાં મુખ્ય શહેર કિમ્બર્લી છે.

૩ **નાતાલ**—તે કેપકોલોનીની ઇશાને છે. સને ૧૮૫૬ માં ત્યાં બ્રિટિશ સંસ્થાન સ્થાપવામાં આવ્યું. "નાતાલ"ના તહેવારોમાં તે હાથ લાગેલું હોવાથી "વાસ્કોડિગામા" એ તે નામ આપ્યું છે. પિટરમારિસબર્ગ મુખ્ય શહેર છે. ડરબાન મુખ્ય બંદર છે.

૪ ઓરેંજનું સ્વતંત્ર રાજ્ય—એ કેપકોલોનીની ઇશાને છે. તેમાં ડચ લોકોનું પ્રજાસત્તાક રાજ્ય છે. મુખ્ય શહેર **બ્લોમ ફોન્ટિન** નાનું શહેર છે.

૫ ટ્રાન્સવાલ—એટલે વાલ નદીની પેલી તરફનો મુલકઃ—તે પ્રજાસત્તાક રાજ્ય છે અને ઇંગ્રેજના રક્ષણ તળે ગાત્ર નામનોજ છે. હમણાં તે પ્રજાસત્તાક રાજ્ય પચાવી પાડવા માટે ડા. **જેમેસન** અને બીજા ઇંગ્રેજોએ કાવતરૂં કર્યું હતું પણ તે પકડાઇ આવવાથી કેટલાક તોહમતદારોને તે પ્રજાસત્તાક રાજ્યના વડા પ્રેસિડેન્ટ **કૃગરે** સખત સજા કરી છે અને ડા. જેમેસનની તપાસ ઇંગ્લાંડમાં ચાલી હતી તેમાં તેને પણ સજા કરવામાં આવી છે. મુખ્ય શહેર **પ્રિટોરિઆ** છે. **જોહાન્સબર્ગ** નામે બીજું મોટું શહેર છે. તેની પડોશમાં સોનાની ખાણો છે.

૬ ઇંગ્રેજના રક્ષણ તળેનાં રાજ્યો—પૂર્વમાં **પોન્ડોલેન્ડ, ઝુલુદેશ, કાફરારિઆ, બેસુટોલેન્ડ** અને **સ્વાઝિલેન્ડ, બેચુઆના લેન્ડ**, વિગેરે ઇંગ્રેજ સરકારના રક્ષણ નીચે છે. બેચુઆના લેન્ડની ઉત્તરે **માટાબિલિલેન્ડ મેશોનાલેન્ડ** વિગેરે સંસ્થાનો ઉપર **બ્રિટિશઆફ્રિકા** કંપનીની હકુમત છે.

---

૫ પૂર્વઆફ્રિકા.

નેટલથી એડનના અખાત સુધીની લાંબી પટીને પૂર્વ આફ્રિકા કહે છે.

પર્વત—**કિલિમાન્જારો** ઝાંઝિબારની પશ્ચિમે છે. તે આફ્રિકામાં સૌથી ઉંચો પર્વત છે. તેની દક્ષિણે **માઉન્ટ કિનિઆ** છે.

નદી—મુખ્ય નદી **ઝામ્બેઝિ** હિંદી મહાસાગરને મળે છે. ન્યાસા સરોવરમાંથી નીકળી **શાયર** નદી ઝામ્બેઝિને મળે છે.

સરોવર—મોઝામ્બિક અને ઝાંઝિબારની પશ્ચિમે સરોવરનો **પ્રદેશ** છે. તેમાં **આલ્બર્ટન્યાંઝા** અને **વિકટોરિઆ-**

ન્યાંઝા ઉત્તરમાં છે. મધ્યમાં **ટાંગાનાઇકા** દક્ષિણમાં **બેંગવિએલો, ન્યાસા, શિરવા** અને **ગામી** આ ઉપરાંત બીજાં ઘણાં સરોવરો છે પણ હજી હાથ લાગ્યા નથી. વિકટોરિઆ ન્યાંઝા કેપ્ટન સ્પીકે ૧૮૫૮ માં શોધી કાઢ્યું હતું. તેજ વર્ષમાં કેપ્ટન બર્ટને ટાંગાનાઇકા શોધી કાઢ્યું હતું.

ભુશિર—ડેલગાડો મોઝામ્બિકની દશને અને **ગ્વાર્ડાફુવી** છેક પૂર્વબિંદુ છે.

સામુદ્રધુની—મોઝામ્બિકચાનલ માડાગાસ્કરને આફ્રિકાથી જૂદો પાડે છે.—

પ્રાંત:—

૧ **સોફાલા**—એ પોર્ટુગીઝ લોકોને તાબે છે મુખ્ય શહેર **સોફાલા** કાંઠા ઉપર છે. તેની આસપાસના મુલકમાંથી સોનું નીકળે છે.

૨ **મોઝામ્બિક**—એ પણ પોર્ટુગીઝ લોકોને તાબે છે. મુખ્ય શહેર **મોઝામ્બિક** પોર્ટુગીઝનું મુખ્ય સંસ્થાન છે. ત્યાંથી પુષ્કળ હાથીદાંત તથા ગુલામો પરદેશ મોકલવામાં આવે છે **કિલિમેન** મુખ્ય બંદર છે. **સેના** અંદરના ભાગમાં ઝાંબેઝિ ઉપર છે.

૩ **ઝાંઝિબાર**—એ મુસલમાન સુલતાનનું રાજ્ય છે. **ઝાંઝિબાર** અને **પેમ્બ**ના દ્વીપો પણ સુલતાનના તાબામાં છે. પણ સુલતાન ઇંગ્રેજના રક્ષણ તળે છે. ગયા ઓગસ્ટ માસની ૨૫ મી તારીખે સુલતાન મરણ પામ્યો અને ઇંગ્રેજ સરકારની સંમતી લીધા વિના સૈયદ ખલીદે રાજ્યની લગામ હાથમાં લઇ ઢંઢેરો પીટાવ્યો. આથી ઇંગ્રેજ એલચીએ તેને તાબે થવા સમજાવ્યો પણ ન માનવાથી તા. ૨૭ મીને રોજ સવારના નવ વાગતાં રાજ્યમહેલ ઉપર તોપનો મારો ચલાવ્યો. સૈયદ ખલીદ ગભરાઇને જર્મન એલચી ખાતામાં ભરાઈ બેઠો અને ઇંગ્રેજે એક રાજ્યવંશી સૈયદ હમીદને ગાદીઉપર બેસાડ્યો. ઝાં-

ઝિબાર પૂર્વ આફ્રિકામાં સૌથી મોટું શહેર છે, તેમાં કચ્છ અને ગુજરાતના વેપારી ઘણા છે. કાંઠા ઉપર **મોમ્બાસ** બંદર ઇંગ્રેજને તાબે છે.

૪ **જર્મન પૂર્વ આફ્રિકા** – કાંઠા ઉપર જર્મન સંસ્થાનોનો વિસ્તાર ડેલગાડો ભૂશિરથી **પેમ્બા** દ્વીપ સુધી, પશ્ચિમે **ટાંગાનાઇકા** સરોવર સુધી અને ઉત્તરે **વિકટોરિઆ-ન્યાંઝા** સુધી છે. **બેગેમેયો** મુખ્ય બંદર છે, અને ટાંગાનાઇકા સરોવર પાસે **યુજીજી** શહેર છે.

૫ **સોમાલિ** અને **ગાલા** એ દેશો ઇટાલિના રક્ષણ તળે છે. સોમાલિ અને ગાલા લોકો જંગલી હાલતમાં છે. મુખ્ય પેદાશ ગુંદર અને તેજાનાની છે. એડનના અખાત ઉપર **બર્બેરા અને ઝઇલા** બંદરો ઇંગ્રેજના તાબામાં છે. **ઓબોક** ફ્રાન્સના તાબામાં છે. **અસાબ** અને **મસુવા** બંદરો ઇટાલીના તાબામાં છે.

---

૬ આફ્રિકાના દ્વીપો.

૧ **સોકોટ્રા**—એ ગ્વાર્ડાફવીની પૂર્વે છે તે અબનુસના લાકડાને માટે પ્રખ્યાત છે. તે ઇંગ્રેજને તાબે છે.

૨ **માડાગાસ્કર**—એ આફ્રિકાની પૂર્વે છે. વિસ્તારમાં તે બંગાળા પ્રાંત જેવડો છે. **એમ્બર અને સેંટમેરી** તેના ઉત્તર દક્ષિણ બિંદુ છે. મુખ્ય શહેર **તાનાનારિવો** મધ્યમાં છે. **ટેમેટેવ** મુખ્ય બંદર છે. એક ખ્રિસ્તિરાણી તે દ્વીપ ઉપર અમલ ચલાવે છે કાંઇ વાંધાને લીધે ફ્રાન્સે ચઢાઇ કરી ત્યાંની રાણીને પોતાની સર્વોપરી સત્તા કબુલ રાખવાની ફરજ પાડી છે અને તે બેટ હાલ **ફ્રાન્સના** રક્ષણ નીચે છે.

૩ **કોમોરૂ દ્વીપો**—માડાગાસ્કર અને આફ્રિકાની વચ્ચે છે. તે **ફ્રાન્સને** તાબે છે.

૪ **બુર્બોન**—અથવા રિયુનિયન માડાગાસ્કરની પૂર્વે છે તે પણ **ફ્રાન્સને** તાબે છે. મુખ્ય નીપજ ખાંડની છે.

૫ **મોરિશિયસ**—માડાગાસ્કરની પૂર્વે છે. ત્યાં ખાંડ પુષ્કળ થાય છે અને તેને તે બેટના નામ ઉપરથી મોરસ ખાંડ કહે છે મુખ્ય શહેર **પોર્ટલૂઇ** છે. મોરિશિયસ તથા તેના તાબાના **સૈચ્યલ** અને **અમિરાંતિ** દ્વીપો **ઇંગ્રેજને** તાબે છે.

૬ **સેંટહેલીના**—આટલાંટિક મહાસાગરમાં છે ત્યાં મહાન નેપોલિયનને કેદ રાખવામાં આવ્યો હતો, તે ત્યાં સને ૧૮૨૧ માં મરણ પામ્યો. તે તથા તેની વાયવ્યે આ-**આસેન્શન** દ્વીપો **ઇંગ્રેજને** તાબે છે. તેની ઇશાન-ખૂણમાં ગિનીના અખાતમાં સ્પેનનો **ફરનાન્ડોપો** બેટ છે. તેની દક્ષિણે **સેંટશોમ્સ** અને **પ્રિન્સ દ્વીપો પોર્ટુ-ગાલને** તાબે છે.

૭ **કેપવર્ડ દ્વીપો**—કેપવર્ડ ભૂશિરની પશ્ચિમે છે તે **પોર્ટુગા-લને** તાબે છે. મુખ્ય શહેર **સેંટયાગો** છે.

૮ **કેનેરી દ્વીપો**— એ મોરોક્કોની નૈરૃત્યે છે. તે **સ્પેનને** તાબે છે. તેમાં સૌથી મોટો દ્વીપ **ટેનેરિફ** છે; તેમાં **સેં-ટાક્રુઝ** મુખ્ય શહેર છે.

૯ **મદીરા દ્વીપો**—એ કેનેરી દ્વીપોની ઉત્તરે છે. તે **પોર્ટુગાલ-ના** તાબામાં છે. મદીરા નામનો દારૂ ત્યાંથી આવે છે. મુખ્ય શહેર **ફંશાલ** છે. મદીરાની ઉત્તરે **આઝોર્સ દ્વીપો** પણ પોર્ટુગાલને તાબે છે.

આફ્રિકા સમાપ્ત.

પ્રકરણ ૫ મું.

અમેરિકાખંડ.

પૂર્વે આટલાંટિક અને પશ્ચિમે પાસિફિક મહાસાગરની વચ્ચે એ ખંડ છે અમેરિકાખંડ કોલંબસે સને ૧૪૯૨ માં શોધી કાઢ્યો. ઉત્તર અમેરિકાની શોધ સને ૧૪૯૭ માં ઇંગ્લાંડના ૮ મા હેનરીના આશ્રય નીચે સેબેસ્ટિયન કેબટે કરી. સને ૧૪૯૯ માં **અમેરિગોવેસપૂચીએ** તે દેશમાં જઈ આવી તેને લગતો પ્રથમ હેવાલ પ્રગટ કર્યો તેથી તેના નામ ઉપરથી તે ખંડનું નામ **અમેરિકા** પડ્યું. તેના બે મોટા ભાગ છે. ૧ **ઉત્તરઅમેરિકા** અને ૨ **દક્ષિણ અમેરિકા**; તે બન્ને ભાગ **પનામા** અથવા ડેરિયનની સંયોગીભૂમિ વડે જોડાયલા છે.

વસ્તી અને ક્ષેત્રફળ—અમેરિકાખંડની વસ્તી ૧૨ કરોડ માણસની છે. અને ક્ષેત્રફળ ૧ કરોડ ૬૦ લાખ ચોરસ માઇલ છે. તેની ઉત્તર દક્ષિણ લંબાઇ આશરે ૧૦ હજાર માઇલ છે.

દેખાવ—ઉત્તર અને દક્ષિણ અમેરિકા બન્ને ત્રિકોણાકાર છે. ઉત્તર અમેરિકા તેના સુંદર સરોવરોને માટે અને દક્ષિણ અમેરિકા વિશાળ નદીઓને માટે પ્રસિદ્ધ છે.

વનસ્પતિ—બટાટા, તંબાકુ, અનનાસ, સિન્કોના (જે ઝાડમાંથી તાવની દવા કિવનાઇન નીકળે છે તે ઝાડ) વિગેરે આ દેશમાં પ્રથમ અમેરિકામાંથી લાવવામાં આવ્યા હતા.

---

૧ ઉત્તર અમેરિકા.

સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, દક્ષિણે દક્ષિણ અમેરિકા અને પાસિફિક મહાસાગર, પૂર્વે આટલાંટિક મહાસાગર અને પશ્ચિમે પાસિફિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—ઉત્તર અમેરિકાની વસ્તી આશરે ૮ કરોડ ૮૦ લાખ માણુસની છે. અને ક્ષેત્રફળ આશરે ૫૦ લાખ ચોરસ માઇલ છે.

દેશ—

દેશનું નામ.	મુખ્ય શહેર.	નકશામાં કયે ઠેકાણે.
૧ ગ્રીનલાંડ અથવા ડેનિશ ઉત્તર અમેરિકા—	જુલિયનશાબ.	નૈરૂત્યખુણુમાં.
૨ બ્રિટિશ ઉત્તર અમેરિકા.	ઓટાવા વિગેરે	ઓટાવા નદી ઉપર
૩ યુનાઇટેડ સ્ટેટ્સ.	વોશિંગ્ટન.	પોટોમેક નદી ઉપર
૪ મેક્સિકો	મેક્સિકો.	તઝકુકો સરોવર પાસે
૫ મધ્યઅમેરિકા	ગુવાટેમાલા વિગેરે.	મધ્ય અમેરિકાના વર્ણુનમાં જુઓ.
૬ વેસ્ટઇન્ડિઝ.	તેમાં સૌથી મોટો દ્વીપ ક્યુબા છે.	વેસ્ટઇન્ડિઝનું વર્ણન જુઓ.

પર્વત—ઉત્તર અમેરિકાના આખા પૂર્વ કિનારા ઉપર **અલિધાની** અથવા **એપેલિશિયન** અને પશ્ચિમ કિનારા ઉપર **રોકી** પર્વતો છે. વાયવ્ય ખૂણુમાં **માઉન્ટસેંટ એલિઅસ** છે. કલિફોર્નિઆમાં **સીરાનેવેડા** રોકી પર્વતોની શાખા છે. મેક્સિકોમાં **પોપો કેટિપેટલ** અને **ઓરિઝાબા** જ્વાળામુખી પર્વતોછે.

નદી—**મેકેન્ઝી** અને **ગ્રેટફિશ** નદીઓ ઉત્તરમહાસાગરને

મળે છે. **સસ્કેચુવાન** (એટલે જલદી વહેતી નદી) **અથવા નેલસન** હડસનના ઉપસાગરને મળે છે. **સેંટલોરેંસ** તેજ નામના અખાતને મળે છે. **હડસન** ન્યુયોર્ક આગળ આટલાંટિક મહાસાગરને મળે છે. **સસ્કવેહાના** ચેસાપીકના ઉપસાગરને મળે છે. **મિસસિપિ** (એટલે મોટી અને લાંબી નદી) મેક્સિકોના અખાતને મળે છે; તેને પૂર્વમાંથી **ઇલિનોઇઝ, ઓહિઓ** અને **ટેનેસિ** અને પશ્ચિમમાંથી **રેડ** (લાલ નદી), **આરકેન્સસ** અને **મિસુરી** (એટલે કચરા કાદવવાળી નદી) નદીઓ મળે છે. **કોલોરેડો** (રંગીન નદી) અને **રિઓગ્રાન્ડડલનોર્ટ** (એટલે ઉત્તરમાં મોટી નદી) મેક્સિકોના અખાતને મળે છે. **સેક્રેમેન્ટો** અને **કોલંબિઆ** પાસિફિક મહાસાગરને મળે છે. **કોલોરેડો** પશ્ચિમમાં કેલિફોર્નિયાના અખાતને મળે છે.

મિસિસિપિની લંબાઇ આશરે ૩૨૦૦ માઇલ છે. પણ મિસૂરીમિસિસિપિ એકજ ગણીએ તો મિસિસિપિના મુખથી મિસૂરીના મુળ સુધીની લંબાઇ ૪૩૦૦ માઇલ છે અને તે પ્રમાણે ગણીએ તો મિસિસિપિ–મિસૂરી આખી દુનિયામાં સૌથી લાંબી નદી છે કારણ કે **નાઇલ** જેને આપણે મોટી નદી ગણીએ છીએ તેની લંબાઇ ૪૦૦૦ માઇલ છે.

દ્વીપ—ઇશાનખૂણમાં **ગ્રીનલાંડ** બેટ છે. **સાઉધેમ્પટન, કોકબર્ન, મેલવિલ, પ્રિન્સ ઓફ્ વેલ્સલેન્ડ, પ્રિન્સ આલબર્ટલેન્ડ, બેન્કસલેન્ડ** વિગેરે ઉત્તરમાં છે. સેંટલોરેન્સના અખાતમાં **કેપબ્રિટન, પ્રિન્સઅડવર્ડ** અને **એન્ટિકોસ્ટિ** દ્વીપો છે. ન્યુયોર્ક પાસે **લોંગબેટ** છે. યુનાઇટેડ સ્ટેટસની પૂર્વે **બરમ્યુડાઝ** દ્વીપો ઇંગ્રેજના છે. અને પશ્ચિમે **વાનકુઅર** અને **ક્વીનચારલોટ** દ્વીપો છે. ઉત્તર અને દક્ષિણ અમેરિકા **વચ્ચેના વેસ્ટઇન્ડિઝ** દ્વીપ સમુહનું વર્ણન જૂદું આપવામાં આવ્યું છે.

દ્વીપકલ્પ—પૂર્વમાં **લેબ્રેડાર** અને **નોવાસ્કોશિઆ**, દક્ષિણે **ફ્લોરિડા** અને **યુકાટાન**, નૈરૃત્ય ખૂણમાં **નીચલો કાન-**

લિફોર્નિઆ અને વાયવ્ય ખૂણામાં **અલાસ્કા** મુખ્ય દ્વીપકલ્પો છે.

બધા દ્વીપકલ્પ સામાન્ય રીતે દક્ષિણ તરફ ઢળતા હોય છે પણ તેથી ઉલટી રીતે યુકાટાન અને જતલાંડ (ડેનમાર્કમાં) ઉત્તર તરફ લંબાયેલા છે.

ભૂશિર—ગ્રીનલાંડની દક્ષિણે **ફેરવેલ**, ન્યુફાઉન્ડલાંડની દક્ષિણે **રેસ**, નોવાસ્કોશિઆની દક્ષિણે **સેબલ**, યુનાઇટેડ સ્ટેટસની દક્ષિણે **કોડ** અને **હટેરાસ**, ફ્લોરિડાની દક્ષિણે **સેબલ**, નીચલા કાલિફોર્નિઆની દક્ષિણે **સેંટલ્યુકાઝ** અને બેહેરિંગની સામુદ્રધુની પાસે **પ્રિન્સ ઑફ વેલ્સ** ભૂશિરો છે.

સરોવર—ઉત્તર અમેરિકામાં સરોવરો ઘણાં છે. તેના ત્રણ સમુહ છે. સૌથી મોટો સમુહ સેંટલારેન્સ નદીના પ્રદેશમાં છે. તેમાં મુખ્ય **સુપીરિઅર**, **મિચિગાન**, **હુરોન**, ઇરી અને **ઑન્ટેરિઓ** છે. સુપીરિઅર આખી દુનિયામાં મીઠાપાણીનું સૌથી મોટું સરોવર છે; તેનો વિસ્તાર આશરે ૩૨ હજાર ચોરસ માઇલમાં છે. બીજો સમુહ મેકેન્ઝિ નદીના પ્રદેશમાં છે; તેમાં મુખ્ય **આથાબાસ્કા**, **ગ્રેટસ્લેવ** અને **ગ્રેટબેર** સરોવરો છે. ત્રીજો સમુહ નેલસન નદીના પ્રદેશમાં છે. તેમાં મુખ્ય **વિનીપેગ** સરોવર છે. તે સિવાય રોકી પર્વતોની પશ્ચિમે **ગ્રેટસોલ્ટ** ન્યુયોર્કની ઉત્તરે **ચેમ્પલેન** અને મધ્ય અમેરિકામાં **નિકારાગુઆ** સરોવરો છે. ઈરી સરોવર પાસે પ્રખ્યાત **નાયગરા** નદીના ધોધ છે. તેમાં પાણી ૧૬૦ ફીટની ઉંચાઇએથી પડે છે. (નાયગરા એટલે પાણીની ગર્જના).

સમુદ્ર, અખાત અને ઉપસાગર—ગ્રીનલાંડની પશ્ચિમે **બાફીનનો** ઉપસાગર છે. **હડસનનો** ઉપસાગર દેશની અંદરના ભાગમાં છે. તે આટલાંટિક મહાસાગર સાથે જોડાયલો છે. સેંટલોરેન્સ નદીના મુખ આગળ **સેંટલોરેન્સનો** અખાત છે. નોવાસ્કોશિઆની નૈરૂત્યે **ફન્ડી**, યુનાઇટેડ સ્ટેટસના પૂર્વકાંઠા ઉપર **ચેસાપીક** અને તેની દક્ષિણે **કેમ્પીચીના** અખાતો છે.

યુનાઇટેડ સ્ટેટસની દક્ષિણે **મેક્સિકોનો અખાત** છે; ભૂમધ્ય રેખા (ઇક્વેટર) પાસેથી ઉકળતા પાણીનો ઝરો મેક્સિકોના અખાતમાં વહે છે અને ત્યાંથી **ગલ્ફસ્ટ્રીમ**ના નામથી આટલાંટિક સાથે જોડાય છે. દક્ષિણ અમેરિકા અને વેસ્ટઇન્ડિઝની વચ્ચે **કેરિબિયન સમુદ્ર** છે; **હોન્ડુરાસ** અને **મસ્કિટો**ના અખાતો તે સમુદ્રની બે શાખાઓ છે. પશ્ચિમકિનારે માત્ર **કાલિફોર્નિઆ**નોજ અખાત છે.

સામુદ્રધુની—**ડેવિસ** એ બાફિનના ઉપસાગરને આટલાંટિક મહાસાગર સાથે જોરે છે **હડસન** એ હડસનના ઉપસાગરને આટલાંટિક સાથે જોડે છે. **બેલીલ** લેબ્રેડોર અને ન્યુફાઉન્ડલાંડની વચ્ચે છે. યુકાટાન અને ક્યુબાની વચ્ચે **યુકાટાન ચાનલ** છે. **જુઆનડિફુકાની** સામુદ્રધુની વાનકુવર અને યુનાઇટેડસ્ટેટસની વચ્ચે છે. **બેહેરિંગ**ની સામુદ્રધુની અમેરિકા ને એશિઆથી જૂદો પાડે છે. એ સિવાય ઉત્તરમહાસાગર માંહેલા દ્વીપો અને ઉત્તર બ્રિટિશ અમેરિકાની વચ્ચે **લેન્કેસ્ટરસાઉન્ડ, બેરોની સામુદ્રધુની, મેલ્વિલસાઉન્ડ** વિગેરે નાની સામુદ્રધુનીઓ છે,

સંયોગીભૂમિ—**પનામા**ની સંયોગીભૂમિ ઉત્તર અને દક્ષિણ અમેરિકાને જોડે છે **ટેહુઆન્ટિપેકની** સંયોગીભૂમિ કેમ્પીચીના આખાત અને પાસિફિક મહાસાગરની વચ્ચે છે.

ખનિજ પદાર્થ—બ્રિટિશ કોલમ્બિઆ અને કેલિફોર્નિઆમાં સોનાની પુષ્કળ ખાણો છે. મેક્સિકોમાં રૂપાની ખાણો છે. એ સિવાય ત્રાંબુ, લોઢું, કોલસા વિગેરે ઘણાખરા દેશોમાંથી નીકળે છે.

લોકો અને ધર્મ—અમેરિકાના મુળ વતનીઓને "ઇન્ડિયન્સ કહે છે. વસ્તીનો મોટો ભાગ યૂરોપીયન લોકોનો છે. સીદી લોકોની વસ્તી પણ છે મુળ વતનીઓની સંખ્યા માત્ર ૫૦ લાખનીજ છે. યુનાઇટેડ સ્ટેટસના લોકો **પ્રોટેસ્ટંટ** ધર્મના અને મેક્સિકો અને મધ્ય અમેરિકાના લોકો **રોમનકેથોલિક** ધર્મના છે.

બંદર—પુર્વ કિનારે—હાલિફ્રાક્સ, બોસ્ટન, ન્યુયોર્ક, બ્રૂકલિન, ફિલાડેલ્ફિઆ, બાલ્ટિમોર, ચાર્લસ્ટન, મોબાઇલ, ન્યુઓર્લિઅન્સ, વેરાક્રુઝ, કેમ્પીચિ, બેલિઝ અને ટ્રુકિસલો.

પશ્ચિમ કિનારે—આકાપુલ્કો અને સાન ફ્રાન્સિસ્કો.

ઊત્તર અમેરિકાની નદીઓ અને તે ઊપરનાં શહેરો.

નદીનું નામ	લંબાઇ માઇલ	ક્યાંથી નીકળી	કોને મળે છે	તેના ઉપર મુખ્ય શહેરો.
સેંટલોરેન્સ	૨૧૦૦	એન્ટેરિઓ સરોવરમાંથી	સેંટલોરેન્સના અખાતને	ટોરોન્ટો, કિંગસ્ટન, મોન્ટ્રીઅલ. અને કિબેક.
મેકેન્ઝિ	૨૧૦૦	ગ્રેટસ્લેવ સરોવરમાંથી	ઉત્તરમહાસાગરને	ફોર્ટ સિમ્પસન—
મિસિસિપિ-મિસૂરી	૪૩૦૦	રોકી પર્વતોમાંથી	મેક્સિકોના અખાતને	સેંટપોલ, સેંટલૂઇ અને ન્યુઓર્લિઅન્સ.

૧ ગ્રીનલાંડ અથવા ડેનિશ અમેરિકા.

ગ્રીનલાંડ—એ ઇશાનખૂણમાં મોટો દ્વીપ છે. અને બારે માસ બરફથી ઢકાએલો રહે છે. નૈરૃત્ય કિનારા ઉપર થોડા ડેન્સ લોકો રહે છે, પણ મુળ વતનીઓ જંગલી અવસ્થામાં છે. વિસ્તારમાં ગ્રીનલાંડ હિંદુસ્તાનથી લગભગ અરધો છે. ડેન્સ લોકોએ દસમા સૈકામાં ત્યાં સંસ્થાન સ્થાપ્યું. ત્રણસેં વરસ સુધી તો ડેન્સ લોકોનું ઠીક ચાલ્યું પણ સને ૧૪૦૦ની સાલમાં બધા મરણ પામ્યા. તેમણે બાંધેલ મકાનના ખંડેર હજી છે. **અપર્નેવિક, ક્રિશ્ચિઅનશાબ** અને **જુલિયનશાબ** મુખ્ય શહેરો છે. તેની દક્ષિણે **ફેરવેલ ભૂશિર** છે.

૨ બ્રિટિશ ઉત્તર અમેરિકા.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, દક્ષિણે યુનાઇટેડ સ્ટેટસ, પૂર્વે આટલાંટિક મહાસાગર અને પશ્ચિમે પાસિફિક મહાસાગર અને અલ્લાસ્કા—

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૫૦ લાખ માણસની છે અને ક્ષેત્રફળ ૩૫ લાખ ચોરસ માઇલ છે. બ્રિટિશઉત્તર અમેરિકા જો કે હિંદુસ્તાનથી બમણો છે તોપણ વસ્તી ઘણીજ ઓછી છે.

એ દેશ મહારાણીશ્રીએ નીમેલ ગવર્નરની હકુમત નીચે છે; તેને મદદ કરવાને એક કાઉન્સિલ અને એક પાર્લામેન્ટ છે.

વિભાગ—બ્રિટિશ ઉત્તર અમેરિકાના બે વિભાગ છે.

૧ કેનેડા અને ૨ ન્યુફાઉન્ડલાંડ.

૧ કેનેડા.

કેનેડામાં પ્રથમ સંસ્થાન ફ્રેન્ચ લોકોએ સને ૧૫૦૮ માં સ્થાપ્યું હતું. પણ સને ૧૭૬૩ માં ઇંગ્રેજે તે તમામ જીતી લીધું.

પર્વત—રૉકી પર્વતોની હાર આખા પશ્ચિમકિનારા ઉપર પથરાગેલી છે. તેની વાયવ્યખૂણમાં **માઉન્ટ સેંટ એલિયસ** ઉત્તર અમેરિકામાં સૌથી ઉંચો પર્વત છે.

નદી—**મેકેન્ઝિ** અને **ગ્રેટફિશ** નદીઓ ઉત્તર માહાસાગરને મળે છે. **સેંટલોરેન્સ** તેજ નામના અખાતને મળે છે. **સસ્કેચુવાન** અથવા **નેલસન** હડસનના ઉપસાગરને મળે છે.

દ્વીપ—**કેપબ્રિટન**, **પ્રિન્સએડવર્ડ** અને **ઍન્ટિકોસ્ટિ** દ્વીપો સેંટલોરેન્સના અખાતમાં છે. **વાનકુઅર** અને **કિવનચારલોટ** દ્વીપો પશ્ચિમમાં છે. એ ઉપરાંત ઉત્તરમાં નાના બેટ ઘણા છે.

સરોવર—**સુપીરિઅર**, **હુરોન**, **ઇરી** અને **ઓન્ટારિઓ** કેનેડા અને યુનાઇટેડ સ્ટેટસની સરહદ ઉપર છે. એ સિવાય મેકેન્ઝિ નદીના પ્રદેશમાં **વિનિપેગ**, **ગ્રેટસ્લેવ**, **ગ્રેટબેર**

તથા બીજાં નાનાં સરોવરો ઘણાં છે.

અખાત અને ઉપસાગર—ઇશાનખૂણામાં **બાફિનનો** ઉપસાગર, અને દેશના અંદરના ભાગમાં **હડસનનો** ઉપસાગરછે; **ફન્ડી** અને **સેંટલોરેન્સના** અખાત પૂર્વકાંઠે છે.

ભૂશિર—લેબ્રેડોરની ઉત્તરે **ચડલી** અને નોવાસ્કોશિઆની દક્ષિણે **સેબલ** મુખ્ય ભૂશિરો છે.

સામુદ્રધુની—**હુડસન**ની સામુદ્રધુની હડસનના ઉપસાગર અને આટલાંટિક મહાસાગરને અને **ડેવિસ**ની સામુદ્રધુની બાફિનના ઉપસાગરને અને આટલાંટિકને જોડે છે. **બેલીલ** લાબ્રાડોર અને ન્યુફાઉન્ડલાંડની વચ્ચે છે. એ સિવાય ઉત્તરમાં કેનેડા અને દ્વીપોની વચ્ચે **બેરો, લેન્કેસ્ટરસાઉન્ડ, મેલવિલ ચાનલ** વિગેરે છે.

પ્રાંત—કેનેડાના નીચે મુજબ છ પ્રાંત કરેલા છેઃ-

૧ **માનિટોબા**—એ વિનિપેગ સરોવરની દક્ષિણે છે. મુખ્ય શહેર **વિનિપેગ** છે.

૨ **બ્રિટિશ કોલમ્બિઆ**—એ નૈરૂત્યખૂણમાં છે. **વાનકુઅર** અને **કિવનચારલોટ** દ્વીપોનો એમાં સમાવેશ થાય છે. મુખ્ય શહેર **વિકટોરિઆ** વાનકુઅર દ્વીપમાં છે. બીજું શહેર **ન્યુવેસ્ટમિનસ્ટર** દેશની અંદરના ભાગમાં છે.

૩ **ઓન્ટેરિઓ**—એ સરોવરના પ્રદેશની ઉત્તરે છે. મુખ્ય શહેર **ટોરોન્ટો** ઓન્ટેરિઆ સરોવરની પશ્ચિમે છે. સેંટલોરેન્સના મુખ આગળ **કિંગસ્ટન** છે ઓટાવા નદી ઉપર **ઓટાવા** શહેર કેનેડાની રાજધાની છે.

૪ **કવીબેક**—એ સેંટલોરેન્સ નદીની બન્ને બાજુએ છે. મુખ્ય શહેર **મોન્ટ્રીઅલ** છે સેંટલોરેન્સ ઉપર **કવીબેક** નામે બીજું શહેર એમાં છે.

૫ **ન્યુબ્રન્સવિક**—એ નોવાસ્કોશિઆ અને યુનાઇટેડ સ્ટેટ્સના એક સંસ્થાનની વચ્ચે છે. ત્યાંથી ઇમારતી લાકડું પરદે-

શ ખાતે ચઢે છે. મુખ્ય શહેર **ફ્રેડરિકટન** સેંટજોન નદી ઉપર છે. તેજ નદીના મુખ આગળ **સેંટજોન** શહેર છે, તેમાં વહાણ બનાવવાનું કામ મોટા પાયા ઉપર ચાલે છે.

૬ **નોવાસ્કોશિઆ**—(એટલે નવો સ્કોટલાંડ) એ ન્યુબ્રન્સવિક-ની પૂર્વે દ્વીપકલ્પ છે. મુખ્ય શહેર **હાલિફાક્સ** છે. **કેપ-બ્રિટન** દ્વીપ નોવાસ્કોશિઆનો ભાગ છે.

૨ ન્યુફાઉન્ડલાંડ.

ન્યુફાઉન્ડલાંડ—**લેબ્રેડોર** ન્યુફાઉન્ડલાંડના તાબામાં છે. અને તેનાથી તે **બેલીઝની** સામુદ્રધુની વડે જૂદો પડેલો છે તે-ની દક્ષિણે **કેપરેસ** ભૂશિર છે. ન્યુફાઉન્ડલાંડમાંથી **કોડલિવર-ઓઇલ** (કોડ માછલીનું તેલ) દેશાવર ખાતે પુષ્કળ મોકલવામાં આવે છે. મુખ્ય શહેર **સેંટજોન્સ** યૂરોપથી ઘણું નજીક છે.

૩ યુનાઇટેડ સ્ટેટસ.

સીમા—ઉત્તરે બ્રિટિશ અમેરિકા, દક્ષિણે મેક્સિકો દેશ અ-ને અખાત, પૂર્વે આટલાંટિક મહાસાગર અને પશ્ચિમે પાસિફિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—યુનાઇટેડ સ્ટેટસની વસ્તી ૬ ક-રોડ **૩૩** લાખ માણસની છે અને વધતીજ જાય છે. તેમાં આ-શરે **૫** કરોડ ૪૦ લાખ યૂરોપીયનો, ૯૦ લાખ સીધી અને **૩** લાખ મુળ વતની ઇન્ડિયન્સ છે. ક્ષેત્રફળ ૩૫ લાખ ચોરસ માઇલ છે. એટલે કે વિસ્તારમાં યુનાઇટેડ સ્ટેટસ હિંદુસ્તાન કરતાં લ-ગભગ અઢીગણાં મોટાં છે

પર્વત—**રોકી** પર્વતોની હાર જે કેનેડામાંથી શરૂ થાય છે તે યુનાઇટેડસ્ટેટસના કાંઠા ઉપર પણ પથરાયેલી છે. પાસિફિક મહાસાગરના કિનારા ઉપર **કાસ્કેડ** અને **સિએરા નેવેડા** પ-ર્વતો છે.

નદી—યુનાઇટેડ સ્ટેટસમાં નદીઓ ઘણી છે. **કનેક્ટિકટ, હડસન, ડિલાવેર, સસ્કવેહાના** અને **પોટોમેક** આટલાંટિક મહાસાગરને મળે છે. **મિસિસિપિ** મેક્સિકોના અખાતને મળે

છે. તેને પૂર્વમાંથી વાઇકોનસિન, ઇલિનોઇઝ અને ઓહિઓ અને પશ્ચિમમાંથી મિસૂરી, આરકેન્સસ અને રેડ મળે છે. કોલોરેડો કાલિફોર્નિઆના અખાતને મળે છે. સેક્રેમેન્ટો અને કોલમ્બિઆ પાસિફિક મહાસાગરને મળે છે.

દ્વીપ—પૂર્વકાંઠા ઉપર લોંગ બેટ છે.

દ્વીપકલ્પ—ફ્લોરિડા મેકિસકોના અખાત અને આટલાંટિક મહાસાગરની વચ્ચે છે. અલાસ્કા એ વાયવ્યખૂણુમાં ઉત્તર અને પાસિફિક મહાસાગરની વચ્ચે છે.

ભૂશિર—પૂર્વકાંઠા ઉપર કોડ અને હાટેરાસ, ફ્લોરિડાની દક્ષિણે સેબલ અને અલાસ્કામાં પ્રિન્સ ઓફ વેલ્સ ભૂશિર છે.

સરોવર—મિચિગાન ઉત્તરમાં અને ગ્રેટસોલ્ટ સરોવર પશ્ચિમમાં છે.

અખાત—પૂર્વકાંઠા ઉપર ચેસાપીક અને ડિલાવેર અખાતો છે.

શહેરો—મુખ્ય શહેર વોશિંગ્ટન પોટોમેક નદી ઉપર છે, તેમાં રાજસભા મળે છે. હડસનના મુખ આગળ ન્યુયોર્ક છે. તે અમેરિકામાં સૌથી મોટું શહેર છે અને આખી દુનિયામાં વેપારમાં ફક્ત માન્ચેસ્ટરથીજ ઉતરતું છે. તેમાં વસ્તી આશરે ૧૫ લાખ માણસની છે, બ્રૂકલિન લોંગ દ્વીપ ઉપર છે. ડિલાવેર નદી ઉપર ફિલાડેલ્ફિયા વિદ્યાલયોને માટે પ્રસિદ્ધ છે. ઓહિઓ નદી ઉપર પિટસબર્ગ લોઢાના સામાનની બનાવટનું મુખ્ય સ્થળ છે. પૂર્વ કિનારા ઉપર બોસ્ટન છે; તે વેપારમાં માત્ર ન્યુયોર્કથીજ ઉતરતું છે. ચેસાપીકના ઉપસાગર ઉપર બાલ્ટિમોર છે. ત્યાંથી પુષ્કળ લોટ પરદેશ જાય છે. વર્જિનીયા સંસ્થાનનું મુખ્ય શહેર રિચમંડ જેમ્સ નદી ઉપર છે. અગ્નિખૂણમાં ચાર્લસ્ટન મુખ્ય બંદર છે. મોબાઇલ અને મિસિસિપિ ઉપર ન્યુઓર્લિઅન્સ રૂના વેપારનાં મુખ્ય મથક છે. ઓહિઓ નદી ઉપર સિનસિનેટિમાં ડુક્કરના માંસનો મોટો વેપા-

ર ચાલે છે. **ચિકાગો** મિચિગાન સરોવરની દક્ષિણે છે. તેમાં સને ૧૮૯૩માં એક ગંજાવર પ્રદર્શન થયું હતું. મિસિસિપિ અને મિસૂરીના સંગમ ઉપર **સેંટલૂઇ** શહેર છે. સોલ્ટ સરોવર પાસે **સોલ્ટ લેક શહેર** છે. પાસિફિક મહાસાગર ઉપર **સાન-ફ્રાન્સિસ્કો** મોટું બંદર છે; ત્યાંથી જથ્થાબંધ સોનું, અનાજ અને પારો પરદેશ મોકલવામાં આવે છે.

ખનિજ પદાર્થ—લોઢું, સિસું અને કોલસા પુષ્કળ નીકળે છે. સોનું અને રૂપું કેલિફોર્નિઆ અને નેવેડામાંથી નીકળે છે. યુનાઇટેડ સ્ટેટસ જેટલું રૂપું દુનિયાના કોઇ દેશમાંથી નીકળતું નથી.

લોકો અને વેપાર—લોકો ચપળ અને ચાલાક છે. વેપાર ફક્ત ઇંગ્લાંડથીજ ઉતરતો છે. હુન્નર કળામાં લોકો ઘણાજ આગળ પડેલા છે. યુનાઇટેડ સ્ટેટસનો પરદેશ ખાતે મુખ્ય વેપાર રૂ, અનાજ, ઘાસલેટ, સાગ અને તંબાકુનો છે. રેલવે ૧ લાખ ૭૦ હજાર માઇલમાં છે. વસ્તીનો મોટો ભાગ **પ્રોટેસ્ટંટ ધર્મ**ને માનનારો છે.

રાજ્ય—પ્રજાસત્તાક છે. એક **પ્રેસિડંટ**, સેનેટરની સભા અને પ્રતિનિધીની સભા મળી દેશ ઉપર અમલ ચલાવે છે ઇંગ્લાંડની બન્ને સભાને જેમ પાર્લામેન્ટ કહે છે તેમ યુનાઇટેડ સ્ટેટસની બન્ને સભાને **કોન્ગ્રેસ** કહે છે. ચાર ચાર વર્ષે નવો પ્રેસિડંટ નિમાય છે. હાલ (અલાસ્કા અને કોલમ્બિયા સિવાય) ૪૪ સંસ્થાન અને પાંચ સસ્થાનમાં દાખલ નહીં કરેલ એવાં પરગણાં છે. અમુક વસ્તી હોય તેનેજ સંસ્થાનમાં દાખલ કરવામાં આવે છે. યુનાઇટેડસ્ટેટસ સને ૧૭૭૬ સુધી ઇંગ્લાંડને તાબે હતાં, પણ કેટલાક નવા મૂકેલા કર ગેરવાજબી લાગવાથી લોકો સામા થયા; અને સાત વર્ષની લડાઇ પછી સને ૧૭૮૨માં **વોશિંગ્ટન**ની સરદારી નીચે સ્વતંત્ર થયા અને વોશિંગ્ટનને આ નવા થયેલા પ્રજાસત્તાક રાજ્યનો પ્રથમ પ્રમુખ

નીમવામાં આવ્યો. દરેક સંસ્થાનને પોતપોતાના કાયદા છે પણ પ્રમુખે નીમેલ ગવર્નર તેમના પર અમલ ચલાવે છે.

---

૪ મેકિસકો.

સીમા—ઉત્તરે યુનાઇટેડસ્ટેટસ, દક્ષિણે મધ્ય અમેરિકા, પૂર્વે યુનાઇટેડ સ્ટેટસ અને મેકિસકોનો અખાત અને પશ્ચિમે પાસિફિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧ કરોડ ૧૦ લાખ માણુસની છે, અને ક્ષેત્રફળ ૭ લાખ ૫૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—રોકી પર્વતોની હાર મેકિસકોમાં પણ લંબાય છે. **પોપો કેટિપેટલ** અને **ઓરિઝાબા** જવાળામુખી પર્વતો છે.

નદી—**રિઓગ્રાન્ડલનોર્ટ** મેકિસકોમાં થઇ મેકિસકોના અખાતને મળે છે.

દ્વીપકલ્પ—**યુકાટાન** મેકિસકાના અખાત અને કેરિબિયન સમુદ્રની વચ્ચે છે. **નીચલો કેલિફોર્નિઆ** એ કેલિફોર્નિઆ અખાત અને પાસિફિક મહાસાગરની વચ્ચે છે.

ભૂશિર—**સેંટલ્યુકાઝ** નીચલા કેલિફોર્નિઆની દક્ષિણેછે.

શહેરો—મુખ્ય શહેર **મેકિસકો** જવાળામુખી પર્વતોની વચ્ચે છે. તેની અગ્નિખૂણુમાં **પ્યુબ્લા** અને **ગ્વાડલચારા** શહેરો છે. મેકિસકોના અખાત ઉપર **વેરાક્રુઝ** મુખ્ય બંદર છે. **આંકાપુલ્કો** પાસિફિક મહાસાગર ઉપર બંદર છે. કેમ્પીચીના અખાત ઉપર **કેમ્પીચ** બંદર છે.

વિશેષ હકીકત—મેકિસકોમાં રૂપાની પુષ્કળ ખાણો છે. વસ્તીનો ⅘ ભાગ ઇન્ડિયનોનો છે અને બાકીના સ્પેનિઆર્ડ

અને બીજા લોકો છે. ભાષા **સ્પેનિશ** બોલાય છે. અને ધર્મ **રોમનકેથોલિક** છે. સને ૧૫૨૧ માં સ્પેનના લોકોએ તે દેશ જીત્યો અને ત્યાં સંસ્થાન સ્થાપ્યું. પણ સને ૧૮૨૧ માં લોકો સામા થયા અને પરિણામે મેક્સિકો સ્વતંત્ર દેશ થયો. હાલ ત્યાં **પ્રજાસત્તાક** રાજ્ય છે.

---

૫ મધ્ય અમેરિકા.

મેક્સિકો અને પનામાની વચ્ચેની સાંકડી પટીને મધ્ય અમેરિકા કહે છે. ઘણાખરા પર્વતો જ્વાળામુખી હોવાથી ધરતીકંપ વારંવાર થાય છે અને ઘણું નુકશાન થાય છે.

વસ્તી અને ક્ષેત્રફળ—મધ્ય અમેરિકાની વસ્તી ૨ લાખ ૫૦ હજાર માણસની છે. અને વિસ્તારમાં લગભગ બંગાળા પ્રાંત જેવડો છે.

નદી—મુખ્ય નદી **સાનજુઆન** છે.

સરોવર—મુખ્ય સરોવર **નિકારાગુઆ** છે.

અખાત—મુખ્ય અખાત **હાન્ડુરાસ** અને **ડેરિયનના** છે.

સંયોગીભૂમિ—પનામાની સંયોગીભૂમિ મધ્ય અમેરિકા અને દક્ષિણ અમેરિકાને જોડે છે. તેમાં પાંચ પ્રાંત છેઃ—

પ્રાંતઃ	મુખ્ય શહેર.
૧ **ગ્વાટેમાલા** … …	**નવું ગ્વાટેમાલા.** તે સિવાય એ પ્રાંતમાં **જુનું ગ્વાટેમાલા** શહેર છે. તે એ વખત ધરતીકંપથી નાશ પામ્યું હતું.
૨ **સાનસાલ્વાડોર**……	**સાનસાલ્વાડોર.**
૩ **હાન્ડુરાસ** ……	**કોમાયાગુવા** એમાં **ટ્રુકિસલો** મુખ્ય બંદર છે.

૪ **નિકારાગુઆ** ...... **માનાગુઆ.**

૫ **કોસ્ટારિકા** ...... **સેંટજોસે.**

ઉપરના પાંચે **પ્રજાસત્તાક** રાજ્યો છે. તે ઉપરાંત બેલિઝ અથવા **બ્રિટિશહાન્ડુરાસ** નામે ઇંગ્રેજનું સંસ્થાન છે. તેમાં મુખ્ય શહેર **બેલિઝ** છે.

---

૬ વેસ્ટઇન્ડિઝ.

એ દ્વીપો ફ્લોરિડાના દ્વીપકલ્પ અને ઓરિનિકોના મુખની વચ્ચે છે. તેના મુખ્ય ત્રણ સમુહ છે, ૧ **બાહુમાએ** ફ્લોરિડાની અગ્નિ ખૂણામાં છે. ૨ ગ્રેટર (મોટા) એન્ટીલ એ કેરિબિયન સમુદ્રની ઉત્તરે છે. અને ૩ લેસર (નાના) એન્ટીલ એ કેરિબિયન સમુદ્રની પૂર્વે છે.

ગ્રેટર (મોટા) એન્ટીલ—એમાં **કયુબા**, હાઇટિ, જમેકા, અને **પોર્ટોરિકોનો** સમાવેશ થાય છે.

લેસર (નાના)એન્ટીલ્સમાં વર્જીન દ્વીપો, લીવર્ડ અને **વિન્ડવર્ડ** દ્વીપોનો સમાવેશ થાય છે.

૧ **સ્પેનના તાબા નીચેના દ્વીપો—** વેસ્ટઇન્ડિઝમાં સ્પેનને તાબે **કયુબા** અને **પોર્ટોરિકો છે.** કયુબા વેસ્ટઇન્ડિઝમાં સૌથી મોટો દ્વીપ છે. તેની રાજધાની **હાવાના** બીડીને માટે પ્રખ્યાત છે.

૨ **પ્રજાસત્તાક દ્વીપો**—હાઇટિ અથવા સાનડોમિન્ગો દ્વીપના થોડા ભાગમાં સીધી લોકોનું પ્રજાસત્તાક રાજ્ય છે. તેનું મુખ્ય શહેર **પોર્ટોપ્રિન્સ** છે. બાકીના ભાગમાં સ્પેનના લોકોનું પ્રજાસત્તાક રાજ્ય છે. તેનું મુખ્ય શહેર **સાનડોમિન્ગો** છે.

૩ **ઇંગ્રેજના તાબા નીચેના દ્વીપો—**ઇંગ્રેજને તાબે ની-

એના પાંચ દ્વીપ સમુહ છે:—

૧ **જમેકા**—તેનું મુખ્ય શહેર **સ્પેનિશટાઉન** છે પણ **કિંગસ્ટન** વધારે મોટું શહેર છે.

૨ **લીવર્ડદ્વીપો**—તેમાં મુખ્ય દ્વીપ **એન્ટીગા** છે.

૩ **વિંડવર્ડદ્વીપો**—તેમાં મુખ્ય બાર્બેડોઝ છે.

૪ **ત્રિનિદાદ**—તેનું મુખ્ય શહેર **પોર્ટસ્પેન** છે.

૫ **બાહમાદ્વીપો**—આ દ્વીપોમાં કોલંબસ પ્રથમ ઉતર્યો હતો.

૪ **ફ્રેન્ચ લોકોના તાબા નીચેના દ્વીપો**—માર્ટિનિક અને ગ્વાડેલુપ ફ્રેન્ચ લોકોને તાબે છે.

આ સિવાય ડચ (વલંદા) અને ડેન્સ લોકોના નાના દ્વીપો ઘણા છે.

વિશેષ હકીકત—હિંદુસ્તાન તરફનો રસ્તો શોધતાં આ દ્વીપો કોલંબસને હાથ લાગેલા હોવાથી અને તેને હિંદુસ્તાનના દ્વીપો છે એમ તેને લાગ્યું તેથી તેનું નામ **વેસ્ટઇન્ડિઝ** (ઇન્ડિઆ=હિંદુસ્તાન) આપ્યું. વેસ્ટઇન્ડિઝની કુલ વસ્તી ૬૦ લાખ માણસની અને કુલ ક્ષેત્રફળ ૯૫ હજાર ચોરસ માઇલ છે હાઇટિના થોડા ભાગ સિવાય તમામ દ્વીપો યૂરોપી પ્રજાની હકુમત નીચે છે.

---

૨ દક્ષિણ અમેરિકા.

સામાન્ય વર્ણન.

સીમા—દક્ષિણ અમેરિકા મોટો દ્વીપકલ્પ છે. તેની ઉત્તરે કેરિબિયન સમુદ્ર, પૂર્વે આટલાંટિક મહાસાગર, પશ્ચિમે પાસિફિક મહાસાગર અને દક્ષિણે દક્ષિણ મહાસાગર છે.

વસ્તી અને ક્ષેત્રફળ—દક્ષિણ અમેરિકાની વસ્તી ૩ કરોડ ૩૦ લાખ માણસની છે અને ક્ષેત્રફળ ૭૦ લાખ ચોરસ માઇલ છે.

દેશઃ—

દેશનું નામ.	મુખ્ય શહેર.	નકશામાં કયે ઠેકાણે.
૧ કોલમ્બિઆ.	બોગોટા—	સાન ફ્રાન્સિસ્કો ઉપર
૨ ઇકવાડોર.	કીટો—	પશ્ચિમ કિનારા પાસે
૩ વેનેઝુએલા	કેરેકસ—	ઉત્તર કિનારે
૪ ગાયેના	જ્યોર્જટાઉન વિગેરે—	ડેમેરેરા નદી ઉપર
૫ બ્રાઝિલ	રિઓડિજેનેરો	પૂર્વ કિનારે
૬ પેરૂ	લિમા	પશ્ચિમ કિનારે
૭ બોલિવિઆ	ચુકીસાકા—	દેશના દક્ષિણ ભાગમાં છે
૮ લાપ્લટા	બોનસ એરિસ	રિઓડિલાપ્લાટા ઉપર
૯ ઉરૂગ્વાઇ	મોન્ટીવડિઓ	સદર.
૧૦ પારાગ્વાઈ	એસન્શન	પારાગ્વાઇ નદી ઉપર
૧૧ ચિલિ	સેનશિઆગો	પશ્ચિમ કાંઠે
૧૨ પાટાગોનિઆ	પન્ટાએરિનાસ.	મેગેલનની સામુદ્રધુની પાસે

પર્વત—પનામાંથી કેપહૅાર્ન સુધીના આખા પશ્ચિમ કિનારા ઉપર **એન્ડિઝ** પર્વતોની હાર આવેલી છે. તે પર્વતોની હારમાં બોલિવિઆમાં **સોરાટા** અને ચિલિમાં **એકોન્કેગ્વા** મોટાં શિખરો છે. સોરાટા અમેરિકા ખંડમાં સૌથી ઉંચુ શિખર છે. તે સિવાય **ચિમ્બોરેઝો, કોટોપેકિસ** અને **એન્ટિઆના** જ્વાળામુખી પર્વતો છે.

નદી—દક્ષિણ અમેરિકાની મોટી ત્રણ નદીઓ.—ઉત્તરમાં **ઓરિનોકો**, મધ્યમાં **આમેઝોન** અથવા મેરેન અને દક્ષિણમાં **લાપ્લાટા** (રૂપાની નદી) છે. આમેઝોનની લંબાઇ આશરે ૪૦૦૦ માઇલ છે; જો કે મિસિસિપિ–મિસુરીની લંબાઇ ૪૩૦૦ માઇલ છે તોપણ પાણીના જથ્થામાં આમેઝોન ઘણીજ વધારે હોવાથી તે સૌથી મોટી ગણાય છે. **મેગ્ડેલીના** ઉત્તરમાં કેરિબિયન સમુદ્રને મળે છે. **ફ્રાન્સિસ્કો** પૂર્વમાં આટલાંટિક મહા-

સાગરને મળે છે. **ઇસ્કિબો** ગાયેનામાં થઇ ઉત્તરમાં વહે છે. **આમેઝોન** ને ઉત્તરમાંથી **યાપુરા** અને **નિગ્રો** અને દક્ષિણમાંથી **યૂકેલિ** અને **મદિરા** મળે છે. **ટોકેન્ટિસ** બ્રાઝિલમાં વહે છે. **પારાના** અને **ઉરૂગ્વાઇના** સંગમથી **રિઓડિલાપ્લાટા** બને છે. **પારાગ્વાઈ** પારાનાને મળે છે. **કોલોરેડો** અને **નિગ્રો** દક્ષિણમાં આટલાંટિકને મળે છે.

દ્વીપ—પાટાગોનિઆની પૂર્વે **ફોકલેન્ડ**, દક્ષિણમાં **ટેરાડેલ ફુએગો** (એટલે બળતી જમીન), અને પશ્ચિમમાં **ચિલો**, **જુઆન ફર્નાડિઝ** અને **ગેલેપેગોસ** છે.

ભૂશિર—ઇકવાડોરની પશ્ચિમે **સેંટફ્રાન્સિસ્કો**, ટેરાડેલ ફુએગોની દક્ષિણે **હોર્ન**, અને બ્રાઝિલની પૂર્વે **સેંટરોક** ભૂશિર છે.

સરોવર—**ટિટિકાકા** એન્ડિઝ પર્વતોમાં છે. ઉત્તરમાં **મારાકાઈબો** કેરિબિયન સમુદ્ર સાથે જોડાયલું છે.

અખાત અને ઉપસાગર—**પનામાનો ઉપસાગર** કોલમ્બિઆની પશ્ચિમે છે. **ઓલસેઇન્ટસનો** ઉપસાગર બ્રાઝિલની પૂર્વે છે. **વેનેઝુએલાનો** અખાત મારાકાઇબો અને કેરિબિયન સમુદ્રને જોડે છે.

સામુદ્રધુની—**મેગેલેનની** સામુદ્રધુની પાટાગોનિઆ અને ટેરાડેલ ફુએગોની વચ્ચે છે.

ખનિજ પદાર્થ—પેરૂદેશ રૂપાની ખાણોને માટે પ્રસિદ્ધ હતો. બ્રાઝિલમાં સોનાની ખાણો છે. ચિલિમાંથી ત્રાંબુ પુષ્કળ નીકળે છે. કિવનાઇન જેમાંથી થાય છે તે સિન્કોનાનું ઝાડ પ્રથમ દક્ષિણ અમેરિકામાંથી મળ્યું હતું.

લોકો, ધર્મ, ભાષા અને રાજ્ય—વસ્તીનો ½ ભાગ યૂરોપીયન પ્રજાનો છે. બાકીના ઇન્ડિઅન અને સીધી છે. મુખ્ય ભાષાઓ **સ્પેનિશ** અને **પોર્ટુગીઝ** છે. લોકો ધર્મે **રોમનકેથોલિક** પંથના છે. સોળમાં સૈકાની શરૂઆતમાં બ્રાઝિલમાં પોર્ટુગીઝ લોકોએ અને બાકીના દેશોમાં સ્પેનના લોકોએ સંસ્થાનો

સ્થાપ્યાં હતાં. પણ ૧૯ મા સૈકાની શરૂઆતમાં લોકોએ બળવો કર્યો અને સ્વતંત્ર થયા. ગાયેના સિવાય દક્ષિણ અમેરિકાના બધા દેશમાં પ્રજાસત્તાક રાજ્ય છે.

બંદર—પૂર્વકિનારે—એસ્પિનવોલ, કાર્ટેજીના, મારાકાઇબો, કયુમાના, જ્યોર્જટાઉન, પારામારિબો, કેઇન, મેરનહામ, પર્નામ્બુકો, બાહિઆ, રિઓડિજેનેરો, મોન્ટેવિડિઓ અને બોનસએરિસ.

પશ્ચિમ કિનારે—વાલપેરીઝો, કોકિમ્બો, કેલેઓ, ગાયાકીલ અને પનામા—

મુખ્ય નદીઓ ઉપરનાં શહેર.

નદીનું નામ	લંબાઈ માઈલ	ક્યાંથી નીકળી	કોને મળે છે	તેના ઉપર મુખ્ય શહેરો
આમેઝાન	૪૦૦૦	એન્ડિઝમાંથી	આટલાંટિકને	લાપાઝ, સેન્ટાક્રેઝ, વિગેરે—
પારાના અને ઉરૂવાઇના સંગમથીથતી રિઓડિલાપ્લાટા	૨૩૦૦	બ્રાઝિલના પર્વતોમાંથી	,,	કોરેન્ટિઝ, પારાના, બોનસએરિસ, મોન્ટે વિડિઓ વિગેરે

આ સિવાય મેગ્ડેલિના, ઓરિનોકો વિગેરે મોટી નદીઓ દક્ષિણ અમેરિકામાં છે પણ તે ઉપર જાણવા લાયક શહેરો ન હોવાથી આપી નથી.

---

૧ કોલમ્બિઆ.

સીમા—ઉત્તરે કેરિબિયન સમુદ્ર, દક્ષિણે ઇકવાડોર, પૂર્વે વેનેઝુએલા અને ગાયેના અને પશ્ચિમે મધ્ય અમેરિકા અને પાસિફિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી આશરે ૪૦ લાખ માણુસની અને ક્ષેત્રફળ આશરે ૫ લાખ ચોરસ માઇલ છે.

પર્વત—એન્ડિઝ પર્વતોની હાર એમાં છે.

નદી—**મેગ્ડેલિના** કેરિબ્બિયન સમુદ્રને મળે છે.

અખાત અને ઉપસાગર—**ડેરિયનનો** અખાત કેરિબ્બિયન સમુદ્રમાં છે અને **પનામાનો** ઉપસાગર પશ્ચિમે છે.

શહેર—મુખ્ય શહેર **બોગોટા** છે. મેગ્ડેલિનાના મુખ આગળ **કાર્ટેજીના** મુખ્ય બંદર છે. પાસિફિક મહાસાગર ઉપર **પનામા** અને કેરિબ્બિયન સમુદ્ર ઉપર **એસ્પિનવોલ** બંદરો છે.

વિશેષ હકીકત—કોલમ્બિઆ નામ કોલમ્બસ ઉપરથી પડેલું છે. રાજ્ય પ્રજાસત્તાક છે.

---

૨ ઇકવાડોર.

સિમા—ઉત્તરે કોલમ્બિઆ, દક્ષિણે પેરૂ, પૂર્વે બ્રાઝિલ અને પશ્ચિમે પાસિફિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—ઇકવાડોરની વસ્તી ૧૨ લાખ માણુસની છે અને ક્ષેત્રફળ આશરે ૧ લાખ ૨૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—**કોટાપેક્સિ, ચિમ્બોરેઝો** અને **પિચિન્કા** નામે જ્વાળામુખી પર્વતો એ દેશમાં છે.

દ્વીપ—પશ્ચિમે આવેલો **ગેલેપેગોસ** દ્વીપ ઇકવાડોરને તાબે છે.

શહેર—મુખ્ય શહેર **કીટો** છે. મુખ્ય બંદર **ગાયાકીલ** છે. જ્વાળામુખી પર્વતો હોવાથી ધરતીકંપ ઘણી વખત થાય છે. રાજ્ય પ્રજાસત્તાક છે.

---

૩ વેનઝુએલા.

(એટલે નાનું વેનિસ)

સીમા—ઉત્તરે કેરિબ્બિયન સમુદ્ર, દક્ષિણે બ્રાઝિલ, પૂર્વે ગાયેના અને પશ્ચિમે કોલમ્બિઆ.

વસ્તી અને ક્ષેત્રફળ—કુલ વસ્તી ૨૦ લાખ માણસની અને ક્ષેત્રફળ ૬ લાખ ચોરસ માઇલ છે.

નદી—ઓરિનોકો આટલાંટિક મહાસાગરને મળે છે.

સરોવર—મારાકાઈબો કેરિબિયન સમુદ્ર સાથે જોડાયલું છે.

અખાત—વેનેઝુએલાનો અખાત કેરિબિયન સમુદ્રની શાખા છે.

શહેર—મુખ્ય શહેર **કેરેકસ** કાંઠા ઉપર છે. **મારાકાઈબો** અને **કયુમાના** બે બંદર છે.

વિશેષ હકીકત—સને ૧૮૧૯ સુધી એ સ્પેનને તાબે હતો પણ ત્યાર પછી સ્વતંત્ર થયો અને સને ૧૮૩૦ સુધી કોલમ્બિઆ, ઇકવાડોર અને વેનેઝુએલા એ ત્રણે ભેગાં સંસ્થાનો રહ્યાં, પણ તેજ વર્ષમાં ઐકયતા તોડી નાંખી દરેક જૂદું પ્રજાસત્તાક રાજ્ય બન્યું.

---

૪ ગાયેના.

સીમા—ઉત્તરે અને પૂર્વે આટલાંટિક મહાસાગર, દક્ષિણે બ્રાઝિલ અને પશ્ચિમે વેનેઝુએલા—

વસ્તી અને ક્ષેત્રફળ—ગાયેનાની કુલ વસ્તી ૩ લાખ ૫૦ હજાર માણસની છે. અને ક્ષેત્રફળ ૧ લાખ ૮૦ હજાર ચોરસ માઇલ છે.

નદી—ઇસિકિબો અને **સુરિનામ** આટલાંટિક મહાસાગરને મળે છે.

વિભાગ—ગાયેનાના ત્રણ વિભાગ છે:-પશ્ચિમ તરફના ભાગને **બ્રિટિશ ગાયેના**, મધ્ય ભાગને **સુરિનામ** અથવા **ડચગાયેના** અને પૂર્વ તરફના ભાગને ફ્રેન્ચગાયેના કહે છે.

શહેર—બ્રિટિશ ગાયેનાનું મુખ્ય શહેર **જયોર્જટાઉન** ડેમેરેરા નદી ઉપર છે. ડચ ગાયેનાનું મુખ્ય શહેર **પારામારિબો** સુરિનામ નદી ઉપર છે. ફ્રેન્ચ ગાયેનાનું મુખ્ય શહેર **કેઇન** છે; ત્યાંથી મરચાં પરદેશખાતે પુષ્કળ મોકલવામાં આવે છે.

વિશેષ હકીકત—દક્ષિણ અમેરિકામાં માત્ર ગાયેનાજ યૂરોપી પ્રજાનું સંસ્થાન છે. બાકીના તમામ દેશ પ્રજાસત્તાક છે. ગાયેનાનો અરધો ભાગ ઇંગ્રેજ સરકારનો છે. ચેરાપુંજી સિવાય દુનિયાના બાકીના તમામ દેશ કરતાં ગાયેનામાં વરસાદ વધારે પડે છે.

૫ બ્રાઝિલ.

સીમા—ઉત્તરે વેનેઝુએલા અને ગાયેના, દક્ષિણે પારાગ્વાઇ અને ઉરુગ્વાઇ, પૂર્વે આટલાંટિક અને પશ્ચિમે બોલિવિયા અને પેરૂ.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૧ કરોડ ૪૦ લાખ માણુસની છે અને ક્ષેત્રફળ ૩૨ લાખ ચોરસ માઇલ છે. એટલે બ્રાઝિલ વિસ્તારમાં હિંદુસ્તાનથી લગભગ બમણો છે.

પર્વત—મુખ્ય પર્વત **ઓર્ગન્સ** છે.

નદી—**આમેઝોન** આટલાંટિક મહાસાગરને મળે છે; તેને ઉત્તરમાંથી **યાપુરા** અને **નિગ્રો** અને દક્ષિણમાંથી **મદીરા** અને **યૂકેલિ** મળે છે. એ સિવાય **ટોકેન્ટિસ** અને **સાનફ્રાન્સિસ્કો** નદીઓ એમાં છે.

બૂશિર—પૂર્વકાંઠા ઉપર **સેંટરોક**, **ફ્રિઓ** અને **સેંટ-થોમ** બૂશિરો છે.

અખાત—પૂર્વકાંઠા ઉપર **ઓલસેઇન્ટસનો** અખાત છે.

શહેરો—મુખ્ય શહેર **રિઓડિજેનેરો** દક્ષિણ અમેરિકામાં સૌથી મોટું શહેર છે. ઓલસેઇન્ટસના અખાત ઉપર **બાહિઆ** જૂની રાજધાનીનું શહેર છે. **પર્નામ્બુકો** અને **મેરનહામ** ઉત્તરમાં બંદરો છે.

વિશેષ હકીકત—સોના અને હિરાની ખાણોને માટે બ્રાઝિલ પ્રખ્યાત છે. લોકોનો ધર્મ રોમનકેથોલિક છે. પ્રથમ ૧૫૩૦ માં પોર્ટુગીઝ લોકોએ બ્રાઝિલમાં સંસ્થાન સ્થાપ્યું. સને ૧૮૨૨

માં પોર્ટુગીઝ રાજ્યકુટુંબના એક શખ્સને રાજા નીમી સ્વતંત્ર થયું પણ ૧૮૮૯ માં તે પ્રજાસત્તાક થયું.

૬ પેરૂ.

સીમા—ઉત્તરે ઇક્વાડોર, દક્ષિણે ચિલિ અને બોલિવિઆ, પૂર્વે બ્રાઝિલ અને પશ્ચિમે પાસિફિક મહાસાગર.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૩૦ લાખ માણસની છે અને ક્ષેત્રફળ ૪ લાખ ૬૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—**એન્ડિઝ પર્વતોની** હાર એ દેશમાં પણ છે, તેમાં આમેઝોન નદીનું મુળ છે.

નદી—**યૂકેલિ** પેરૂમાં થઇ બ્રાઝિલમાં **આમેઝોન**ને મળે છે.

સરોવર—**ટિટિકાકા** સરોવર પેરૂમાં છે.

શહેર—મુખ્ય શહેર **લિમા** સમુદ્રકાંઠાથી આશરે ૭ માઇલ દૂર છે. **કેલેઓ** સુંદર બંદર છે. **એરેકીપા** દક્ષિણમાં છે. લિમાની અગ્નિખૂણમાં **કુઝકો** અને ઇશાનખૂણમાં **પાસ્કો** શહેર છે.

વિશેષ હકીકત—વસ્તીનો મોટો ભાગ ઇન્ડિઅનોનો છે. તે સને ૧૮૨૧ માં સ્વતંત્ર થયું, તે પહેલાં સ્પેનના તાબામાં હતું. રાજ્ય પ્રજાસત્તાક છે. પેરૂમાં સિન્કોના ઝાડ ઘણા છે. તે ઝાડની છાલમાંથી ક્વિનાઇન નીકળે છે.

---

૭ બોલિવિઆ.

સીમા—એ પેરૂ અને બ્રાઝિલની વચ્ચે છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૨૨ લાખ ૨૫ હજારની છે અને ક્ષેત્રફળ આશરે ૪ લાખ ૮૦ હજાર ચોરસ માઇલ છે.

પર્વત—એન્ડિઝ પર્વતોની હાર એ દેશમાં પણ છે. તેના ઉંચા શિખરો **સોરાટા** અને **ઈલિમાન** એ દેશમાં છે.

શહેર—મુખ્ય શહેર ચુકીસાકા અથવા **સૂક્ર** છે; પણ

લાપાઝ તેના કરતાં મોટું શહેર છે. **પોટાસિ** શહેરની આસપાસ રૂપુ ઘણુંજ નીકળે છે, છેલ્લા ૩૦૦ વરસમાં આશરે ૩ અબજ રૂપિયાની કીમતનું રૂપું ફક્ત પોટાસિનીજ ખાણોમાંથી નીકળ્યું કહેવાય છે. બોલિવિઆ સને ૧૮૨૫ માં પ્રજાસત્તાક થયું.

૮ લાપ્લાટા, ૯ ઉરૂગ્વાઇ અને ૧૦ પારાગ્વાઈ.

સીમા—લાપ્લાટા નદીના પ્રદેશમાં ત્રણ પ્રજાસત્તાક રાજ્યો છે. આટલાંટિક અને ઉરૂગ્વાઇ નદીની વચ્ચે, ૧ **ઉરૂગ્વાઇ** એન્ડિઝ અને પારાગ્વાઇ અને ઉરૂગ્વાઇ નદીઓની વચ્ચે, ૨ **લાપ્લાટા** અથવા **આરજેન્ટાઇનરિપબલિક**. (પ્લાટા અને આરજેન્ટાઇન બન્ને શબ્દનો અર્થ રૂપું થાય છે) એટલે રૂપાના મુલકનું પ્રજાસત્તાક રાજ્ય અને પારાના અને પારાગ્વાઈ નદીઓની વચ્ચે, ૩ **પારાગ્વાઇ**.

વસ્તી અને ક્ષેત્રફળ—લાપ્લાટાની વસ્તી ૪૦ લાખ માણસની, ઉરૂગ્વાઇની ૭ લાખ અને પારાગ્વાઇની ૬ લાખની છે. ક્ષેત્રફળ અનુક્રમ પ્રમાણે ૧૧ લાખ ૨૫ હજાર, ૭૨ હજાર અને ૯૮ હજાર ચોરસ માઇલ છે.

નદી—**પારાના** અને ઉરૂગ્વાઇના સંગમથી રિઓડિ લાપ્લાટાનો અખાત બને છે અને **પારાગ્વાઈ** તેને મળે છે. તે સિવાય **નિગ્રો** અને **કોલોરેડો** આટલાંટિક મહાસાગરને મળે છે.

શહેર—લાપ્લાટાનું મુખ્ય શહેર **બોનસએરિઝ** (એટલે સારી હવા) લાપ્લાટાના અખાત ઉપર છે. ઇશાનખૂણમાં **કોર્ડોવા** શહેર છે. એ સિવાય તેમાં **પારાના** અને **કોરિએન્ટિઝ** શહેરો વેપારનાં સ્થળ છે. ઉરૂગ્વાઇનું મુખ્ય શહેર **મોન્ટેવિડિઓ** અને પારાગ્વાઇનું **એસન્શન** છે.

વિશેષ હકીકત—લાપ્લાટા સને ૧૮૧૪ માં અને ઉરૂગ્વાઇ તથા પારાગ્વાઇ સને ૧૮૨૫ માં પ્રજાસત્તાક રાજ્યો થયાં. તે પહેલાં તેઓ સ્પેનના કબજામાં હતાં.

---

૧૧ ચિલિ (એટલે બરફવાળી જમીન).

સીમા—ઉત્તરે બોલિવિઆ તથા પેરૂ, દક્ષિણે પાટાગોનિઆ, પૂર્વે એન્ડિઝ અને લાપ્લાટા અને પશ્ચિમે પાસિફિક મહાસાગર છે.

વસ્તી અને ક્ષેત્રફળ—વસ્તી ૩૦ લાખ માણસની અને ક્ષેત્રફળ ૩ લાખ ચોરસ માઇલ છે.

પર્વત—**એન્ડિઝ પર્વતો**ની હાર અને **એકોન્કેગ્વા** નામે જ્વાળામુખી પર્વત એમાં છે.

દ્વીપ—પશ્ચિમ કિનારે આવેલા **ચિલો** અને **જુઆન ફર્નાન્ડિઝ** દ્વીપો ચિલિને તાબે છે.

શહેર—મુખ્ય શહેર **સેન્ટિઆગો** દેશની અંદરના ભાગમાં છે. **વાલપેરિઝો** અને **કોકિમ્બો** મુખ્ય બંદરો છે. કોકિમ્બોથી પુષ્કળ ત્રાંબુ પરદેશ ચઢે છે દેશમાં ત્રાંબા તથા રૂપાની ખાણો ઘણી છે. રાજ્ય સને ૧૮૧૮ માં પ્રજાસત્તાક થયું.

---

૧૨ પાટાગોનિઆ.

એ અમેરીકાનો છેક દક્ષિણમાં આવેલો દેશ છે. તેમાં જંગલી લોકો વસે છે. વરસાદ બારે માસ વરસે છે. તેનો થોડો ભાગ ચિલિને તાબે અને બાકીનો લાપ્લાટાને તાબે છે. પાટાગોનિઆ અને **ટેરાડેલફુએગો**ની વચ્ચે **મેગેલન**ની સામુદ્રધુની છે. **કેપહોર્ન** ભૂશિર એ દ્વીપોની દક્ષિણે છે. તેની દક્ષિણે **ફૉકલેન્ડ** દ્વીપો ઇંગ્લેંજને તાબે છે. પાટાગોનિઆનું મુખ્ય શહેર **પન્ટાએરિનસ** છે.

અમેરિકા સમાપ્ત.

પ્રકરણ ૬ ઠ્ઠું.

ઓશિઆન્યા.

પાસિફિક મહાસાગર સૌથી મોટો મહાસાગર છે, તેણે પૃથ્વીની સપાટીનો ⅓ ભાગ રોકેલો છે. તેમાં આવેલા તમામ દ્વીપોના સમુહને **ઓશિઆન્યા** કહે છે. ઓશિઆન્યાનો કુલ વિસ્તાર ૪૦ લાખ ચોરસ માઈલનો છે એટલે કે હિંદુસ્તાનથી લગભગ ત્રણ ગણો છે અને વસ્તિ આશરે ૪ કરોડ માણસની છે.

ભાગ—ઓશિઆન્યાના પાંચ ભાગ પાડેલા છે. ૧ **મેલેશિઆ** એ વાયવ્યખૂણુમાં છે. ૨ **ઓસ્ટ્રેલેશિઆ** એ દક્ષિણમાં છે ૩ **મેલેનેશિઆ**, ૪ **માઇક્રોનેશિઆ** અને ૫ **પોલીનેશિઆ** પૂર્વમાં છે.

---

૧ મેલેશિઆ.

તેમાં મલય લોકોની વસ્તી વધારે હોવાથી તેને **મેલેશિઆ** કહે છે. કેટલાએક ભૂગોળવેત્તાઓ આ દ્વીપોને એશિઆના દ્વીપો ગણે છે—મેલેશિઆમાં પાંચ મોટા દ્વીપ સમુહ છે—નૈરૂત્યે ૧ **સંડા**, મધ્યમાં ૨ **બોર્નિઓ**, ઉત્તરે ૩ **ફિલિપ્પાઈન** અને પૂર્વે ૪ **સેલિબિસ** અને ૫ **મોલુક્કા** અથવા મસાલાના દ્વીપો.

---

૧ સંડાદ્વીપો.

સંડાદ્વીપોમાં સુમાત્રા, જાવા અને બીજા નાના દ્વીપોનો સમાવેશ થાય છે.

સુમાત્રા—એ મલાયાની નૈરૂત્યે છે. તેની અને સુમાત્રાની વચ્ચે **મલાક્કાની સામુદ્રધુની** છે. મુખ્ય પર્વત **માઉન્ટ-ઓફિર** છે. સુમાત્રાનો ઉત્તરભાગ નાના નાના સુલતાનોને

તાબે છે, તેમાં **એકીનનો** સુલતાન મુખ્ય છે. બાકીનો ઘણો-ખરો ભાગ **ડચલોકોને** તાબે છે. તેમનાં મુખ્ય સંસ્થાન **પડાંગ** અને **બેન્કૂલિન** છે. મુખ્ય નીપજ મરીની છે. સુમાત્રાના અગ્નિ-ખૂણમાં **બાન્કા** દ્વીપો પણ **ડચલોકોને** તાબે છે. તેમાં કલા-ઇની પુષ્કળ ખાણો છે.

જાવા—એ સિલોનથી બમણો મોટો છે. તેની અને સુમા-ત્રાની વચ્ચે **સંડાની સામુદ્રધુની** છે. આખા દ્વીપમાં પર્વતોની હાર છે તેમાં ૪૦ જ્વાળામુખી ડુંગરા છે. દ્વીપની વસ્તી આશરે ૨ કરોડ ૭૦ લાખ માણસની છે. હિંદુ અને બુદ્ધ લોકોના દેવળ-નાં ખંડેરો ત્યાં જોવામાં આવે છે, પણ હાલમાં ત્યાં મુસલમા-ની ધર્મ ચાલે છે. જાવા ડચ લોકોની હકુમત નીચે છે. તેના મુખ્ય શહેર **બટેવિઆમાં** ડચ ગવર્નર—જનરલ રહે છે. ઉત્તર કાંઠે **સમરંગ** અને **સુરાબાયા** વેપારનાં ઠેકાણાં છે. જાવા ઘ-ણો ફળદ્રુપ દ્વીપ છે. બુંદ, ચોખા, ખાંડ, મરી અને સિન્કોના જથ્થાબંધ થાય છે.

જાવાની પૂર્વે **બાલિ, સમ્બાવા, સેન્ડલવૂડ, ફ્લોર્સ** અને **ટિમોર** દ્વીપો છે, તેમાંના ઘણાખરા ડચ લોકોને તાબે છે. બાલિમાં હિંદુધર્મ ચાલે છે. સમ્બાવામાં **ટોમ્બોરો** નામે જ્વાળામુખી પર્વત છે.

---

૨ બોર્નિઓ.

એ સિલોનથી બારગણો મોટો છે. અને દુનિયાના તમામ દ્વીપોમાં વિસ્તારમાં ચોથે નંબરે છે. તેમાં **કિનિબાલુ** ઉંચો પર્વત છે. બોર્નિઓ ઉપર **બ્રુનેઇના** સુલતાનનો નામનો અમલ છે. બોર્નિઓમાં ડચ લોકોનું મુખ્ય સંસ્થાન **પોન્ટિઆનાક** છે. **લેબુઆન** ઇંગ્રેજના તાબામાં છે. **સારાવાક** ઉપર એક ઇંગ્રેજ રાજાનો અમલ છે. અને **ઉત્તરબોર્નિઆમાં** એક ઇંગ્રેજી કં-પનીએ સંસ્થાન સ્થાપ્યું છે. દ્વીપના ઘણાખરા ભાગમાંથી સોનું અને હિરા નીકળે છે.

૩ ફિલિપ્પાઇન દ્વીપો

એ બોર્નિઓની ઇશાન ખૂણમાં છે. તેના ઉપર સ્પેનનો માત્ર નામનોજ અમલ છે. તેમાં મુખ્ય દ્વીપો, ઉત્તરમાં **લુઝોન** દક્ષિણમાં **મિન્ડેનો** અને નૈરૂત્યે **પાલાવાન** છે. સ્પેનિશ સંસ્થાનનું મુખ્ય શહેર **માનિલા** લુઝોનમાં છે, ત્યાંની **ચેરૂટ** (તંબાકુની બીડી) વખણાય છે.

ફિલિપ્પાઇન દ્વીપો પ્રથમ મેગેલને સને ૧૫૨૧ માં શોધી કાઢ્યા અને સ્પેનના પાદશાહ **બીજાફિલિપ**ના નામ ઉપરથી તેને ફિલિપ્પાઇન નામ આપ્યું. ચોખા, ખાંડ અને તંબાકુ પુષ્કળ પાકે છે.

ફિલિપ્પાઇનની દક્ષિણે **સુલુ** દ્વીપો છે. તેમાં જંગલી મુસલમાનો વસે છે અને ચાંચીઆનો ધંધો કરી ગુજરાન ચલાવે છે.

---

૪ સેલિબિસ.

તે બોર્નિઓની પૂર્વે છે અને સિલોનથી ત્રણ ગણો મોટો છે. તેમાં ચોખા ઘણા થાય છે. ત્યાંથી પક્ષીના માળા ખોરાકને માટે ચીન મોકલવામાં આવે છે. તેમાં મુખ્ય દ્વીપ **મક્કાસર** છે. તે ડચ લોકોને તાબે છે.

---

૫ મોલુક્કા અથવા મસલાના દ્વીપો.

એ સેલિબિસની પૂર્વે છે. તે પણ ડચલોકોની હકુમત નીચે છે. તેમાં ઉત્તરમાં **ગિલોલો**, મધ્યમાં **સિરામ**, **એમ્બોયના** અને **ટર્નેટ** અને દક્ષિણમાં **બાન્ડા** મુખ્ય દ્વીપો છે. જાયફળ, જાવંત્રિ અને લવિંગ ઘણા પાકે છે.

---

૨ આસ્ટ્રેલેશિઆ.

આસ્ટ્રેલેશિઆ (એટલે દક્ષિણ એશિઆ) મેલેશિઆની અગ્નિખૂણમાં છે. તેના મુખ્ય ત્રણ વિભાગ છે:—

१ ઓસ્ટ્રેલિઆ, २ ટાસમાનિઆ, અને ૩ ન્યુઝીલાંડ.

१ ઓસ્ટ્રેલિઆ.

સીમા—એ પૃથ્વીનો સૌથી મોટો દ્વીપ અથવા સૌથી નાનો ખંડ એશિઆના અગ્નિખૂણમાં છે. પૂર્વે પાસિફિક મહાસાગર, વાયવ્યે અને પશ્ચિમે હિંદી મહાસાગર અને દક્ષિણે દક્ષિણ મહાસાગર છે.

વસ્તી અને ક્ષેત્રફળ—કુલ વસ્તી ૩૫ લાખ માણસની છે અને કુલ ક્ષેત્રફળ ૩૦ લાખ ચોરસ માઇલ છે. ડચ લોકોએ સને ૧૬૦૬ માં શોધી કાઢયો, તેઓ તેને ન્યુહોલાંડ કહેતા.

પર્વત—અગ્નિખૂણમાં **ઓસ્ટ્રેલિઅન આલ્પ્સ** પર્વતો છે. તેમાં **માઉન્ટ કોસ્યુસ્કો** સૌથી ઉંચુ શિખર છે. તેની ઉત્તરે **બ્લુપર્વતો** છે.

નદી—મુખ્ય નદી **મુરે** તેને મળનારી નદી **ડાર્લિંગ** સાથે દક્ષિણ મહાસાગરને મળે છે—

ભુશિર—યોર્ક ભૂશિર છેક ઉત્તરબિંદુ છે. **કેપહો** અગ્નિખૂણમાં છે. અને **લ્યુવિન** નૈરૃત્યે છે.

સરોવર—**ટોરેન્સ** અને **ગાર્ડિનર** સરોવરો દક્ષિણમાં છે.

અખાત અને ઉપસાગરઃ—ઉત્તરે **કાર્પેન્ટેરિઆનો** અખાત, પશ્ચિમે **શાર્કનો** ઉપસાગર, દક્ષિણે **ગ્રેટ ઓસ્ટ્રેલિઅનબાઇટ** મુખ્ય છે. એ સિવાય પશ્ચિમે **એકસમથનો અખાત**, દક્ષિણે **સ્પેનસર** અને **સેંટવિન્સેન્ટના** અખાતો અને પૂર્વે **મોરટનનો** અખાત છે.

સામુદ્રધુની—**ટોરેસની** સામુદ્રધુની ઓસ્ટ્રેલિઆ અને ન્યુગિનીની વચ્ચે છે અને **બાસની** સામુદ્રધુની વિકટોરીઆ અને ટાસમાનિઆની વચ્ચે છે.

પ્રાંત—આસ્ટ્રેલિઆના પાંચ પ્રાંત છેઃ—

१ ન્યુસાઉથવેલ્સ—એ પૂર્વમાં છે. ઉત્તરથી તે દક્ષિણ સુધી અનુ

પર્વતોની હાર આવેલી છે. મુખ્ય ઉદ્યોગ સોનાની ખાણો ખોદવાનો અને ઘેટાં ઉછેરવાનો છે. મુખ્ય શહેર **સિડની** પોર્ટજેકસન ઉપર છે. **પેરેમેટા** ઓસ્ટ્રેલિઆમાં સૌથી જુનું શહેર છે. ન્યુસાઉથવેલ્સની વસ્તી સને ૧૮૯૧ ના વસ્તીપત્રક મુજબ ૧૧ લાખ માણસની છે.

૨ **વિકટોરિઆ**—તેની અને ન્યુસાઉથવેલ્સની વચ્ચે **મુરે** નદી છે. સોનું આ પ્રાંતમાંથી પુષ્કળ નીકળે છે અને ઉન પણ ઘણું બહારગામ મોકલવામાં આવે છે મુખ્ય શહેર **મેલબોર્ન** યારા નદીના મુખ આગળપોર્ટફિલિપ ઉપર છે, તે શહેર ૧૮૩૭ માં વસાવ્યું, તેમાં હાલ ૫ લાખ માણુસની વસ્તી છે. નૈરૂત્યે **ગીલોંગ** શહેર છે. પશ્ચિમમાં **બેલેરાટમાં** સોનાની ઘણી ખાણો છે. વિકટોરીઆ પ્રાંતની કુલ વસ્તી ૧૧ લાખ ૪૦ હજાર માણસની છે.

૩ **દક્ષિણ ઓસ્ટ્રેલિઆ**—તે મધ્ય તથા દક્ષિણ ભાગ રોકે છે. દક્ષિણમાં **બરાબરાની** ત્રાંબાની ખાણોને માટે તે પ્રસિદ્ધ છે. મુખ્ય શહેર **એડિલેડ** સેંટવિન્સેન્ટના અખાત ઉપર છે. છેક ઉત્તરમાં **પોર્ટડાર્વિન** મુખ્ય બંદર છે. વિસ્તારમાં દક્ષિણ ઓસ્ટ્રેલિઆ હિંદુસ્તાનથી અરધો છે. વસ્તી ૩ લાખ ૧૫ હજાર માણસની છે

૪ **પશ્ચિમ ઓસ્ટ્રેલિઆ**—અથવા સ્વાન નદી ઉપરનું સંસ્થાન—એ ઓસ્ટ્રેલિઆનો પશ્ચિમભાગ રોકે છે. તે વિસ્તારમાં સૌથી મોટો પણ વસ્તીમાં ઓછો છે. વસ્તી માત્ર ૫૦ હજાર માણસની છે. તેમાં સને ૧૮૨૯ માં સંસ્થાન સ્થાપવામાં આવ્યું હતું. ઘેટા ઉછેરવાનો ધંધો મુખ્ય છે. મુખ્ય શહેર **પર્થ** સ્વાન નદી ઉપર નૈરૂત્યકાંઠે છે.

૫ **કવીન્સલેન્ડ**—એ ઇશાનખૂણામાં સૌથી નવું સ્થાપેલું સંસ્થાન છે. વસ્તી ૪ લાખ માણુસની છે. તેને સને ૧૮૫૯ માં ન્યુસાઉથવેલ્સથી જુદું પાડવામાં આવ્યું. મુખ્ય શહેર **બ્રિસબેન** અગ્નિખૂણમાં બ્રિસબેન નદી ઉપર છે.

લોકોએ પસંદ કરેલ સભાસદો કાયદા બાંધે છે અને આખો દેશ ઇંગ્રેજને તાબે હોવાથી મહારાણીશ્રીએ નિમેલ **ગવર્નર** તે પ્રમાણે અમલ કરે છે.

---

૨ ટાસમાનિઆ.

ટાસમાનિઆ અથવા **વાનડીમેન્સલેન્ડ** સિલોન જેવડો છે. તે ઓસ્ટ્રેલિઆની દક્ષિણે છે અને તેનાથી **બાસની** સામુદ્રધુની વડે જૂદો પડેલો છે. પ્રથમ કેદીઓને કાળે પાણીએ મોકલવાની તે જગો હતી પણ હાલમાં ઇંગ્રેજો ત્યાં જઇ વસ્યા છે. અગ્નિખૂણમાં **હોબર્ટટાઉન** તેનું મુખ્ય શહેર છે. **લોનસ્ટન** ઉત્તરમાં છે. ટાસમેન નામના ડચ માણસે તે ૧૬૪૨ માં શોધી કાઢયું તેથી તેનું નામ ટાસમાનિઆ પડયું. કુલ વસ્તી આશરે ૧ લાખ ૪૬ હજાર માણસની છે.

---

૩ ન્યુઝીલાંડ

એ ઓસ્ટ્રેલિઆના અગ્નિખૂણમાં છે. તેમાં મુખ્ય બે દ્વીપો છે—**ઉત્તર દ્વીપ અને દક્ષિણ દ્વીપ**—અને તે બન્નેને **કુકની સામુદ્રધુની** જૂદા પાડે છે. પર્વતો, અને જ્વાળામુખી પર્વતો ઘણા છે. તેથી ધરતીકંપ ઘણી વખત થાય છે અને ઉકળતા પાણીના ઝરા ઠામ ઠામ છે. ત્યાંના વતની **મૂરિઝ લોકો** મલયલોકોની જાતના છે. તેઓ પોતાનાં શરિર રંગથી રંગે છે અને માંસાહાર ઉપર નિર્વાહ ચલાવે છે. મુખ્ય પેદાશ ઉન અને સોનાની છે. કુકની સામુદ્રધુની ઉપર **વેલિંગ્ટન** રાજધાનીનું શહેર છે. ઉત્તર દ્વીપનું **ઓકલાંડ** શહેર પ્રથમ રાજધાનીનું શહેર હતું. દક્ષિણ દ્વીપના પૂર્વકાંઠા ઉપર **ડયુનેડિન** મુખ્ય બંદર છે તેમાં સોનાની ખાણો છે. મધ્યમાં **કુકપર્વત** છે. સને ૧૮૪૦ માં ન્યુઝીલાંડમાં ઇંગ્રેજ લોકોએ સંસ્થાન સ્થાપ્યું. તેની દક્ષિણે **સ્ટુઅર્ટ દ્વીપો** છે. ન્યુઝીલાંડની વસ્તી ૬

લાખ માણસની છે. તેમાં ૪૦ હજાર તો મુળ વતનીઓ મૂરિઝલોકો છે.

---

૩ મિલેનેશિઆ.

ઓસ્ટ્રેલિઆના ઇશાનખૂણમાં આવેલા દ્વીપ સમુહને **મિલેનેશિઆ** કહે છે મિલેનેશિઆ એટલે "કાળોદ્વીપ," ત્યાંના વતનીઓ કાળા હોવાથી તે નામ પડેલું છે. તેમાં સૌથી મોટો દ્વીપ **ન્યુગિની** અથવા **પાપુઆ** છે, તે આસ્ટ્રેલિઆથી **ટોરેસની** સામુદ્રધુની વડે જૂદો પડેલો છે. ન્યુગિનીમાં મુખ્ય પર્વત **ઓવન સ્ટેનલી** અને મુખ્ય નદી **ફલાઈ** છે. ન્યુગિનીનો પશ્ચિમભાગ **ડચ** લોકોને, અગ્નિખૂણ તરફનો ભાગ **ઇંગ્રેજને,** અને ઇશાનખૂણ તરફનો ભાગ **જર્મનીને** તાબે છે. **પોર્ટમોરિસબી** ઇંગ્રેજનું સંસ્થાન છે.

ન્યુગિનીની પૂર્વે બીજા ઘણા દ્વીપો છે. તેમાં **ન્યુઆયર્લાંડ** અને **ન્યુબ્રિટન જર્મનીને** તાબે છે. અને તેને જર્મનીના માજી પ્રધાનના નામ ઉપરથી "**બિસ્માર્ક આર્કિપેલેગો**" કહે છે. **ન્યુહેબ્રિડિઝ** અને **ન્યુકેલેડાનિઆ** ફ્રાન્સને તાબે છે. અને **ફિજિ** દ્વીપો ઇંગ્રેજને તાબે છે. ઉત્તરમાં **સોલોમાન** દ્વીપો પણ જર્મનીને તાબે છે.

---

૪ માઇક્રોનેશિઆ.

માઇક્રોનેશિઆ એટલે **નાનાદ્વીપો** તે મિલેનેશિઆની ઇશાનખૂણમાં છે. તેમાં મુખ્ય **લેડ્રોન** અથવા **મેરિઅન** દ્વીપો, **ફિલિપ્પાઇનની** પૂર્વે છે. **કેરોલાઇન** અને **પેલેઓ** દ્વીપો ન્યુગિનીની ઇશાને છે. **મારશલદ્વીપો** કેરોલાઇનની પૂર્વે છે.

---

૫ પોલીનેશિઆ.

પોલીનેશિઆ એટલે ઘણા દ્વીપો—પશ્ચિમમાં આસ્ટ્રેલિ-

આ અને મેલેશિઆની વચ્ચેના અને પૂર્વમાં ઓસ્ટ્રેલિઆ અને અમેરિકાની વચ્ચેના પાસિફિક મહાસાગરમાં આવેલા દ્વીપોના સમુહોને પોલીનેશિઆ કહે છે તેમાં સૌથી મોટો સમુહ **૧ સેન્ડવિચ દ્વીપોનો** છે, તેમાં સૌથી મોટો દ્વીપ હવાઈ છે. ૬૦ વર્ષ પહેલાં લોકો જંગલી હાલતમાં હતા પણ આટલી ટુંક મુદતમાં સુધરી ગયા છે અને દેવળો અને નિશાળો પણ થઇછે. તેમાં મુખ્ય પર્વત **માઉનાકો** ઓશિઆન્યામાં સૌથી ઉંચો પર્વત છે. **માઉનાલો** નામે જ્વાળામુખી પર્વત એ દ્વીપમાં છે. તેમાંથી બારે માસ બળતો રસ તથા અંગારા નીકળ્યાજ કરે છે. હાવાઇનું મુખ્ય શહેર **હોનોલુલુ** છે સેન્ડવિચ દ્વીપો કુપ્ટન કુકે ૧૭૭૮ માં શોધી કાઢ્યા પણ ત્યાંના વતનીઓએ તેને હાવાઇમાં મારી નાંખ્યો.

૨ **ટોન્ગા અથવા ફ્રેન્ડલી દ્વીપો**—એ ઓસ્ટેલિઆની પૂર્વે છે. તે દ્વીપોની શોધ પણ કેપ્ટન કુકે કરી હતી. લોકો માયાળુ હોવાથી તેને ફ્રેન્ડલી એટલે મિત્રાચારી ભરેલા દ્વીપો નામ આપ્યું. ટોન્ગાદ્વીપોની ઇશાન ખૂણમાં **સેમોઆ** અથવા **નેવિગેટર**ના દ્વીપો છે. તેની શોધનું માન પણ કેપ્ટન કુકને છે, લોકો ખલાસીના ધંધામાં કુશળ હોવાથી નેવિગેટર=ખલાસીના દ્વીપો નામ આપ્યું.

૩ **સોસાઇટી દ્વીપો**—ઓસ્ટ્રેલિઆ અને દક્ષિણ અમેરિકાની વચ્ચે છે તેમાં મુખ્ય બેટ **ટાહીટિ** છે-પ્રથમ તેમાં દેશી રાજ્ય હતું પણ ફ્રાન્સે હમણા જોડી દીધું છે.

૪ **મારકેસસ દ્વીપો**—એ સોસાઇટી દ્વીપોની ઇશાન ખૂણમાં છે. તે પણ ફ્રાન્સને તાબે છે.

૫ સોસાઇટીની પૂર્વે તરફના નાના ટાપુઓને **લો** (નીચાણમાં આવેલા) અથવા **ડેન્જરસ** (જોખમકારક) **આર્કિપેલેગો** કહે છે.

એન્ટાર્કટિકા.

એન્ટાર્કટિકા—એટલે **આર્કટિક** અથવા **ઉત્તર મહા-સાગરની** સામે એટલે **દક્ષિણ મહાસાગર**માં આવેલો મુલક. દક્ષિણ મહાસાગરમાં કેટલોક મુલક હાથ લાગ્યો છે અને તે ઉપરથી એવું અનુમાન થાય છે કે કોઇ નહીં જણાયેલ મોટા ખંડનો તે ભાગ હશે. સને ૧૮૪૧ માં સરજેમ્સ રોસે **સાઉથવિક્ટોરિઆ** દ્વીપ શોધી કાઢયો. તે દ્વીપ દક્ષિણ ધ્રુવની નજીક છે. તેમાં **માઉન્ટ એરિબસ** જ્વાળામુખી પર્વત છે. **એન્ડ્રુસલેન્ડ, દક્ષિણ શેટલાંડ, દક્ષિણ જ્યોર્જીઅન દ્વીપો, કેરગ્વેલન** વિગેરે દક્ષિણ દ્વીપોની શોધ થઇ છે. અને યૂરોપની સાહસિક પ્રજાએ ઘણા જાનની ખુવારી થયા છતાં હજી શોધ જારીજ રાખી છે.

સમાપ્ત.

પુરવણી (ए)

૧ બ્રિટિશ સંસ્થાનો.

એશિઆમાં—બ્રિટિશ ઇન્ડિઆ, બ્રિટિશ બ્રહ્મદેશ, સિલોન હોંગ-કોંગ, એડન અને પેરિમ.

યૂરોપમાં—બ્રિટિશ આઇલેન્ડઝ, જીબ્રાલ્ટર, માલ્ટા, ગોઝો અને સાઇપ્રસ. હેલિગોલાંડ સને ૧૮૯૦ માં જર્મની સાથે જોડાઇ ગયો છે.

આફ્રિકામાં—ગેમ્બિઆ, સિએરાલિયોન, ગોલ્ડકોસ્ટ, લેગોસ, કેપકોલોની, ગ્રિકાલેન્ડ વિગેરે. નેટલ, મોરિશિયસ, અમિરાંતિ, સેચલ, સેંટ—હેલિના અને એસેન્શન. આ સિવાય ઝુલુ, ટ્રાન્સવાલ અને ઝાંઝિબાર ઇંગ્રેજના રક્ષણ તળે છે.

અમેરિકામાં—કેનેડા, તેની ઉત્તરમાં આવેલા દ્વીપો, ન્યુફાઉન્ડલાંડ, બરમ્યુડાઝ, વેસ્ટઇન્ડિઝમાં—બાહમા, જામેકા, લીવર્ડ, વિન્ડવર્ડ અને ત્રિનિદાદ. મધ્ય અમેરિકામાં બ્રિટિશ હોન્ડુરાસ અને દક્ષિણ અમેરિકામાં બ્રિટિશ ગાયેના અને ફોકલાંડ દ્વીપો.

ઓશિઆન્યામાં—ઓસ્ટ્રેલિઆ, ટાસમાનિઆ, ન્યુઝીલાંડ, નોર્થબોર્નિઓ, ન્યુગિનીનો થોડો ભાગ, ફિજિ, નોરફોક, ઓકલાંડ વિગેરે.

---

૨ ફ્રાન્સનાં સંસ્થાન.

એશિઆમાં—પોંદિચેરી, કારિકલ, માહિ, ચંદ્રનગર અને યાનામ (હિંદુસ્તાનમાં), કોચિનચિન, ટોન્કિન; એનમ અને સિઆમનો થોડો ભાગ હિંદીચીનમાં.

આફ્રિકામાં—અલ્જીરિઆ અને ટ્યુનિસ ઉત્તર આફ્રિકામાં; સે-

નિગામ્બિઆનો થોડો ભાગ. ગોરી, કોન્ગો નદીની ઉત્તરનો ભાગ, પશ્ચિમ આફ્રિકામાં; કોમોરૂ અને રિયુનિયન હિંદીમહાસાગરમાં માડાગાસ્કર ફ્રાન્સના રક્ષણ નીચે છે.

અમેરિકામાં—માર્ટિનિક અને ગ્વાડેલૂપ વેસ્ટઈન્ડિઝમાં અને ફ્રેન્ચ ગાયેના દક્ષિણ અમેરિકામાં. એ સિવાય સેંટલોરેન્સના અખાતના બે નાના દ્વીપો છે.

ઓશિઆન્યામાં—ન્યુકેલેડોનિઆ, ટાહિટિ, લોયલ્ટિ, માર્કેસસ અને ગેમ્બિયર આર્કિપેલેગો.

---

૩ સ્પેનનાં સંસ્થાન.

આફ્રિકામાં—મોરોક્કોની ઉત્તરે સ્યુટા અને તેતુવાન, ગિનીના અખાતમાં ફર્નાન્ડોપો અને અનાબોન અને આટલાંટિકમાં કેનેરી દ્વીપો.

અમેરિકામાં—સને ૧૪૯૨ માં સ્પેનના રાજાના આશ્રય તળે કોલંબસે અમેરિકાખંડ શોધી કાઢયો તેથી શરૂઆતમાં મધ્ય અને દક્ષિણ અમેરિકાનો ઘણોખરો ભાગ સ્પેનને તાબે હતો. પણ હાલમાં ફક્ત કયુબા, પોર્ટોરિકો અને વર્જિન દ્વીપોનો થોડો ભાગ તેને તાબે છે.

ઓશિઆન્યામાં—ફિલિપ્પાઇન અને લેડ્રોન દ્વીપોનો અમુક ભાગ અને કેરોલાઇન અને પેલેઓ દ્વીપો.

---

૪ પોર્ટુગાલનાં સંસ્થાન

એશિઆમાં—દિવ, દમણ અને ગોવા હિંદુસ્તાનમાં; અને મકાઉ ચીનમાં છે.

આફ્રિકામાં—આઝોર્સ, મદીરા અને કેપવર્ડ દ્વીપો આટલાંટિકમાં; સેનિગામ્બિઆ, એન્ગોલા, બેન્ગવિએલા, સોફાળા, અને મોઝામ્બિકના અમુક ભાગ, સેંટથોમ્સ, અને પ્રિન્સ દ્વીપો ગિનીના અખાતમાં છે.

ઓશિઆન્યામાં— ટિમોર અને મિન્ડોરા દ્વીપોનો થોડો ભાગ મેલેશિઆમાં છે.

---

૫ હોલાંડનાં (ડચલોકોનાં) સંસ્થાન.

અમેરિકામાં—ડચગાયેના દક્ષિણ અમેરિકામાં છે.

ઓશિઆન્યામાં—સુમાત્રા, જાવા, બાલિ, લોમ્બોક, બાન્ડા, એમ્બોયના, મોલુક્કા, સેલિબિસ અને બાન્કા અને બોર્નિઓ અને ટિમોરનો થોડો ભાગ.

---

૬ જર્મનીનાં સંસ્થાન.

આફ્રિકામાં—ગિનીના કાંઠા ઉપર, કેમેરન્સમાં અને કેપફ્રિઓથી ઓરેંજ નદીના મુખ સુધીના મુલકમાં, ઘણે ખરે ઠેકાણે જર્મનીએ સંસ્થાન સ્થાપ્યાં છે.

ઓશિઆન્યામાં—ન્યુબ્રિટન, ન્યુઆયર્લાન્ડ, ન્યુહાનોવર વિગેરે દ્વીપો પાસિફિક મહાસાગરમાં જર્મનીને તાબે છે.

પુરવણી (બી.)

પરચુરણ હકીકત.

ખંડ—બધા ખંડમાં એશિઆ સૌથી મોટો છે. યૂરોપ બધાથી નાનો છે. એશિઆ વસ્તીમાં સૌથી વધારે છે. દક્ષિણ અમેરિકામાં સૌથી ઓછી વસ્તી છે. યૂરોપ સૌથી વધારે સુધરેલો ખંડ છે. આફ્રિકા સુધારામાં સૌથી પછાત છે.

મહાસાગર—પાસિફિક સૌથી મોટો છે. ઉત્તર મહાસાગર સૌથી નાનો છે, અને આટલાંટિક સૌથી વધારે ઉંડો છે.

દ્વીપકલ્પ—અરબસ્તાન સૌથી મોટો, મલાયા સૌથી લાંબો અને ઇટાલિ સૌથી ફળદ્રુપ દ્વીપકલ્પ છે. જતલાંડ અને યુકાટાન સિવાય બાકીના બધા દ્વીપકલ્પ ઉત્તરથી દક્ષિણ તરફ લંબાયેલા છે.

દ્વીપ—આસ્ટ્રેલિઆ સૌથી મોટો, દ્વીપ છે. ત્યાર પછી ૨ ગ્રીનલાંડ, ૩ બોર્નિઓ, ૪ ન્યુગિની, ૫ માડાગાસ્કર, ૬ સુમાત્રા ૭ નિપોન, ૮ ગ્રેટબ્રિટન, ૯ સેલિબિસ અને ૧૦ જાવા અનુક્રમે છે.

પર્વત—હિમાલય પર્વતો સૌથી વધારે ઉંચા અને એન્ડિઝ સૌથી વધારે લાંબા છે એવરેસ્ટ સૌથી વધારે ઉંચુ શિખર છે. કોટોપેક્સિ મોટામાં મોટો જ્વાળામુખી પર્વત છે.

દેશ—ટિબેટ સૌથી વધારે ઉંચાણમાં અને હોલાંડ સૌથી વધારે નીચાણમાં આવેલા દેશો છે. ચીન વસ્તીમાં સૌથી વધારે છે. યૂરોપના ૭ બળવાન રાજ્યો ૧ ગ્રેટબ્રિટન, ૨ જર્મની, ૩ રૂશિઆ, ૪ ફ્રાન્સ, ૫ ઓસ્ટ્રિઆ-હંગરી અને ૬ ઇટાલિ અનુક્રમે છે.

શહેર—લંડન દુનિયામાં સૌથી મોટું શહેર છે. પેરિસ બીજે નંબરે છે અમેરિકામાં સૌથી મોટું શહેર ન્યુયોર્ક, આફ્રિકામાં કેરો અને ઓશિઆન્યામાં મેલબોર્ન છે.

પુરવણી (સી.)

મુંબઇથી લંડનની મુસાફરીનો જળ અને સ્થળમાર્ગ.

૧ મુંબઇથી આગબોટમાં બેસી અરબીસમુદ્રમાં થઇ એડન જવાય ત્યાંથી રાતા સમુદ્રમાં થઇ સ્વેઝની નહેરમાંથી નીકળી પોર્ટસઇદ જવાય.

૨ પોર્ટ સઇદથી ભૂમધ્ય સમુદ્રમાં થઇ ઇટાલિનું બંદર બ્રિન્ડિઝિ આવે.

૩ બ્રિન્ડિઝિથી રેલવે રસ્તે ઇટાલિના ઘણા શહેરોમાં થઇ ઉત્તરમાં ટ્યુરિન શહેર આવે.

૪ ઇટાલિની સરહદ ઓળંગી રેલવે રસ્તે પેરિસ અને પેરિસથી કૅલે જવાય.

૫ કૅલેથી આગબોટમાં બેસી ઇંગ્લિશ ચાનલ ઓળંગી દક્ષિણ કિનારા ઉપર ડોવર બંદરે ઉતરાય.

૬ ડોવરથી રેલવે ટ્રેનમાં લંડન જવાય.

આ મુસાફરી કરવામાં ૧૬ દીવસ લાગે છે.

